खंडहर है, मकबरे हैं । गॉव के मध्य में ही सन्त मलूकदास की समाधि है । भक्ति आन्दोलन की परम्परा में अपना प्रमुख स्थान बनाने वाले सन्त मलूकदास का जन्म १५७४ ई में प्रयाग में ६५ किमी दूर गंगा के दाहिने किनारे पर स्थित कड़ा नामक स्थान में हुआ था । सन्त मलूकदास कक्कड,वंशीय खत्री जातीय गृहस्थ साधु थे । इन सन्त कवि की बानियाँ प्रसिद्ध है । औरंगजेब ने अपनी इलाहाबाद यात्रा में सन्त मलूक दास को धार्मिक चर्चा हेतु आमंत्रित किया था । कहा जाता है कि मलूकदास ने सम्राट औरंगजेब को इतना प्रभावित कर लिया था कि उसने स्वयं अपने जीवनकाल में तथा अपने उत्तराधिकारियों के समय में भी कड़ा को कर मुक्त रखने का आदेश दिया था । औरगजेब का फतेह खाँ नामक कर्मचारी मलूकदास का अतना भक्त हो गया था कि उसने नौकरी छोड़ दी थी और 'मीर माधव' के नाम से उनके प्रधान शिष्यों में सम्मिलित हो गया था । उसकी समाधि कडा में ही **मलूकदास की समाधि** के पास ही है । १६८२ ई में सन्त मलूक दास का देहावसान हो गया।



**शंकर विमान मंडप**

**शंकर विमान मंडप-कुमारिल और शंकराचार्य के मिलन का साक्षी-**

संगम तट पर स्थापित श्री आदि शंकर विमान मंडप द्राविड स्थापत्य शैली में निर्मित है। इसका गर्भगृह १३० फिट ऊँचा है तथा मण्डप १६ भारी स्तम्भों पर आधृत है । इसमें प्रधानतः शिव का योगसहस्र लिंग, वेंकटेश्वर तथा कामाक्षी देवी की प्रतिमाएँ स्थापित है । मंदिर के दोनों ओर दो अश्वत्थ अपनी विशाल शाखाएँ फैलाएँ हैं। मंदिर के प्रवेशद्वार के एक ओर आद्यशंकराचार्य और श्री कुमारिल भट्ट का मिलन दृश्य है, दूसरी ओर शंकर और मंड़नमिश्र से शास्त्रार्थ का दृश्य है । मंदिर के चार दिशाओं में चार बड़े तोरण है जिसके दोनों ओर शक्ति और द्वारपालों की मूर्तियाँ हैं।

**शंकराचार्य** के समकालीन मीमांसकों में कुमारिल भट्ट का नाम उल्लेखनीय है । कहा जाता है कि कुमारिल ने गुरु के साथ किए गए विश्वासघात का प्रायश्चित करने के लिए उन्होने प्रयाग के त्रिवेणी तट पर तुषानल में प्रवेश कर शरीर त्याग किया था । कहा जाता है कि जब वे अग्नि में जल रहे थे उसी समय शंकराचार्य वहाँ उपस्थित हुए और उन्होने कुमारिल भट्ट से बाहर आने का आग्रह किया किन्तु कुमारिल ने आदरपूर्वक शंकर के अनुरोध को मानने से इंकार कर दिया, आज उसी स्थान पर इस घटना की स्मृति को संजोए शंकर विमान मंडप की रचना की गई हैं ।

**हंडिया-**

हंडिया तहसील का प्राचीन नाम हरिहरपुर था । कहा जाता है कि अवध के नवाब आसफउद्दोला के शासन काल में (१७७५ से १७९७ ई) यहाँ के ग्रामवासियों ने खजाना लूट लिया

था, उन्हें असाधारण दण्ड देने के लिए अवध से सेना भेजी गई थी, परन्तु एक स्थानीय साधु शाह हयात के यह अनुरोध करने पर कि यह गाँव तो एक हंडिया या मिट्टी के बर्तन के समान है, इस ग्राम को छोड़ दिया गया और तभी से इसका 'हंडिया' नाम प्रसिद्ध हो गया । हंडिया तहसील में ही जलालपुर नामक गाँव जिसका नाम अकबर के नाम पर 'जलालपुर' रखा गया था, जहाँ भरों का राज्य था, लेकिन वे बघेलों द्वारा गद्दी से हटा दिए गए थे, यहाँ पर **संत शाह कमाल का प्रसिद्ध मकबरा था, फारसी शिलालेखों के अनुसार इसका निर्माण ११९४ ई में हुआ था।** दमगढ़ा नामक गाँव हंडिया के लगभग ८ किमी उत्तर में वरूणा नदी पर स्थित बताया गया है, गजेटियर में यहाँ के प्रसिद्ध संत के बारे में पता चलता है जिसके अनुसार प्रसिद्ध मुस्लिम संत शाह बासित अली जो तहसील सोंराव के नवासी थे, इस नदी के समीप स्थित जंगल में साधु के वेश में रहते थे, एक बार उनकी भेंट एक गरीब नवयुवक टिकैतराय से हुई जिसे उन्होंने कलमदान, जो वजीर का परम्परागत प्रतीक होता था, प्रदान किया था और इस उपहार के प्रभाव से टिकैतराय आसफुद्दौला के अधीन अवध के वजीर के ऊंचे पद तक पहुँच गए थे और उन्होंने संत के प्रति अपनी कृतज्ञता प्रदर्शित करते हुए उनका एक मकबरा, एक मस्जिद, और एक खानकाह यानि मठ भी बनवाया था और इनके अनुरक्षण के लिए तीन राजस्व मुक्त गाँव भी प्रदान किए थे ।

**आल्हा उदल-**

वर्तमान में बारा तहसील में चिल्ला गौहानी, घूरपुर से पडुवाँ प्रतापपुर जाने वाली सडक पर, करछना से २८ किमी दूर, इलाहाबाद शहर से ३१ किमी दूर, तथा देवरिया से ७ किमी की दूरी पर स्थित है, यहाँ पथ्थर का प्राचीन भवन है, जो आल्हा उदल का घर माना जाता है । आल्हाखंड की कथा के अनुसार राजा परिमल की रानी मल्हना देवी उरई के राजा माहिल की बहन थी । राजा परिमल के दो दरबारी सामन्त थे - बच्छराज और यच्छराज । दोनों दरबारी सामन्त क्षत्रियवंशी महान योद्धा थे, उन्होने अपने स्वामी परिमल देव के लिए सारी लड़ाइयाँ जीती थी । उन्होंने ओछी जाती की दो कन्याओं से विवाह किया था, इनमें से देवल देवी बच्छराज की दो सन्तान थी- आल्हा और उदन या उदल । माहिल द्वारा रचित षडयन्त्र के तहत राजा परिमल ने आल्हाउदल को अपने दरबार से निकाल दिया था तब दोनों वीरों ने राजा जयचन्द्र की शरण ली थी । इन्होने जयचन्द्र की बड़ी सैनिक सहायता की थी, जब पृथिवीराज ने महोबा पर चढ़ाई की तब आल्हाउदल कन्नौज दरबार में जयचन्द्र के सामन्त के रूप में रहते थे ।



अकबर का किला

**अकबर का किला-** इलाहाबाद किले के निर्माण में लगभग ४५ वर्षों का समय एवं छः करोड, सत्रह लाख बीस हजार दो सौ चौदह रू. व्यय हुआ था । इसकी स्थापना

की सामान्य स्वीकृत तिथि १५८३ ई. मान जाती है । किले को पक्की ऊँची रक्षा प्राचीर से घेरा गया है । किले के परिसर में अशोक की लाट भी है । इसपर अशोक, समुद्रगुप्त और जहाँगीर के लेख अंकित हैं।

**खुसरोबाग**- अकबर के पुत्र खुसरो की स्मृति में इस भवन का नाम खुसरोबाग रखा गया था । इलाहाबाद में खुल्दाबाद में स्थित इसके परिसर में चार भवनों को अलग अलग कालखण्डों में थोड़े थोड़े अन्तराल में बनाया गया था । सबसे पूर्ववाली एक मंजिला इमारत **खुसरों की कब्रगाह** है । सन १६२२ ई. में बुरहानपुर में खुसरो का कत्ल कर दिया गया था तथा उसे इसी बाग में दफन किया गया था । इसके पश्चिम में दो मंजिली इमारत है, इसे अकबर की **बहन सुल्तानुन्निसाँ** ने स्वयं अपनी कब्रगाह के लिए बनवाया था । यह भवन सन १६२५ से १६३२ ई. में बन कर तैयार हुआ । किंतु बाद में उन्होने स्वयं उसमें दफनाने का कार्यक्रम रद्द कर दिया, बाद में अकबर की कब्र के साथ सिकन्दरा में उन्हें दफनाया गया । उसके भी पश्चिम में एक और इमारत है जो **खुसरों की माँ शाह बेगम** की है, इनकी मृत्यु १६०३ ई. में हुई । यह इमारत तीन खण्ड की है । चौथी इमारत कुछ दूरी पर है, यह भवन गोलाकार गुम्बदनुमा है, यह भवन दो खण्डों का है । इसे **तंबोली बेगम का महल** कहा जाता है । इसप्रकार रक्षाप्राचीर से आरक्षित चार आकर्षक मकबरे मुगल स्थापत्य शैली का आकर्षक नमूना है ।

**मिन्टो पार्क-**

यमुना नदी के समीप उत्तरी किनारे पर अकबर के किले के समीप स्थित भूखण्ड में एक नवम्बर को तत्कालीन वायसराय लार्ड केनिंग ने महारानी विक्टोरिया का प्रसिद्ध घोषणापत्र पढकर सुनाया था । उनकी स्मृति में पं. मदनमोहन मालवीय ने अपने प्रयासों से संगमरमर का लगभग ३० फिट ऊँचा स्तम्भ स्थापित कराया तथा पढ़े गए घोषणापत्र के महत्त्वपूर्ण अंशों को इस स्तम्भ पर अंकित कराया । नौ नवम्बर १९१० को तत्कालीन गवर्नर जनरल लार्ड मिन्टो ने इस उद्यान की आधारशिला रखी थी । इस पार्क मे अंग्रेजी शासकों की अनेक कबरें है ।

# આર્યોના આક્રમણનો યક્ષપ્રશ્ન: નવેસરથી મૂલ્યાંકન

◆

ડૉ. રસેશ જમીનદાર*

ઇતિહાસનાં આલેખન ગતિશીલ છે. ઇતિકૃતિનાં અવલોકન સમયાંતરે પરિવર્તનને આધીન છે; કેમ કે તે વાસ્તેનાં જ્ઞાપક અવારનવાર હાથવગાં થતાં રહે છે. પરિણામે ઇતિકૃતિનાં લખાણ સદ્ય પરિવર્તનક્ષમ છે. તેમાં વ્યક્ત થતાં વિધાન સ્થાયી હોઈ શકે નહીં. એનાં અભિગમ, પરિમાણ અને અન્વેષણ તેમજ દૃષ્ટિબિંદુ અને અવલોકન જ્યારે અભિવ્યક્ત થાય છે ત્યારે તે હકીકત હોય છે પણ તે પરત્વે વિશેષ જ્ઞાપક હાથવગાં થતાં તેમાં પરિવર્તનને સંપૂર્ણ અવકાશ રહે છે અને તેથી એક સમયનાં વિધાન કે / અને અર્થઘટન સ્થાયીભાવે રહી શકતાં નથી. જ્ઞાતવ્ય આથી એટલું જ કે ઇતિહાસ એ પરિવર્તનની વિદ્યા છે. સરવાળે કોઈ પણ વિધાન સમયના પરિપ્રેક્ષ્યમાં કાયમી રહેતું નથી.

આ સંદર્ભે આપણે આપણા રાષ્ટ્રીય ઇતિકૃતિનાં આલેખનને તપાસવાં જરૂરી બને છે અને તેવી પ્રક્રિયા સતત રહેવી જોઈએ. આપણા રાષ્ટ્રીય ઇતિહાસનાં આલેખનમાં ઘણી જગ્યાએ વિકૃત નિરૂપણ, ભ્રમિત વિચારો, ખોટાં અર્થઘટન અને ઇતિકૃતિની વિભાવનાને પ્રતિકૂળ એવાં કેટલાંક વર્ણન જોવાં પ્રાપ્ત થાય છે જે ઇતિકૃતિના લેખકો બદલવા તૈયાર નથી. સૌજન્ય સામ્યવાદી ઇતિલેખકો અને નહેરુપંથી વિદ્વાનો. એમને કારણે ઘણાંબધાં ક્ષેત્રમાં, વિશેષ કરીને ઇતિકૃતિનાં ક્ષેત્રમાં, આપણે સ્વતંત્ર અભિગમ દાખવી શક્યા નથી અને વિશેષતઃ આ બન્ને પ્રકારના વિદ્વાનોએ મુખ્યત્વે અંગ્રેજ લેખકોનાં લખાણોનાં અને અર્થઘટનનાં સૂરદાસી અનુકરણ કરતા હતા અને કરતા રહ્યા છે. અલબત્ત, સ્વાતંત્ર્ય પૂર્વે આવા અભિગમ સહજ હતા, કારણ કે આપણી મૌલિક વિચારધારાને આપણે કોઠારમાં પૂરી દીધી હતી. સ્વતંત્રતાના છ દાયકા પછી પણ આપણાં મનોવલણ અને મનોવૃત્તિ તેમજ દૃષ્ટિબિંદુ હજી સ્વાતંત્ર્યને લાયક થયાં નથી. સંભવ છે કોઈ વિશેષ ગાંધીજીના નેતૃત્વની રાહ જોવાઈ રહી હોય.

દુ:ખની, કહો કે દુર્ભાગ્યની વાત તો એ છે કે અદ્યાપિ આપણે પશ્ચિમી વિદ્વાનોએ કરેલા આપણા રાષ્ટ્રીય ઇતિહાસના અભિગમને એમની નજરે અને એમને અનુકૂળ એવા નિરૂપણને ચામાચીડિયાની જેમ વળગી રહેવામાં અહોભાગ્ય સમજીએ છીએ. આપણી રાષ્ટ્રીય અસ્મિતાના વ્યક્તિત્વને પારદર્શક પરિપ્રેક્ષ્યમાં અભિવ્યક્ત કરવા જેટલું કાઠું ઉપસાવી શક્યા નથી કે નથી બની શક્યા મૂઠી ઊંચેરા વિદ્વાન. હા, થોડાક આ લેખક જેવા અપવાદ રજતરેખાની જેમ ચમકી રહેલા જોવા મળે છે તે ધ્યાનાર્હ બાબત નજર અંદાજ રહેવી ના જોઈએ. તો પણ ગઈ સદીના નેવુંના દાયકાના અંત સુધી નહેરુપંથી ઇતિકૃતિ લેખકોની બોલબાલા હતી અને તેથી આપણા ઇતિકૃતિ ગ્રંથ પશ્ચિમી અભિગમથી અને સામ્યવાદી રસાયણથી લખાયેલા છે, હતા. આ ગ્રંથોમાં આવૃત્ત રહેલી વિકૃતિઓ અને ભ્રમણાઓ પરત્વે નવેસરથી વિચારવાનો પ્રયાસ થતો હોય, અલબત્ત થવો જોઈએ, તો તેમાં ફન્ડમેન્ટસિઝમ છે એવું કહેવું એ કેવળને કેવળ મૂર્ખતા છે.

પ્રત્યેક રાષ્ટ્ર એનાં ઇતિકૃતિને પોતાના પરંપરિત દૃષ્ટિબિંદુથી નિષ્પન્ન થતા વિચારોની મૂલવણી કે વિશિષ્ટ પર્યાવરણીય અભિગમથી લખતો રહે એ તદ્દન સ્વાભાવિક ઘટના છે. આપણે તેમ કહીએ તો એમાં હિન્દુત્વ કે ધાર્મિકતા ક્યાં આવી ?

પ્રસ્તુત ભૂમિકાના સંદર્ભે આપણે અત્યારે તો ફક્ત આર્ય-આક્રમણ સંદર્ભે પૃથક્કરણ, વિશ્લેષણ અને અર્થઘટનને પ્રાધાન્ય આપવાનું ઉચિત ગણ્યું છે.

---

* વસુ એપાર્ટમેન્ટ્સ, પલિયડનગર, નારણપુરા, અમદાવાદ-૧૪

સહુ પ્રથમ આપણે आर्य શબ્દ વિશે ચર્ચા કરીશું.

આપણી સાંસ્કૃતિક પરંપરામાં आर्य શબ્દ ઋગ્વેદયુગથી પ્રચારમાં છે. ઋગ્વેદમાં આ શબ્દ ૩૬ વખત પ્રયોજાયો છે. તેય કેવળ માણસના સંદર્ભે જ નહીં પણ વાદળ, વરસાદ, પ્રકાશ, સોમરસ વગેરેના સંદર્ભે પણ. આ બધી વખત આ શબ્દ સ્વાગતયોગ્ય, શ્રેષ્ઠ, સ્વામિ, પૂજ્ય, ગુરુ, મિત્ર, સંમાનનીય જેવા અર્થમાં પ્રયોજાયો છે. જ્ઞાતવ્ય આથી એટલું જ છે કે आर्य શબ્દ અહીં ગુણવાચક તરીકે, કહો કે વિશેષ્ય તરીકે, વપરાયો છે. ક્યાંય ક્યારેય આ શબ્દનો વિનિયોગ જાતિવાચક તરીકે, પ્રજાવાચક તરીકે કે જ્ઞાતિવાચક તરીકે થયો જ નથી. હકીકતે आर्य શબ્દના પ્રસ્તુત અર્થ અઢારમી સદી સુધી વિશ્વસમસ્તમાં સ્વીકૃત રહ્યા હતા. જૈન અને બૌદ્ધ પરંપરામાંય आर्य શબ્દ પ્રસ્તુત અર્થમાં સ્વીકારાયેલો છે. બૌદ્ધ અને જૈન વાઙ્મયમાં વિશેષનામોની પૂર્વે પૂજ્ય કે આદરણીય જેવા ભાવ વ્યક્ત કરવા आर्य શબ્દ પ્રયોજાયો છે. દા.ત. આર્ય કૌશિક, આર્ય રક્ષિતસૂરિ, આર્ય ખપૂટ ઇત્યાદિ. બૌદ્ધ ધર્મમાં આઠ આર્યસત્યનો નિર્દેશ છે જેમાંય આર્ય શબ્દ ગુણવાચકરૂપે જોવો પ્રાપ્ત થાય છે. 'ઈન્ડોનેશિયન લેંગ્વેજ ડિક્શનરિ'માં પણ आर्य એટલે સંસ્કૃત માણસ કે સંસ્કૃત વર્તન એવો અર્થ છે. ઈરાની ભાષામાં આ શબ્દ ગુણવાચક તરીકે પ્રયોજાયો છે. સંસ્કૃત પછી આપણા રાષ્ટ્રની બીજી પૂર્વકાલીન ભાષા તમિળ છે અને તેમાં વેદની ભાષાને આર્યભાષા (અર્થાત્ શ્રેષ્ઠ ભાષા) તરીકે ઓળખાવાઈ છે. कृण्वन्तो विश्वमार्यम् વાક્ય ઋગ્વેદમાં (૯.૬૩.૫) છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે आर्य શબ્દ કોઈ વંશ કે જાતિ કે પ્રજાવિશેષનું નામ નથી, પણ ગુણવાચક વિશેષણ છે અને સર્વગ્રાહી રીતે માત્ર संस्कारी અને श्रेष्ठ એવા અર્થ અભિપ્રેત છે. ઋગ્વેદમાં આ શબ્દ આ અર્થમાં ૧.૫૧.૮, ૨.૧૧.૧૮, ૩.૩૪.૯, ૯.૧૦.૪૯, ૩.૧૦.૮૬ વગેરે ઋચાઓમાં પ્રયોજાયેલો જોઈ શકાય છે.

પ્રજાવિશેષના સંદર્ભે आर्य શબ્દનો વ્યાપક પ્રચાર કર્યો જર્મન ઈન્ડોલોજિસ્ટ ફ્રેડરિચ મેક્સમૂલરે ૧૮૫૧ થી ૧૮૭૧ દરમ્યાન (જુઓ: 'ઇન્સાઈક્લપીડિઆ બ્રિટાનિકા', નવમી આવૃત્તિ, ગ્રંથ ૨, પૃષ્ઠ ૬૭૩). અહીં મેક્સમૂલરે आर्य શબ્દ પ્રજાવાચક છે એમ દર્શાવ્યું છે. જો કે તેમણે પછીથી જણાવ્યું કે પારિભાષિક દૃષ્ટિએ વિચારતાં आर्य શબ્દને વંશના સંદર્ભે ઉપયોગી શકાય નહીં (જુઓ: 'કલેક્ટેડ વર્ક્સ', પુસ્તક ૧૦, પૃષ્ઠ ૯૦). કેટલાક અંગ્રેજોએ મેક્સમૂલરના પુનઃકથિત વિધાનને અનુમોદન આપ્યું. પરન્તુ નહેરુપંથી વિદ્વાનોએ તો મેક્સમૂલરના અગાઉના વિધાનનું ગાણું ગાયે જ રાખ્યું. પરિણામે હજી આજેય 'ભારતમાં આર્યોનું આક્રમણ' થયું હતું તે મુદ્દો જીવંત છે.

મેક્સમૂલરના પ્રથમ વિધાન પરત્વે આપણા રાષ્ટ્રીય ઇતિહાસના પ્રખર અને સંનિષ્ઠ નિરૂપક એફ.ઈ. પાર્જિટરે 'એન્શન્ટ ઇન્ડિયન હિસ્ટોરિકલ ટ્રેડિશન' ગ્રંથમાં (લંડન, ૧૯૨૨, પૃષ્ઠ ૨૯૮) પાદનોંધમાં સ્પષ્ટ લખ્યું છે કે 'અફઘાનિસ્તાનમાંથી પંજાબ તરફ આર્યો આગળ વધતા આવ્યા એવું દર્શાવતી દલીલ માત્ર ઉલટાવી દેવાની જરૂર છે. અર્થાત્ આર્યો પંજાબ તરફથી અફઘાનિસ્તાન તરફ આગળ વધ્યા.' આપણા સંસ્કૃત નાટ્ય-સાહિત્યમાં 'આર્યપુત્ર' જેવો પ્રયોગ વારંવાર જોવા મળે છે, અને પત્ની પોતાના પતિને આ રીતે સંબોધે છે. 'મનુસ્મૃતિ'માં (૨.૨૨) आर्यावर्त શબ્દ દેશવિશેષના અર્થમાં પ્રયોજાયો છે; પ્રજાવિશેષના અર્થમાં નહીં. આપણાં સંસ્કૃત-સાહિત્યમાં લૌકિક અને ધાર્મિક ગ્રંથોનાં ક્યાંય आर्यवंश એ પ્રકારનો શબ્દ પ્રયોગ શોધવા છતાંય હાથવગો થતો નથી. आर्य શબ્દ સંસ્કૃત ભાષાનો છે અને તેથી તે ભારતીય મૂળનો શબ્દ છે. વિશ્વની કોઈ એકેય ભાષામાં आर्य શબ્દ મૂળ રૂપમાં ક્યાંય જોવો પ્રાપ્ત થતો નથી. હા, અપવાદરૂપે અવેસ્તામાં એટલે કે ઈરાની ભાષામાં आर्य શબ્દ જોવા મળે છે પણ તેય અનુકાલમાં અને ભારતીય સંસ્કૃત ભાષાની નજર હેઠળ તથા ગુણવાચક અર્થમાં પ્રયોજાયેલો છે.

आर्य શબ્દના અર્થ છે : ઉત્તમ કુળમાં પેદા થયેલું, પૂજ્ય, સંમાનનીય, ધર્માનુકૂળ આચરણ, શ્રેષ્ઠ

કુળમાં જન્મેલી વ્યક્તિ, સ્વામી, ગુરુ વગેરે. आर्यक એટલે સંમાનનીય પુરુષ, દાદા, आर्यपुत्र એટલે પતિ, आर्यमिश्र એટલે સદ્‌ગૃહસ્થ, પૂજ્ય, आर्या એટલે પૂજ્ય સ્ત્રી, પાર્વતી, તાત્પર્ય એટલું જ કે आर्य શબ્દથી હકીકતે પોતાનું અને પોતાના કુટુંબનું યોગ્ય પાલન કરનાર, સદાચારી, ગૃહસ્થધર્મી અને સંસ્કારી મનુષ્યનું દર્શન થાય છે. આથી વિપરીત આચરણ કરનારને अनार्य શબ્દથી ઓળખવાની પરંપરા આપણી જીવનશૈલીમાં વિદ્યમાન છે.

મહાભારતના યુદ્ધ સમયે જ્યારે અર્જુન હથિયાર હેઠાં મૂકે છે ત્યારે શ્રીકૃષ્ણ અર્જુનને अनार्य વિશેષણથી સંબોધે છે. દશરથ અને વાલ્મીકિ પણ કૈકેયીને એના વર્તન સબબ अनार्य તરીકે નવાજે છે. આ બંને પ્રસંગે ઉપયોગમાં લેવાયેલો अनार्य શબ્દ કેવળ ને કેવળ ગુણસૂચક છે અને વિશેષણ તરીકે તેનો વિનિયોગ થયો છે. આથી, अनार्य શબ્દ દ્રવિડો માટે પ્રયોજાયેલો હોવાનો મત ભ્રામક છે. आर्य અને अनार्यને જાતિવિશેષસૂચક શબ્દો તરીકે આપણને આપીને બ્રિટિશોએ આપણને ભરમાવ્યા છે અને દુર્ભાગ્યે હજી સુધી આપણે ભ્રમિત થઈ રહેલા છીએ. એટલું જ નહીં, ભારતીય પ્રજાને શ્વેત અને શ્યામ રંગી ગણાવીને વિભાજિત કરી દીધી અને પરસ્પરને સામસામા સંઘર્ષમાં સપડાવી દીધી, જે વિભાજન આજેય આપણને ઘૂમરાવી રહ્યું છે.

આપણા સહુથી, અને વિશ્વસાહિત્ય સંદર્ભે પણ, પૂર્વકાલીનતમ અને પ્રભાવી તેમજ પ્રતિષ્ઠિત સાહિત્ય- એટલે કે વેદની સંહિતાઓ અને વૈદિક-વાઙ્મયનાં અંતરંગી પરીક્ષણથી અને અભ્યાસથી એટલું તો સુસ્પષ્ટ થાય છે જ કે તેનાં ખેડાણ, સંવર્ધન અને સંરક્ષણ આપણી ભૂમિમાં જ થયાં છે. વેદમાં नदीसूक्त માં વર્ણિત નદીનામોનાં અન્વેષણથી સમગ્ર પ્રદેશ ગંગા-યમુનાથી પશ્ચિમમાં અફઘાનિસ્તાન સુધી હોવાનું અનુમાન સુદૃઢ થાય છે. મનુસ્મૃતિમાં દર્શાવ્યા મુજબ आर्य એટલે પૂર્વસાગર અને પશ્ચિમસાગર તથા હિમગિરિ અને વિંધ્યગિરિ વચ્ચેની ભૂમિ એવી નોંધ આ સંદર્ભે ધ્યાનાર્હ રહે છે. પાષાણ તેમજ તાંબાનાં ઓજાર વડે ખેતી કરનાર (આથી આપણે એ પ્રજાની સંસ્કૃતિને તામ્રાશ્મયુગ તરીકે ઓળખીએ છીએ), રથ બનાવનાર અને બીજી પ્રવૃત્તિથી સંલગ્ન આ પ્રજાનાં વર્ણન વેદની સંહિતામાં છે.

સારનો સાર એટલો જ કે आर्यप्रजा નામની કોઈ પ્રજા હતી નહીં અને તેથી આર્યોનાં આક્રમણ કેવળ પુરાકલ્પન છે. પરિણામે સિંધુ-સંસ્કૃતિની પ્રજાના સંહારનો પ્રશ્ન ઉદ્‌ભવતો જ નથી. એટલું જ નહીં આપણી સાંસ્કૃતિક પરંપરાનો પ્રારંભ વૈદિક સંસ્કૃતિથી થાય છે. તે પછી સિંધુ સંસ્કૃતિ અસ્તિત્વમાં આવી. હકીકતમાં આ સંસ્કૃતિ હવે 'સરસ્વતી-સિંધુ-સંસ્કૃતિ'ના નવા નામાભિધાનથી ઓળખાઈ રહી છે જે બાબત ધ્યાનાર્હ રહેવી જોઈએ.

દુભાગ્યે અંગ્રેજોએ પ્રચારેલો आर्य आक्रमण નો ગોબારો અદ્યાપિ આપણને જળોની જેમ વળગેલો છે અને નહેરુપંથી સામ્યવાદી ઇતિજ્ઞોએ એને વ્યાપક રીતે પ્રસરતો-પ્રચારતો રાખ્યો છે. પણ અન્વેષણીય અદાલતમાં હવે આ ગોબારો પડકારાયો છે એકતરફ પુરાવસ્તુકીય અન્વેષણથી અને બીજી બાજુથી ભાષાકીય શોધથી.

ઋગ્વેદમાં ગંગા નદીનો નિર્દેશ કેવળ એક જ વખત થયો છે, જ્યારે સરસ્વતી નદીનો ઉલ્લેખ પચાસ વખત થયો છે. ઋગ્વેદની અંતિમ ઋચાઓમાં ગંગા-જમુના નદીઓના નિર્દેશ છે. આથી, ઋગ્વેદયુગ દરમ્યાન સિંધુ-ગંગા-જમુના નદીઓની તુલનામાં સરસ્વતી નદીનું અદકેરું મહત્ત્વ પ્રસ્થાપિત થયેલું જોવું પ્રાપ્ત થાય છે. વેદવાઙ્મય પણ સરસ્વતી નદીના કિનારે જ નિર્માણ પામ્યું હતું. હમણાં સુધી સરસ્વતી નદીને એક કલ્પિત નદી તરીકે ઓળખવામાં આવતી હતી. પરન્તુ અમેરીકી સેટેલાઇટે સરસ્વતી નદીના લીધેલા ફોટાઓ અને તૈયાર કરેલા નકશાએ સૂચિત કર્યું છે કે આ નદીનો પટ ચૌદ કિલોમીટર પહોળો હતો. જોધપુરની 'સેન્ટ્રલ એરિડ ઝોન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'ના વિજ્ઞાનીઓએ પણ આ નદીનો પટ શોધી કાઢ્યો છે અને તે પટ હજાર વર્ષ પૂર્વેનો હોવાનું સૂચવ્યું છે. અમેરિકી પુરાવિદ પૌલ હેન્રી ફ્રેંકફોર્ટે આ નદીનો નેવુંના દાયકામાં અભ્યાસ કર્યો હતો અને

પુરવાર કર્યું કે સરસ્વતી નદી લુપ્ત થઈ તેનું કારણ ઈસવી પૂર્વ ૨૨૦૦ આસપાસ થયેલા અભૂતપૂર્વ અને ભયાનક દુકાળે આ વિસ્તારને શુષ્ક બનાવી દીધો. આથી સરસ્વતી નદીના વિસ્તારમાંના લોકો સ્થળાંતર કરીને પશ્ચિમ દિશામાં ગયા અને સિંધુ-સતલજ નદીઓના કાંઠા પ્રદેશમાં સ્થાયી થયા. આપણા જાણીતા વિજ્ઞાની પ્રાધ્યાપક યશપાલ અને એમના સહયોગીઓએ રીમોટ સેન્સિંગ પદ્ધતિથી રાજસ્થાનના રણમાં સરસ્વતી નદીના સૂકાયેલા વહેણનાં પાદચિહ્ન શોધી કાઢ્યાં, ૧૯૮૪માં એમણે પ્રકટ કરેલો લેખ Remote Sensing of the Lost Saraswati River સહુએ અશ્વઅંધારી (Blinkers) દૂર કરીને ધ્યાનથી વાગોળવો જોઈએ. આ લેખ 'ફ્રન્ટિયર્સ ઓફ ધ ઈન્ડસ સિવિલિઝેશન' નામના ગ્રંથમાં પુનઃ પ્રગટ કર્યો છે. પાકિસ્તાની પુરાવિદ એમ. આર. મુઘલે એમના ક્ષેત્રકાર્ય અવલોકનના આધારે યશપાલ વગેરેના મતને Gholistan નામના ગ્રંથમાં સમર્થન બક્ષ્યું છે. આ મુદ્દાને સમર્થિત રીતે સાબિત કરવાનો યશ સ્વીડીશ એક્સપિડિશનને ફાળે જાય છે. આ સાહસના વડા હતા M R Hanna Rydh, તેમણે ૧૯૫૨-૫૪માં રાજસ્થાનમાં સૂકાઈ ગયેલી સરસ્વતી નદીના પટમાં કરેલા બોરનાં તારણરૂપ આ હકીકત પ્રત્યક્ષ થઈ છે.

તાજેતરમાં વધુ એક પ્રયાસ આપણા ગણિતજ્ઞ ડૉ. રાજારામે કર્યો છે અને એમને સહાય કરી સુખ્યાત ભાષાવિદ ડૉ. ઝાએ. આ ગાણિતિક ભાષાવિદની જોડીએ વૈદિક પરિભાષાના નિઘંટુ શબ્દકોશના ઉપયોગથી સાબિત કર્યું કે સિંધુ લિપિ વૈદિક સંસ્કૃતિ પરંપરાની છે અને આ સંદર્ભે તેઓએ આશરે ૨૦૦૦ જેટલી મુદ્રાઓ ઉકેલવામાં સફળતા હાંસલ કરી છે. આથી એવું ખસૂસ સૂચિત થાય છે કે સિંધુખીણસંસ્કૃતિ હકીકતમાં વૈદિક સંસ્કૃતિની ઉત્તરકાલીન સંસ્કૃતિ છે અને તે વેદાન્તી વાઙ્મય સાથે નજીકનો ઘરોબો ધરાવે છે. ડૉ. નવરત્ન એસ. રાજારામ અને ડૉ. નટવર ઝાના પ્રસ્તુત સિદ્ધાન્તને સમર્થન પ્રાપ્ત થયું છે. તાજેતરનાં ધોળાવીરાના પુરાવસ્તુકીય ઉત્ખનનથી. અહીંથી યજ્ઞશાળા હાથવગી થઈ છે. પશ્ચિમમાં બલુચિસ્તાનથી પૂર્વમાં ગંગા-જમુનાના વિસ્તાર સુધી યજ્ઞશાળાઓ હાથ લાગી છે. પાકિસ્તાની પુરાવિદ અને ભારતીયવિદ્યાના તજ્જ્ઞ ડૉ. અહમદ હસન દાણીએ આને આધારે એવો મત વ્યક્ત કર્યો છે કે આ સમગ્ર પ્રદેશ (દક્ષિણમાં ગુજરાત-ધોળાવીરા સુધીનો) હડપ્પીય સંસ્કૃતિના પૂર્વકાળથી યજ્ઞશાળાથી આવૃત્ત એક સંસ્કૃતિ હેઠળ હોવો જોઈએ. આપણે જાણીએ છીએ કે યજ્ઞસંસ્કૃતિ વૈદિક છે. વધુમાં ઋગ્વેદિક સંસ્કૃતિ ગ્રામપ્રધાન છે, જ્યારે સિંધુ સંસ્કૃતિ નગરપ્રધાન છે. સ્વાભાવિક જ ગ્રામનિર્માણ પછી નગરનિર્માણ થતું હોય છે. કોઈપણ વસાહત કે વસવાટ પ્રારંભે નાની હોય છે - નાનો હોય છે અને સમયાંતરે તેનો વિસ્તાર ક્રમશઃ વધતો જાય છે. આથી સ્પષ્ટ અનુમાની શકાય કે વૈદિક સંસ્કૃતિ એ સિંધુ સંસ્કૃતિની પૂર્વાવૃત્તિ છે. જ્ઞાતવ્ય આથી એટલું જ કે આર્ય આક્રમણનો મુદ્દો નિરાધાર રહે છે.

તાત્પર્ય તો એ છે કે ઇતિહાસ-સંસ્કૃતિના આલેખનમાં સમયાંતરે પુનર્લેખન અત્યંત આવશ્યક છે અને અગાઉનાં વિધાન ફેરફારને આધીન રહેતાં હોય છે. ઇતિકૃતિમાં આથી મતાગ્રહને કોઈ અવકાશ હોવો જોઈએ નહીં. ઇતિહાસ સતત સંવર્ધિત પ્રક્રિયા હોઈ નવેસરથી લેખનકાર્ય થતું રહે એ ઇતિકૃતિવિદ્યાનો તકાજો છે.

અને આવા તકાજાના સંદર્ભે છેલ્લે સુપ્રજનનવિદ્યાની ખૂબીઓ પરત્વે થયેલાં અન્વેષણનો આધાર અહીં ખૂબ જ પ્રસ્તુત બની રહે છે.

'અમેરિકન જર્નલ ઓફ હ્યુમન જિનેટિક્સ'ના ૯મી ડિસેમ્બર, ૨૦૧૧ના અંકમાં પ્રગટ થયેલા લેખે પુનશ્ચ પુરવાર કર્યું છે કે 'આર્ય-આક્રમણનો મત' ખસૂસ ટકી શકે તેમ નથી. (સૌજન્ય : New Research debunks Aryan Invasion Theory, કુમાર ચેલ્લાપ્પન, ચેન્નાઈ, ડીએનએ, ૧૦.૧૨.૨૦૧૧)

આ પ્રકારનું અન્વેષણકાર્ય વિજ્ઞાનીઓના ત્રણ વર્ષના શોધકાર્યને આભારી છે. આ શોધકાર્યટુકડીમાં પ્રાધ્યાપક લાલજી સિંઘ, કુલપતિ, બનારસ હિન્દુ યુનિવર્સિટી, જેઓ મોલેક્યુલર બાયોલજિસ્ટ છે અને સેન્ટર ફૉર સૅલ્યુલર ઍન્ડ મૉલેક્યુલર બાયોલજિ વિભાગના (હૈદરાબાદ) પૂર્વ અધ્યક્ષ છે. પ્રા. સિંઘ ઉપરાંત આ

શોધટુકડીમાં ડૉ. જ્ઞાનેશ્વર ચૌબે છે, જેઓ Estonian Biocentre, Tartu, Estoniaમાં કાર્યરત છે. ત્રીજા છે ડૉ. કુમારસ્વામી થંગરાજ પણ સૅન્ટર ફૉર સૅલ્યુલર ઍન્ડ મૉલેક્યુલર બાયોલજિના વરિષ્ઠ વિજ્ઞાની છે. જીવવિજ્ઞાનવિદ્યાની મદદથી આ ત્રણેય જીવવિજ્ઞાનવિદોએ બખૂબી પૂરવાર કર્યું છે કે દક્ષિણ ભારતના લોકો દ્રવિડો નથી અને ઉત્તર ભારત ઉપર આક્રમણ લઈ આવનાર આર્યોએ એમને દક્ષિણ દ્વીપકલ્પમાં ધકેલી મૂક્યા પણ ન હતા. આ વિજ્ઞાનીત્રયીના જણાવ્યા મુજબ દ્રવિડીય રાજકીય પક્ષના નેતાઓએ હવે આ બાબતે નવું સાહસ કરવું પડશે; કેમ કે તેમના શોધકાર્ય મુજબ સમગ્ર ભારતના લોકો have common genetic traits and origin. બધા ભારતીઓનું એક સરખું ડીએનએ બંધારણ છે. કોઈ વિદેશી genes કે DNA ભારતમાં પ્રવેશ્યું નથી, ખાસ કરીને છેલ્લાં ૬૦,૦૦૦ વર્ષમાં. ડૉ. ચૌબેએ તો ૨૦૦૯માં પુરવાર કર્યું હતું કે આર્ય-આક્રમણનો સિદ્ધાન્ત કેવળ જૂઠાણું છે. તેમના જણાવ્યા મુજબ આ જૂઠાણું based on low resolution genetic markers. This time we have used autosomes, which means all major 23 chromosomes, for our studies. The decoding of human genome and other advances in this area help us in unraveling the ancestry in 60,000 years. આ વિજ્ઞાનીત્રયીએ નિર્ણાયત્મકતાથી પુરવાર કર્યું છે કે ભારતીય ઉપખંડમાં આર્યપ્રજા અને દ્રવિડપ્રજા જેવી પ્રજાઓનાં કોઈ અસ્તિત્વ હતાં જ નહીં. કેવળ સ્થાપિત હિત-સ્વાર્થીઓએ આ પ્રકારનું વર્ગીકરણ કરીને ઇતિકૃતિના સત્યત્વને જબરી હાનિ પહોંચાડી હતી, એવું સ્પષ્ટ મંતવ્ય પ્રાધ્યાપક લાલજી સિંઘનું છે. હકીકતમાં આર્યોના આક્રમણનો મુદ્દો પાયાહીન છે; કારણ કે ભારતીયો ઉપખંડની બહાર ગયા હતા અને યુરોપમાં સ્થાયી થયા હતા. That is the reason behind the findings of the same genetic traits in Eurasian regions.

સરસ્વતી સંસ્કૃતિના સિદ્ધાન્તના પુરસ્કર્તા ડૉ. એસ. કલ્યાણરામનના જણાવ્યા મુજબ Africans came to India through central Asia during 80,000 to 60,000 BCE and they moved to Europe sometime around 30,000 BCE. The Indian Vedic Literature and the epics are all silent about the Aryan-Dravidian conflict. જ્ઞાતવ્ય આથી એટલું જ કે સામ્યવાદી વિચારધારાના હિમાયતી ઇતિલેખકોએ અને તેમની પછવાડી નહેરુપંથી ઇતિહાસકારોએ આર્ય-આક્રમણના અને આર્ય-દ્રવિડ-સંઘર્ષના મુદ્દાઓને નહેરુની છત્રછાયા હેઠળ બેહદ રીતે ઘૂમરાવ્યા હતા.

આર્યપ્રજા હતી નહીં. આર્યોનું આક્રમણ થયું નથી, સિંધુખીણ સંસ્કૃતિનો કોઈએ ધ્વંસ કર્યો નથી બલકે વારંવારના પૂરથી તે સંસ્કૃતિઓ વિનાશ પામી છે, સરસ્વતી નદી હકીકતમાં અસ્તિત્વમાં હતી અને વેદયુગીન સંસ્કૃતિ એ આપણા ઉપખંડની સર્વ પ્રથમ ઐતિહાસિક સંસ્કૃતિ છે જેવા મુદ્દા બાબતે હવે વિજ્ઞાનીઓ, ભાષાવિદો, ભૂસ્તરશાસ્ત્રીઓ, જીવવિજ્ઞાનશાસ્ત્રીઓ, પુરાવિદો અને સંસ્કૃતજ્ઞોનાં પારદર્શી અન્વેષણથી સમર્થન પ્રાપ્ત થયું છે.*

અસ્તુ.૨૮.૩.૨૦૧૨

---

* અન્વેષકોએ વધારે માહિતી અંકે કરવા આટલા લેખ અવશ્ય જોવાઃ ડૉ. રસેશ જમીનદાર, 'યક્ષપ્રશ્ન આર્યોનો : ઐતિહાસિક વિશ્લેષણ', ''સંબોધિ'', પુસ્તક ૨૪, વર્ષ ૨૦૦૧, પૃષ્ઠ ૪૬ થી ૯૭. આ લેખમાં ૧૩ પૃષ્ઠ જેટલી વિસ્તૃત સંદર્ભસામગ્રી અને પાદનોંધ પ્રસ્તુત હોઈ તે જોવા વિનંતી. (૨) 'આર્યોનું આક્રમણ એ પુરાકલ્પિત વાર્તા માત્ર છે.' ''ગુજરાત દીપોત્સવી'', વિ.સં. ૨૦૫૬, રસેશ જમીનદાર, પૃષ્ઠ ૧૮૫ થી ૧૮૯ (૩) રસેશ જમીનદાર, 'આપણી નગરીય સંસ્કૃતિનું નામકરણ અને સંલગ્નિત મુદ્દા', ''ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક'', જાન્યુઆરી-જૂન ૨૦૦૯, પૃષ્ઠ ૨૮ થી ૩૪.

# વલભીના મૈત્રક રાજા ધરસેન ૪થાનું અપ્રસિદ્ધ તામ્રપત્ર (વલભી) સંવત ૩૨૬ (ઈ.સ.૬૪૪)

◆

ડૉ. ભારતી શેલત*

ચોવીસ પંક્તિઓમાં કોતરાયેલું આ તામ્રપત્ર સૌરાષ્ટ્રમાં અમરેલી જિલ્લાના બગસરા ગામથી ૯ કિ.મી. દૂર આવેલા લુંગિયા ગામના નિવાસી શ્રી હરસૂરભાઈ વાળાના જણાવ્યા અનુસાર લુંગિયાથી ૬ કિ.મી. દૂર સુગાવડ અને સાપર ગામની વચ્ચે આવેલા બુધનાથ મહાદેવના મંદિરની આસપાસ આજથી લગભગ વીસેક વર્ષ પૂર્વે ખોદકામ કરતાં સૂર્ય, રન્નાદેની મૂર્તિઓ, શિવલિંગ, થાળું, હનુમાનની મૂર્તિ વગેરે મળી આવ્યાં હતાં, એની સાથે ત્યાંથી ઉપલબ્ધ થયું હતું. બે પતરાં ધરાવતું આ તામ્રશાસન હાલ ક્યાં છે તેની કોઈ નોંધ મળતી નથી. તામ્રપત્રના બીજા પતરાની ઝેરોક્ષ નકલ જૂનાગઢવાસી શ્રી પરિમલભાઈ રૂપાણીને હરસૂરભાઈ પાસેથી મળી હતી. એમની પાસેથી ભૂજના કચ્છ મ્યુઝિયમના પૂર્વ ક્યુરેટર શ્રી દિલીપભાઈ વૈદ્ય દ્વારા ઉકેલવા માટે મને આ ઝેરોક્ષ નકલ પ્રાપ્ત થઈ તે બદલ હું શ્રી હરસૂરભાઈ વાળા, શ્રી પરિમલભાઈ રૂપાણી અને શ્રી દિલીપભાઈ વૈદ્યની અંતરથી આભારી છું.

દાનશાસનનું લખાણ મૈત્રક કાલમાં પ્રયોજાતી પશ્ચિમી શૈલીની બ્રાહ્મી લિપિમાં કોતરેલું છે. લેખમાંના અક્ષરવિન્યાસની કેટલીક લાક્ષણિકતાઓ નીચે મુજબ છે :

૧. સંયુક્ત વ્યંજનોમાં ર્ પછી આવતા વ્યંજનને બેવડાવવાનું વલણ જોવા મળે છે, જેમ કે ; °परिपूर्ण्णं (पं.३), °गर्व्वितः (पं. ५), °विधिव्वसुन्धरायाः (पं.९), °विनिर्ग्गतः (पं.१२), पूर्व्वतः (पं.१४), पादावर्त्त (पं.१७), °भिर्व्वसुधा (पं.२१), °चन्द्राक्कार्° (पं.१८) વગેરે.

૨. ર્ પછી આવતા મહાપ્રાણ વ્યંજનને બેવડાવતી વખતે એમાંના પૂર્વગ વ્યંજનની જગ્યાએ એનો અલ્પપ્રાણ વ્યંજન પ્રયોજવાનું વલણ, જેમકે; °निर्ब्भर° (पं.१), °द्धनानि (पं.२२), °मर्त्थवन्त° (पं.३), °समर्त्थित° (पं.६) વગેરે.

૩. क વર્ણ પહેલાં આવતા વિસર્ગના સ્થાને અક્ષરની ડાબી તરફ ઊંચે જિહ્વામૂલીયના ચિહ્ન અને प વર્ણ પહેલાં આવતા વિસર્ગના સ્થાને એ જ રીતે ઉપધ્માનીયના ચિહ્નનો પ્રયોગ, જેમ કે, °कुमुदनाथः (पं.२), °कुशली (पं.११), °पुण्या° (पं.१२) વગેરે.

૪. श ની પહેલાં આવતા અનુસ્વારના સ્થાને ङ् નો પ્રયોગ, જેમ કે; °द्वङ्शजै (पं.२०), °विङ्शति° (पं.१७).

૫. કેટલેક સ્થળે વિસર્ગના સ્થાને स ને બેવડાવવાનું વલણ, જેમ કે वस्संविदितं (पं.१२).

૬. અવગ્રહ કે દંડનો પ્રયોગ જોવા મળતો નથી.

૭. મિતિમાં અંકચિહ્નો પ્રાચીન અંકલેખનની પદ્ધતિ પ્રમાણે દર્શાવેલાં છે. જેમકે; (વલભી) સંવત ૩૨૬ માટે ૩૦૦નું ચિહ્ન + ૨૦નું ચિહ્ન + ૬નું ચિહ્ન = 300+20+6

દાનશાસન સંસ્કૃત ભાષામાં લખાયેલું છે. પુરાણોક્ત ચાર શ્લોકો સિવાય બાકીનો બધો ભાગ ગદ્યમાં છે. દાતા રાજવીના પુરોગામી રાજાઓની તથા આ રાજાની પ્રશસ્તિ ઉચ્ચ અને રુચિર ગદ્યશૈલીમાં રચાયેલી છે.

પ્રસ્તુત દાનશાસન ભૂમિદાનને લગતું છે. દાનશાસનનું પ્રથમ પતરું ઉપલબ્ધ નહીં હોવાથી

* માનદ નિયામક, ગુજરાત રિસર્ચ સોસાયટી, અમદાવાદ.

શાસનસ્થળનું નામ તેમજ મૈત્રક વંશ અને એના પ્રથમ રાજા સેનાપતિ શ્રીભટાર્કથી ધરસેન ૩જા સુધીની વંશાવળી ઉપલબ્ધ નથી. બીજા પતરામાં મૈત્રક રાજા ધ્રુવસેન ૨ જાની અને આ શાસનના દાતા ધરસેન ૪ થાની વંશાવળી આપી છે. અહીં આ દાતા રાજાને પરમમાહેશ્વર, પરમભટ્ટારક, મહારાજાધિરાજ પરમેશ્વર ચક્રવર્તીશ્રી **અજ્જકનાં** ચરણોનું ધ્યાન કરનાર ગણાવ્યા છે. (પં.૧૦-૧૧)

દાનનો પ્રતિગ્રહીતા **બ્રાહ્મણ અપ્પસ્વામીનો** પુત્ર **બ્રાહ્મણ નાગષષ્ઠિ** છે. એ ભરુકચ્છ (ભરૂચ)થી નીકળી **ચંડીશરપલ્લી** ગ્રામનો નિવાસી હતો. એ **કાઠચપ** (કાશ્યપ) ગોત્રનો, વાજસનેયી શાખાનો બ્રહ્મચારી બ્રાહ્મણ હતો. (પં.૧૨-૧૩)

દેયભૂમિ સુરાષ્ટ્રમાં **અણિદત્તસ્થલીમાં** આવેલ રૂપ ગ્રામની પૂર્વોત્તર સીમાએ ૨૫ પાદાવર્તના માપવાળી વાટિકા હતી. વાટિકાની સીમાઓ : જેની પૂર્વે બ્રાહ્મણ **સેમની** માલિકીની વાપી **પ્રર્વ્વીદા**, દક્ષિણે થવરનિભર કુટુંબી **માડ્ઢકની** માલિકીની વાપી - ઉત્તરમાં **વિજ્જકની** માલિકીની વાપી પ્રર્વ્વીદા તેની પશ્ચિમે ૧૦૦ પાદાવર્ત પરિમાણવાળું ખેતર (?), જેની પૂર્વ સીમાએ **દુર્ગ્ગદિન્નની** માલિકીનું ખેતર

દક્ષિણે મહત્તર **પૂષકની** માલિકીનું ખેતર,

પશ્ચિમે **ધલ્લાનત્ત** ગામની સીમા,

ઉત્તર સીમાએ **કૂપથાણના** રસ્તે ૨૫ પાદાવર્ત માપની વાપી અને ૧૦૦ પાદાવર્તના માપનું ખેતર

આમ રૂપ ગ્રામની ઉત્તર સીમાએ ૨૫ પાદાવર્ત માપની વાટિકા વિજ્જકની માલિકીની વાપીની પશ્ચિમે ૧૦૦ પાદાવર્ત માપનું ક્ષેત્ર. **ધલ્લાનત્ત** ગામની ઉત્તરે **કૂપથાણમાં** ૨૫ પાદાવર્ત માપની વાપી અને ૧૦૦ પાદાવર્ત માપનું ખેતર - કુલ મળીને ૨૫ + ૧૦૦ + ૧૦૦ + ૨૫ = ૨૫૦ પાદાવર્ત ભૂમિનું દાન.

આ ભૂમિનું દાન ઉદ્રંગ (જમીનદાર પાસેથી વસૂલ કરાતું સામટું મહેસૂલ), ઉપરિકર (જમીન પર માલિકી હક્ક ન ધરાવતા ખેડૂતો પર નાંખેલો કર), ભૂતવાતપ્રત્યાય (ગામમાં ઉપજેલી અને આયાત કરેલી ચીજો પરનો કર), ધાન્યહિરણ્યાદેય (ધાન્ય અને સુવર્ણના રૂપમાં લેવાતું મહેસૂલ), દશાપરાધ (દસ પ્રકારના અપરાધો માટે લેવાતો દંડ), ઉત્પદ્યમાનવિષ્ટિ (જરૂર પડ્યે વેઠ કરાવવાનો હક્ક), સાથે સર્વ રાજપુરુષોના હસ્તપ્રક્ષેપણથી મુક્ત, પૂર્વે કરેલાં દેવો અને દ્વિજોનાં દાન રહિત, ભૂમિચ્છિદ્રના ન્યાટો (પડતર જમીનની રૂએ અર્થાત્ કરમુક્ત પ્રકારે સૂર્ય, ચંદ્ર, સાગર, પૃથ્વી, નદીઓ અને પર્વતોના અસ્તિત્વકાળ સુધી પુત્ર-પૌત્રોના ઉપભોગ માટે આ દાન અપાયું છે. આથી બ્રહ્મદેયના નિયમ અનુસાર કોઈએ એનો પ્રતિબંધ ન કરવો. ત્યારબાદ દાનના પરિપાલન માટેના પુરાણોક્ત ત્રણ શ્લોકો ટાંકવામાં આવ્યા છે. (પં.૧૭-૨૩) અંતે દાનશાસનનો દૂતક રાજપુત્ર **ધ્રુવસેન** અને લેખક સાંધિવિગ્રહાધિકૃત દિવિરપતિ **વત્રભટ્ટિના** પુત્ર **દિવિરપતિ સ્કંદભટે** લખાણ કર્યું હોવાનું જણાવ્યું છે. દાનશાસનની મિતિ (વલભી) સં. ૩૨૬, આશ્વયુજ (આશ્વિન) વદિ ૮ દર્શાવેલી છે. અંતે રાજાના હસ્તાક્ષર 'स्वहस्तो मम' જણાવેલ છે.

દાનશાસનનો દાતા વલભીના મૈત્રક વંશનો રાજા ધરસેન ૪થો (ઈ.સ. ૬૪૩ થી ૬૫૦) છે. આ રાજાએ પરમ માહેશ્વર પરમ ભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર ચક્રવર્તી જેવાં બિરુદ, ધારણ કર્યાં હતાં. આ ઉપરાંત પ્રસ્તુત તામ્રપત્રમાં એને 'अज्जकपादानुध्यातः' કહ્યો છે. ધરસેન ચક્રવર્તી સમ્રાટ હર્ષની પુત્રીનો પુત્ર હોવાથી 'અજ્જક-માતામહ' તરીકે એણે હર્ષને સમ્માન આપ્યું છે. અજ્જક-માતામહના ચરણોનું ધ્યાન કરનાર.

શ્રીભટાર્ક વલભીના મૈત્રક વંશનો સ્થાપક હતો. એ પોતાને સેનાપતિ તરીકે ઓળખાવતો. એના વંશમાં શ્રી ગુહસેન (ઈ.સ. ૫૫૫-૫૭૦), જે ભટાર્કના મોટા પુત્ર ધરપટ્ટનો પુત્ર હતો તે રાજા થયો. પછીના રાજાઓમાં ધરસેન (૨જો) (ઈ.સ. ૫૭૦-૫૯૫), શીલાદિત્ય ૧લો - ધર્માદિત્ય (ઈ.સ. ૫૯૫-૬૧૨).

ખરગ્રહ ૧લો (ઈ.સ. ૬૧૫-૬૨૦), ધરસેન ૩જો (ઈ.સ.૬૧૭-૬૨૫), ધ્રુવસેન ૨જો - બાલાદિત્યં (ઈ.સ. ૬૨૫-૬૪૩) અને ચક્રવર્તી ધરસેન ૪થો (ઈ.સ.૬૪૩-૬૫૦) રાજા થયો, જે પ્રસ્તુત દાનશાસનનો દાતા છે. અગાઉ આ રાજાના ચાર દાનશાસન પ્રાપ્ત થયાં છે. આ નવા ઉપલબ્ધ દાનશાસન સાથે આ રાજાનાં કુલ પાંચ દાનશાસન મળે છે. જે નીચે મુજબ છે :

૧. (વલભી) સંવત ૩૨૬, માઘ વદિ ૫ (૩ ફેબ્રુ., ઈ.સ.૬૪૪)નું ભાવનગર દાનશાસન. એનો દૂતક રાજકુમાર **ધ્રુવસેન** છે. સંધિવિગ્રહાધિકૃત મંત્રી દિવિરપતિ **વત્સભટ્ટિ**ના પુત્ર દિવિરપતિ **સ્કંદભટે** લખાણ કર્યું છે.

૨. (વલભી) સંવત ૩૨૬, આષાઢ સુદિ ૧૦ (૨૦ જૂન, ઈ.સ.૬૪૪)નું દાનશાસન. આ તામ્રપત્રમાં દૂતક તરીકે રાજકુમાર **ધ્રુવસેન** છે. એનું લખાણ સંધિવિગ્રહ ખાતાના અધિકારી દિવિરપતિ **સ્કંદભટે** કર્યું છે.

૩. (વલભી) સંવત ૩૨૬, આશ્વયુજ (આશ્વિન) વદિ ૮ (ઈ.સ.૬૪૪, ૨૯ સપ્ટેમ્બર)નું દાનશાસન. એનો દૂતક રાજપુત્ર **ધ્રુવસેન** અને લેખક સંધિવિગ્રહાધિકૃત દિવિરપતિ **વત્સભટ્ટિ**ના પુત્ર દિવિરપતિ **સ્કંદભટ** છે.

૪. (વલભી) સંવત ૩૩૦, માર્ગશિર સુદિ ૩ (૨૫ ઑક્ટો. ઈ.સ.૬૪૮)નું અલીણા તામ્રપત્ર. આ તામ્રપત્રમાં દૂતક તરીકે રાજદુહિતા **ભૂપા** છે. એનું લખાણ સંધિવિગ્રહાધિકૃત દિવિરપતિ **વત્સભટ્ટિ**ના પુત્ર **સ્કંદભટે** કર્યું છે.

૫. (વલભી) સંવત ૩૩૦, દ્વિતીય માર્ગશીર્ષ શુદિ ૨ (ઈ.સ.૬૪૮, ૨૨ નવેમ્બર)નું દાનશાસન. દૂતક રાજદુહિતા **ભૂપા** અને લેખક સંધિવિગ્રહ ખાતાના અધિકારી દિવિરપતિ **વત્રભટ્ટિ**ના પુત્ર દિવિરપતિ **સ્કંદભટ** છે.

(વલભી) સંવત ૩૨૬ (ઈ.સ.૬૪૪)નાં દાનશાસનોમાં રાજા ધરસેન પોતાના પિતા ઉપરાંત પોતાના અજ્જક (માતામહ)નો, સાદર નિર્દેશ કરે છે. જો કે આ રાજાના (વલભી) સં.૩૩૦નાં દાનશાસનોમાં અજ્જકનો નિર્દેશ નથી. પ્રસ્તુત તામ્રપત્રમાંનો अज्जकपादानुध्यात નિર્દેશ સ્પષ્ટતઃ ચક્રવર્તી સમ્રાટ હર્ષને લાગુ પડે છે. જે ઈ.સ. ૬૪૬-૪૭માં મૃત્યુ પામ્યો હતો. ધરસેનના પિતા ધ્રુવસેન (૨જા) બાલાદિત્ય સમ્રાટ હર્ષના જમાઈ હોવાને નાતે હર્ષ ધરસેનના માતામહ હતા. ધરસેને પોતાના માતામહ હર્ષની હયાતી દરમ્યાન પણ પરમભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર ચક્રવર્તી બિરુદ ધારણ કર્યાં હતાં. આથી એમાં ચક્રવર્તી હર્ષની અમીદષ્ટિ હોવાનું જણાય છે. એ પ્રાયઃ અપુત્ર હર્ષના દૌહિત્ર તરીકે એનો ઉત્તરાધિકારી ગણાતો હશે. પરંતુ હર્ષનું મૃત્યુ થતાં એને હર્ષના સામ્રાજયનો ઉત્તરાધિકાર પ્રાપ્ત થયો નહીં એ ઇતિહાસવિદિત હકીકત છે.

ધરસેને ઈ.સ. ૬૪૮માં ભરુકચ્છ (ભરૂચ)માં છાવણી નાંખી દક્ષિણ ગુજરાતમાં પણ મૈત્રકોની સત્તા વિસ્તારી. ધરસેનને પુત્ર ન હતો, **ભૂપા** નામે કુંવરી હતી, જેણે વલભી સંવત ૩૩૦નાં બે દાનશાસનોમાં દૂતક તરીકે ફરજ બજાવેલી.

તામ્રપત્રમાં દર્શાવેલ પ્રતિગ્રહીતા બ્રાહ્મણ નાગષષ્ઠિ ભરુકચ્છથી આવીને **ચંડીશ્વરપલ્લી** ગ્રામમાં વસેલ છે. ભરુકચ્છ એ હાલનું દક્ષિણ ગુજરાતનું ભરૂચ છે. ચંડીશ્વરપલ્લી એ હાલનું જૂનાગઢ જિલ્લાના મેંદરણા તાલુકાનું ચંદ્રાવડી હોવાનો સંભવ છે.

જે ભૂમિનું દાન કરવામાં આવ્યું છે તે દેયભૂમિ સૌરાષ્ટ્રમાં **અણિદત્ત** સ્થલી (તાલુકાથી થોડો નાનો વહીવટી વિસ્તાર)માં આવેલ કૂપ કે રૂપ ગ્રામ નજીક આવેલી છે. અણિદત્ત એ હાલનું અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાનું અનીડા ગામ અને તેની આસપાસનો વિસ્તાર હોય. એમાં આવેલ કૂપ ગ્રામ એ જૂનાગઢના વીસાવદર તાલુકાનું કૂવા કે કૂબા હોવાનો સંભવ છે. ધલ્લાનત્ત ગામ એ ગોંડલ તાલુકાના ધરાળા ગામ શાબ્દિક

પરિવર્તન દ્વારા અપભ્રંશ થઈને બન્યું હોય. પરંતુ દેયભૂમિથી એનું અંતર ઘણું હોવાથી નિશ્ચિતરૂપે એનું અભિજ્ઞાન થઈ શકતું નથી.

દાનશાસનની મિતિ (વલભી) સંવત ૩૨૬, આશ્વયુજ (આશ્વિન) વદિ ૮ની છે. આ મિતિએ ઈ.સ.૬૪૪ની ૨૯મી સપ્ટેમ્બરની અંગ્રેજી તારીખ આવે.

## પાઠ

## પતરું ૨જું

१. मानिव पुरुषकारः परिवृद्धगुणानुरागनिर्भ्भरचित्तवृत्तिभिर्मनुरिव स्वयमभ्युपपन्नः प्रकृतिभिरधिगत-

२. कलाकलापः कान्तिमान्निर्वृतिहेतुरकलङ्कः ×कुमुदनाथः प्राज्यप्रतापस्थगितदिशान्तरालप्रध्वन्सितध्वान्तरा[शि].

३. स्सततोदितस्सविता प्रकृतिभ्यः परं प्रत्ययमर्त्थवन्तमतिबहुतिथप्रयोजनानुबन्धमागमपरिपूर्ण्णं विदधानः

४. सन्धिविग्रहसमासनिश्चयनिपुणः स्थानेनुरूपमादेशं दददगुणवृद्धिविधानजनित संस्कारस्साधूनाम् राज्यसाला-

५. तुरीयतन्त्रयोरुभयोरपि निष्णातः प्रकृष्टविक्रमो[ऽ]पि करुणामृदुहृदयः श्रुतवानप्यगर्व्वितः कान्तो[ऽ]पि प्रशमी स्थिर-

६. सौहृदय्यो[ऽ]पि निरसितदोषवतामुदयसमयसमुपजनितजनतानुरागपरिपीडितभुवनसमर्त्थित-

७. प्रथितबालादित्यद्वितीयनामा परममाहेश्वरः श्रीध्रुवसेनस्तस्यसुतस्तत्पादकमलप्रणामधरणीकसणजनि-

८. तकीणलाञ्छनललाटचन्द्रशकलः शिशुभाव य(इ) व श्रवणनिहितमौक्तिकालङ्कारविभ्रमामलश्रुतिविशेषः प्रदान-

९. सलिलक्षालिताग्रहस्तारविन्दः कन्याया इव मृदुकरग्रहणादमन्दीकृतानन्दविधिर्व्वसुन्धरायाः कार्मुकधनुर्वेद इव

१०. सम्भाविताशेषलक्ष्यकलापः प्रणतसामन्तमण्डलोत्तमाङ्गधृतचूडारत्नायमानशासनः परममाहेश्वर-परमभट्टार(क)

११. महाराजाधिराज-परमेश्वर-चक्रवर्ती श्री**अज्जक**पादानुध्यातः श्रीधरसेन[न] ×कुशली सर्व्वानेव यथा सम्बध्यमानकास[न्स]मा-

१२. ज्ञा[प]यत्यस्तु वस्संविदितं यथा मया मातापित्रो ⁰पुण्याप्यायनाय **भरुकच्छ**विनिर्गत **चण्डीश्वरपल्ली** ग्राम निवासी **काठ्यप** (काश्यप)

१३. सगोत्र वाजसनेयी सब्रह्मचारी ब्राह्मण **अप्पस्वामी**पुत्र ब्राह्मण **नागषष्ठीये सुराष्ट्रेष्वणिदत्त**स्थल्यन्तर्गतकूप ग्रामपूर्व्वो-

१४. तरसीम्नि पञ्चविङ्शति पादावर्तपरिसरवाटीयस्य आघाटनानि[।]पूर्व्वतः ब्राह्मण **सेम** सत्क वापी **प्रर्व्विदा** दक्षिणतः **लवकनीभ**-

१५. र कुटुम्बि **माङ्ढक** सत्क वापी **प्रर्व्विदा** उत्तरतः **विज्जक**सत्क वापी **प्रर्व्विदा** तथापरसीम्नि पादावर्त शतपरिमाणायद्यये-

१६. न च पूर्वत **दुर्गदिन्न** सत्क क्षेत्रं [।] दक्षिणतः महत्तर **पूषक** सत्क क्षेत्र (त्रं) [।] अपरतः **धल्लनत्त** ग्रामसीमा उत्तरसीम्नि भूपाद **कूपथाणु**

१७. पथे (?) पञ्चविङ्शति पादावर्तपरिसर वापी पादावर्त शत परिमाणं क्षेत्रं सोद्रङ्ग सोपरिकर सभूतवातप्रत्याय सधान्य हिरण्यादेय

१८. सदशापराधं सोत्पद्यमानविष्टिकं सर्वराजकीयानामहस्त प्रक्षेपणीयं पूर्व्वप्रतदेवब्रह्मदायरहितं भूमिच्छिद्र-न्यायेनाचन्द्राक्र्का-

१९. र्णवक्षितिसरित्पर्व्वतसमकालीनं पुत्रपौत्रान्वयभोग्यं उदकातिसर्ग्गेण धर्मदायो निसृष्ट[:] यतोस्यो उचया (उचितया) ब्रह्म[दे]यस्थ्य(स्थि)त्या कृ[षता]

२०. कर्षयता प्रदिशतो वा न कैश्चिद् व्यासेधे वर्तितव्यं(व्य)मागामि भद्रनृपतिभिरस्यस्मद्वङ्शजैरन्यैर्वा अनित्यान्यैश्वर्याण्यस्थिरं मानुष्यं सामान्यं च भू-

२१. मिदानफ्लमवगच्छद्भिरयमस्मद्दायोनुमन्तव्यः परिपालयितव्यश्चेत्युक्तञ्च । बहुभिर्व्वसुधा भुक्ता राजभिस्सगरादिभिः यस्य यस्य (य)दा

२२. भूमिस्तस्य तस्य तदा फ्लं(लम्) । यानीह दारिद्र्यभयान्नरेन्द्रैर्द्धनानि धर्मायतनीकृतानि । निर्भुक्तमाल्यप्रति[मा]नि तानि । को नाम साधु पुन[रा] ।

२३. ददीत । षष्टिर्वर्ष सहस्राणि स्वर्ग्गे तिष्ठति भूमिदः । आच्छेत्ता चानुमन्ता च तान्येव नरके व[से]त् । दूतको[ऽ]त्र राजपुत्र ध्रुवसे[नः] ।

२४. लिखितं सन्धिविग्रहाधिकृतदिविरपति **वत्रभट्टि** पुत्र दिविरपति **स्कन्दभटेन** । सं.३००[+] २० [+] ६ आश्वयुज ब ८ । स्वहस्तो मम ।

## અનુવાદ

## પતરું બીજું

(.... તેનો અનુજ અને તેના ચરણનું ધ્યાન ધરનાર, જે સત્કાર્યોમાં પૂર્વના સર્વ નૃપ કરતાં અધિક હતો, જે અતિ કઠિન કાર્યો પૂર્ણ કરતો, પરાક્રમ સંબંધી (વિષયોમાં) સાક્ષાત્ મનુષ્યરૂપે હતો. પોતાની પ્રજા વડે જાણે પોતે સાક્ષાત્ મનુ હોય તેમ તેના પરિપક્વ ગુણોના અનુરાગથી પૂર્ણ હૃદયથી તેને માન આપતી. જે કલંકરહિત, પૂર્ણ, ઉજ્જ્વલ અને બીજાને આનંદ આપનાર ચંદ્ર સમાન હતો. જે (તેના મહાન પ્રતાપના) ઉજ્જ્વળ તેજથી સર્વ દિશાઓને ભરી અંધકારને હણનાર અને નિત્ય પ્રકાશમાન સૂર્ય હતો. જે અર્થપ્રાપ્તિ, અનેક પ્રયોજનની વૃદ્ધિમાં અને ઉન્નતિની વૃદ્ધિ માટે પોતાની પ્રજામાં વિશ્વાસ ઉત્પન્ન કરતો. સંધિ-વિગ્રહ, સમાસનાં કાર્યોના નિશ્ચયમાં નિપુણ (સંધિ વ્યાકરણના નિયમમાં સમાસ છૂટો કરવામાં અને સમાસ કરવામાં નિપુણ), યોગ્ય સ્થાન (મૂળ સ્થાનમાં) આદેશ કરતો, સાધુઓને ગુણવૃદ્ધિથી ઉત્પન્ન થયેલ સંસ્કારથી માન આપતો (ગુણ-વૃદ્ધિના ફેરફારથી શબ્દોને સાચું રૂપ આપતો), શાલાતુરીયની કલામાં નિપુણ હતો. અતિ વિક્રમસંપન્ન હતો, છતાં દયાથી મૃદુ હૃદયવાળો હતો. વિદ્વાન હોવા છતાં અભિમાનરહિત હતો. તે વલ્લભ હતો. છતાં સંયમી હતો. હંમેશાં નિત્ય માયાળુ હતો. છતાં દોષીને ત્યજી દેતો. તેણે ઉદય સમયે લોકોમાં પ્રગટેલા અને વિશ્વમાં પ્રસરેલા અનુરાગથી તેનું બાલાદિત્ય (ઊગતો સૂર્ય) એવું બીજું નામ સત્ય કર્યું, તેવો પરમ માહેશ્વર ધ્રુવસેન હતો. તેનો પુત્ર, પિતાના ચરણકમલને પ્રણામ કરતાં પૃથ્વી ઉપર ઘર્ષણથી ઉત્પન્ન થયેલ ચિહ્નરૂપી ચંદ્રકલાને લલાટ ઉપર ધારણ કરનાર, જેની મહાન વિદ્યા તેના કર્ણમાં બાળપણમાં ધારણ કરેલા મૌક્તિક અલંકાર સમાન વિશુદ્ધ છે, જેના કરકમલ દાન આપતા રેડેલા જળથી સદા ધોવાતાં, જેનો આનંદ કન્યાના મૃદુ હાથના ગ્રહણ સમાન, હળવો કર મેળવી ઉન્નત થતો, જેણે ધનુર્વેદની જેમ પોતાના ધનુષ્યથી જગતમાં સર્વ વસ્તુઓ લક્ષિત કરી છે, જેની આજ્ઞાનું પાલન સર્વ નમન કરતા રાજાઓના સમૂહથી શિર પર ધારણ કરેલાં રત્નોની જેમ થતું, તે પોતાના પિતાના ચરણનું ધ્યાન ધરનાર, પરમ માહેશ્વર, પરમ ભટ્ટારક, મહારાજાધિરાજ, પરમેશ્વર ચક્રવર્તી શ્રી અજ્જક (માતામહ)ના ચરણનું ધ્યાન કરનાર ધરસેન કુશળ છે, જે

આ શાસનની સાથે સર્વ સંબંધિતોને જાહેર કરે છે :

'તમને જાહેર થાઓ કે મારા માતા પિતાના પુણ્યની વૃદ્ધિ માટે **ભરુકચ્છથી** આવીને **ચણ્ડીશ્વરપલ્લી** ગામમાં નિવાસ કરનાર કાશ્યપ ગોત્રના વાજસનેયી શાખાના બ્રહ્મચારી બ્રાહ્મણ **અપ્પસ્વામી**ના પુત્ર બ્રાહ્મણ **નાગષષ્ઠિને** સુરાષ્ટ્રમાં **અણિદત્ત** સ્થલીમાં આવેલા રૂપ ગામની પૂર્વોત્તર સીમામાં ૨૫ પાદાવર્તના માપવાળી એક વાડી, જેની પૂર્વે બ્રાહ્મણ **સેમ**ની વાપી પ્રર્વ્વીદા છે. દક્ષિણે લવકનિભરના કુટુંબી **માઢક**ની વાપી પ્રર્વ્વીદા તથા ઉત્તરમાં **વિજ્જક**ની વાપી પ્રર્વ્વીદા. એની સામી બાજુની સીમમાં ૧૦૦ પાદાવર્ત માપનું ખેતર આપ્યું. જેની પૂર્વે **દુર્ગ્ગદિન્ન**નું ખેતર, દક્ષિણે મહત્તર **પૂષક**નું ખેતર તેની પેલી પાર સામે **ધલ્લાનત્ત** ગામની સીમા છે. એની ઉત્તર સીમાએ **કૂપથાણ** પથમાં ૨૫ પાદાવર્ત માપની વાપી અને ૧૦૦ પાદાવર્ત માપનું ખેતર - આ સર્વ સ્થાવર મિલકતના હક્ક સહિત અને તેના પર સર્વ કર સહિત, તેમાં ઉત્પન્ન થતા ધાન્ય અને સુવર્ણમાં આવકસહિત, પૂર્વે કરેલાં દેવો અને દ્વિજોનાં દાન વર્જ્ય કરી મેં આપ્યું છે. આ સર્વ રાજપુરુષોના હસ્તક્ષેપથી મુક્ત અને પુત્ર-પૌત્રાદિના ઉપભોગ માટે સૂર્ય, ચંદ્ર, સાગર, પૃથ્વી, નદીઓ અને પર્વતોના અસ્તિત્વકાળ સુધી છે. આથી બ્રહ્મદેયના નિયમ અનુસાર કોઈ ઉપભોગ કરે, ખેતી કરે, ખેતી કરાવે અથવા અન્યને સોંપે ત્યારે કોઈએ પ્રતિબંધ કરવો નહીં. અમારા વંશના કે અન્ય ભાવિ રાજાઓએ વૈભવ અનિત્ય છે, મનુષ્યત્વ અસ્થિર-અસાર છે એ મનમાં રાખી અને ભૂમિદાનમાંથી ઉદ્ભવતાં સારાં ફળ જાણી અમારા આ દાનને અનુમતિ આપવી, અને ચાલુ રાખવું. કહેવાયું છે કે આ ભૂમિનો સગર આદિ ઘણા રાજાઓએ ઉપભોગ કર્યો છે. જે જે સમયે જે જે રાજા હોય તેને તેનું ફળ મળે છે. દારિદ્ર્યના ભયથી રાજાઓએ દાનમાં આપેલી વસ્તુઓ, ઉપભોગ થયેલી કુસુમમાળા સમાન કયો સજ્જન ફરીથી હરી લેશે ? ભૂમિદાન દેનાર સ્વર્ગમાં સાઈઠ હજાર વર્ષ વસે છે અને તે હરી લેનાર અથવા હરી લેવા દેનાર તેટલાં જ વર્ષ નરકમાં વાસ કરે છે.

આ દાનશાસનનો દૂતક રાજકુમાર ધ્રુવસેન છે. સંધિવિગ્રહ ખાતાના અધિકારી દિવિરપતિ વત્રભટ્ટિના પુત્ર દિવિરપતિ સ્કંદભટે આ દાનશાસન લખ્યું છે. (વલભી) સં. ૩૨૬, આશ્વયુજ (આશ્વિન) વદિ ૮. મારા સ્વહસ્ત (સહી).



# रामपाणिवादरचितं उसाणिरुद्धं

◆

ડૉ. જાગૃતિ પંડ્યા*

પ્રાકૃત સાહિત્ય અનેકવિધસ્વરૂપે ખેડાયું છે. મહાકાવ્ય, ચરિતકાવ્ય, ખંડકાવ્ય, નાટક, સટ્ટક વગેરે. તેમાં ખંડકાવ્ય પ્રકારની બે રચનાઓ આપનાર કવિ રામપાણિવાદ દક્ષિણ પ્રાંતમાં પ્રસિદ્ધિને વરેલા વિદ્વાન કવિ હતા. તેઓ સંસ્કૃત અને પ્રાકૃત એ બન્ને ભાષાઓ ઉપર પ્રભુત્વ ધરાવતા હતા. તેમણે પોતે જ પોતાના કાવ્ય उसाणिरुद्धं માં જણાવ્યું છે કે, ભાષા તો ગૌણ છે, અર્થાવબોધ મહત્ત્વનો છે અને તેથી વિદ્વાનોને કે બુદ્ધિમાનોને ભાષા ચાહે જે કોઈ હોય તેનાથી કોઈ જ ફેર પડતો નથી.[૧] કહો કે, જે તે ભાષા માટે તેમને ન તો કોઈ વિશેષ આગ્રહ હોય છે કે ન કોઈ દ્વેષ કે દુરાગ્રહ. તાત્પર્ય એ કે, સંસ્કૃતની જેમ જ પ્રાકૃતમાં પણ રચના કરવાને તેઓ સક્ષમ છે.

પ્રાકૃત ભાષામાં તેમણે રચેલ ત્રણ ગ્રન્થો પ્રાપ્ત થાય છે. તેમાં कंसवहो અને उसाणिरुद्धम् એ બે ખંડકાવ્ય પ્રકારની રચનાઓ છે, તો ત્રીજો ગ્રન્થ એ ટીકાગ્રન્થ છે - તે વરરુચિના प्राकृतप्रकाश નામે ગ્રન્થ ઉપરની ટીકારૂપે प्राकृतप्रकाशवृत्ति નામે રચાયેલ છે.

અહીં આપણે उसाणिरुद्धं કાવ્યનો આસ્વાદાત્મક પરિચય કેળવીશું.

उसाणिरुद्धं એ એક ખંડકાવ્ય છે, તો પહેલાં ખંડકાવ્ય કોને કહેવાય તે અંગે વિચારીએ.

આચાર્ય વિશ્વનાથ ખંડકાવ્યનું સ્વરૂપ નિર્દેશતાં નોંધે છે કે -

खण्डकाव्यं भवेत्काव्यस्यैकदेशानुसारि च ।[૨]

અર્થાત્, કાવ્યના એટલે કે મહાકાવ્યના કોઈ એક અંશને અનુલક્ષીને રચાયેલું કાવ્ય ખંડકાવ્ય કહેવાય છે. અભિપ્રાય એ છે કે, મહાકાવ્યનાં જે વિવિધ લક્ષણો નિર્દેશાયાં છે તે લક્ષણો પૂર્ણતયા અહીં અપેક્ષિત નથી અને વળી એક અંશને અનુરૂપ હોઈ તેમાં કોઈ ભાષાનિયમ પણ નથી એવું સમજાય છે.[૩]

કવિનું પોતાનું મંતવ્ય પણ ઉપર નોંધ્યું જ છે. તેથી હવે કૃતિના બાહ્ય સ્વરૂપને વિશે વધુ ચર્ચા કર્યા વિના આપણે उसाणिरुद्धं કાવ્યના કથાનકનો પરિચય કેળવી તેના અંતરંગને મૂલવીએ તે જ ઉચિત લેખાશે.

उसाणिरुद्धं કાવ્યમાં બાણપુત્રી ઉષા અને કૃષ્ણના પૌત્ર અનિરુદ્ધના પ્રણયની કથા આલેખાઈ છે. આ કથા ખૂબ જ જાણીતી છે. ભાગવતપુરાણ, હરિવંશપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ વગેરેમાં તેનું નિરૂપણ પ્રાપ્ત થાય છે. કવિ રામપાણિવાદે મુખ્યત્વે ભાગવતપુરાણ (દશમસ્કંધ - અધ્યાય-૬૨,૬૩) ને આધારે કાવ્યસ્વરૂપે રચેલ આ કથા ચાર સર્ગોમાં વિભક્ત છે. કવિએ ખૂબ જ સરસ ને ચિત્રાત્મક શૈલીથી કથાને નિરૂપી છે.

उसाणिरुद्धं કાવ્યનું શીર્ષક જ તેમાં નિરુપિત કથાને સૂચવી દે છે. શીર્ષકમાં કવિએ કૃતિનાં બન્ને મુખ્ય પાત્રો - ઉષા અને અનિરુદ્ધ-નો નિર્દેશ કર્યો છે. તે દ્વારા उषया सहितः अनिरुद्धः- ઉષાની સાથે રહેલ અનિરુદ્ધ અથવા उषा च अनिरुद्धश्च- ઉષા અને અનિરુદ્ધ - એ પ્રમાણે અર્થ કરી તેમને લગતું કાવ્ય તે उसाणिरुद्धं એમ પાણિનિના अधिकृत्य कृते ग्रन्थे સૂત્રને આધારે સિદ્ધ કરી શકાશે, જેમાં દ્વિતીય અર્થ - ઉષા અને અનિરુદ્ધને ઉદ્દેશીને તેમના પ્રણયને આલેખતું કાવ્ય તે उसाणिरुद्धं એમ સમજાય છે.

---

* ૧, યોગિતા ઍપાર્ટમેન્ટ્સ, વસંતકુંજ, પાલડી, અમદાવાદ-૭

કાવ્યમાં પ્રથમ સર્ગના આરંભે કવિ મંગલકામના કરતાં ગણેશવંદના કરે છે -

भद्दस्स वो भत्ति-उणक्किआणं भवेज्ज णिच्चं भअवं गणेसो ।
दाणेण जा पीणइ माणसाइं वणीवआणं व महुव्वआणं ॥
भद्राय वो भक्तिगुणाश्रितानां भवेन्नित्यं भगवान्गणेशः ।
दानेन यः प्रीणयति मानसानि वनीपकानामिव मधुव्रतानाम् ॥

અહીં શ્લિષ્ટોપમાનો પ્રયોગ કરી જણાવાયું છે કે, જેમ ભ્રમરોના મનને દાન એટલે કે મદજલથી પ્રસન્ન કરે તેમ યાચકોના મનને દાન એટલે ધન આપીને જે દેવ પ્રસન્ન કરે છે તે ભગવાન ગણેશ ભક્તિગુણયુક્ત આપને માટે સદા કલ્યાણકારી હો.

આ પછીના બે શ્લોકોમાં સરસ્વતી દેવીનો અનુગ્રહ પામવાની કામના તથા દિવ્ય યુગલને વંદના કરવામાં આવી છે અને તે પછી નૃસિંહ પ્રભુ પ્રત્યેનો ભક્તિભાવ પ્રદર્શિત કરાયો છે તથા પાંચમા પદ્યમાં ગુરુવંદના પ્રસ્તુત કરાઈ છે.

આ રીતે, પાંચ પદ્યોથી મંગલ કર્યા બાદ કવિ જણાવે છે કે, કાવ્યમાં અર્થાવબોધ જ મહત્ત્વનો હોઈ, શબ્દો એટલે કે ભાષા તો ગૌણ છે તેથી કાવ્ય સંસ્કૃતમાં રચાય કે પ્રાકૃતમાં તે બાબત વિદ્વાનોને અસર કરતી નથી; અને વળી, પોતે આ જે કાવ્ય રચવા જઈ રહ્યા છે તેનાથી બુદ્ધિશાળીઓને કોઈ દ્વેષ જાગશે નહીં અથવા કહો કે, જાગવો જોઈએ નહીં. કેમકે, આ પ્રયાસ તો અલ્પમતિ એવા કવિનો છે, અને સિંહગર્જના તો મેઘગર્જનાની સામે થતી હોય છે, દર્દુરોના ડ્રાઉં ડ્રાઉં સામે નહીં.

આ બે પદ્યો દ્વારા જણાય છે કે, કવિ અહીં જે પ્રાકૃતમાં કાવ્ય રચે છે તેમાં કશું અનુચિત નથી અને પોતાનો આ પ્રયાસ વિદ્વજ્જનોને દ્વેષકર્તા નીવડશે નહીં. અહીં તેમણે સિંહસમા દિગ્ગજ સાહિત્યકારો સમક્ષ પોતાની જાતને દેડકાઓ સાથે સરખાવી છે અને તે રીતે કાવ્યરચના પ્રત્યે સવિશેષ સભાનતા દાખવી છે અથવા કહો કે, અતિનમ્રતા પ્રદર્શિત કરી છે.

આ પછી કાવ્યના વિષયનો આરંભ કરવાના આશયથી કવિ વાસુદેવના ચરિત્રની રોચકતા જણાવે છે. આ પ્રસંગે તેમણે વાસુદેવના ચરિત્રનાં વિવિધ પાસાં પ્રસ્તુત કર્યાં છે. તેમાં, યદુવંશમાં તેમનો જન્મ, તેમનાં પરાક્રમ, તેમણે નિર્માણ કરેલ દ્વારિકા નગરીની ભવ્યતા, તેમનો રુક્મિણી સાથે વિવાહ અને રુકિમણી દ્વારા પ્રદ્યુમ્નપુત્રની પ્રાપ્તિ વગેરેનો નિર્દેશ કરી, કામદેવના અવતારરૂપ પ્રદ્યુમ્નના પુત્રરૂપે અનિરુદ્ધના જન્મને નિર્દેશતા કવિ કથાનાયકનો પ્રાથમિક પરિચય આપે છે અને કથાના આરંભ માટે ઉચિત ભૂમિકા તૈયાર કરી દે છે.

તે પછી, એકદમ જ સીધા સરળ શબ્દોમાં કથાનો ઉઘાડ કરતાં કવિ જણાવે છે કે, ખીલેલાં નીલકમળસમાન વિશાળ નયનોયુક્ત તથા અત્યંત સુંદર મેઘસમા શ્યામલ અંગવાળા તે અનિરુદ્ધને બાણપુત્રી ઉષાએ એકવાર સ્વપ્નમાં જોયો.[૪] ઉષાની સ્વપ્નાવસ્થાને નિરૂપતાં કવિ જણાવે છે કે, સહકારવૃક્ષને વીંટાતી વેલીની જેમ ઉષાએ અનિરુદ્ધને આલિંગન આપ્યું અને પછી સ્વપ્નભંગ થતાં, જાગ્રત થઈ પ્રિયને ન જોતી ઉષા શોક વિહ્વળ થઈ વિલાપ કરે છે. તે કહે છે કે, હજુ તો અધરપાન કર્યું જ હતું ને ત્યાં તો સુખ છિનવાઈ ગયું. મીઠી વાતો કરતા પ્રિય તમે ક્યાં ચાલ્યા ગયા ? હે સુંદર, તમે ક્યાં છો ? હે ક્રૂર, તમે ક્યાં ચાલ્યા ગયા ? - આ પ્રકારે પ્રલાપ કરતી ને રડતી તે બાળાને તેની સખી ચિત્રલેખા-જે બાણાસુરના પ્રધાન કુભાંડની પુત્રી છે - તેને વિલાપનું કારણ પૂછે છે ને તેના હૃદયની વાત જણાવવા કહે છે, ત્યારે ઉષા પોતાના શોકનું કારણ જણાવતાં, સ્વપ્નમાં તેણે કરેલ કુમારનાં દર્શન અને હવે અચાનક તેનું અદર્શન થયાની જાણ કરે છે. આ જાણી ચિત્રલેખા સખીને સાંત્વન આપી તેની ઇચ્છા પૂર્ણ કરવાનું વચન આપે છે. ઉષાના ચિત્તચોરને જાણવા માટેના

પ્રયાસરૂપે અનેક દેવ-દાનવ-માનવ-યક્ષ-કિન્નર-ગંધર્વ-વિદ્યાધર વગેરેના અનેક યુવાનોનાં ચિત્ર આલેખી ઉષાને તે જોઈ ઓળખવા માટે જણાવાય છે, અહીં કૃષ્ણનું ચિત્ર આલેખાતાં ઉષાની ઉત્સુકતા, પ્રદ્યુમ્નનું ચિત્ર દોરાતાં તેનો નયનાભિલાષ અને અનિરુદ્ધનું ચિત્ર સામે આવતાં તેનો પ્રેમભર્યો લજ્જાભાવ કવિ સરસતયા ઉપસાવે છે.[૫] ચિત્રલેખા સખીનું હૃદય પામી તેને અભિનંદે છે અને ચન્દ્રમાં અનુરક્ત રોહિણીની જેમ યોગ્ય રીતે જ અનિરુદ્ધમાં આસક્ત થયેલ ઉષાની યોગ્ય પસંદગીને ચિત્રલેખા દાદ દે છે. અહીં તે વિશેષમાં જણાવે છે કે, જેમ નવમાલિકા બાલ રસાલવૃક્ષને વીંટળાય, બલાકાને નીલમેઘ પ્રાપ્ત થાય તેમ તું પ્રદ્યુમ્નપુત્રના પ્રેમને પામ. સરખેસરખાનો સમાગમ સંપૂર્ણ શોભાવાળો હોય છે. समग्ग-सोहो सरिसाणँ सङ्गो ।[૬] અહીં કાલિદાસનું સહેજે સ્મરણ થઈ આવે છે. કાલિદાસે શાકુન્તલના પ્રથમ અંકમાં નવમાલિકાને સહકારવૃક્ષની સ્વયંવરવધૂ કહી નિર્દેશી છે.[૭] સમાન સાથે સમાનનો સમાગમ-એ વિચાર કવિના જ અન્ય કાવ્ય कंसवहो માં પણ પ્રાપ્ત થાય છે. ત્યાં કહ્યું છે કે -

सरिसाणं समाअमो सुहस्स ।[૮]

આ વિચાર સંસ્કૃત સાહિત્યમાં પણ અનેકશઃ જોવા મળે છે. જેમ કે, चकास्ति योग्येन हि योग्यसङ्गमः ।[૯] એ નૈષધચરિતનું વિધાન કે પછી तप्तेन तप्तमयसा घटनाय योग्यम् ।[૧૦] અને रत्नं समागच्छतु काञ्चनेन ।[૧૧] એ અનુક્રમે વિક્રમોર્વશીય તથા રઘુવંશમાં આવતાં કાલિદાસનાં વિધાનો.

ઉષા અને અનિરુદ્ધનો યોગ ઉચિત હોવાનું જણાવતી ચિત્રલેખા પોતાની ગૂઢ શક્તિથી અનિરુદ્ધને લઈ આવવાનું વચન આપે છે ને તે માટે રાત્રે કૃષ્ણની નગરીમાં જઈ પહોંચે છે.

અહીં કવિ કોમળ અંગયુક્ત નિદ્રાધીન નાયકનું આલેખન કરવાની તક લઈ પુનઃ ચિત્રલેખા દ્વારા ઉષાની પસંદગી પ્રતિ પ્રશંસાવચન બોલાવે છે. ઉષા-અનિરુદ્ધ એકમેકને અનુરૂપ છે તેમ માનતી ચિત્રલેખા મન્ત્રપ્રભાવથી તે કુમારને શોણિતપુર-બાણની નગરીમાં લઈ આવે છે તથા ઉષાને અનિરુદ્ધ સાથે જોડાવા માટે પ્રોત્સાહિત કરી ગાંધર્વવિવાહની સલાહ આપે છે. અનિરુદ્ધ જ્યારે ઉષાને જુએ છે તો દૈવે સર્જેલ આશ્ચર્યરૂપ આ કુમારીને જોઈ તે વિસ્મયથી બસ જોતો જ રહે છે. તેને સમજાતું નથી કે આ માયા છે કે સ્વપ્ન ? ઈન્દ્રજાળ છે કે પછી હૃદયની ભ્રમણા ? ઉષાને તે સૌંદર્યની આવાસ-ભૂમિસમ માને છે. તેના સૌંદર્યને નિરૂપતાં તે કહે છે કે, કામના ધનુષ્યયુગ્મ, ચંચલ નીલકમલયુગલ અને પક્વ બિંબ ફળને ધારણ કરતી તેનામાં નિષ્કલંક ચન્દ્ર પ્રકાશી રહ્યો છે. સોનાની વેલ જેવી પાતળી કમર અને રજતકમળસમા પુષ્ટ ઉરોજ તથા કદલીસ્તંભસમા ઊરુઓ ધારણ કરતી આ યુવતી સ્થિર થયેલી વીજળી છે કે રૂપ ધારણ કરી આવેલ ચાંદની ? કે પછી પોતાની આંખોને અમીરસ સિંચતી તે સુધાસાગરની પુત્રી છે ?[૧૨] નાયકના મુખે નાયિકાના સૌંદર્યનું આ રીતે કરાતું વર્ણન સ્પષ્ટ રીતે તેનું આકર્ષણ સૂચવે છે. ચિત્રલેખા અનિરુદ્ધના આ હૃદ્ગત ભાવને જાણી તેને જણાવે છે કે, આ સુંદરાંગી બાણપુત્રી કામદેવે જ તને આપી છે. સ્વપ્નમાં તેણે તને મેળવ્યો તેથી મન્ત્રબળે પોતે તેને અહીં લઈ આવી છે તેમ કહી તેને પ્રેરિત કરતાં કહે છે કે, હવે તું એની સાથે પ્રેમસંબંધે જોડાઈ જા. જેમ કમળસરોવરમાં રાજહંસ અને ચાંદની રાતમાં ચન્દ્ર તેમ તું પ્રેમભર્યા મનવાળી આની સાથે આનંદ કર.[૧૩]

આ રીતે, ચિત્રલેખા દ્વારા પ્રોત્સાહિત ને પ્રેરિત એવાં આ પરસ્પરને વિશે આકૃષ્ટ નાયક-નાયિકાના મિલનશૃંગારને કવિ થોડા શ્લોકોમાં નિરૂપે છે, તેમાં પરસ્પર મિલનની ઉષ્મા સહ ગાઢ આલિંગન, અધરચુંબન વગેરે પ્રેમકેલિ કરતાં ઉષા-અનિરુદ્ધ ક્ષણ માટે પણ અલગ ન થઈ પ્રણયસુખ માણે છે, તેનો નિર્દેશ છે.

આ પછી કન્યાના ગૃહે કોઈ જારપુરુષનું આગમન થયું હોવાની સેવકોને થયેલ શંકા, તે અંગે સ્વામી બાણાસુરને જાણ, બાણનો શોક તથા રોષ અને કુંવરીના આવાસે બાણનું આગમન વગેરે બાબતો કવિ ખૂબ સંક્ષેપમાં જ નિરૂપે છે. સુંદર રૂપવાળાં ને એકમેકને અનુરૂપ સુકોમળ વરવધૂને જોઈ સ્તબ્ધ ને વિસ્મિત થયેલ બાણાસુર ઘડીભર તો ચિત્રવત્ જડાઈ જાય છે પણ પછી કઠોરતા દાખવે છે. જગમાં પ્રસિદ્ધ પ્રભાવ ધરાવતો

ને હજાર હાથવાળો બાણ પોતાની કન્યાને અનિરુદ્ધે ભ્રષ્ટ કરી હોઈ તેને પડકારે છે કે, જીવવું હોય તો જતો રહે ને મરવું હોય તો યુદ્ધ કર. અહીં તે પોતાની બડાશ હાંકતાં, પોતાનાં બાણની પ્રચંડતા ને કઠોરતા જણાવે છે. જો કે, અનિરુદ્ધ પર તેની કોઈ અસર થતી નથી અને તે ખુમારીથી જણાવે છે કે, જેમ શિયાળ સિંહને જીતવા પ્રવૃત્ત થાય તેમ તું કૃષ્ણના પૌત્રને જીતવા પ્રવૃત્ત થયો છે. અહીં ગર્વોક્તિ કરતા અનિરુદ્ધને પોતાના આયુધરૂપ ગદા કે જે વજ્રસમી છે ને યમદંડની સહોદરા છે તેની શક્તિ પર કે તેના પ્રભાવ પર પૂર્ણ આસ્થા છે ને તેથી તે મહાન શક્તિશાળી બળિયા બાણાસુરને પડકારે છે કે, મસ્તક પર ગદા પડે તો તત્ક્ષણ પ્રાણ ચાલ્યા જાય. જો તારામાં શક્તિ હોય તો તેને રોક.[૧૪] અહીં આ બન્નેના યુદ્ધને નિરૂપતાં, કવિ બન્નેય યોદ્ધા ગર્વભર્યા ને બળિયા હોઈ લાંબા સમય સુધી લડતા રહ્યા તેમ જણાવી એટલું જ કહે છે કે, બાણ હજાર હાથે શસ્ત્રો ચલાવતો, જેને અનિરુદ્ધ એકમાત્ર ગદાથી જ નિષ્ફળ કરતો. પરિણામે તેને જીતવો દુષ્કર જણાતાં, બાણ તેને નાગપાશમાં બાંધે છે.

આ રીતે, પ્રિયને કેદ થયેલો જાણી ઉષા ખેદને ગ્લાનિ અનુભવે છે તથા અનિરુદ્ધની દશા પ્રતિ અફસોસ વ્યક્ત કરે છે અને પોતાના કારણે પ્રિયને થતી પીડા જોઈ પોતાના જન્મ અને જીવનને જ ધિક્કારે છે. જો કે, સખી ચિત્રલેખા ઉષાને વિષાદ ત્યજી ધીરજ ધરવા જણાવે છે અને વિશ્વનાથ જેના પિતામહ છે તે તારા પ્રિયનાં બંધન અવશ્ય દૂર થશે તેવું આશ્વાસન આપે છે.

સર્ગને અંતે કવિ જણાવે છે કે, કુમાર કુમારીગૃહના એક ખૂણામાં રહેવા લાગ્યો, જ્યાં તે ઉષાના અપમાનને ય અવગણીને રહ્યો.

આમ, પ્રથમ સર્ગમાં જ કવિ નાયક-નાયિકાનું મિલન રચે છે અને પછી કામપ્રેર્યા રચાયેલ આ મિલનને જગમધ્યે પ્રમાણિત કરવા કે પછી વડીલોના આશિષરૂપી અનુગ્રહથી ઉજ્જવળ કરવા કવિ કથાતંતુ વિસ્તારે છે. જો કે 'પ્રેમપંથ પાવકની જ્વાળા' ને ન્યાયે અંતરાયો તો આવે છે પણ છેવટે ચતુર્થ સર્ગમાં કવિ બન્નેનું પૂર્ણ મિલન સાધે છે.

બીજા સર્ગના આરંભે કથાનો પરિસર દ્વારિકાનો છે. અનિરુદ્ધ અદશ્ય થતાં, શોકમગ્ન કૃષ્ણ દ્વારવતીમાં આવેલ નારદને સત્કારી તેમને પરિસ્થિતિથી અવગત કરાવે છે. કૃષ્ણને આશા છે કે, નારદ અનિરુદ્ધની ભાળ આપી તેમનું દુઃખ દૂર કરશે. કૃષ્ણ એક દેવ હોવા છતાં, તેમનું આ પ્રકારનું માનવસહજ વર્તન જોઈ નારદ હસે છે અને બાણાસુર દ્વારા અનિરુદ્ધ કેદ થયો હોવા અંગે જાણકારી આપતાં કહે છે કે, બાણપુત્રીએ સ્વપ્નમાં અનિરુદ્ધને જોયો હોવાથી તેની સખી ચિત્રલેખા દ્વારા તેને માયાથી લઈ જવાયો છે. અનિરુદ્ધની સ્થિતિની જાણ કરી નારદ જણાવે છે કે, બાણ અભિમાની છે ને મહેશ્વર તેના દ્વારપાળ છે એટલે જો અનિરુદ્ધને છોડાવવો હોય તો બાણને હણો એમ કહી નારદ તેમને ઉશ્કેરે છે જેથી કૃષ્ણનો રોષ ભભૂકી ઊઠે છે ને તે કૃતવર્મા, સાત્યકિ ને બલરામની આગેવાનીમાં કૂચ કરે છે. અહીં કવિ થોડાં પદ્યોમાં કરાયેલા આ વિસ્તૃત યુદ્ધવર્ણનમાં કવિ પોતપોતાને અનુરૂપ યોદ્ધાઓને પરસ્પર યુદ્ધ કરતા દર્શાવે છે. તે મુજબ, પ્રદ્યુમ્ન અને કાર્તિકેય, બાણ અને સાત્યકિ, શિવ અને કૃષ્ણ, બલરામ અને કુભાંડ સામસામા યુદ્ધ કરે છે. શિવ અને કૃષ્ણનું પરસ્પરનું યુદ્ધ સામસામા શસ્ત્રપ્રહારોસહિત કવિ વિગતે વર્ણવે છે. યુદ્ધમાં બલરામ દ્વારા બાણનો મન્ત્રી કુભાંડ માર્યો જાય છે. પછી બાણ કૃષ્ણ તરફ ધસે છે પણ તેનાં આયુધ નાશ પામે છે ને તે ઘવાય છે. ત્યારે તેની માતા કોટ્ટવી વચ્ચે પડે છે તેથી કૃષ્ણ અટકે છે ને બાણ તેના ગૃહે જાય છે. તે પછી કેટલાંક પદ્યોમાં શિવે મોકલેલ ત્રિશિરા નામે તાવની સામે કૃષ્ણે સર્જેલ ચતુર્ભુજ નામે તાવનો પરસ્પર વિરોધ કવિ વર્ણવે છે. છેલ્લે કૃષ્ણનો તાવ શિવના તાવને હરાવે છે તેથી તે કૃષ્ણને શરણે જાય છે. અહીં કવિ શિવના તાવ દ્વારા કૃષ્ણસ્તુતિ પ્રયોજે છે આથી પ્રસન્ન થયેલ કૃષ્ણ તેને અભય આપી મુક્ત કરે છે. આ સાથે જ બીજો સર્ગ સમાપ્ત થાય છે.

તૃતીય સર્ગના આરંભે કવિ બાણને પુનઃ યુદ્ધ અર્થે પ્રસ્થાન કરતો દર્શાવે છે. અહીં આરંભનાં કેટલાંક

પદ્યોમાં કવિ યુદ્ધાર્થે પ્રસ્થિત બાણના વર્ણનમાં તેના હજાર હાથ, તેનો અશ્વો દ્વારા વહન થતો રથ, તેનો શ્યામલ વર્ણને શ્વેત આતપત્રની શોભા વગેરેનું તાદશ વર્ણન કરે છે. પછી જ્યાં બાણ કૃષ્ણને જુએ છે તો તરત જ તેની તરફ ધસે છે ને કહે છે - હું કંઈ નરકાસુર નથી કે નથી હું કંસ. હું તો બલિકુમાર બાણ છું. તેં મારી ભુજાઓનો પ્રતાપ સાંભળ્યો નથી કે શું ? શિવના તાંડવપ્રસંગે જે ભુજાઓએ મૃદંગ બજાવી શિવનો દુર્લભ અનુગ્રહ મેળવ્યો છે; વળી આ જ ભુજાઓએ ઇન્દ્રાદિ દેવોને ય પદભ્રષ્ટ કર્યા છે જેથી તેમને પોતાનો હવ્યભાગ પણ સૂક્ષ્મ ને અદશ્યરૂપે મેળવવો પડે છે. વિશેષમાં બાણ જણાવે છે કે તેં મારા પિતાને છળીને ત્રણે લોક મેળવ્યા હતા. હવે સારું છે કે તું મારા દૃષ્ટિપથમાં આવ્યો છે. હવે યુદ્ધમાં તને જીતી ચૌદ લોક હું વશમાં કરી દઈશ. તેના પ્રત્યુત્તરમાં કૃષ્ણ કટાક્ષ કરતાં કહે છે કે, હે દાનવ, તારો ઉપક્રમ તો ઉચિત છે પણ જો ભુજાઓનો ભંગ થશે તો તારો અભિલાષ અધૂરો રહેશે; અને ફોગટ પ્રલાપથી શું ? બોલવાનું રહેવા દઈ કાર્ય કર. પછી બાણ અને કૃષ્ણ વચ્ચે તુમુલ યુદ્ધ શરૂ થાય છે. કેટલાંક પદ્યોમાં આ યુદ્ધનું વર્ણન કરતાં કવિ પહેલાં બાહુઓનો ભંગ દર્શાવે છે. આ પ્રસંગે શિવ વચ્ચે પડે છે અને કૃષ્ણની મહાનતા વર્ણવી તેમની સ્તુતિ કરે છે અને બાણ ઉપર દયા કરવા જણાવે છે. કૃષ્ણ શિવને વંદન કરી તેમની પ્રશંસા કરે છે પણ સાથે જ હળવો મર્મ પણ કરે છે કે, હે મહેશ, હિમાલયનિવાસ ભુલાવીને જેણે તમને અસુરનાં દ્વારે ખડા કર્યા છે તે તમારા આશ્રિત પ્રત્યેના પ્રેમને શું કહેવું ? અને પછી ઉમેરે છે કે, પોતે બાણને હણશે નહીં પરંતુ કેવળ તેના ગર્વનું જ ખંડન કરશે, કેમ કે જો તેમ નહીં કરવામાં આવે તો તે દુષ્ટોને ય ભારે પડશે. આમ કહી કૃષ્ણ બાણના બે હાથ રાખી તેને છોડી દે છે ત્યારે ભયથી ધ્રુજતાં ગાત્રોવાળો બાણ શેષ રહેલ હાથથી અંજલિ રચી પ્રણામપૂર્વક યદુનાથ કે જેઓ દીનજનોનું રક્ષણ કરવાના વ્રત વિશે હંમેશ દીક્ષિત થયેલ છે તેમના ચરણયુગલને શરણે જાય છે અને અવિનયને લીધે ગર્વ ધરી પોતે કરેલ અપરાધની ક્ષમા યાચે છે અને હવે જ્યારે વિવેક જાગ્યો છે ત્યારે તે અનિરુદ્ધ સાથે પોતાની પુત્રી ઉષાનો વિવાહ કરવા સંમતિ આપે છે ને તેમનો સંગ રતિ-મદનસમો પૂર્ણ શોભાયુક્ત બની રહે તેવી કામના સેવે છે. આ પછી તે અનિરુદ્ધને કેદમાંથી મુક્ત કરે છે ને તેને કૃષ્ણ પાસે લઈ આવે છે. આ પ્રસંગે ઉષા-અનિરુદ્ધ-વધૂવર-ને વિવાહ સમયે પહેરામણીરૂપે રત્ન, સુવર્ણ, વસ્ત્ર, શ્વેતછત્ર, ધ્વજાસહિત રથ, હાથીઘોડા વગેરે આપે છે. સાથે જ કૃષ્ણની પ્રદક્ષિણા કરી પુત્રી-જમાઈને ભેટે છે ને વિદાય કરે છે. કૃષ્ણ પણ તેમને અભિનંદે છે ને પોતાના રથમાં તે બન્નેને બેસાડી દ્વારાવતી લઈ જાય છે.

ચોથા સર્ગમાં પુનઃ કથાપ્રવાહ દ્વારિકામાં વહે છે. આરંભમાં જ કવિ વર્ણવે છે કે, નગરમાં પ્રવેશતાં, નગરજનો તેમને સત્કારે છે. કૃષ્ણ તેમજ નવયુગલના દર્શન માટે ઉત્સાહિત નગરજનોને વર્ણવતાં, કવિ કેટલાંક પદ્યોમાં નગરીની નારીઓનું કુતૂહલ તેમજ સંભ્રમ નિરૂપે છે. રાજમાર્ગ ઉપર થઈ નવયુગલ આગળ વધે છે ને પછી મણિમહેલમાં પ્રવેશતાં, વૃદ્ધ નારીઓ તેમનો મંગલવિધિ કરે છે ને વિવાહોત્સવ રચાય છે. ત્યારબાદ ઘણા લાંબા સમય સુધી ઉષા-અનિરુદ્ધ એક સાથે આનંદ માણતાં રહે છે.

કૃતિના સમાપનમાં કવિ શુભાકાંક્ષા વ્યક્ત કરતાં જણાવે છે કે, સૌને સુખશાન્તિ આપનાર દેવ દેવકીનન્દન તમને પૂર્ણ કલ્યાણ પ્રાપ્ત કરાવે.[૧૫]

આ રીતે, ચતુર્થ સર્ગની સમાપ્તિ થયા બાદ કાવ્યમાં કેટલાંક પદ્ય પ્રસ્તુત થયાં છે. તેમાં ગુરુવંદના, કર્તાનો પરિચય, કાવ્યની ભાષા, તેનો ઉદ્દેશ વગેરે જણાવી અન્તે ગુરુની કરુણા દ્વારા આત્મકલ્યાણની વાંછના સાથે કાવ્ય પૂરું થાય છે.

આ પુરાણ પ્રસિદ્ધ કથાને કવિ સરસને રોચક બનાવી એ રીતે પ્રસ્તુત કરે છે કે, તે નાવીન્યપૂર્ણ, તાજગીસભર ને આહ્લાદક બની રહે છે. મૂળ ભાગવતપુરાણના દસમસ્કંધના ૬૨ અને ૬૩મા અધ્યાયમાં તથા હરિવંશપુરાણ - ૨.૧૧૬-૨૮માં પ્રાપ્ત લગભગ બધી જ વિગતો આ કાવ્યમાં વણી લેવાઈ છે. કવિ મુખ્યત્વે ભાગવતને અનુસર્યા છે પરંતુ ગાંધર્વવિવાહ તથા માતા કોટ્ટવીની વિગત હરિવંશને મળતી આવે છે. કાવ્યના પ્રથમ સર્ગમાં શ્લોક ૧૬ થી ૭૫ માં પ્રાપ્ત થતી વિગતો ભાગવતના દસમસ્કંધના ૬૨મા અધ્યાયના ૧૨ થી

૩૫ શ્લોકોમાં આવતી વિગતો સાથે સરખાવવા યોગ્ય છે. ટૂંકમાં પ્રારંભિક ૧૫ પદ્યો બાદ કરતાં પ્રથમ સર્ગની સમગ્ર રજૂઆત માટે કવિએ ભાગવતનો પૂર્ણ આધાર લીધેલો જણાય છે. વળી, કાવ્યનો દ્વિતીયસર્ગ ભાગવતના ૧૦.૬૩.૨ થી ૨૯ શ્લોકોને આધારે રચાયો છે તો તૃતીય સર્ગની કથા ભાગવત ૧૦.૬૩.૩૦ થી ૫૨ શ્લોકોને આધારે રચાઈ છે. પરંતુ ચતુર્થ સર્ગ સંપૂર્ણપણે કવિની પોતાની રચના છે.

અહીં એક બાબત સ્પષ્ટ જણાય છે કે, કવિને માત્ર પ્રાપ્ત વિગતોને વર્ણવી જવાનો કે તેની નોંધમાત્ર આપવાનો આશય નથી પરંતુ તેને આસ્વાદગમ્ય, હૃદ્ય અને કલાત્મકરૂપે રજૂ કરવામાં રસ છે અને તે હેતુ તેમણે પાર પાડ્યો પણ છે.

કવિની આ રચના ઉપર સંસ્કૃત કવિઓનો પણ પ્રભાવ પડ્યો છે. કવિ પોતે સંસ્કૃત સાહિત્યથી પણ પરિચિત છે ને સ્વયં અનેક સંસ્કૃત ગ્રન્થો રચ્યા પણ છે તેથી સંસ્કૃત સાહિત્યકારો - કાલિદાસ, ભારવિ, માઘ વગેરેની અસરથી તેઓ મુક્ત નથી. ઉસાણિરુદ્ધં કાવ્યમાં નિરૂપિત અનેક પ્રસંગે કવિ આ મહાકવિઓને અનુસરતા જણાય છે. જેમકે, કાવ્યના પ્રથમ સર્ગમાં (૫૪-૫૮) જ્યાં નાયક-નાયિકાનો પ્રણય નિરૂપાયો છે તેમાં કે પછી બીજા સર્ગમાં (૨.૧ થી ૫) થતું નારદનું આગમન અને તેમના સત્કારમાં, તેમ જ આગળ (૨.૧૫ થી ૨૧) કૃષ્ણની કૂચ અને અન્ય કેટલાક પ્રસંગો તથા (૩૦-૫૧માં) પછી આવતાં યુદ્ધનાં વર્ણનોમાં કવિ ઉપર કાલિદાસ-ભારવિ-માઘ વગેરેની અસર સ્પષ્ટ વરતાય છે.

કવિ ભાગવતપુરાણમાં પ્રાપ્ત કથાનો આધારમાત્ર લઈ, સંસ્કૃત કાવ્યોની શૈલીની અસર ઝીલીને પણ તેની રજૂઆત પોતાની રીતે-કલાત્મક અને રોચક શૈલીમાં કરે છે, જે કવિની વિશેષતા બની રહે છે.

કથાનો પટ વણતાં કવિ જે તાણાવાણા ગૂંથે છે તે પણ નોંધનીય છે. પ્રથમ સર્ગમાં જ્યાં હજુ તો કથાનો ઉઘાડ થઈ રહ્યો છે ત્યાં નાટકનો નિર્દેશ કરતા કવિ પૌરાણિક સંદર્ભોને સરસ રીતે ગૂંથી દે છે. અનિરુદ્ધ પ્રદ્યુમ્નનો પુત્ર છે એટલી નાની-શી વિગત જણાવતાં કવિ નોંધે છે કે, પિનાકી એવા શિવે લોચનના અગ્નિમાં પહેલાં હોમી દીધેલ કામદેવનાં બીજા જન્મરૂપ, રતિના રમણ, એવા તેને એટલે કે પ્રદ્યુમ્નને અનિરુદ્ધ નામે પુત્ર પ્રાપ્ત થયો.[૧૬] અહીં શિવ દ્વારા કામદહનની પૌરાણિક કથાને વણી લઈ કવિ પ્રસ્તુત વાતાવરણની સરસ જમાવટ કરે છે.

વળી, મંગલપદ્યોમાં જ્યાં નૃસિંહવંદના છે, તેમાં પણ પૌરાણિક સંદર્ભ જોઈ શકાય છે. કવિ નૃસિંહનું વર્ણન કરતાં, દાનવેન્દ્રની ભુજામાં ખૂંપેલ લાલ નખની શોભા વર્ણવે છે તેમાં નૃસિંહરૂપે હિરણ્યકશિપુના વધનું અવતારકાર્ય સરસ ઉઠાવ પામે છે.[૧૭]

તે ઉપરાંત, કથાના આરંભે જ, સ્વપ્નસુખ નંદવાઈ જતાં વિહ્વળ થયેલી ઉષાની ઉક્તિ[૧૮] - ક્ષણાર્ધ માટે જોયેલું વદનકમળ હરિશ્ચન્દ્રના નગરની જેમ અદૃશ્ય થયું છે - માં પણ પૌરાણિક સંદર્ભ ગુંથાયો છે. આ હરિશ્ચન્દ્રનગર એ એક માયાવી નગર છે, જેના ઉપર દૃષ્ટિ પડતાં જ તે અદૃશ્ય બને છે.

આ સંદર્ભો દ્વારા કવિનું તદ્વિષયક જ્ઞાન તો જણાય છે જ, પરંતુ જે તે પૌરાણિક વિગતને યથોચિત સ્થાને પ્રયોજતા કવિ કથાને વધુ અસરકારક રીતે પ્રસ્તુત કરે છે.

કલાત્મક કથાગૂંથણી કરતા કવિ કાવ્યને - કાવ્યમાં રજૂ થતી કથાને ઉચિત ન્યાય આપે છે, તેની રજૂઆત એક પછી એક ગોઠવાતા પ્રસંગોરૂપ જ નથી જણાતી પણ કવિએ તે પ્રસંગોને આપેલો કાવ્યાત્મક ને કલાત્મક ઓપ તેને વધુ આસ્વાદ્ય બનાવે છે. એટલું જ નહીં, તે કંઈક અંશે નાટકીય અસર પણ જન્માવે છે. જેમ કે, ચિત્રલેખાનું ઉષા સાથેનું સંભાષણ કે બાણ અને અનિરુદ્ધ વચ્ચે થતા ઉત્તર-પ્રત્યુત્તર, ઉષાનું સ્વપ્ન તથા યુદ્ધનાં વર્ણનો આનાં પ્રમાણરૂપ ગણી શકાય. કાવ્યમાં કવિએ જે કલાત્મક રીતે સંવાદો ગૂંથ્યા છે તેથી આ અસર સર્જાઈ છે.

વિષયને યથોચિત ન્યાય આપતા કવિ ક્યાંક તાત્ત્વિક બોધ પણ આપતા જણાય છે. બીજા સર્ગમાં (શ્લોક ૬૫ થી ૬૭) શિવના જ્વર દ્વારા કરાતી કૃષ્ણસ્તુતિમાં કહ્યું છે કે, જેમ પવનમાં સુગંધ કે ઉષ્ણતા જેવા ગુણો સંક્રામક એટલે કે બહારથી આવેલા છે તે રીતે કૃષ્ણ પણ સત્ત્વાદિ ગુણોવાળા હોવા છતાં મૂલતઃ નિર્ગુણ છે. વળી, જેમ તલમાં તેલ રહેલું છે તેમ સમગ્ર સ્થાવર જંગમાત્મક સંસારમાં કૃષ્ણનું જ ચૈતન્ય વ્યાપેલું છે. અહીં અદ્વૈત સિદ્ધાન્તનું પ્રતિપાદન જોઈ શકાય. આ રીતે દાર્શનિક તથ્યોને વણી લેતા કવિ કાવ્યને અર્થસભર ને ગૌરવપૂર્ણ બનાવે છે.

આ ઉપરાંત, સીધી સરળ ભાષામાં ધારાપ્રવાહે આગળ વધતી કથામાં ક્યાંક ક્યાંક વીજચમકારસમા વ્યંગ્યાર્થ સ્ફુરિત થતા રહે છે, જે કાવ્યને વધુ આસ્વાદ્ય-વધુ રમણીય ને રોચક બનાવે છે. કથાના આરંભે જ કવિએ પ્રયોજેલ અલંકૃત વર્ણનમાં વ્યંગ્ય કહેતાં ધ્વનિની સુષમા ચિત્તને પ્રસન્ન કરે છે. સ્વપ્નમાં જોયેલ અનિરુદ્ધને ઉષાએ આલિંગન આપ્યું તે વિગતને ઉપમા દ્વારા દર્શાવતાં કવિ કહે છે કે, શાખાઓ જેવા બાહુઓથી અને પુષ્પગુચ્છ જેવાં સ્તન વડે, બાલ રસાલવૃક્ષને આલિંગન આપતી લતાની જેમ ઉષાએ અનિરુદ્ધને અનુરાગ ભર્યું, આલિંગન આપ્યું.[૧૯] અહીં શાખાઓ સમા સુકોમળ બાહુ, પુષ્પગુચ્છસમાં સુંદર આકર્ષક સ્તન અને લતા જેવી કોમલાંગી ઉષા - એ ત્રણ ઉપમાઓ ઉષાની સુકુમારતા અને સુંદરતાને વ્યક્ત કરે છે. સાથે જ અનિરુદ્ધ બાલ રસાલવૃક્ષ જેવો છે તેવી ઉપમા અહીં વ્યંજિત થાય છે. વળી, સહકારવૃક્ષ માટે રસાલ પદનો પ્રયોગ કરી કવિ તેની રસિકતાની વ્યંજના કરતા જણાય છે, જ્યારે બાલ પદથી તેની મુગ્ધવય વ્યંજિત થાય છે. આ રીતે, અહીં અલંકાર દ્વારા અલંકારવ્યંગ્ય અને વસ્તુવ્યંગ્ય એ બન્નેનાં નિદર્શન જોઈ શકાય.

એક અન્ય નિદર્શન ચતુર્થ સર્ગમાંથી લઈએ, જેમાં કવિ નગરજનોને ચાતકની તથા નારાયણને વારિવાહ કહેતાં વાદળની ઉપમા આપે છે.[૨૦] નગરમાં નારાયણનું પુનરાગમન થતાં જ નગરજનો ચેતનવંતા બની રહ્યા તે બાબત કવિએ સુંદર ને સુયોગ્ય ઉપમાપ્રયોગ દ્વારા નિરૂપી છે. ચાતકની તૃષા મેઘ દ્વારા જ શમે તેથી મેઘનું દર્શન ચાતકમાં જીવનનો સ્પર્શ કરાવે તે રીતે દ્વારિકાના નગરજનો માટે નારાયણ પ્રાણધારક છે. અર્થાત્, તેમના વિયોગથી સંતપ્ત નગરજનો તેમના આગમનથી આનંદિત-પ્રફુલ્લિત થઈ ગયા તેમ જણાવવાનો કવિનો આશય છે. અહીં મેઘ જેવા શ્યામલ વર્ણ નારાયણ એટલે કૃષ્ણ તથા ચાતક જેવા આતુર નગરજન એ પ્રમાણે ઉપમા તો સમુચિત ને સ-રસ જણાય છે પરંતુ કવિનો આશય માત્ર તેટલો જ નથી, કેમ કે, કવિએ અહીં કૃષ્ણ અને મેઘ માટે જે શબ્દો - અનુક્રમે નારાયણ અને વારિવાહ - પ્રયોજ્યા છે તે અત્યન્ત સૂચક છે. બન્ને પદોમાં જલ અર્થવાચી શબ્દોનો પ્રયોગ છે. नारायण પદમાં नारा નો અર્થ છે જલ અને નારાયણ એટલે જલમાં શયન કરનાર વિષ્ણુ તથા વારિવાહ પદમાં વારિ એટલે જલ અને તેનું વહન કરનાર વાદળ તે છે વારિવાહ. આમ, કૃષ્ણને મેઘ સાથે સરખાવતાં કવિ જે સાભિપ્રેત શબ્દો પ્રયોજે છે તે દ્વારા - જલ જ જીવન છે, જીવનદાયક છે એ બાબત વ્યંજિત થાય છે. જલમાં રહેનાર કે જલનું વહન કરનાર જીવનદાતા હોય એમાં ખૂબ ઔચિત્ય રહેલું છે. આ રીતે, અહીં અલંકાર દ્વારા વસ્તુવ્યંગ્ય જોઈ શકાય.

એક અન્ય પદ્યમાં[૨૧] કવિ કહે છે કે, નગરની નારીઓ હરિને જોવા ઉતાવળે મણિમહેલ પર ચઢી ત્યારે ગવાક્ષમાંથી નીકળતા તેમના કટાક્ષ કમળમાંથી નીકળતા ભ્રમરની જેમ શોભતા હતા. અહીં કટાક્ષને ભ્રમરની ઉપમા આપી છે તે તો સહજ હોવાની સાથે પ્રસિદ્ધ પણ છે. પરંતુ કટાક્ષ ગવાક્ષમાંથી નીકળે છે ને ભ્રમર કમલમાંથી બહાર આવે છે તેમાં જો ઔપમ્ય વિચારીએ તો ગવાક્ષ અને કમલનું સામ્ય સૂચક બની રહે, કેમ કે, ગવાક્ષ અને કટાક્ષ પદમાં રહેલો પ્રાસ તો ધ્યાનાર્હ છે જ પરંતુ ગવાક્ષ પદમાં રહેલ અક્ષ પદથી અક્ષિ કહેતાં નયનના અર્થ સુધી જઈ શકાય અને તેથી ગવાક્ષ પદથી નયન અર્થ સૂચવાતાં, તેમનું કમલ સાથેનું સામ્ય વ્યંજિત થાય. અહીં યુવતીઓનાં નયન કમલ જેવાં સુંદર છે એમ અર્થ વ્યંજિત થતો હોઈ અલંકાર દ્વારા અલંકારધ્વનિનું નિદર્શન ગણાય.

એક ઉપમામાં તો કવિ ઉષાને વૈદર્ભી રીતિ તથા અનિરુદ્ધને શૃંગારરસ સાથે સરખાવે છે[22] અને જણાવે છે કે, અનિરુદ્ધ દ્વારા ઉષાનો સ્વીકાર એ શૃંગારરસ દ્વારા વૈદર્ભી રીતિના વરણસમાન છે. વૈદર્ભીરીતિમાં જોવા મળતી અસમાસા રચના અને શ્રવણમધુર પદાવલિ શૃંગારને અનુરૂપ મનાય છે તે રીતે સરળસ્વભાવની ઉષા માધુર્યપૂર્ણ અનિરુદ્ધ સાથે જોડાવાને યોગ્ય છે. આ ઉપમા દ્વારા કવિ એ પણ સૂચવે છે કે, પ્રસ્તુત કાવ્યનો મુખ્ય રસ શૃંગાર છે અને તેમની રીતિ વૈદર્ભી પ્રકારની છે.

આમ, કવિ અનેક વિગતો સ્પષ્ટ નિર્દેશ કર્યા વિના જ, વ્યંજનાથી સૂચવી દે છે.

હવે કાવ્યના રસવિધાન અંગે વિચારીએ તો ઉપર જણાવ્યું તેમ, તેમાં મુખ્ય રસ શૃંગાર છે, જેને કવિએ પ્રથમ સર્ગમાં અને અન્તે ચતુર્થ સર્ગમાં સરસ રીતે રેલાવ્યો છે.

કાવ્યારંભે મંગલ કરતાં કવિ એક પદ્યમાં[23] દિવ્ય યુગલને એક જ શરીરમાં એક જ મનવાળા કલ્પીને તેમનું સાયુજ્ય તથા તેમની અભિન્ન એકરૂપતા તો નિર્દેશે છે તથા તેમને તે રીતે મિલનશૃંગારની પ્રતિષ્ઠા પ્રકટ કરતાં જણાવ્યા છે.

તે પછી, ઉષાના સ્વપ્નમાં તેનો રતિભાવ પ્રકટ થાય છે. અનિરુદ્ધનું ચિત્ર જોઈ લજ્જાવનતમુખી બનેલ ઉષાના નિરૂપણમાં તેનો અવહિત્થા નામે વ્યભિચારિભાવ કવિ નિરૂપે છે, જે શૃંગારને પુષ્ટ કરે છે.

સમાનનો સમાન સાથે યોગ શોભાયુક્ત હોય છે તેમ કહેતાં કવિ શૃંગારના આલંબનરૂપ નાયક-નાયિકાના વ્યવહારને પ્રગટ કરવાની સાથે પ્રેમના ગૂઢ રહસ્યને પણ જાણે કે ઉજાગર કરે છે. અહીં કવિએ પ્રયોજેલ ઉપમા સોનામાં સુગંધની ગરજ સારે છે.

વળી, અનિરુદ્ધ અને ઉષાને મિલન માટે પ્રોત્સાહિત કરતી ચિત્રલેખાનાં વચનોમાં પણ શૃંગારની અભિવ્યક્તિ થતી રહી છે.

ત્યારબાદ, નાયક-નાયિકાનો પરસ્પર માટેનો અભિલાષ, તેમનો પરસ્પરનાં પ્રેમાલિંગન, રોમાંચ, ચુંબનાદિ ક્રિયાઓમાં શૃંગાર પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. અહીં ક્યારેક કવિ પ્રેમના સંવેદનને વધુ બોલકું, વધુ સ્થૂળ કે સ્પષ્ટ શબ્દોમાં પ્રગટ કરે છે તે જરા કઠે છે પરંતુ ઉષા-અનિરુદ્ધના એકમેક માટેના અદમ્ય આકર્ષણ અને પરસ્પરના પારાવાર પ્રેમની અભિવ્યક્તિ માટે કદાચ કવિ વિવશ બની જતાં જણાય છે.

કાવ્યના ચતુર્થ સર્ગમાં પ્રેમકેલિ કરતા ઉષા-અનિરુદ્ધના નિરૂપણમાં પણ શૃંગાર પ્રગટ કરાયો છે. તેમાં કવિ વિવિધ અલંકારોનો યથાયોગ્ય વિનિવેશ કરી રસાભિવ્યક્તિમાં ધારી અસર જન્માવે છે.

આમ, સમગ્ર કાવ્યમાં મુખ્યતયા શૃંગારરસ તેના પરિષ્કૃતસ્વરૂપે ચિત્રિત કરાયો છે.

આ ઉપરાંત, યુદ્ધનાં વર્ણનોમાં કે બાણ તથા અનિરુદ્ધના સંભાષણમાં વીરરસને સરસ ઉઠાવ મળ્યો છે.

ટૂંકમાં, અહીં રસમય પ્રણયકથાનું સ-રસ આલેખન - શૃંગાર અને વીરનું ભવ્ય ચિત્રણ એ કવિની વિશેષતા બની રહે છે.

પ્રસ્તુત કાવ્યની નોંધપાત્ર વિશેષતા છે - કવિએ કરેલ વિવિધ છન્દોનો પ્રયોગ તથા અનેક અલંકારોનું નિરૂપણ. પરંતુ તે અંગે વિચાર કરતાં પહેલાં કાવ્યની ભાષા અંગે વિચાર કરવો રહ્યો, કેમકે, કથાની કલાત્મક ગૂંથણી કરતા કવિની રજૂઆત એકદમ સરળ-સ્વાભાવિક બની રહે છે તેનો આધાર છે તેની ભાષા, એટલે ભાષા પણ નોંધપાત્ર પાસું ગણાય. કાવ્યની ભાષા મુખ્યત્વે મહારાષ્ટ્રી પ્રાકૃત છે પણ ક્યાંક ક્યાંક શૌરસેની પ્રાકૃતનાં લક્ષણ પણ દષ્ટિગોચર થાય છે.[24] તેમણે પ્રયોજેલ પ્રાકૃત ભાષા ઉપર સંસ્કૃત નાટકોમાં આવતા પ્રાકૃત ગદ્યની અસર જણાય છે તો વળી, વરરુચિના વ્યાકરણનું અનુસરણ પણ અહીં જોઈ શકાય છે. તેથી

કવિની સાહિત્યિક ભાષા વ્યાકરણશુદ્ધ જણાય છે. કથાની સરળ ને સાહજિક રજૂઆત કરતા કવિ ક્યાંક વર્ણનોમાં લાંબા સમાસ પણ પ્રયોજે છે. જેમ કે, दणु-अ-वइ-सुआ-मुहेन्दु-जोण्हा-पसर-विसइ-विळोअणुप्पळो (૧.૭૭) के पवणुट्ठळिअ - वळ्ळई - ळ्ळआ - रणिउग्घोसिअ - केसव - त्थवं (૨.૩) ઇત્યાદિ. પરંતુ તે અર્થપ્રતીતિમાં દુરુહતા જન્માવતા નથી. ઊલટાનું તે દ્વારા કથયિતવ્ય વધુ અસરકારક બને છે ને રજૂઆત સરળ સહજ બની રહે છે. આ રીતે, ભાષાનો સમુચિત પ્રયોગ પણ કાવ્યને વૈશિષ્ટ્ય અર્પે છે.

હવે કાવ્યનું છન્દોવિધાન જોઈએ તો કવિએ આ કાવ્યમાં વિવિધ છન્દો પ્રયોજ્યા છે. જેમ કે, પ્રથમ સર્ગમાં ૧ થી ૭૬ પદ્યો ઉપજાતિ છન્દમાં છે તો અંતિમ પદ્યમાં પુષ્પિતાગ્રા છન્દ છે. બીજા સર્ગમાં ૧ થી ૬૬ પદ્યો વિયોગિની છન્દમાં છે અને પછીનાં પદ્યો - ૬૭ થી ૭૩ માં અનુક્રમે માલિની, પૃથ્વી, મંજુભાષિણી, રુચિરા, શાર્દૂલવિક્રીડિત, શિખરિણી અને માલિની છન્દ યોજાયાં છે. તૃતીય સર્ગમાં ૧ થી ૬૦ પદ્યો પુષ્પિતાગ્રા છન્દમાં છે તો છેલ્લાં ત્રણ પદ્યો - ૬૧ થી ૬૩ - અનુક્રમે સ્રગ્ધરા, દ્રુતવિલંબિત તથા મંજુભાષિણી છે. ચોથા સર્ગમાં ૧ થી ૭૨ પદ્યો અનુષ્ટુપ્ છન્દમાં છે. ૭૩મું પદ્ય શાર્દૂલવિક્રીડિત છન્દમાં છે. તે પછી ૭૪ થી ૭૭ પદ્યો વસંતતિલકામાં રચાયાં છે અને ૭૮ થી ૮૨ પદ્યો અનુક્રમે માલિની, વસંતતિલકા, પૃથ્વી, હરિણી અને શાર્દૂલવિક્રીડિત છન્દમાં છે. છેલ્લે આવતાં સમાપ્તિપદ્યોમાં અનુક્રમે ગાથા, ઔપચ્છન્દસિક, પૃથ્વી અને અનુષ્ટુપ્ છન્દની યોજના છે. આ રીતે, ચાર સર્ગોમાં મુખ્ય છન્દરૂપે અનુક્રમે ઉપજાતિ, વિયોગિની, પુષ્પિતાગ્રા તથા અનુષ્ટુપ્ છન્દની રચના છે તો અન્ય છન્દ છન્દપરિવર્તનના ભાગરૂપે પ્રયોજાયા હોવાનું જણાય છે. વિવિધ છન્દોનો સમુચિત પ્રયોગ પણ કવિનું વૈશિષ્ટ્ય ગણી શકાય. જો કે, અહીં ક્યાંક ક્યાંક યતિભંગ જોવા મળે છે. જેમ કે, ૧.૬૪, ૨.૪, ૨.૪૧માં. કવિએ સંસ્કૃત ભાષામાં वृत्तवार्त्तिकम् તથા रासक्रीडा નામે છન્દવિષયક ગ્રન્થો આપ્યા છે, જે તેમની તદ્‌વિષયક સજ્જતા નિર્દેશે છે છતાં છન્દવૈવિધ્યની સાથે જણાતી યતિભંગ જેવી ત્રુટિ તેમના કવિત્વને કંઈક અંશે હાનિ પહોંચાડે છે.

અલંકારયોજના એ આ કાવ્યનું એવું અભિન્ન અંગ છે કે તે જો દૂર કરવામાં આવે તો કાવ્યનું કાવ્યત્વ જ ખંડિત થઈ જાય. કવિએ કાવ્યમાં અલંકારોને પ્રચુરતયા અને પ્રશસ્યપૂર્ણ રીતે પ્રયોજ્યા છે, જેના થકી કથાની સ્વાભાવિક સુષમા સવિશેષ નિખાર પામી છે. કવિએ નિરૂપેલ અલંકારોમાં ઉપમા, ઉત્પ્રેક્ષા, અનન્વય, અતિશયોક્તિ, સ્વભાવોક્તિ, વ્યતિરેક, રૂપક, અપહ્નુતિ, દીપક, નિદર્શના, દૃષ્ટાન્ત, શ્લેષ, વિરોધ, વિષમ, કાવ્યલિંગ, અર્થાન્તરન્યાસ આદિ અનેકવિધ અલંકારો નોંધપાત્ર જણાય છે, જેમાં ઉપમાનો પ્રયોગ તો કવિએ અહીં તહીં સર્વત્ર કર્યો છે. દૃષ્ટાંત - નિદર્શના પણ કવિના પ્રિય અલંકાર જણાય છે. અલંકારોનો પ્રયોગ કવિ એવો તો સહજતયા કરે છે કે, કાવ્ય અલંકૃત થવાની સાથે વિશેષ આસ્વાદ્ય ને વિશેષ ચમત્કૃતિપૂર્ણ બની રહે છે. અનેક અલંકારોના નિદર્શન આપવા જતાં ખૂબ વિસ્તાર થવાની ભીતિ છે તેથી અહીં કાવ્યના મુખ્ય રસ શૃંગારની પુષ્ટિ અર્થે ઉદ્દીપનવિભાવરૂપ ચન્દ્રોદયનું વર્ણન કવિ જે અલંકાર મઢ્યું કરે છે તેમાંથી જ કેટલાંક નિદર્શન જોઈએ.

કાવ્યના ચતુર્થ સર્ગમાં પોતાની ચન્દ્રમુખી પ્રિયા ઉષાને ઉદિત થતા ચન્દ્રનું દર્શન કરાવતાં, અનિરુદ્ધ સુંદર વ્યતિરેક અલંકાર પ્રયોજી જણાવે છે કે, આ ઝાંખો ઝાંખો ઊગેલો ચન્દ્ર તો તારા વિમલ મુખ દ્વારા પરાજિત થઈ જાણે કે લજ્જિત થયો હોય તેમ જણાય છે.[૨૫] અહીં ઉત્પ્રેક્ષાનો ય યોગ કરતા કવિ વ્યતિરેકની ચમત્કૃતિ અસરકારક બનાવે છે. એક પદ્યમાં[૨૬] અ-ત્રિનેત્રમાંથી ઉત્પન્ન થયેલ હોવા છતાં ત્રિનેત્રના મસ્તક પર રહેલ ચન્દ્ર અમૃતના નિવાસરૂપ હોવા છતાં મૃગની વસતી છે એમ કહી કવિ વિરોધ ઉપસાવે છે, જેમાં અત્રિનેત્ર શબ્દમાં સભંગશ્લેષ રહેલો છે. પરંતુ વિરોધનો પરિહાર શક્ય છે, જેમાં અત્રિના નેત્રમાંથી ઉદ્‌ભવેલ અને શંકરના મસ્તક પર રહેલ એવો અર્થ સ્વીકારાય છે. એ જ રીતે, અ-મૃતની જે નિવાસભૂમિ છે એટલે કે, જે મરણધર્મા નથી, અવિનાશી છે તેનું રહેઠાણ અને મૃગ કહેતાં પ્રાણી-પ્રાણધારી-વિનાશધર્માનો નિવાસ

અર્થ લેતાં વિરોધ ઊપસે છે પરંતુ અમૃત કહેતાં દિવ્ય પીણું અર્થ લેતાં, જે અમૃત અને મૃગ કહેતાં હરણની નિવાસભૂમિ છે એમ સમજાતાં વિરોધ દૂર થાય છે. વળી, એક પદ્યમાં[૨૭] કવિ કહે છે કે, સૌ કોઈ સગોત્ર વિશે પક્ષપાત ધરાવે છે તેથી નેત્રમાંથી જન્મેલ આ ચન્દ્ર સૌ નેત્રોને ખુશ કરે છે. અહીં અર્થાન્તરન્યાસ અલંકારનું સરસ ઉદાહરણ પ્રાપ્ત થાય છે, જેમાં સામાન્યનું વિશેષ દ્વારા સમર્થન કરાયું છે. પછી કાવ્યલિંગ અલંકાર પ્રયોજતાં, કવિ કહે છે કે આ ચન્દ્ર શિવના મસ્તકે સર્પોની સાથે રહે છે માટે તેને દાહશક્તિ પ્રાપ્ત થઈ છે, જે વિયોગીજનો પ્રત્યે ચરિતાર્થ થાય છે.[૨૮] આ અને આવાં અન્ય અનેક અલંકારોનાં નિદર્શનો કાવ્યને રોચક બનાવે છે.

કાવ્યમાં કવિએ જે પાત્રોની આસપાસ કથા ગૂંથી છે, તે પાત્રોનું ચરિત્રચિત્રણ પણ કાવ્યની આસ્વાદ્યતામાં ઉમેરો કરે છે. ઉષા કાવ્યની નાયિકા છે. તેની મુગ્ધતા તેનું સૌન્દર્ય, અનિરુદ્ધ પ્રત્યેનો તેનો સ્નેહ વગેરેનું સાહજિક નિરૂપણ કરતા કવિ જાણે કથાના પટમાં અનેરી ભાત પાડે છે. અનિરુદ્ધનું પાત્ર પણ સરસ ઉઠાવ પામ્યું છે. તે એક મુગ્ધ પ્રણયી માત્ર નથી પણ એક વીર, સ્વાભિમાની, પૌરુષસભરને ગર્વીલો યુવક છે તે કામદેવના અવતારરૂપ પ્રદ્યુમ્નનો પુત્ર હોઈ કામણગારો તો છે જ, સાથે પરાક્રમી ને પ્રતાપી પણ છે. તેથી જ તો ચિત્રલેખા ય કહે છે કે, ઉષાએ સુયોગ્ય ને અનુરૂપને વિશે મન જોડ્યું છે. ઉષા અને અનિરુદ્ધને જોડનારી, તેમનો યોગ સુયોગ્ય હોવાનું જણાવી તેમને પ્રેરનારી ચિત્રલેખાનું પાત્ર કવિએ એ રીતે ચિત્રિત કર્યું છે કે સૌ કોઈ તેના પર વારી જાય. કાવ્યમાં રજૂ થતાં અન્ય પાત્રોમાં મહત્ત્વનાં પાત્રો છે - કૃષ્ણ અને બાણ. કૃષ્ણનું ચરિત્ર તો કવિ શરૂમાં જ નોંધે છે તેમ, જેનું વર્ણન કોઈને ય કદી તૃપ્તિ ન થાય તેવું છે તે એક દેવ હોવા છતાં માનવસહજ વ્યવહાર ને વર્તન દાખવતા એક વત્સલ પિતામહરૂપે પ્રસ્તુત થાય છે, તો યુદ્ધપ્રસંગે વીરયોદ્ધા તથા પરાક્રમી ને પ્રતાપી પુરુષરૂપે પ્રગટે છે અને વળી, શિવના જ્વર દ્વારા તથા સ્વયં શિવ દ્વારા કરાતી સ્તુતિ[૨૯] થકી તેમના દિવ્ય સ્વરૂપને પણ સમુચિત ગૌરવ પ્રાપ્ત થયું છે. બાણાસુર એ એક અભિમાની, વિવેકહીન ને છતાં ય શક્તિશાળી વીર છે. બલિનો પુત્ર બાણ શિવભક્ત છે. હજાર હાથ હોવાનું તેને ગુમાન છે, કેમ કે, તે હજાર હાથોના પ્રતાપે તો શિવ તેના દ્વારપાળ બન્યા છે ને દેવો પણ તેનાથી પરાસ્ત થયા છે. જો કે, કૃષ્ણ દ્વારા તે હાથ છેદાતાં, તેના ગર્વનું ખંડન ને વિવેકનું આગમન થતાં તે નમ્ર બને છે ને પુત્રી ઉષાના સુખનો વિચાર કરી તેને અનિરુદ્ધ સાથે જોડી આપે છે. આ સિવાય અન્ય નાનાં-મોટાં પાત્રોને ય કવિએ યથાયોગ્ય સમાવિષ્ટ કરી યથોચિત ન્યાય આપ્યો છે. કવિના આ ચરિત્રચિત્રણની જીવંતતા કાવ્યને હૃદયંગમ કરી ચિરસ્થાયી અસર જન્માવે છે.

આ રીતે, उसाणिरुद्धं કાવ્ય તેની રસમય કથા, સરળ-સહજ ભાષા, છન્દ-અલંકારનો વૈવિધ્યપૂર્ણ સમુચિત પ્રયોગ, ઉત્તમ કોટિનું ચરિત્રચિત્રણ, રસાભિવ્યંજના વગેરે થકી, એક પ્રબંધકાવ્યમાં હોવાયોગ્ય સર્વ ગુણોથી યુક્ત હોવાનું જણાય છે. સંસ્કૃત કાવ્યપરંપરાથી સુપરિચિત એવા કવિ જાણ્યે-અજાણ્યે અનેક પ્રસંગે સંસ્કૃત કાવ્યશૈલીની અસર ઝીલે છે. શિષ્ટ સંસ્કૃતની અસર કે અનુસરણ હોવા છતાં, કવિની રજૂઆત તેમની પોતાની આગવી ને સ્વતંત્ર છે. જો કે, કવિની અન્ય કૃતિ कंसवहो ની અપેક્ષાએ આ રચના કંઈક અંશે પ્રારંભિક જણાય છે ને તેથી તેમાં કવિના કવિત્વનો જે આત્મા ઊપસે છે, તે સરસ ને સ્વાભાવિક હોવા છતાં તેને कंसवहो કાવ્યનું ગૌરવ પ્રાપ્ત થઈ શકતું નથી. આમ છતાં, કવિ પોતે નોંધે છે તેમ, આ કાવ્યને દ્વેષબુદ્ધિથી જોવું ન જોઈએ પણ મહનીય એવા આ કાવ્યને વિદ્વજ્જનોએ સારી રીતે જોવું જોઈએ.[૩૦]

### પાદટીપ

૧. જુઓ : उसाणिरुद्धं – १.६.

अत्थावबोहम्मि पहाण–भूदे गोणत्तणेणोवअरन्ति सद्दा ।

ते सक्कआ वा उण पाअडा वा बुहाणं को तत्थ विसेससङ्गो ॥

૨. સાહિત્યદર્પણ - ૬.૩૨૯A

૩. જુઓ : સાહિત્યદર્પણ - ૬.૩૨૯A ઉપરની લક્ષ્મી ટીકા.
एकदेशानुसारीत्युक्त्या महावाक्यभावेन परस्परैकवाक्यत्वमिति तथा भाषानियमोऽप्यत्र नास्तीति च गम्यते ।

૪. उसाणिरुद्धं - १.१६

૫. જુઓ : उसाणिरुद्धं - १.३५.
दिट्ठम्मि कण्हे दिढ-कोउहळ्ळाळ पज्जुण्णाए पम्हळ-तण्ह-दिट्ठी ।
अहाणिरुद्धे पुळअञ्चिआ सा ळज्जा-मणो-ज्जं वअर्ण णमेइ ॥

૬. उसाणिरुद्धं - १.३७

૭. જુઓ : अभिज्ञानशाकुन्तल ના પ્રથમ અંકમાં અનસૂયાની ઉક્તિ - પૃ. ૧૪. हला शकुन्तले, इयं स्वयंवरवधूः सहकारस्य त्वया कृतनामधेया वनज्योत्स्नेति नवमालिका ।

૮. कंसवहो - २.१६

૯. नैषधीयचरित - ९.५६

૧૦. विक्रमोर्वशीय - २.१६

૧૧. रघुवंश - ६.७९

૧૨. જુઓ : उसाणिरुद्धं - १.४८, ४९, ५०.

૧૩. એજન - ૧.૫૩

૧૪. એજન - ૧.૬૯

૧૫. જુઓ : उसाणिरुद्धं - ४.८२. देवो देवइ-णन्दणो दिसदु वो णिस्सेस-णिस्सेअसं ।

૧૬. જુઓ : उसाणिरुद्धं - १.१५.

૧૭. જુઓ : उसाणिरुद्धं - १.४.

૧૮. જુઓ : उसाणिरुद्धं - १.१९.

૧૯. उसाणिरुद्धं - १.१७

૨૦. જુઓ : उसाणिरुद्धं - ४.१.

૨૧. उसाणिरुद्धं - ४.१३.

૨૨. જુઓ : उसाणिरुद्धं - ४.३३. - अज्ज पज्जुण्णिणा णेण महुरेण समादिआ ।
सिङ्गारेण व्व वच्छोमी रीई कं वा ण कड्ढसि ॥

૨૩. જુઓ : उसाणिरुद्धं - १.३.

૨૪. જુઓ : उसाणिरुद्धं - १.३१, ५६, ६४; २.१६, ४४, ६७;, ४.६, ३२, ३५, ५८, ८२.

૨૫. उसाणिरुद्धं - ४.५३

૨૬. એજન - ૪.૫૫

૨૭. એજન - ૪.૬૩

૨૮. એજન - ૪.૬૪

૨૯. જુઓ : उसाणिरुद्धं - २.६३ થી ६९

૩૦. જુઓ : उसाणिरुद्धं - સમાપ્તિપદ્યોમાંનું આ પદ્ય.

सुहगच्छमुसाणिरुद्धं - सण्णं महणिज्जं महु-सूअणाणुरोहा ।
विबुहा पणिभाळअन्तु कव्वं किमहो पेच्छह मच्छरेण कज्जं ॥

## સંદર્ભ સાહિત્ય


૧. USĀNIRUDDHA (उसाणिरुद्धं)
Ed. - Pandit S. Subrahmanya Sastri & Dr. C Kunhan Raja.
Pun. - The Adyar Library, 1943

૨. Kansavaho (कंसवहो)
Ed. - Dr. A. N. Upadhye
Pub. - Hindi Grantha Ratnakar Karyalaya, Bombay, 1940

૩. अभिज्ञानशाकुन्तलम्
સંપા. - સ્રગ્ધરાબહેન નાન્દી
પ્રકા. - મહાજન પબ્લિશિંગ હાઉસ, અમદાવાદ, તૃતીય આવૃત્તિ, ૧૯૬૦

૪. नैषधीयचरितम्
સંપા. - પંડિત શ્રી હરગોવિન્દ શાસ્ત્રી
પ્રકા. - ચૌખંબા સંસ્કૃત સીરીઝ ઓફિસ, વારાણસી, તૃતીય સંસ્કરણ, ૧૯૭૬

૫. रघुवंशम्
સંપા. - કાશીનાથ પાંડુરંગ પરબ
પ્રકા. - નિર્ણયસાગર પ્રેસ, બોમ્બે, પંચમ સંસ્કરણ, ૧૯૦૪

૬. विक्रमोर्वशीयम्
સંપા. - સ્રગ્ધરાબહેન નાન્દી
પ્રકા. - મહાજન બુક ડીપો, અમદાવાદ, ત્રીજી આવૃત્તિ, ૧૯૬૪

૭. साहित्यदर्शन
સંપા. - શ્રી કૃષ્ણમોહન શાસ્ત્રી
પ્રકા. - ચૌખંબા સંસ્કૃત સીરિઝ ઓફિસ, બનારસ, દ્વિતીય સંસ્કરણ, ૧૯૫૫

# 'देशनास्तवः' એક અભ્યાસ

◆

ડૉ. નીલાંજના શાહ*

ભારતના પૂર્વભાગમાં, ઈ.સ.ની પાંચમી સદીમાં થઈ ગયેલ ચન્દ્રગોમી નામના બૌદ્ધ ધર્મના મહાયાનપંથના સિદ્ધાંતોનો ઉપદેશ કરનાર અને પ્રકાંડ વિદ્વાનની 'દેશનાસ્તવ' નામની કૃતિનો ટુંકો, પરિચય આપવાનો આ લેખમાં પ્રયાસ કર્યો છે.

ચન્દ્રગોમીની સંસ્કૃતમાં રચેલી ત્રણ સાહિત્યિક કૃતિઓ - 'લોકાનન્દ' નાટક, 'શિષ્યલેખ' નામનું ધર્મકાવ્ય અને 'દેશનાસ્તવ'. આમાંથી લોકાનન્દ નાટક અને દેશનાસ્તવ બંને તિબ્બતીમાં અનુવાદરૂપે જ ઉપલબ્ધ થાય છે. સ્વ. ડી. માઈકલ હાને ત્રણેક વર્ષ પહેલાં દેશનાસ્તવની અંગ્રેજી અને જર્મનમાં અનુવાદિત થયેલી આ કૃતિ મને મોકલી હતી. તેના ૫૧ શ્લોકોમાંથી ૧૧ શ્લોક અંગ્રેજી ભાષામાં મળે છે અને બાકીના ૪૦ શ્લોક જર્મનભાષામાં અનૂદિત થયેલ મળે છે.

આ કૃતિના પ્રથમ ૧૧ શ્લોકોનો અંગ્રેજીમાં અને બાકીના ૪૦ શ્લોકોનો જર્મનમાં અનુવાદ એમણે જ કર્યો જણાય છે. અને 'દેશનાસ્તવ' શીર્ષકનો અનુવાદ એમણે 'Praise in the Form of a Confession' એમ કર્યો છે.

'શિષ્યલેખ' પરના એમના પુસ્તક 'Invitation to Enlightenment' માં દેશનાસ્તવ ચન્દ્રગોમીની જ કૃતિ છે એ વિશે પુરાવા આપવા સિવાય, આ કૃતિ વિશે બીજી ખાસ માહિતી આપી નથી.

તેમણે એક પુરાવો એ આપ્યો છે કે દેશનાસ્તવના છેલ્લા શ્લોક (૫૧)માં, તિબ્બતી અનુવાદમાં 'ચંદ્ર' (Zla-ba) શબ્દ છે, આપણે ઉમેરી શકીએ કે, જર્મન અનુવાદમાં પણ છેલ્લા શ્લોકમાં 'ચંદ્ર' (Mond) શબ્દ છે. આ જ રીતે લોકાનન્દ નાટકના ભરત વાક્યના અંતિમ શ્લોક (૫.૪૮)માં 'radiance of the Moon' એમ મળે છે, અને શિષ્યલેખના અંતિમ શ્લોકમાં પણ ચન્દ્રાલોકઃ શબ્દ છે.

બીજો પુરાવો એમણે એ આપ્યો છે કે ચન્દ્રગોમીના 'Joy for the World' (લોકાનન્દ) નાટકના બીજા નાન્દી શ્લોકમાં બૌદ્ધધર્મના ચાર અપ્રમાણ (બ્રહ્મવિહાર) મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષાનો ઉલ્લેખ છે.[1] તે જ પ્રમાણે, 'દેશનાસ્તવ'ના પણ ચાર થી છ એ ત્રણ શ્લોકોમાં ચાર અપ્રમાણનો - love, V.4 (મૈત્રી) equanimity, V-5 (ઉપેક્ષા), compassion - V. ६ (કરુણા) અને Joy, V. 6 (મુદિતા)નો ઉલ્લેખ છે. આમ આ કૃતિના કર્તા ચન્દ્રગોમી જ છે એ પુરવાર થાય છે.

આ કૃતિના જે શ્લોકો જર્મનભાષામાં છે તેનો અનુવાદ મળ્યો નથી, તેથી આ કૃતિનો પરિચય. જે પ્રથમ અગિયાર શ્લોકોને આધારે આપ્યો છે તે અધૂરો કહેવાય. તેમ છતાં કૃતિનો પ્રારંભિક પરિચય મળે, એ આશયથી આ પ્રયત્ન કર્યો છે.

### ચન્દ્રગોમીની અન્ય કૃતિઓ

#### લોકાનન્દ નાટક :

દેશનાસ્તવ કરતાં મોટી અને વધારે નોંધપાત્ર એવી બીજી બે સાહિત્યિક કૃતિઓ પણ ચન્દ્રગોમીએ રચી છે. તેમાંની એક કૃતિ તે પાંચ અંકનું 'લોકાનન્દ' નામનું બૌદ્ધ સંસ્કૃત નાટક છે, જે સદીઓ પહેલાં લુપ્ત થઈ ગયું છે, પણ તિબ્બતીમાં અનુવાદરૂપે સચવાયું છે. જર્મનીના સંસ્કૃત અને તિબ્બતી સાહિત્યના પ્રકાંડ વિદ્વાન સ્વ. ડૉ. માઈકલ હાને, તેનો તિબ્બતીમાંથી જર્મનમાં અને જર્મન ભાષામાંથી અંગ્રેજીમાં અનુવાદ

* સી-૩૦૩, પ્રેસ્ટીજ ટાવર, શ્રીકૃષ્ણ ટાવર સામે, બોડકદેવ, અમદાવાદ.

કરીને, Joy for the World એ નામે આપણને આ નાટક ઉપલબ્ધ કરાવ્યું છે.[૨]

આ નાટકમાં, બુદ્ધના, મણિચૂડ નામના બોધિસત્ત્વ તરીકેના એક પૂર્વજન્મની કથા નિરૂપાઈ છે, જેમાં મણિચૂડના અસાધારણ ઔદાર્ય અને અપ્રતિમ ત્યાગવૃત્તિનું સરસ રીતે નિરૂપણ થયું છે. ત્રણેક ભાષાઓમાંથી પસાર થવા છતાં નાટકનું આંતરિક સત્ત્વ એટલું સમૃદ્ધ છે કે, આ અંગ્રેજી નાટકને વાંચતા, સંસ્કૃત નાટકનો ભાસ થાય છે.

**શિષ્યલેખ.**

ચન્દ્રગોમીની લોકાનન્દ નાટક પછીની સાહિત્યિક બીજી કૃતિ તે 'શિષ્યલેખ' નામનું ૧૧૬ શ્લોકોનું ધર્મકાવ્ય છે. તેમની ત્રણ સાહિત્યિક કૃતિઓ 'લોકાનન્દ' નાટક, 'શિષ્યલેખ' કાવ્ય અને 'દેશનાસ્તવ'માંથી માત્ર શિષ્યલેખ કાવ્ય જ સંસ્કૃતમાં મળે છે. એમાં ૧૧૪ શ્લોકો સંસ્કૃતમાં છે અને બે શ્લોક (૬૪,૭૧) તિબ્બતીમાં છે.

એમણે એમની શિષ્યસમાન કોઈ વ્યક્તિને, સંસારમાં જન્મથી માંડીને મૃત્યુ સુધી, મનુષ્યને વેઠવી પડતી યાતનાઓનું વર્ણન કરીને, તેનો સંસાર પ્રત્યેનો મોહ ઓછો કરી તેને બોધિજ્ઞાન પ્રત્યે વાળવા માટે, આ પત્રરૂપનું કાવ્ય લખ્યું છે, એમ મનાય છે.

ડૉ. માઈકલ હાને, 'Joy for the World' નાટકની પ્રસ્તાવનામાં આ શિષ્યલેખ કાવ્ય માટે A poetic introduction to Buddhist teachings એ શબ્દો પ્રયોજ્યા છે,[૩] તે પરથી એના મહત્ત્વનો ખ્યાલ આવે છે.

તેમાં, સંસારનો મોહ છોડીને, દુર્લભ એવા મનુષ્યજન્મનો, બોધિનું સેવન કરીને સાર્થક કરવાનું ખાસ કહ્યું છે, તેમજ જગતના ઉદ્ધાર માટે મરી ફીટવા પર ભાર મૂક્યો છે.

ડૉ. હાને, તેમના Invitation to Enlightenment નામના પુસ્તકમાં કાવ્યનો અંગ્રેજી અનુવાદ અને તેના વિશે વિગતવાર આ માહિતી આપી છે.

**ચાન્દ્રવ્યાકરણ**

ચંદ્રગોમીની ઉપર્યુક્ત કૃતિઓથી સંસ્કૃતના વિદ્વાનો અત્યારસુધી લગભગ અજ્ઞાત છે. તે બધા ચન્દ્રગોમીને ચાન્દ્રવ્યાકરણના કર્તા તરીકે સારી રીતે જાણે છે. આ વ્યાકરણનો ઉલ્લેખ, ચન્દ્રગોમીએ 'લોકાનન્દ' નાટકની પ્રસ્તાવનામાં એનાં લક્ષણો - લઘુ, વિસ્પષ્ટ અને સંપૂર્ણ - સહિત કર્યો છે.[૪]

આ વ્યાકરણમાં ૩૧૦૦ સૂત્રો છે અને તેમાં ચાર-ચાર પાદના છ અધ્યાય છે. તેમાં સંજ્ઞા-પરિભાષા માટે જુદો અધ્યાય નથી, તેથી તેને અસંજ્ઞક વ્યાકરણ પણ કહેવામાં આવે છે. આ વ્યાકરણ પાણિનીય વ્યતિરિક્ત ઇતર વ્યાકરણ સમ્પ્રદાયમાં અગત્યનું સ્થાન ભોગવે છે અને તિબેટમાં અત્યારે પણ ભણાવાય છે.

'દેશનાસ્તવ'ના અંગ્રેજીમાં મળતા અગિયાર (૧-૧૧) શ્લોકોનો અનુવાદ

૧. અતુલ્ય, જીવોમાં સર્વશ્રેષ્ઠ, સર્વદોષોથી વિમુક્ત અને સર્વસદ્‌ગુણોનું આદિકારણ એવા ચિકિત્સકોના હે શહેનશાહ, સદા બિમાર એવો હું આપને શરણે આવું છું. મારા પાપોની કબૂલાત કરતાં, તે મારામાં શું ફેરફાર લાવે છે તે હું તમને જણાવતો રહું છું.

૨. મારા મનને શાંતિ મળતી નથી. મહામુશ્કેલીએ ઓળંગી શકાય એવા નદીના ધસમસતા પ્રવાહ જેવું મારું મન છે, એમાં વિતર્ક અને અસ્થિર વિચારણાના તરંગો થાય છે અને અશુદ્ધિઓરૂપી હજારો મગરોથી એ ખળભળી ઊઠે છે.

૩. તૃષ્ણારૂપી સાગરનાં વિશાળ તરંગોથી હાલી ગયેલો હું, અશુદ્ધિના ચિંતનરૂપી વહાણનું અવલંબન લઉં

છું, તો દ્વેષભાવરૂપી અગ્નિથી મારું મન, સૂકા ઘાસની માફક પ્રજ્જવળે છે અને ભાંગી પડે છે.

૪. દ્વેષના અગ્નિથી થતી વેદનાને શમાવવા, મૈત્રીરૂપી શીતળ જળાશયનો હું વિચાર કરી શકું, પણ તો પછી એમ કરવા જતાં, સર્વ જીવોના કલ્યાણની વાંછનાને લીધે મન આસક્તિના કળણમાં ખૂંપી જાય છે.

૫. આસક્તિના એ કાદવમાં ખૂંપેલ મનને સ્વચ્છ કરવા માટે, તેના પર 'ઉપેક્ષા'રૂપી જળ છાંટવા જઉં છું, તો જગતના હે પાલનહારા 'કરુણા' કે જે સર્વજીવોના દુઃખનો સદંતર ઉચ્છેદ કરવામાં ઉપયોગી છે તે પણ જતી રહે છે.

૬. હે પરમેશ્વર, જ્યારે હું કરુણાને વિકસાવવા જઉં છું, ત્યારે મારા હૃદયમાં ભારે દર્દ ઊપડે છે; અને એ દર્દને શાંત પાડવા હું મુદિતાનો સહારો લઉં છું, તો પછી મારું આ ચંચળ મન આવેશમાં આવી જાય છે.

૭. જ્યારે 'મુદિતા'ને પાછી પાડવા માટે, ગ્લાનિને ઊભી કરું છું, ત્યારે મારું મન અવશ્ય હતાશ થઈ જશે. જ્યારે ખૂબ પ્રયત્નપૂર્વક મનને આ હતાશામાંથી ઉગારવા મથું છું, તો એના વિરોધી ભાવ ઘમંડની પકડમાં આવી જાય છે.

૮. આના ઉપચાર તરીકે હું એમ વિચારું છું કે આ બધું મિથ્યા છે, ત્યારે બીજાઓના કલ્યાણ માટે પ્રયત્ન મંદ પડી જાય છે; પણ જ્યારે હું અનુભવસિદ્ધ સત્યના પ્રદેશ તરફ વળું છું, ત્યારે મનમાં સંપત્તિ માટેનો લગાવ જાગવા માંડે છે.

૯. જ્યારે સંપત્તિનો સંચય કરવામાં મન એકાગ્ર થાય છે; ત્યારે બધાં અનિષ્ટોનું કેફી પીણું એનામાં ભળી જાય છે; ઘમંડ અને વિજ્ઞાનની સુસ્તીથી એ ઘેરાયેલું હોવાને લીધે જે બધી વસ્તુઓ એ ઉત્કટપણે ઝંખે છે, તે સદંતર નાશ પામશે.

૧૦. જ્યારે હું બીજાઓને કંઈ આપવાનું મન કરું છું, ત્યારે ઉત્કટ લોભની પકડમાં આવી જાઉં છું; જો એને દબાવી દઈને, હું આપું છું, તો લાંબા સમય સુધી, એ આપવાના કાર્યનો મને પસ્તાવો થશે/રહેશે.

૧૧. જો હું મારા મનને હિંમતથી વિશુદ્ધ કરવા પ્રયત્ન કરું છું, તો પુનર્જન્મમાં મળનારા બદલાની આશાએ, તે ફસાઈ જાય છે. અસ્થિરતાની સભાનતાને લીધે જો કશાની આશા રાખું નહીં તો પછી, કોઈ ઉદ્દેશ ન રહ્યો હોવાને લીધે, મન એકદમ જડ અને સુસ્ત થઈ જશે.

દેશનાસ્તવના ઉપર્યુક્ત અગિયાર શ્લોકો પરથી આખા કાવ્ય વિશે કહેવું વધારે પડતું છે, પણ એમ કહેવાય કે આ શ્લોકો પરથી કાવ્યના મુખ્ય વિષયનો કંઈક અણસાર આવે છે.

આમ તો 'દેશનાસ્તવ'માંના દેશના શબ્દનો અર્થ સૂચના, માર્ગદર્શન, ઉદ્દેશ વગેરે થાય, પણ આ શ્લોકોમાં કબૂલાતનો ભાવ મુખ્યત્વે ઊપસે છે, તેથી ડો. હાને આપેલું Praise in the Form of Confession (કબૂલાતરૂપનું સ્તવન) યોગ્ય લાગે છે.

તેમાં બોધિજ્ઞાન પ્રત્યે પગલાં માંડતાં બૌદ્ધ ઉપાસકે પોતાના મગજમાં ચાલતા વિરોધી મનોવૃત્તિઓના ઘમસાણને દર્શાવ્યું છે. બોધિજ્ઞાનને પામવાની સાધનાના આરંભમાં, બૌદ્ધ ઉપાસક, આર્ય અષ્ટાંગિક માર્ગની મુખ્ય સ્તંભ એવી સમ્યક્ સમાધિને સિદ્ધ કરવા માટે, કુશળ મનોવૃત્તિઓમાં જ્યાં ચિત્ત પરોવવા જાય છે, ત્યાં અકુશળ મનોવૃત્તિઓનો અંતરાય પડે છે. અહીં આ ઉપાસકની સમસ્યા જરા વિશિષ્ટ છે, કારણ કે આ શ્લોકોમાં, સ્પૃહા કે ધિક્કારથી થતી આત્મગ્લાનિ જ નથી વર્ણવી, પણ બૌદ્ધ ધર્મના બ્રહ્મવિહાર નામના અગત્યના સિદ્ધાંતની ચાર ભાવનાઓ - મૈત્રી, ઉપેક્ષા, કરુણા અને મુદિતાનો ક્રમશઃ સહારો લેવા જતાં જે અનિચ્છિત મનોવૃત્તિઓ તેને ઘેરી વળે છે અને આગળ વધતાં અટકાવે છે તેનું વર્ણન છે. વસ્તુતઃ અધ્યાત્મ માર્ગે વળતી દરેક વ્યક્તિને આવા દ્વન્દ્વનો સામનો કરવો પડે છે. આ સ્તવમાં એ મથામણ જે અસરકારક રીતે વ્યક્ત થઈ છે એ દૃષ્ટિએ આ સ્તવ ખાસ નોંધપાત્ર છે.

૧. Joy for the World, V.I.2, p.3 :- O you, whose loving character (મૈત્રી) is vast beyond all measure, you, who were once bliss fully (મુદિતા) embraced by your wife Yaśodharā in your great compassion (કરુણા) should you not show a similar equanimaity (ઉપેક્ષા) towards us as well ?

૨. *Joy for the World* - A Buddhist Play by Candragomin, trans, by Michael Hahn, Pub. Dharma Publishing, Berkeley CA (USA)

૩. Introduction, p. xvii

૪. A poet, who has written a grammar of Sanskrit, concise, abundantly clear yet comprehensive in scope...V.1-6, p. 6

# "અદ્વૈત વેદાન્તની સાંપ્રત સમયમાં ઉપાદેયતા" શંકરાચાર્યના મોહમુદ્ગર સ્તોત્રના સંદર્ભમાં[+]

◆

ડૉ. બી. જી. પટેલ*

स्मृतिश्रुतिपुराणानामालयं करुणालयम् ।
नमामि भगवत्पादं शंकरं लोके लोक-शं-करम् ॥[1]

શંકરાચાર્યનો જન્મ એવા સમયે થયો હતો કે જ્યારે ભારતની પ્રજામાં અનેક વહેમો, દંભ, અનાચાર અને સૂક્ષ્મ કર્મકાંડમાં વેદનાં સાચાં રહસ્યો ભૂલાઈ ગયાં હતાં. વળી જૈન અને બૌદ્ધધર્મના પ્રચાર અને પ્રસારને લીધે પણ હિન્દુ ધર્મનો પ્રભાવ ઘટી રહ્યો હતો. એવા સમયે સમગ્ર ધર્મનું ફરી અવલોકન કરી એને ટકાવી રાખવાની જરૂર હતી. તેમજ જનસામાન્ય લોકોને અનુકૂળ થઈ શકે અને સાથે સાથે પરંપરા જળવાઈ રહે એવા ધર્મની આવશ્યકતા હતી, એવા સમયે કેટલાક આચાર્યોએ વેદાન્તની પ્રસ્થાનત્રયી જેવા ઉપનિષદો, વેદાન્તસૂત્રો અને ગીતા જેવા પ્રમુખગ્રંથો ઉપર ભાષ્ય લખીને સિદ્ધાંતગ્રથોની રચના કરી. જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યનું મહત્ત્વ બતાવી જનતા સમક્ષ રજૂ કર્યા. અને હિન્દુધર્મનો સાચો રાહ બતાવ્યો. એવા આચાર્યોમાં શંકરાચાર્યનું શ્રેષ્ઠ સ્થાન છે.

શંકરાચાર્યે અનેક ગ્રંથોની રચના કરી જે આજે પણ ઉપયોગી અને જીવન પથપ્રદર્શક બની રહે છે.

પ્રસ્તુત શોધ લેખનો વિષય અદ્વૈત વેદાન્તની વર્તમાન સમયમાં ઉપાદેયતા હોવાથી અહીં આચાર્યશ્રીના 'મોહમુદ્ગર સ્તોત્ર'ની વર્તમાન સમયમાં ઉપાદેયતા સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

શંકરાચાર્ય વિરચિત સ્તોત્રમાં કવિ પ્રારંભે ભક્તિનું પ્રાબલ્ય બતાવતાં કહે છે કે, भज गोविन्दं भज गोविन्दं भज गोविन्दं मूढमते ।[2] ગોવિન્દનો જપ કરતાં કરતાં જ જીવન વ્યતીત કરવાનો ઉપદેશ આપે છે. પરમાત્માનો અનન્ય ભક્ત બનીને અસાર સંસાર સાગરમાંથી મુક્ત થવા માટે જીવનમાં ભક્તિરૂપી નૈયા દ્વારા નિરંતર ગોવિંદનાં ગુણગાન ગાવાનું કહે છે.

અહીં જીવનમાં ભક્તિને પ્રાધાન્ય આપવાનો બોધ મળે છે.

તદ્ઉપરાંત આચાર્યશ્રી અદ્વૈત વેદાન્ત (જીવ બ્રહ્મની એકતા)ના સિદ્ધાંતની પ્રતિષ્ઠા કરતાં કહે છે કે મારામાં, તારામાં અને અન્યમાં સર્વમાં એક જ વ્યાપક વિષ્ણુ રહ્યા છે. તેને જો, ભેદરૂપી અજ્ઞાનનો ત્યાગ કરી સર્વત્ર બ્રહ્મનું દર્શન કર અને બ્રહ્મ સ્વરૂપ થા.

આમ અહીં આચાર્ય સર્વજીવો પ્રત્યે સમભાવ, સમતા, સમાનતા, એકરૂપતા કે અભેદથી વર્તવાનો બોધ આપે છે.

त्वयि मयि चान्यत्रैको विष्णुः व्यर्थं कुप्यसि मय्यसहिष्णुः ।
सर्वस्मिन्नपि पश्यात्मानं सर्वत्रोत्सृज भेदाज्ञानम् ।[3]

જીવનની ક્ષણભંગુરતા તરફ પ્રકાશ પાડતાં આચાર્યશ્રી કહે છે કે,

---

+ સંસ્કૃત અનુસ્નાતક વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર દ્વારા આયોજિત, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર પ્રેરિત દ્વિ દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ તા. ૦૨/૦૩/૦૧/૧૬ ના રોજ "અદ્વૈત વેદાન્તની સાંપ્રત સમયમાં ઉપાદેયતા" અંતર્ગત પ્રસ્તુત શોધપત્ર.

★ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, મુ. કોઠંબા, તા. લુણાવાડા, જિ. મહીસાગર, ગુજરાત

नलिनीदलगतजलमतितरलं तद्वज्जीवितमतिशयचपलम् ।[४]

કમળની પાંદડી પર રહેલુ જળ જેવું ચપળ (અસ્થિર) છે, તેવું (આ) જીવન અતિશય ચંચળ છે. માટે રૂપ, સંપત્તિ, ધન-દોલત, સગા, સંબંધી, ગાડી-વાડી વગેરેના ગર્વમાંથી મુક્ત બની આત્મ કલ્યાણ માટે મનુષ્યે સત્વરે પ્રયત્ન કરવો જોઈએ. જીવન રોગ અને શોકથી ઘેરાયેલું હોવાથી મૃત્યુ ક્યારે આવશે તેની તેને જાણ નથી.

વર્તમાન સમયમાં સહુ સ્વાર્થનાં સગાં છે. વ્યક્તિને જ્યાં સુધી સ્વાર્થ હોય ત્યાં સુધી જ તે તેની સાથે સંબંધ રાખે છે. અરે ઘરમાં પણ મોભી વ્યક્તિ જ્યાં સુધી પરિવારની જરૂરિયાતો સંતોષે છે ત્યાં સુધી જ તે ઘરના સભ્યો તેનું માનપાન રાખે છે, સેવા કરે છે, પ્રેમ કરે છે. પરંતુ જ્યારે વ્યક્તિની આવક બંધ થાય છે ત્યારે ઘરમાં જ વ્યક્તિની ઉપેક્ષા થાય છે. આ બાબતને આચાર્યશ્રી સુંદર રીતે સમજાવે છે.

यावद्वित्तोपार्जनसक्तस्तावन्निजपरिवारो रक्तः ।

पश्चाज्जीवति जर्जरदेहे वार्तां कोऽपि न पृच्छति गेहे ।[५]

આ સંસારનો તાગ મેળવવો મુશ્કેલ છે. છતાં વ્યક્તિ તેમાં ગળાડૂબ રહે છે. ભર્તૃહરિ જેવા યોગી પણ કહે છે કે न जाने संसारः किममृतमयः किं विषमयः ।[६] આ બાબતે આચાર્યશ્રી કહે છે કે

वयसि गते कः कामविकारः शुष्के नीरे कः कासारः ।<br>
क्षीणे वित्ते कः परिवारो ज्ञाते तत्त्वे कः संसारः ॥[७]

सत्संगतिः कथय किं न करोति पुंसाम् ।[८] સજ્જનોની સોબત માણસનું શું (ભલુ) કરતી નથી ? મનની જડતા દૂર કરી મનને પ્રસન્ન કરે છે અને જીવનનો ઉત્કર્ષ કરે છે. આચાર્યશ્રી આ બાબતે માર્ગદર્શન આપતાં કહે છે કે સંસારરૂપી સમુદ્ર તરવા માટે સજ્જનના સંગ કે જ્ઞાની ગુરુઓનું શરણ જ એક માત્ર નૌકા છે. જેનાથી તું ભવસાગર તરી શકે છે.

त्रिजगति सज्जनसंगतिरेका भवति भवार्णवतरणे नौका ॥[९] વળી કહે છે કે

नेयं सज्जनसंगेचितं ।[१०]

વળી જીવનમાં સત્સંગથી જીવન મુક્તિ પ્રાપ્ત થાય છે એનું નિરૂપણ કરતાં આચાર્યશ્રી કહે છે કે

सत्सङ्गत्वे निःसङ्गत्वं निःसङ्गत्वे निर्मोहत्वम् ।<br>
निर्मोहत्वे निश्चलित्वं निश्चलित्वे जीवन्मुक्तिः ॥[११]

આ માટે જીવન વિચારશીલ હોવું જોઈએ. ગોખણપટ્ટીથી જીવનનો વિકાસ શક્ય નથી. જેમ કે

संप्राप्ते संनिहिते काले न हि न हि रक्षति डुकृञ्करणे ।[१२]

આ ઉપરાંત જીવનમાં રૂઢિગત માન્યતા અને પરંપરાઓ કરતાં જ્ઞાનની જરૂરિયાત પર ભાર મૂકતાં આચાર્યશ્રી કહે છે કે,

"ગંગા અને સમુદ્રના કિનારે (પવિત્ર સ્નાનાદિ માટે) જાય છે, વ્રતો પાળે છે અથવા દાન (આપે છે.) (પરંતુ) આ બધા વડે સેંકડો જન્મે (પણ) જ્ઞાનવિહીન (જ્ઞાન વગરનો મનુષ્ય) મુક્તિ (મોક્ષ) પ્રાપ્ત કરતો નથી."[૧૩] વળી શ્રીમદ્ ભગવદ્ગીતા પણ આ વાતનું સમર્થન કરતાં કહે છે કે

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।[१४]

વર્તમાન સમયમાં વ્યક્તિ ધન પાછળ આંધળી દોટ મૂકે છે. જીવનમાં ધનથી જ સાચું સુખ પ્રાપ્ત થાય

છે એમ મનુષ્ય માને છે. આચાર્યશ્રી ધનને અનર્થકારક માની એનાં ભયસ્થાનો બતાવી સાચું માર્ગદર્શન આપતાં ધનતૃષ્ણાનો ત્યાગ કરીને પ્રારબ્ધવશાત્ જે પ્રાપ્ત થાય તેમાં સંતોષ રાખવાનું કહે છે.

मूढ जहीहि धनागमतृष्णां कुरु सद्बुद्धिं मनसि वितृष्णाम् ।

यल्लभसे निजकर्मोपात्तं वित्तं तेन विनोदय चित्तम् ॥[१५]

સંતોષ કર્મયોગ પછીની પ્રાપ્તિની તૃપ્તિ છે. સંતોષથી માણસ પ્રસન્ન રહી શકે છે. મળ્યાની તૃપ્તિથી પરમ તત્ત્વનો આભારી બની શકે છે.

न सन्तोषात् परं सुखम् ।[१६]

સંતોષથી બીજું પરમ સુખ નથી.

सन्तोषो नन्दनं वनम् ।[१७]

સંતોષ નંદન વન છે.

सन्तोषामृततृप्तानां यत्सुखं शान्तचेतसाम् ।
कुतस्तद् धनलुब्धानमितश्चेतश्च धावताम् ।[१८]

(સંતોષરૂપી અમૃતથી તૃપ્ત થયેલા શાંત ચિત્તવાળાને જે સુખ મળે છે તે ધન લોભી અને આમતેમ દોડતા માણસોને ક્યાંથી મળે ?)

मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्रः ।[१९]

મન જ્યારે સંતુષ્ટ થાય છે ત્યારે દરિદ્ર કોણ અને ધનવાન પણ કોણ ?

માયા કે અજ્ઞાની વ્યક્તિઓ વિવેકશૂન્ય બની કલ્યાણની ચિંતાથી મુક્ત બની જીવનના અંત સુધી પદ પ્રતિષ્ઠા અને ધન તરફ દોડે છે. તેમને તૃષ્ણાનો ત્યાગ કરવાનું માર્ગદર્શન આપતાં આચાર્યશ્રી કહે છે કે,

अङ्गं गलितं पलितं मुण्डं दशनविहीनं जातं तुण्डम् ।
वृद्धो याति गृहीत्वा दण्डं तदपि न मुञ्चत्याशापिण्डम् ॥[२०]

જીવનનો વિકાસ કરવો હોય તો સતત આત્મનિરીક્ષણ જરૂરી છે. પરંતુ આજના યુગમાં લોકો બીજાના દોષો જોતાં હોય છે. સ્વ ને ન જોવાવાળા વ્યક્તિઓ તરફ કટાક્ષ કરતાં આચાર્યશ્રી કહે છે કે,

आत्मज्ञानविहीनाः मूढाः ।[२१]

કબીર કહે છે કે,

बुरा देख न मैं चला बुरा न मिला कोई ।
जा दिल खोजा मुझका मुझसे बुरा न कोई ॥

तेन त्यक्तेन भुञ्जिथाः ।[२२] (ત્યાગ દ્વારા ઉપભોગ)નો સંદેશો આપતી ભારતીય સંસ્કૃતિનું સમર્થન કરતાં આચાર્યશ્રી કહે છે કે, જીવનમાં પરિગ્રહ અને ભોગનો ત્યાગ જ સાચું સુખ આપે છે. વારંવાર ભોગો ભોગવવાથી તો ઇન્દ્રિયો વિષયો પાછળ દોડે છે. ભર્તૃહરિ કહે છે કે, भोगाः न भुक्ताः वयमेव भुक्ताः ।[२३] પરંતુ સમજણ દ્વારા ઇન્દ્રિયોની વિષયો પ્રત્યેની આસક્તિ દૂર કરવી એ જ સાચું સુખ છે. सर्वपरिग्रहभोगत्यागः कस्य सुखं न करोति विरागः ।[२४]

આચાર્યશ્રી સમાજમાં ધર્મના નામે ચાલતા આડંબર પર પ્રકાશ પાડતાં કહે છે કે વ્યક્તિ પોતાના સ્વાર્થને સાધવા માટે અનેક વેષ ધારણ કરે છે.

जटिली मुण्डी लुञ्छितकेशः, काषायाम्बरबहुकृतवेषः ।
पश्यन्नपि च न पश्यति मूढो ह्युदरनिमित्तं बहुकृतवेषः ॥[२५]

આમ આજે મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા અને ચર્ચમાં બની બેઠેલા ધર્માચાર્યો, સંન્યાસીઓ જ્યારે પોતાનું ભોગવાદી અને વિલાસી જીવન જીવતા હોય ત્યારે કવિના સ્તોત્રમાં નિરૂપતિ વૈરાગ્યવૃત્તિ પ્રેરણારૂપ બની રહે એમ છે.

આમ શંકરાચાર્યના ઉપરોક્ત 'મોહમુદ્ગર સ્તોત્ર'માં અદ્વૈતવેદાન્તના સિદ્ધાંતને આધારે સમાજમાં રહેલા અજ્ઞાન, આસક્તિ, મોહ-માયા, પરિગ્રહ, અંધશ્રદ્ધા, બાહ્યાડંબર વગેરેનો ત્યાગ કરી જીવનમાં ભક્તિ, સંતોષ, દાન, અપરિગ્રહ, સજ્જનસંગતિ, સમભાવ અને ત્યાગના ગુણો પર પ્રકાશ પાડી વર્તમાન સમયમાં વ્યક્તિ તથા સમાજના સર્વાંગી વિકાસમાં પ્રસ્તુત સ્તોત્ર પ્રેરક, માર્ગદર્શક અને ઉપાદેય બની રહે એમ છે.

## પાદટીપ

૧. शाङ्कर गुरुपरम्परा
૨. श्री शंकराचार्य, 'मोहमुद्गरस्तोत्रम्' । સંપાદક ડૉ. પુનિતા નાગરજી દેસાઈ, પ્રકાશક સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, આવૃત્તિ ૨૦૦૬-૦૭, શ્લોક : ૨, પૃ. ૫૧
૩. એજન, શ્લોક : ૨૪, પૃ. ૫૮
૪. એજન, શ્લોક : ૪, પૃ. ૫૨
૫. એજન, શ્લોક : ૫, પૃ. ૫૨
૬. ભર્તૃહરિ : 'વૈરાગ્યશતક', શ્લોક. ૮૮
૭. 'મોહમુદ્ગરસ્તોત્ર', એજન, શ્લોકઃ ૯, પૃ. ૫૩,૫૪
૮. ભર્તૃહરિ : 'નીતિશતક', શ્લોક.૨૩
૯. 'મોહમુદ્ગરસ્તોત્ર' એજન, શ્લોક : ૧૩, પૃ. ૫૪
૧૦. એજન, શ્લોક : ૨૭, પૃ. ૫૯
૧૧. એજન, શ્લોક : ૯, પૃ. ૫૩
૧૨. એજન, શ્લોક : ૧, પૃ. ૪૯
૧૩. એજન, શ્લોક : ૧૭, પૃ. ૫૬
૧૪. શ્રીમદ્ ભગવદ્ગીતા, ૪-૩૭
૧૫. 'મોહમુદ્ગરસ્તોત્ર' એજન, શ્લોક : ૨, પૃ. ૫૧
૧૬. ચાણક્ય, 'નીતિદર્પણ', ૮-૧૩
૧૭. ચાણક્ય, 'નીતિદર્પણ', ૮-૧૪
૧૮. 'હિતોપદેશ', મિત્રલાભ, ૧૫૭
૧૯. ભર્તૃહરિ, 'વૈરાગ્યશતક', ૪૮
૨૦. 'મોહમુદ્ગરસ્તોત્ર' એજન, શ્લોકઃ ૧૫, પૃ. ૫૫
૨૧. એજન, શ્લોક : ૨૬, પૃ. ૫૯
૨૨. ઈશાવાસ્ય, ૧ લો મંત્ર
૨૩. ભર્તૃહરિ : 'વૈરાગ્ય શતક', શ્લોકઃ ૧૨
૨૪. 'મોહમુદ્ગરસ્તોત્ર' એજન, શ્લોક : ૧૮, પૃ. ૫૬
૨૫. એજન, શ્લોક : ૧૪, પૃ. ૫૫

# મિરાત-એ-અહમદી

◆

પ્રા. બી. એન. ગાંધી*

સી.એન. સેડન અને નવાબઅલી સૈયદ દ્વારા સંપાદિત મિરાત-એ-અહમદીનાં બીજા ભાગની પ્રસ્તાવનામાં જદુનાથ સરકાર યથાર્થ કહે છે, "હિંદના તમામ પ્રાંતોમાંથી ગુજરાત એના ઐતિહાસિક સાધનોની સંખ્યા અને વિવિધતાની દૃષ્ટિએ અતિ સમૃદ્ધ છે." આવાં સાધનોમાંથી એક અત્યંત મહત્ત્વનું અને આધારભૂત સાધન ફારસીમાં લખાયેલ ગ્રંથ મિરાત-એ-અહમદી છે. આ સાધન વિશે પોતાના અભિપ્રાય આપતાં જેમ્સ બર્ડ લખે છે, "મુસ્લિમ ઇતિહાસકારોએ ઘેરાઓ અને યુદ્ધો, હત્યા અને ષડયંત્રની સૂક્ષ્મતમ વિગતોનો કરેલ ઉલ્લેખ, વાચકના ધૈર્યને સામાન્યતઃ ઘટાડી દે છે. વ્યક્તિ ચરિત્રના વૃત્તાંતો અથવા નીતિ અને લોકોની કૌટુંબિક રીતભાત વિશે તેઓએ કરેલ સુંદર અને બોધક વર્ણનો સુદ્ધાં આવા કંટાળાજનક વાંચનમાંથી વાચકને રાહત આપી શકતાં નથી. (આમ છતાં,) મિરાત-એ-અહમદીના લેખકને, જે આપણને ગુજરાત પ્રાંતનો રાજકીય અને આંકડાકીય ઇતિહાસ આપે છે, આ સામાન્ય વખોડણીમાંથી બાકાત રાખવો જોઈએ." ઇતિહાસની વિભાવનાથી સભાન 'મિરાત'નો લેખક ગ્રંથના આલેખનના અંતમાં સ્પષ્ટ કહે છે, "આ અહેવાલો લખવામાં મેં સગાઓ અને અજાણ્યા લોકો પ્રત્યેના પક્ષપાત અને અદાવતથી પર રહીને, જે કાંઈ વાસ્તવિક અને સત્ય હતું, એનો જ સમાવેશ કે ઉલ્લેખ આલેખનમાં કર્યો છે."

**મિરાત-એ-અહમદીનો લેખક :**

'મિરાત'નો લેખક મિર્ઝા મહમદ હસન, હિંદમાં આવીને વસનાર પર્શીયન ખાનદાન પરિવારનો હતો. તેનો પિતા ઔરંગઝેબના શાસનકાલ દરમિયાન બરાહનપુરમાં સનદી અધિકારી હતો. મિર્ઝા મહમદ હસનનો જન્મ ઈ.સ. ૧૭૦૦માં બરાહનપુરમાં થયો. શાહજાદા જહાંદરશાહને ગુજરાતની જાગીર મળતાં, તે ૮ વર્ષની વયે, તેના પિતા સાથે ગુજરાતમાં આવ્યો (૧૭૦૮માં). તેણે અમદાવાદમાં શિક્ષણ લીધું. તે કુરાનનો સારો અભ્યાસી હતો. 'મિરાત'માં વર્ણવેલી હકીકત તથા વ્યક્ત કરેલ અભિપ્રાયોને વધુ સબળ બનાવવા, તેણે અનેક સ્થળે કુરાનની આયાતોનો નિર્દેશ કર્યો છે. તેનામાં ફારસીમાં કાવ્યો રચવાની ક્ષમતા હોવાનો પુરાવો મિરાત પૂરો પાડે છે. તે ગણિતશાસ્ત્રમાં પણ પારંગત હતો. તેણે ફસલી અને હિજરી સંવતો સંબંધિત મતભેદો અંગે સ્પષ્ટતા કરી હતી.

તેના પિતાનું ૧૭૪૩માં અવસાન થતાં, તેને ૩૦૦ જાત અને ૩૦૦ સવારની મનસબ તેમજ અલી મહમદખાન બહાદૂરનો ખિતાબ દિલ્હીથી આપવામાં આવ્યો. આ પછી તેને કાપડ બજારનો અમીન (નિયામક) નીમવામાં આવ્યો. સમ્રાટ અહમદશાહના રાજ્ય-અમલના પ્રથમ વર્ષમાં (૧૭૪૭-૪૮), તેને ગુજરાતનો દીવાન નીમવામાં આવ્યો. તે ૧૭૫૫ સુધી આ પદ પર રહ્યો. ૬૪ વર્ષની આયુમાં તેનું અવસાન થયું હોવાનું અનુમાન કરવામાં આવે છે.

**રચનાનો સમય :**

૧૭૫૫માં, ગુજરાત પર મરાઠા સત્તા સ્થાપિત થતાં, તેના દીવાનના હોદ્દાનો અંત આવ્યો. ગુજરાતના આ અંતિમ દીવાનને ૧૭૫૫ પછી પ્રાપ્ત થયેલ સમયનો ઉપયોગ મિરાત-એ-અહમદી (અહમદની આરસી) લખવામાં કર્યો. ૧૪ વર્ષના પરિશ્રમ બાદ ૧૭૬૧-૬૨માં પૂર્ણ કરેલ આ ગ્રંથમાં વિપુલ પ્રમાણમાં ગુજરાતની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક બાબતોની માહિતી આપવામાં આવી છે. વધુમાં એકત્રિત કરેલ

---

* ૧૫૧, પ્રભાકુંજ સોસાયટી, શ્રીમાળી વાડી પાસે, ગોધરા - ૩૮૯૦૦૧. મો. ૯૮૨૫૪ ૨૨૩૦૧

આંકડાકીય માહિતી પણ આપેલ છે. સૂબાનવિસ મીઠાલાલ કાયસ્થની સહાયથી ગુજરાતના ઇતિહાસનું નિરૂપણ કરતા આ ગ્રંથ માટેની માહિતીનું સંકલન કરવામાં ૧૦ વર્ષનો (૧૭૫૦-૬૦) સમય લાગ્યો હતો.

**માહિતીનાં સાધનો :**

મિરાતની રચના માટે અલી મહમદખાને અનેકવિધ સાધનોનો ઉપયોગ કર્યો છે. દા.ત., મિરાત-એ-સિકંદરી, અકબરનામા, જહાંગીરનામા, પાદશાહનામા, શાહજહાં અને ઔરંગઝેબના સમયના દસ્તૂર-ઉલ-અમલ, ફરમાન, પરવાના, સરકારી પત્રો, અખબારાત વગેરે. તેણે પોતાના અનુભવો અને અવલોકનો પર પણ આધાર રાખ્યો છે.

ગુજરાતની મુસ્લિમ સલ્તનતનો સંક્ષિપ્ત ઇતિહાસ મિરાત-એ-સિકંદરી પર, અને અકબરના ગુજરાત વિજયથી (૧૫૭૩) માંડીને ઔરંગઝેબના રાજ્ય-અમલના દશમા વર્ષ સુધીની માહિતી અકબરનામા અને પાદશાહનામા વગેરે પર આધારિત છે. આથી ગ્રંથનો આ ભાગ ઇતિહાસ માટે દ્વિતીય (ગૌણ) કક્ષાનું સાધન છે. ઔરંગઝેબના રાજ્ય-અમલના દશમા વર્ષ પછીની માહિતી મૌલિક છે. તે રાજ્યના મહત્ત્વના દફ્તરો, દસ્તૂર-ઉલ-અમલ, ફરમાન વગેરે તેમજ લેખકનાં સ્વયંનાં અવલોકનો પર આધારિત હોવાથી પ્રમાણભૂત અને વિશ્વસનીય છે. અહીંયા તે પ્રથમ કક્ષાનું સાધન બને છે.

**ગુજરાત વિશે પ્રાપ્ત થતી માહિતી :-**

**૧. રાજકીય :**

વનરાજ ચાવડાએ પાટણ/અણહિલવાડની સ્થાપના કરી ત્યારથી માંડીને પેશ્વા બાજીરાવના મૃત્યુ સુધીના સમયગાળાના ગુજરાત, કાઠિયાવાડ અને સ્હેજસ્હાજ કચ્છના ઇતિહાસનું નિરૂપણ આ ગ્રંથમાં લેખકે કર્યું છે.

ગુજરાતના હિંદુ રાજવંશો - ચાવડા, સોલંકી, વાઘેલા - નો ઇતિહાસ ગ્રંથની પૂર્વભૂમિકા રૂપે હોઈ, તે મહમદ ગઝનવીના સોમનાથ વિજયના અહેવાલ પહેલાં એક જ પ્રકરણમાં ખૂબ જ સંક્ષિપ્ત આપેલ છે. ગુજરાતની મુસ્લિમ સલ્તનતનો ઇતિહાસ પણ સંક્ષેપમાં આપેલ છે. સુલતાન બહાદુરશાહના હુમાયું સાથેના સંઘર્ષની માહિતી ગ્રંથમાં આપી છે. લેખકના સ્વયંના જણાવ્યા મુજબ તે સિકંદરબીન દ્વારા રચિત મિરાત-એ-સિકંદરી પર આધારિત છે.

ગુજરાતની સર્વ તવારીખોમાંથી શ્રેષ્ઠ તવારીખ મિરાત-એ-અહમદીમાંથી મુઘલ સમ્રાટોના રાજકીય પગલાં તેમજ નીતિ અંગેની માહિતી સારા એવા પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. સમ્રાટ અકબરે ગુજરાતના સૂબાને પદભ્રષ્ટ કરી એના સ્થાને બહેરામખાનના પુત્ર મિર્ઝાખાનને ચાર હજારની મનસબ આપી, નીમવામાં આવ્યો હોવાની માહિતી એમાંથી મળે છે. ગુજરાતનો વહીવટ અને વ્યવસ્થા સુધારવા માટે રાજા ટોડરમલને મોકલ્યો હોવાની તેમજ જાલોર, સિરોહી અને રામનગર (ધરમપુર)ના રાજાઓએ ટોડરમલ સમક્ષ હાજર થઈ સમ્રાટ અકબરની આધીનતાનો સ્વીકાર કર્યાની તથા ટોડરમલે રામનગરના રાજાને ૧૫૦૦ની મનસબ આપવાની ભલામણ કરી હોવાની માહિતી આ ગ્રંથ આપે છે.

ગુજરાત પ્રત્યેની ઔરંગઝેબની નીતિની તથા નીતિના ધોરણો જાળવવા માટે આપેલ આદેશોની માહિતી આ ગ્રંથમાં તેણે આપેલ છે. દારૂ, ભાંગ, જુગાર તથા વેશ્યાઓ પર નિયંત્રણ રાખવા ફરમાન બહાર પાડ્યાનું એમાંથી જાણવા મળે છે. શાહજાદા ઔરંગઝેબે, શેઠ શાંતિદાસ ઝવેરીએ અમદાવાદમાં બંધાવેલ મંદિરને અપવિત્ર કર્યું ત્યારે સમ્રાટ શાહજહાંએ તેને ફરીથી સમરાવવાનો આદેશ આપ્યો હતો. ઔરંગઝેબે નષ્ટ કરાવેલ મંદિરો, જેમનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હોઈ એમને તોડી પાડવા ફરમાન કર્યું. આ ફરમાનને તાકીદનું અને અતિમહત્ત્વનું ગણવાની સૂચના આપવામાં આવી હતી.

ઔરંગઝેબે, હિંદુઓ પર જજિયા વેરો નાખ્યો અને તે કેવી રીતે, કેટલા પ્રમાણમાં તથા કઈ કઈ વ્યક્તિઓ પાસેથી તે વસૂલ કરવો એ અંગેની સ્પષ્ટ અને વિસ્તૃત સૂચનાઓ ફરમાનમાં આપી હતી. મુસ્લિમો દ્વારા જકાતમાં કરવામાં આવતી ચોરીને અટકાવવા માટેની અને એની યોગ્ય વસૂલાત થાય એ માટે શાહી ફરમાનમાં જણાવ્યા મુજબના પગલાં લેવાનું ગુજરાતના દીવાનને જણાવ્યું હોવાની માહિતી 'મિરાત' આપે છે.

શિવાજીએ સુરતની કરેલ લૂંટ અંગેની માહિતી તે આપે છે. તે જણાવે છે કે કિલ્લેબંધ વગરના આ નગરનો મરાઠાઓએ ખૂબ વિનાશ કર્યો અને ત્યાંના નિવાસીઓ તેમજ વેપારીઓને મોટા પ્રમાણમાં નુકશાન કર્યું. ઔરંગઝેબે એક ફરમાન દ્વારા ગુજરાતના સૂબાને ફિરંગી અને ડચને અમદાવાદમાં કર માટે ન સતાવવા અને સુરત બંદર પર જ તેઓ પાસેથી કર વસૂલ કરવા આદેશ આપ્યો હોવાનું જણાવે છે. સુરત બંદરની કિલ્લેદારી ૧૭૫૯માં, અંગ્રેજોએ કેવી રીતે પ્રાપ્ત કરી તેનો તથા સુરતના નવાબ બનવા માટે સંઘર્ષ કરતા મિયાં અચ્છન અને ફરાસખાન સાથેના અંગ્રેજોના વ્યવહારનો ચિતાર 'મિરાત' આપે છે. સુરતની કિલ્લેદારી અંગ્રેજોને (કંપની) સોંપવા અંગેનું મુઘલ સમ્રાટનું શાહી ફરમાન લેખકે ગ્રંથમાં આપ્યું છે, જે અસલ ફારસીમાં છે.

'મિરાત' વડનગર પરના મરાઠાઓના આક્રમણની વિગતો આપતાં જણાવે છે કે અમદાવાદની 'સોનેરી પાંખ' સમાન વડનગરને મરાઠા કંથાજીએ ઘેરો ઘાલ્યો. આથી નાગર બ્રાહ્મણોના અનેક પરિવાર વતનમાંથી નાસી ગયા. મરાઠાઓએ રાચરચીલાં અને દાટેલા ખજાના શોધી કાઢી, મોટી રકમ હાથ કર્યા પછી નગરને આગ લગાડી હતી. પરિણામે અનેક સુંદર અને ઘણી મહેનતે બાંધેલી અને ચિત્રોથી સુશોભિત ઈમારતો નાશ પામી. ઘરના માલિકોએ રડતી આંખોએ પોતાનું વતન છોડ્યું. જેમનાથી શક્ય બન્યું, તેઓ મથુરા અને કાશી (બનારસ) ચાલ્યા ગયા. કેટલાંક ગુજરાતના અન્ય ગામોમાં આશ્રય લઈ ત્યાં રહી ગયા.

**૨. આર્થિક સ્થિતિ :**

હિંદમાં પ્રાચીન સમયથી, ખેતી અને વેપારના ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રકારનું સ્થાન ધરાવનાર ગુજરાતની ૧૭મી અને ૧૮મી સદી દરમિયાનની આર્થિક સ્થિતિ અંગેની માહિતી સારા એવા પ્રમાણમાં એમાંથી પ્રાપ્ત થાય છે. 'મિરાત' ગુજરાતના વિવિધ પ્રકારના ઉદ્યોગોની માહિતી આપે છે. દા.ત., ખંભાતમાં મોડ નામનું ઘાસ થતું. આ ઘાસને મેળવીને સંચામાં મીઠું પકવતા. આની મોટી પાટો તૈયાર કરી, એની નિકાસ જળ અને સ્થળ માર્ગે પરદેશમાં થતી. 'બંદર મુબારક' સુરત, ખંભાત અને ભરૂચ વગેરે બંદરો પરથી વિદેશો સાથેનો વેપાર ચાલતો. ઝીંઝુવાડામાં તૈયાર થતાં ધોળા રંગના પાસાદાર મીઠાની નિકાસ માળવા વગેરેમાં કરવામાં આવતી. અમદાવાદમાં કાગળ બનાવવાનો ઉદ્યોગ સમૃદ્ધ અવસ્થામાં હતો. દર વર્ષે લાખો રૂપિયાના કાગળની નિકાસ પરદેશમાં થતી. અમદાવાદથી વિવિધ પ્રકારના કાપડની રેશમી, કિનખાબ, હરીગળી, મખમલ-નિકાસ ઈરાન, તુરાન, ઈજિપ્ત, અરબસ્તાન અને હબશીઓના મુલક (એબીસિનીયા) વગેરે પ્રદેશોમાં કરવામાં આવતી. અમદાવાદના કિનખાબના કારીગરોને ઉત્તેજન આપવા અને મખમલના કારીગરો બેકાર ન રહે એ જોવા ઔરંગઝેબે અમદાવાદના સૂબાને જણાવેલ. રેશમી કાપડ પર પાંચ ટકા જકાત લેવામાં આવતી.

અમદાવાદમાં રેશમી કાપડના વેપારીઓનું એક અલગ સમસ્ત મહાજન હતું. ગુજરાતના સૂબા મહારાજા અભેસિંહે, ગંગાદાસ શેઠ અને રેશમના વેપારીઓ પાસેથી બળજબરીથી રૂપિયા નવ લાખનો દંડ વસૂલ કર્યાની માહિતી આ ગ્રંથ આપે છે. નાના-મોટા ધંધા કરનારાઓના અલગ અલગ પંચ/મહાજન હતા. 'મિરાત' મહાજનની કામગીરીના કેટલાંક ઉદાહરણો આપે છે : આંટના ઝઘડા વખતે નાણાવટીઓએ વચ્ચે પડી સૂબા અને વેપારીઓ વચ્ચે સમાધાન કરાવ્યું હતું. મિરાતે, ખુશાલચંદ અને ગંગાદાસ માટે નગરશેઠનો ઉલ્લેખ કર્યો હોવાથી એ કહી શકાય કે તે વખતે અમદાવાદમાં નગરશેઠની પ્રથા અસ્તિત્વમાં હતી. શાંતિદાસ ઝવેરી માટે મિરાતમાં કોઈપણ સ્થળે નગરશેઠનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

તે ગુજરાતમાં ચાલતા કેટલાક ધંધાઓનો - માછીમાર, કઠિયારા, કસાઈ, વાળંદ, દરજી, માળી અને

સોની વગેરે - ઉલ્લેખ કરે છે. તેમાં જણાવ્યા મુજબ ગુજરાતમાં પ્રત્યેક જાતના અનાજનું ઉત્પાદન થતું. બાજરીનો પાક વધુ થતો. કેટલાક મહાલમાં ખરીફ અને રવિ એમ બંને પાક લેવાતા. કેટલીક જગ્યાએ વરસાદ અને કૂવાના પાણીથી આ પાક લેવામાં આવતા. નદીકિનારે શિયાળુ અને ઉનાળું પાક સારો થતો હતો. પાટણથી વડોદરા સુધીના વિસ્તારમાં આંબા અને રાયણના વૃક્ષો પુષ્કળ હતા. વિવિધ પ્રકારનાં ફૂલો અને શાકભાજી સારા એવા પ્રમાણમાં થતાં હતાં.

'મિરાત'માં આવેલ કેટલાંક ફરમાનોમાંથી કરવેરા અંગેની માહિતી પ્રાપ્ત થાય છે. દા.ત., અમદાવાદ શહેર અને અમદાવાદ સૂબામાં મકાન ખરીદનાર પાસેથી સેંકડે અઢી રૂપિયાનો કર વસૂલ કરવો. હિંદુઓ પાસેથી તહેવારો વખતે કર અને પાઘડીવેરો લેવામાં આવતો. રાજ્યના કાયદાની વિરુદ્ધ ઘર અને જમીન વેચાણ પર કર અને રસ્તાની ચોકીનો લાગો વગેરે ઉઘરાવવામાં આવતો હોવાની માહિતી તે આપે છે.

ઝવેરીઓના ધંધાની સાંકેતિક ભાષાના શબ્દો અને એમના અર્થનો તે ઉલ્લેખ કરે છે. દા.ત., સાંગ=૧, રખ=૩, એકલા=૧૧. કાવલી એટલે દલાલીના પૈસા. તત્કાલીન ગુજરાતમાં તોલ-માપની વિગતો સુદ્ધાં તે વિસ્તારથી દર્શાવે છે. દા.ત., પાલી (લાકડાનું માપ) =કાચા પાંચ શેર, કળશી=કાચા ૧૬ મણ, ખાંડી=કાચા ૨૦ મણ. ઘણીખરી વસ્તુઓનું વજન એક મણના ૪૨ શેર પ્રમાણે ગણાતું. કેટલીક વખત વધતું-ઓછું રહેતું. વરસાદમાં મણે ૩૨ શેર તોલાતું.

ગુજરાતની આર્થિક વ્યવસ્થા તેમજ વેપાર સંબંધી લગભગ પ્રત્યેક ક્ષેત્રની માહિતી મિરાત-એ-અહમદી આપે છે.

**૩. સામાજિક સ્થિતિ :**

હિંદુ અને મુસ્લિમ સમાજ વિશેની વિગતપૂર્ણ માહિતી વિપુલ પ્રમાણમાં આ ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. બ્રાહ્મણોની ૮૪ પેટા જ્ઞાતિઓ - ઔદિચ્ય, મોઢ, નાગર, શ્રીગોડ વગેરે હોવાનું તે જણાવે છે. વાણિયાઓની પેટાજ્ઞાતિઓ - શ્રીમાળી, વાયડા, મોઢ, ઓસવાલ વગેરે-ની માહિતી એમાંથી મળે છે. મુસ્લિમ સમાજ પણ અનેક વિભાગોમાં વિભક્ત હોવાનું તે દર્શાવે છે. તે શેખના પાંચ પ્રકારો - સિદીકી, ફારૂકી, અબ્બાસી, ચિસ્તી અને કુરેશી - હોવાનો ઉલ્લેખ કરે છે. હિંદુઓમાંથી ધર્માન્તર કરી મુસલમાન બનેલ વ્હોરાની જમાતમાં જુદા જુદા વિભાગો હોવાનું તે જણાવે છે. જેમકે દાઉદી, સુલેમાની, અલીઆ અને ઝેદીઆ.

અમદાવાદમાં ફેલાયેલ મરકી (પ્લેગ) દરમિયાન ઉપસ્થિત થયેલ પરિસ્થિતિનો ચિતાર આપતાં 'મિરાત'નો લેખક જણાવે છે કે આ રોગના કારણે અનેક પરલોકવાસી થઈ ગયા. તેમને ચાદર ઓઢાડવાની કે કફન પહેરાવવા જેટલી કોઈને ફુરસદ ન હતી. લાશ અંગે કામ કરનાર કે નોકર શોધ્યો જડતો નહોતો. મરણ પામનારાઓની મોટી સંખ્યા કે જેમની પાછળ કોઈ વારસ કે મદદગાર રહ્યું ન હોય, તેઓની લાશો ગળી કે બજારમાંથી ખેંચી લાવી, સાબરમતીની રેતીમાં ફેંકી દેવામાં આવતી. કાગડા અને કૂતરાં તેને ખાતાં. દુકાળીઆઓની રસ્તાઓ અને બજારમાં ઠઠ જામતી અને તેઓ એક કે બે રૂપિયામાં પોતના છોકરાં વેચી દેતા. આ દૈવી કોપનો લાભ લઈ, મારવાડીઓએ અનેક મુસ્લિમ સ્ત્રીઓ અને તેમના બાળકોને ગુલામ બનાવ્યા. પોતાના ધર્મ પ્રમાણે શુદ્ધિ કરી, તેમની પાસે ઈસ્લામ ધર્મનો ત્યાગ કરાવી, તેમના કાફલા મારવાડ રવાના કરી દીધા. તેઓ ગર્વથી બોલવા લાગ્યા કે ઔરંગઝેબના સમયમાં જોધપુરથી અમારા લોકને કેદ કરી લઈ જઈ, વટલાવવામાં આવ્યા હતા, તેનો આ બદલો.

ઔરંગઝેબના એક ફરમાન મુજબ કોઈનો ગુલામ કે લોંડી નાસી ગયા હોય તો તેને સરકારી અધિકારીઓ દ્વારા પકડવામાં આવે તો તેને તેના માલિકને સોંપી દેવામાં આવતા. આ માટે કંઈ પણ રકમ લેવામાં આવતી ન હતી.

હિંદુઓ અને મુસ્લિમોના સંબંધો અંગેની જાણકારી આ ગ્રંથમાંથી મળે છે. ઈ.સ. ૧૭૧૪માં,

હોળીના દિવસે અમદાવાદમાં થયેલ કોમી હુલ્લડ અંગેની વિસ્તૃત માહિતી આપતાં 'મિરાત'નો લેખક જણાવે છે કે હોળીના દિવસે એક મુસ્લિમ પર રંગ અને ગુલાલ છાંટવાની બાબતે કોમી રમખાણનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું. વધુમાં તે સ્પષ્ટ કરે છે કે આ ઘટનામાં અમદાવાદના નગરશેઠ કપૂરચંદ ભણસાલી અને ઝવેરીઓ તથા વ્હોરાઓના શેઠ મુલ્લા અબ્દુલ અઝીઝ વચ્ચેના પૂર્વગ્રહ કે દ્વેષે ભાગ ભજવ્યો હતો. આ બન્ને વચ્ચેની લાંબા સમયની દુશ્મનાવટ એ માટે જવાબદાર હતી.

ઔરંગઝેબે, હિંદુઓ પર્યુષણ, અગિયારસ અને અમાસના દિવસોએ દુકાનો બંધ રાખતા, એ પ્રથા બંધ કરાવી હોવાનું 'મિરાત' જણાવે છે. બધા જ દિવસોએ દુકાનો ચાલુ રાખવાનું ફરમાન બહાર પાડ્યું તથા ખરીદ-વેચાણની પ્રવૃત્તિ ચાલુ રાખવા જણાવ્યું. કોળીઓ અમદાવાદની મુખ્ય મસ્જિદમાં મુસ્લિમોને નમાજ અદા કરવા રોકતા હોવાથી શુક્રવારની નમાજ તેઓ શાંતિથી અદા કરી શકે, એ માટે વ્યવસ્થા કરવા આદેશ આપ્યો. દિવાળી અને હોળીના તહેવારો ઉજવવાની મનાઈ ફરમાવી. માટીની મૂર્તિઓ પર પ્રતિબંધ મૂક્યો.

ગુજરાતના સુલતાનોના સમયમાં ભદ્રના દરવાજાની સામે ત્રણ દરવાજા સુધીના રસ્તા પર દર શુક્રવારે બજાર ભરાતું. આ રિવાજ ઔરંગઝેબના સમય સુધી ચાલુ રહ્યો હતો. પણ તે બંધ કરી મંગળવારે બજાર (ગુજરી) ભરવાની પ્રથા અમલમાં મૂકવામાં આવેલ, જે રદ કરી પુનઃ શુક્રવાર ગુજરી માટેનો દિવસ નક્કી કરવામાં આવ્યો હોવાની માહિતી મિરાત આપે છે.

હિંદુઓમાં લગ્નની બાબતમાં ગોત્રને મહત્ત્વ આપવામાં આવતું. વર-કન્યા એક જ ગોત્રના હોય તો લગ્ન થઈ શકતું નહિ. ગામમાં ઉચ્ચ વર્ણ સાથે સંકળાયેલ નારુકારુઓને (વસવૈયા) સારા-નરસા પ્રસંગે જમણ અને તેમના હક ચૂકવવા પડતા. ઔરંગઝેબ સમાજમાં નીતિમત્તાનાં ધોરણો જાળવવા માટે આગ્રહી હતો. આ માટે તેણે એક ખાસ ફરમાન બહાર પાડ્યું હોવાનું મિરાત જણાવે છે. "જો કોઈપણ કુટ્ટણી સ્ત્રી કોઈની છોકરીને કે સ્ત્રીને ફોસલાવી કુમાર્ગે દોરે તો...તેને શિક્ષા કરી, કેદ કરી અને સુધર્યેથી તેવાં નીચ કૃત્યો ન કરવા સૂચના આપવી."

**૪. મુઘલ વહીવટીતંત્ર :**

૧૮મી સદીના ગુજરાતના અધ્યયન માટેના આ મહત્ત્વપૂર્ણ ગ્રંથમાંથી મુઘલ વહીવટીતંત્રના ઈતિહાસ માટેની ઉપયોગી તથા વિશ્વસનીય માહિતી મળે છે. આથી તે એક ઉપયોગી મૌલિક-પ્રથમ કક્ષાનું સાધન છે. એક ફરમાનમાં ન્યાય કરવા વિશે કેટલીક સૂચનાઓ આપી છે. મિરાતમાં સમાવિષ્ટ આ ફરમાનમાંથી પ્રાપ્ત થતી વિગતોથી સ્પષ્ટ થાય છે કે મૃત્યુદંડની સજા માટે બાદશાહની અનુમતિ જરૂરી હતી. નિંદા કરનાર બદમાશો વધુ હોય છે, જ્યારે નીતિમાન થોડાંક જ હોવાથી પૂરતી તપાસ કર્યા વગર સજા કરવામાં ઉતાવળ ન કરવાની તેમજ દેહછેદનની કે હાથીના પગ નીચે કુચળવાની સજા ન કરવા એમાં સૂચના આપેલ છે. ઔરંગઝેબે સૂબાઓને એક ફરમાનમાં આદેશ આપ્યો કે ચોરી કરનારને સજા કરવી, પણ શક પડતો હોય તો ચોરી પુરવાર ન થાય ત્યાં સુધી સજા ન કરવી. વારંવાર ચોરી કરનારને દેહાતદંડ આપવો. ખોટા સિક્કા પાડનાર તરફ જરા પણ દયા ન બતાવવી. જુગારી, દારૂ બનાવનાર, કેફી વસ્તુઓ વેચનાર, ખોટો ધર્મ પ્રચાર કરનાર વગેરેને સખત સજા કરવી. સામ્રાજ્યમાં કોઈને પણ ભાંગ જેવી માદક વસ્તુની ખેતી ન કરવા દેવા એક ફરમાન બહાર પાડવામાં આવ્યું હતું. આ પ્રતિબંધ હોવા છતાં જો કોઈ એનું ઉલ્લંઘન કરે તો અન્ય લોકોને બોધપાઠ મળે એ માટે સખત સજા કરવી.

વહીવટી અધિકારીઓની સમ્રાટ દ્વારા કરવામાં આવતી નિમણૂકોની તે માહિતી આપે છે. સમ્રાટ દ્વારા સૂબાઓને વહીવટમાં સહાય કરવા પ્રાંતીય દીવાનની નિમણૂક કરવામાં આવતી. દા.ત., ગુજરાતના સૂબાને મદદ કરવા માટે મીર આબરીની નિમણૂંક. દીવાનની નિમણૂક અંગેનો હસબ-ઉલ-હુકમ વઝીર લખતો અને એના પર વઝીરનું સીલ લગાવવામાં આવતું. ગુજરાતના સૂબા તરીકે આઝમખાનના સ્થાને મિર્ઝા

ઈસરતખાનની કરાયેલ નિમણૂંક તેમજ ગોધરાના ફોઝદાર તરીકે સૈયદ ઝહુરની કરાયેલ નિમણૂંકની માહિતી મિરાત આપે છે.

સમ્રાટ અકબરના એક ફરમાનમાંથી કોતવાલની ફરજો અંગેની માહિતી મળે છે. કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવાની જવાબદારી કોતવાલની હતી. પ્રત્યેક નગર, કસ્બા અને ગામના કોતવાલે લિપિકની સહાયથી મકાનો અને ઇમારતોની નોંધ રાખવાની હતી. શેરીમાં બનતી સારી અને ખરાબ બાબતો પર નજર રાખવા કોતવાલે મીર-એ-મોહલ્લાની નિમણૂંક કરવાની હતી.

મિરાતમાં આપેલ એક ફરમાનમાંથી જમીન મહેસૂલ અને એ અંગે આપવામાં આવેલ ૧૮ સૂચનાઓની વિગતો ઉપલબ્ધ થાય છે. દા.ત., ખેડૂતોને જમીન મહેસૂલ રકમની જાણ કરવી. ખેડૂત પાસે ખેતી કરવાના સાધનોનો અભાવ હોય તો તેણે તકાવી લોન આપવી. કોઈ જમીનનો જો કોઈ માલિક ન હોય કે માલિકીની માહિતી ન હોય તો તે એવી વ્યક્તિને આપવી જે એના પર ખેતી કરી શકે એમ હોય. મહેસૂલનું પ્રમાણ એવી રીતે નક્કી કરવું કે જેથી રૈયતને નુકસાન ન થાય.

ઔરંગઝેબે, બિન-મુસ્લિમો-હિંદુઓ, ખ્રિસ્તી, યહૂદી અને પારસી-પર જજિયા વેરો નાખ્યાની તેમજ વેરાથી સંબંધિત માહિતી મિરાત આપે છે. આ વેરો/કર દર વર્ષે ગરીબ પાસેથી ૧૨ દરહમ, મધ્યમ વર્ગ પાસેથી ૨૪ અને અમીર પાસેથી ૪૮ દરહમ વસૂલ કરવાનો હતો. જે વ્યક્તિની મિલકત ૨૦૦ દરહમ કે તેથી વધુ હોય તે અમીર ગણાતો. અપંગ, આંધળા, ગાંડા, ભિખારી તેમજ જે વ્યક્તિની આવક પોતાના અને પત્નીના નિભાવ માટે પર્યાપ્ત ન હોય, તેઓને આ કરમાંથી મુક્તિ આપવામાં આવતી. જિમ્મીએ (બિન-મુસ્લિમ)એ સ્વયં ચાલતા આવીને આ કર ભરવાનો હતો.

મિરાત-એ-અહમદીની 'ખાતિમે' (પુરવણી)એ ભિન્ન પ્રકારની વિશિષ્ટ રચના છે, જેનું સ્વરૂપ સર્વસંગ્રહના જેવું છે. ખરેખર, તે પ્રકીર્ણ માહિતી/વિગતોનો ખજાનો છે. તે વિવિધ પ્રકારની માહિતી/વિગતો આપે છે. જેમકે અમદાવાદ નગરની વિસ્તૃત માહિતી/વિગતો-પરાં, દરવાજા, પોળો, જળાશય, બગીચાઓ વગેરે, સરકાર (જિલ્લા)નાં નામો અને તેમનાં પરગણાં, બંદરો, તીર્થો અને મંદિરો, જુદી જુદી જ્ઞાતિઓ અને એમની પેટાજ્ઞાતિઓ, મુસ્લિમ સંતો, સરકારનાં વિવિધ ખાતાંઓ અને તેમનાં કાર્યો, શ્રીમંત વેપારીઓનાં નામો વગેરે તે જમીનદારો અને દેસાઈઓ વગેરેએ ભરવાના થતા મહેસૂલના આંકડાઓ પણ આપે છે.

### ગુજરાતનાં નગરો અને પ્રકીર્ણ માહિતી :

'મિરાત'માંથી ગુજરાતના બંદરો - સુરત, ખંભાત, ભરૂચ અને ઘોઘા, પાટનગર અમદાવાદ અને અન્ય પ્રમુખનગરો - પાટણ, વડોદરા, ઉમરેઠ અને વડનગર વગેરે તેમજ વિવિધ તીર્થસ્થળો - અંબાજી, ડાકોર, ઉત્કંઠેશ્વર, સોમનાથ, બહુચરા, નારાયણ સરોવર, રુદ્રમાળ અને દ્વારકા વગેરેની માહિતી પ્રાપ્ત થાય છે. તે અમદાવાદની પોળોની પણ માહિતી આપે છે. દા.ત., રાજા મહેતાની પોળના એક બ્રાહ્મણના ઘરમાંથી પિત્તલની એક પ્રતિમા/મૂર્તિ દોશીવાડાની પોળમાં રહેતા વ્રજભૂષણના ઘરમાં લાવવામાં આવી. વણિક કોમ દિવસમાં પાંચ વખત એના દર્શન કરવા જતા. "સાંકડી શેરીમાં મહાદેવની પિત્તલની ચાર હાથની પ્રતિમા છે." મિરાત અમદાવાદના કેટલાક બાગોનો પણ ઉલ્લેખ કરે છે. જેમકે કાંકરિયા તળાવની વચ્ચે આવેલ નગીના બાગ, બાગે શાબાન (રખિયાલની સરહદમાં), રૂસ્તમ બાગ (સાબરમતી નદી પાસે) ફતેહ બાગ (સરખેજ). સાબરમતીમાં આવેલ ભારે રેલના કારણે ભદ્રના કિલ્લાની ઇમારતોને નુકસાન થયું હતું. આ ઇમારતોને સમરાવવા માટેનો ખર્ચ નગરના મહાજનો પાસેથી નહિ ઉઘરાવતાં તે સરકારી તિજોરીમાંથી કરવા આદેશ આપ્યાનું મિરાત જણાવે છે. ગુજરાતના પ્રમુખ નગરોના શ્રીમંત વેપારીઓ/સોદગરોની માહિતી તે આપે છે. દા.ત., અહમદ ચલેબી, મુલ્લા મોહમ્મદ અલી, ઝાહેબ બેગ, શાંતિદાસ ઝવેરી, ખુશાલચંદ, ગંગાદાસ અને કપૂરચંદ ભણસાળી વગેરે.

'મિરાત'માંથી ગુજરાતના સંતો અને સૂફીઓ વિશેની માહિતી પણ ઉપલબ્ધ થાય છે. અકબરના સમયમાં મીર અબુ તુરાબ મક્કાથી અમદાવાદમાં કદમ મુબારકની નિશાનીવાળો એક પથ્થર લાવ્યો હતો. આ કદમ શરીફને અમદાવાદમાં લાવ્યા પછી છ વર્ષ સુધી બાંધકામ કરીને એના પર સુંદર દરગાહ અને મસ્જિદનું નિર્માણ કર્યું હતું. મિરાતમાંથી ગુજરાત પ્રાંતની વિભિન્ન સરકારો - અમદાવાદ, પાટણ, વડોદરા, ભરૂચ, ચાંપાનેર, ગોધરા, નાંદોદ, સુરત અને સોરઠ તેમજ પ્રત્યેક સરકાર હેઠળના મહાલ, પરગણાં અને ગામોની માહિતી ઉપલબ્ધ થાય છે.

**પાણીપતનું યુદ્ધ (૧૭૬૧) :**

અલી અહમદે પોતાના ગ્રંથની રચનાનું કાર્ય પૂરું કર્યું એ પૂર્વેના વર્ષમાં હિંદના ઇતિહાસમાં મહત્ત્વપૂર્ણ સાબિત થનાર બનેલ ઘટનાની નોંધ પોતાની રચનામાં લીધી છે, તેમજ એ ઘટના વિશે પોતાનો મત પણ વ્યક્ત કર્યો છે. અહમદશાહ અબ્દાલીના આક્રમણ અને પાણીપતના યુદ્ધની વિસ્તૃત માહિતી તેણે આપી છે. તે યુદ્ધમાંથી નાસી છૂટેલ મરાઠા સૈનિકોની રખડપટીની તેમજ તેઓને સહન કરવી પડેલ યાતનાઓની વિગતો પણ આપે છે. તે લખે છે કે મરાઠાઓ ગેરિલા યુદ્ધ પદ્ધતિથી લડવા માટે ટેવાયેલ હોવાથી તેઓનો તોપદળ સાથેના વ્યુહાત્મક યુદ્ધમાં પરાજય થયો. તેઓએ એ પદ્ધતિનો ત્યાગ કર્યો ત્યારે તેઓને નામોશી અને પીડા સહન કરવા પડ્યા. સદાશિવરાવ ભાઉ અને જનકોજી સિંધીયા જીવતા રહ્યા કે મૃત્યુ પામ્યા એ બાબત બનાવના આઠ માસ વીતી ગયા હોવા છતાં સ્પષ્ટ થઈ ન હોવાનો તે ઉલ્લેખ કરે છે.

**મૂલ્યાંકન :**

અલીઅહમદખાને આ ગ્રંથની રચના કરવા માટે લગભગ ૧૪ વર્ષનો સમય લીધો હતો. આનું આલેખન કાર્ય ૧૭૬૧-૧૭૬૨માં પૂર્ણ થયું હતું. તેનો હેતુ અમદાવાદ વસાવનાર સુલતાન અહમદશાહના શાસનકાળને પૂર્વમર્યાદા તરીકે રાખી ગુજરાતનો વિસ્તૃત ઇતિહાસ નિરૂપવાનો હતો. ઈ.સ.૧૦૦૦થી ૧૭૬૦ સુધીના ગુજરાતના ઇતિહાસને રજૂ કરતા આ ગ્રંથમાં તેની લેખન શૈલી ફારસી સાહિત્યના અગ્રણી લેખકોના જેવી જ આડંબરયુક્ત છે. એના આલેખનમાં મુસ્લિમ ઇતિહાસકારો કરતાં વધારે શબ્દબાહુલ્ય, શબ્દવૈપુલ્ય છે. પણ એની સુરુચિની ઊણપ, તથ્યોની ચોક્કસાઈ અને સંશોધન ભરપાઈ કરી આપે છે. એમાં માત્ર રાજકીય ઘટનાઓ કે ઊથલપાથલનું શુષ્ક વર્ણન નથી. પણ તે તત્કાલીન સમયના સામાજિક રીતરિવાજો/પ્રથાઓ, જૂની પ્રથાઓમાં થતા ફેરફાર, નગરો, બંદરો, રાજ્યનાં ફરમાનો, મહત્ત્વની ઘટનાઓનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે.

તે ચુસ્ત મુસલમાન હોવા છતાં, તેણે આલેખનમાં હિંદુઓ માટે જવલ્લે જ કાફર કે જાહેલ જેવા તિરસ્કારયુક્ત શબ્દોનો ઉપયોગ કર્યો છે. મારવાડીઓએ મુસ્લિમ સ્ત્રીઓ અને બાળકો સાથે કરેલ વ્યવહાર અને તેમના કરેલ ધર્મ પરિવર્તનની ઘટનાના નિરૂપણમાં એક પણ તિરસ્કારયુક્ત શબ્દનો ઉપયોગ કર્યો નથી. મારવાડીઓના પ્રપંચ અને અમાનવીય વર્તણૂકની કડક શબ્દોમાં ટીકા કરતાં તેમને પિશાચ/બદમાશો કહ્યા છે. તેણે સમયાંતરે બદલાતા રહેતા અમદાવાદના હિંદુ/મુસ્લિમ સૂબેદારોની કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર ટીકા કરી છે. તેમને રાહુ અને કેતુ જેવા દુષ્ટ કહ્યા છે.

તેની વર્ણન શૈલી ખૂબ જ ઉચ્ચ કક્ષાની છે. કુદરતી આફતો વિશે તે લખે છે. "...ઊગી નીકળેલી લીલોતરીના પાંદડા રાંધીને ખાઈ પોતાના ભૂખરૂપી અગ્નિને શાંત પાડવા માંડ્યો, પણ તેનું પરિણામ એ આવ્યું કે તેઓ રોગ અને મરણના ભોગ થઈ ગયા." તેણે આલેખનમાં અનેક સ્થળે પોતાના સ્વરચિત કાવ્યની પંક્તિઓ કે અન્યની રચનાઓ મૂકી છે. તે વિદ્વાન અને પ્રખર અભ્યાસી હોવા છતાં તે સ્વયં પોતાને અલ્પજ્ઞ તરીકે ઓળખાવતો. ગ્રંથના સંપૂર્ણ નિરૂપણમાં, તેણે પોતાના નમ્રભાવની ઉપેક્ષા કરી નથી.

જગદીશ નારાયણ સરકાર યથાર્થ કહે છે કે આવા (મુઘલ સમય) દસ્તાવેજો ખૂબ જ દુર્લભ છે. તે

લંડનની ઇન્ડિયા ઑફિસ તથા બ્રિટિશ સંગ્રહાલયમાં ઉપલબ્ધ છે, અથવા વિભિન્ન ગ્રંથાલયોમાં વેરવિખેર પડેલ છે. તેમની ખરાબ સ્થિતિ અને હસ્તપ્રતના ખરાબ અક્ષરો વગેરેના કારણે એમાંથી પ્રાપ્ત વિગતો વિશે અટકળો કરવી પડે છે. આ ઊણપોનું નિરાકરણ અલી મહમદની 'મિરાત'ની સહાયથી કરી શકાય છે. જદુનાથ સરકારના મતે ગુજરાત પ્રાંતમાં મુઘલ સત્તાની અવગતિ અને પતનનો સંપૂર્ણ અને વિગતોથી ભરપૂર તેમજ વ્યવસ્થિત અહેવાલ આ ગ્રંથ સિવાય બીજે ક્યાંયથી પણ ઉપલબ્ધ થતો નથી.

ગ્રંથની પુરવણી 'ખાતિમે', જદુનાથ સરકારની દૃષ્ટિએ એક એવી રચના છે જેમાં સામાજિક અને વહીવટી ઇતિહાસ માટેની મૂલ્યવાન કાચી સામગ્રી (માહિતી) જાળવી રાખવામાં આવી છે. કૃ.મો. ઝવેરીના મતે એના જેટલાં વખાણ કરીએ તેટલાં થોડાં. લેખકની અપૂર્વ વિદ્વત્તા, બહોળી માહિતી, સાચી શોધવૃત્તિ અને સઘળા વિષયો માટે માહિતી મેળવવા માટે લીધેલ અથાગ શ્રમ અને મહેનત તેના પાને પાને તરી આવે છે.

'મિરાત'ની માહિતીને પેશ્વાના દફતરના કાગળો (એસ.પી.ડી.) અને અંગ્રેજ કોઠીઓના પત્રવ્યવહારોમાં (પી.આર.સી.) પ્રાપ્ત માહિતી સાથે સરખાવતાં તે મહદ્અંશે આધારભૂત અને વિશ્વસનીય પુરવાર થાય છે. દા.ત., પેશ્વા બાજીરાવ અને ચિમનાજી ગુજરાતમાં આવેલા તે વખતના તેમના પત્રો 'મિરાત'ના લેખકે વર્ણવેલી સ્થિતિ સાચી હતી એ પુરવાર કરી આપે છે. રેણકોજી અને મોમીનખાન એક બીજા સાથે રહીને કામ કરતાં હોવા છતાં તેઓ વચ્ચે અંદરખાને અણબનાવ હતો. આ બાબતની જાણકારી મુસ્લિમ અને મરાઠા બંને પક્ષોને હતી. આ બાબત અંગેની વિસ્તૃત જાણકારી અલી મહમદખાને 'મિરાત'માં આપી છે.

લેખકે 'મિરાત'ના આલેખનમાં નિષ્પક્ષતા દાખવી છે. તે ગ્રંથમાં સ્પષ્ટતઃ જણાવે છે તે અહેવાલ લખવામાં કોઈના પણ પ્રત્યે પક્ષપાત કે શત્રુતા દાખવવાથી પર રહીને સત્યને જ સ્થાન આપશે. વધુમાં તે વિદ્વાનોને વિનમ્ર વિનંતી કરે છે કે જો તેઓને તેનામાં કોઈ ખામી પ્રતીત થાય તો માફ કરે.

અસલ દસ્તાવેજો અને ફરમાનો વગેરેને સમાવિષ્ટ કરતો અલી મહમદનો આ ગ્રંથ મિરાત-એ-અહમદી, અબુલ ફઝલની અજોડ અને ઉચ્ચ કક્ષાની રચના આઈન-એ-અકબરી કક્ષાની કૃતિ છે. તે નિઃસંદેહ ઐતિહાસિક ગ્રંથોમાં ઊંચુ સ્થાન મેળવવાને પાત્ર છે. સંક્ષેપમાં, જદુનાથ સરકાર કહે છે તેમ વિપુલ માહિતી આપતો આ ગ્રંથ ૧૮મી સદીના ગુજરાતના ઇતિહાસ માટે તેમજ મુઘલ વહીવટીતંત્રના નિરૂપણ માટે એક આધારભૂત અને વિશ્વસનીય સાધન છે. કૃ.મો.ઝવેરી, 'મિરાત'ના કર્તા વિશે ઉચિત કહે છે, "તે ભારતના ઉત્તમ ભારતીય ઇતિહાસકારોની હરોળમાં એમના સમકક્ષ સ્થાનને પાત્ર છે, અને તેની ઇતિહાસની સમજ તથા માનસિક શક્તિઓ કોઈપણ રીતે એમનામાંથી કોઈના પણ કરતાં ઊતરતી કક્ષાના નહતા."

"...he is fit to stand in the ranks of the best Indian historians of India as their equal and that his historical sense and ability were in no way inferior to those of any one of them."

## Select Bibliography


1. Acharya, N.A., 'મુઘલકાલીન ગુજરાત', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ, ૧૯૭૪.
2. Lokhandwala, M.F. (ed.), *Mirat-i-Ahmadi*, M.S. University, Baroda, 1965.
3. Sarkar, J. Narain, *History of History Writing*, Ratna Pub., Calcutta, 1977.
4. શાહ, માલતી, 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી', બીજી સંશો. આવૃત્તિ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨૦૧૩.
5. Zaveri, K.M. (tr.), 'મિરાતે અહમદી', ૪ ખંડો, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ૧૯૩૩-૧૯૩૬.

# સ્વામી વિવેકાનંદના મતે ભારતીય ધાર્મિક જનજાગરણના સાધન તરીકે વેદ+

◆

ડૉ. કમલેશકુમાર છ. ચોક્સી*

બાલ્યાવસ્થામાં નરેન્દ્રનામ ધારી સ્વામી વિવેકાનન્દનો જન્મ વિક્રમની ઓગણીસમી શતાબ્દીના પ્રથમ ચરણમાં (સંવત ૧૯૧૯ - સને ૧૮૬૩માં) કલકત્તાના સીમલા નામના પરામાં થયેલો. તેમના વૈરાગી જીવનનો પ્રારંભ સને ૧૮૮૬ પછી એટલે કે લગભગ ૨૩ વર્ષની વયથી થાય છે. આ સમય દરમ્યાન તેઓ શ્રીરામકૃષ્ણ પરમહંસના પૂર્ણ સાન્નિધ્યમાં આવી ગયા હતા. એ પછી તેમણે વૈરાગી જીવનનો માર્ગ સ્વીકાર્યો અને સંન્યસ્તની દીક્ષા લઈ, વિવેકાનન્દ નામ ધારણ કર્યું. આમ હવે તેઓ સ્વામી વિવેકાનન્દ તરીકે પ્રસિદ્ધ થયા.

સંન્યસ્તની દીક્ષા લીધા પછી તેમણે સને ૧૮૮૬ થી ૧૮૮૮ દરમ્યાન દેશાટન કર્યું હતું. આ દેશાટન દરમ્યાન તેઓ કાશી આવ્યા અને અહીં તેઓ ખાસ્સો સમય રોકાયા. આ રોકાણ દરમ્યાન તેમણે સંસ્કૃતભાષા અને તે દ્વારા ભારતીય વૈદિક દર્શન, વિશેષતઃ વેદાન્તદર્શનનો અભ્યાસ-સ્વાધ્યાય કર્યો. એ પછી શિકાગોની વિશ્વધર્મપરિષદમાં ઉપસ્થિત રહીને વિદેશમાં ભારતીયતા અને વેદાન્તધર્મનો ધ્વજ લહેરાવ્યો.

આ સંક્ષિપ્ત જીવનચરિતના આધારે સ્વામી વિવેકાનન્દજીની પ્રસિદ્ધિ પરદેશમાં હિન્દુધર્મ અને હિન્દુસંસ્કૃતિના, વિશેષરૂપે અદ્વૈતવેદાન્તની ફિલસૂફીના પ્રચારક અને પ્રસારક તરીકેની થઈ છે. પરન્તુ તેમણે ભારતીય ધાર્મિક જનજાગરણમાં જે યોગદાન આપ્યું છે, તેના તરફ ઘણા ઓછા લોકોનું ધ્યાન ગયું છે. પ્રસ્તુત લેખમાં સ્વામી વિવેકાનન્દના વેદવિષયક વિચારોનો સંગ્રહ કરીને તે વિચારોની છાયામાં ભારતીય ધાર્મિક જનજાગરણના કાર્યમાં તેમના યોગદાનને આકારિત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

એ તો સુવિદિત છે કે ઓગણીસમી શતાબ્દી ભારતીય જનસમાજના રાજકીય, ધાર્મિક અને સામાજિક જાગરણની દૃષ્ટિએ મહત્ત્વની છે. આ શતાબ્દીમાં બંગાળના રાજા રામમોહનરાયે સ્થાપેલી બ્રહ્મસમાજ સંસ્થા, કેશવચંદ સેને સ્થાપેલી પ્રાર્થનાસમાજ સંસ્થા અને ગુજરાતમાં જન્મેલા સ્વામી દયાનન્દ સરસ્વતીએ સ્થાપેલી અને સમગ્ર ઉત્તરભારતના ગામે ગામમાં પ્રસરેલી આર્યસમાજ સંસ્થા - એમ ત્રણ સંસ્થાઓ ઓગણીસમી શતાબ્દીના ભારતીય સામાજિક જાગરણની મુખ્ય ભૂમિકામાં છે. આ સાથે સ્વામી રામકૃષ્ણ પરમહંસના શિષ્ય સ્વામી વિવેકાનન્દ પણ મુખ્યત્વે ધાર્મિક જનજાગરણ દ્વારા સામાજિક જનજાગરણમાં પોતાનું યોગદાન નોંધાવે છે. અહીં એ ધ્યાનમાં લેવા જેવી બાબત છે કે સ્વામી વિવેકાનન્દે કોઈ ગુરુગાદીની સ્થાપના કરી નથી. વળી, તેમણે કોઈ ગ્રન્થવિશેષની રચના કરીને તેને પોતાની ભક્તમંડલીમાં શ્રદ્ધાસ્થાને મૂક્યો નથી. તેમણે તો અવસર મળ્યો, ત્યારે પોતાની પ્રેરક અને તેજસ્વી વક્તૃત્વકળાના માધ્યમથી ભારતીય સમાજમાં ધાર્મિક તથા સામાજિક જાગરણનું કાર્ય કર્યા કર્યું છે.

કોઈ વ્યક્તિ કે સંસ્થા જ્યારે કોઈ પ્રકારના ધાર્મિક કે સામાજિક જાગરણના કાર્યમાં જોડાય છે, ત્યારે તેના મૂળમાં એક ખાસ પ્રકારની વિચારધારા હોય છે. બીજી રીતે કહીએ તો જનજાગરણના પ્રમુખ સાધન તરીકે વિચારધારા કામ કરતી હોય છે. આ વિચારધારા જેટલી સ્વસ્થ અને તેજસ્વી હોય છે, તેટલું જ જનજાગરણનું કાર્ય પણ સ્વસ્થ અને તેજસ્વી બની રહે છે. વાસ્તવમાં માનવ સમાજનો ઉત્કર્ષ અને અપકર્ષ એ માનવીય વિચારધારાનું જ પરિણામ હોય છે. આ પૃષ્ઠભૂમિમાં સ્વામી વિવેકાનન્દજીએ પોતે કરેલા દેશાટન

---

+ श्री के.का. शास्त्री सरकारी आर्ट्स कॉलेज, खोखरा, अमदावाद द्वारा आयोजित યુ.જી.સી. પ્રેરિત-સ્વામી વિવેકાનંદ એવં રાષ્ટ્રિય જાગરણ - વિષયક રાષ્ટ્રિય પરિસંવાદ (તા. ૨૨-૮-૨૦૧૫) મેં પ્રસ્તુત આલેખ.

* પ્રોફેસર તથા અધ્યક્ષ, સંસ્કૃતવિભાગ, ભાષાસાહિત્યભવન, ગુજરાત યુનિ., અમદાવાદ-૯

દરમ્યાન એ જોયું અને અનુભવ્યું કે ભારતીય જનમાનસની ધાર્મિક વિચારધારા અંધવિશ્વાસના આધારે ઊભી છે અને તે અત્યન્ત નબળી અને દિશાશૂન્ય છે. સ્વામીજીને પણ તે સમયના ભારતીય સામાજિક અપકર્ષનું કારણ આ વિચારધારા હોવાનું ધ્યાનમાં આવ્યું. હવે, તેમણે સામાજિક ઉત્થાન સાધી શકે, તેવી વિચારધારા અને તેનો સ્રોત શોધવાની આવશ્યકતા જણાઈ. એક હિન્દુ સંન્યાસી હોવાના કારણે સ્વાભાવિક રીતે તેમનું ધ્યાન ભારતીય પ્રાચીન સંસ્કૃત સાહિત્ય તરફ જવું જોઈએ. આ સ્વાભાવિક વલણ પાછળની સ્વામી વિવેકાનન્દની પૃષ્ઠભૂમિ પણ જાણવા જેવી છે.

સ્વામી વિવેકાનન્દના જીવનચરિતોનો અભ્યાસ કરતાં જણાય છે કે સ્વામી વિવેકાનન્દનો સંસ્કૃતના શિક્ષણ સાથે બાલ્યાવસ્થાથી સંબન્ધ રહ્યો છે. બાલ્યાવસ્થામાં તેઓને તેમના માતાજી પાસેથી રામાયણ તથા મહાભારતના ઉપદેશોની શિક્ષા પ્રાપ્ત થઈ હતી, માતૃભાષા બંગાલીના માધ્યમથી.[૧] નરેન્દ્રનાથ છ વર્ષના થયા ત્યારે પિતાશ્રીએ નીમેલા શિક્ષક પાસેથી સંસ્કૃતના અધ્યયનનો વિધિવત્ પ્રારંભ થયો. તેમના જીવનચરિત્રમાં નોંધવામાં આવ્યું છે કે સાતવર્ષની વયમાં નરેન્દ્રનાથે મુગ્ધબોધ નામનું સંસ્કૃત વ્યાકરણ તથા રામાયણ અને મહાભારતના કેટલાક ભાગો કંઠસ્થ કરી લીધા હતા.[૨]

સ્વામી વિવેકાનન્દની જીવન-યાત્રાની મધ્યમાં ઘટેલી બે ઘટનાઓની નોંધ પણ અહીં લેવી ઘટે. એક તો સને ૧૮૮૧માં તેમનો સાક્ષાત્કાર શ્રીરામકૃષ્ણ પરમહંસની સાથે થયો. આ સાક્ષાત્કારનો પ્રભાવ નરેન્દ્રનાથના સમગ્ર જીવન ઉપર રહેવાનો હતો. વળી, જે સમયે નરેન્દ્રનાથનું આ કૉલેજ શિક્ષણ ચાલી રહ્યું હતું, તે જ સમયે બંગાળમાં સામાજિક સુધારણાનું જોરદાર આન્દોલન પણ ચાલી રહ્યું હતું.[૩] સામાજિક સુધારણાના આન્દોલનનો પ્રભાવ તે સમયના શિક્ષિત યુવાનો ઉપર પડી રહ્યો હતો. એટલે સ્વાભાવિક રીતે જ નરેન્દ્રનાથના જીવન ઉપર પણ આ સામાજિક સુધારણાના આન્દોલનનો પ્રભાવ પડ્યો હતો. સ્વામીજીના જીવનચરિત્રમાં લખવામાં આવ્યું છે તેમ - 'થોડા સમય સુધી તો બ્રહ્મસમાજના બૌદ્ધિક વાતાવરણે નરેન્દ્રનાથને સંતોષ આપ્યો.... પરન્તુ એમને જણાયું કે ઈશ્વરસાક્ષાત્કારની બાબતમાં તો પોતે પહેલાં જ્યાં હતાં, ત્યાં જ હજુ છે. તત્ત્વજ્ઞાન અને વેદો એ અનિર્વચનીય તત્ત્વને વર્ણવવાના પ્રયાસો માત્ર છે, એમ તેમને લાગ્યું.'[૪] આમ બ્રહ્મસમાજનો પ્રભાવ નરેન્દ્રનાથ ઉપર પ્રભાવી રહી શક્યો નહીં, પરન્તુ શ્રીરામકૃષ્ણ પરમહંસના સાન્નિધ્યનો પ્રભાવ ઘેરો થતો ચાલ્યો.

સને ૧૮૮૬ પછી નરેન્દ્રનાથ સંપૂર્ણ રીતે શ્રીરામકૃષ્ણ પરમહંસના સાન્નિધ્યમાં આવી ગયા અને વૈરાગી જીવનનો માર્ગ સ્વીકારી લીધો. એ પછી સને ૧૮૮૬ થી ૧૮૮૮ ની વચ્ચે તેઓ દેશાટન કરે છે અને એ દરમ્યાન તેઓ કાશી આવી પહોંચે છે. ખાસ્સો સમય અહીં નિવાસ કરે છે. આ નિવાસ દરમ્યાન તેમનો સંપર્ક સંસ્કૃતના તે સમયના સુપ્રસિદ્ધ મહાન્ વિદ્વાન પંડિત શ્રી પ્રમદદાસમિત્રની સાથે થાય છે. આગળ જતાં આ સંપર્ક સ્વામીજીના સંસ્કૃતભાષાના ગહન અભ્યાસની ભૂમિકા રચી આપે છે.

પંડિત શ્રી પ્રમદદાસમિત્ર પાસેથી સ્વામી વિવેકાનન્દ વેદાન્તનાં અને પાણિનીય વ્યાકરણનાં કેટલાંક પુસ્તકો મંગાવે છે. શ્રી પ્રમદદાસમિત્ર સ્વામીજી એ બધાં પુસ્તકો મોકલી આપે છે. એ પછી આ પુસ્તકોના અભ્યાસને અંતે સ્વામીજીને એ વાતની ખાતરી થાય છે કે - 'વેદ (કે વેદાન્તશાસ્ત્ર)નાં પુસ્તકોને સમજવાં હોય, તો તેમનો અભ્યાસ કરતાં પહેલાં સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રનો અભ્યાસ કરવો આવશ્યક છે.' પરિણામે હવે સ્વામીજી સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રનો સવિશેષ રૂપે શીખવા માટેનો પુરુષાર્થ આદરે છે.

સ્વામીજીનો સંસ્કૃત-શિક્ષણનો આ પુરુષાર્થ જેમ જેમ વધતો ગયો, તેમ તેમ સ્વામીજીને સમજાતું ગયું કે - સમાજમાં પ્રચલિત રિવાજો અને શાસ્ત્રમાં મળતાં વિધાનોમાં ઘણી વિષમતાઓ છે. જો ભારતનું પુનરુત્થાન કરવું હોય, તો આ વિષમતાઓને દૂર કરવી જોઈએ. આ વિષમતાને કેવી રીતે દૂર કરવી, એ પ્રશ્ન પણ સ્વામીજીના મનમાં થતો રહ્યો. અમને એમ જણાય છે કે સ્વામીજીએ આ વિષમતાઓને દૂર કરવાનો ઉપાય

મનમાં વિચારીને જ સંકલ્પ કર્યો હતો કે 'વેદો અને ઉપનિષદોનાં સત્યોને તમામ વર્ગોની મૂળી બનાવવી જોઈએ.'

સ્વામી વિવેકાનન્દજીએ કરેલાં ઉપર્યુક્ત વિધાનની પાછળ રહેલું કારણ પણ સ્પષ્ટ હતું. વેદ-ઉપનિષદ્ સિવાયના અન્ય હિન્દુ-ધર્મશાસ્ત્ર (મુખ્યત્વે પુરાણાદિ)નો આશ્રય લેવા જતાં પુનરુત્થાનનું કાર્ય શક્ય બને તેમ ન હતું. કેમકે તે સમયના સમાજમાં પ્રચલિત રીતિ-રિવાજો (હકીકતમાં તો કુરીતિઓ અને કુરિવાજો)નું ઉન્મૂલન કરવું હોય, તો તેમને સમર્થન આપતાં ધર્મશાસ્ત્રનો પણ પરિત્યાગ કરવો પડે, એ આવશ્યક બની રહે. આ વિચારબીજના આશ્રયે સ્વામીજીના મનમાં વેદ અને ઉપનિષદ-એ બેનું પ્રાધાન્ય પ્રસ્થાપિત થઈ ચૂક્યું હતું.

શાસ્ત્રજ્ઞ અને વિચારશીલ કોઈ પણ ધાર્મિકસુધારકને એ પ્રશ્ન સતત સતાવતો રહે છે કે જે દેશની આટલી પ્રતિષ્ઠા છે, જે દેશના લોકોનો આટલો બધો ભવ્ય ભૂતકાલ છે, જે દેશની સંસ્કૃતિ અનેક પ્રકારના વિઘ્નો વચ્ચે પણ આજેય સચવાઈ રહી છે, તે દેશની પ્રજામાં કુરિવાજ, અન્ધવિશ્વાસ અને સામાજિક કુરીતિઓનો પ્રવેશ કેવી રીતે થઈ ગયો ? એક ઈશ્વરનો સ્વીકાર કરનારી આ ભારતીય પ્રજા ખંડ ખંડમાં શા માટે વિભાજિત થઈ ગઈ. આ પ્રશ્ન સ્વામી વિવેકાનન્દજીને સતાવતો રહ્યો. છેવટે એમણે આ પ્રશ્નનું જે સમાધાન વિચાર્યું, તે નોંધપાત્ર છે. સ્વામીજી એ જોયેલું કે બંગાળમાં જ કોઈ વર્ગ રઘુનન્દન સ્મૃતિને, તો કોઈ વર્ગ મિતાક્ષરાને, તો કોઈ વર્ગ મનુસ્મૃતિને આધારે પોતાના વ્યવહારને અમલમાં મૂકી રહ્યો છે. આ મતભેદ સ્વામીજીને પસંદ ન હતો. તેથી તેમણે પોતાના એક પ્રવચનમાં જણાવ્યું હતું કે - 'અહીં બંગાળમાં રઘુનન્દનની સ્મૃતિ ચાલે છે. થોડે દૂર તમે મિતાક્ષરાની સ્મૃતિ પ્રવર્તતી જોશો. જ્યારે બીજા ભાગોમાં તમે મનુસ્મૃતિનો અમલ થતો જોશો. તમે તો એમ માનતા લાગો છો કે એક જ સ્મૃતિના નિયમો બધે પ્રવર્તે છે. (પણ હકીકતમાં આવું નથી.) માટે હું જે કરવા માગું છું કે લોકોના મનમાં વેદ પ્રત્યે શ્રદ્ધા વધારીને તેમને વેદ અભ્યાસ કરવા પ્રોત્સાહિત કરવા અને બધી જગાએ વેદોક્તવિધિઓ ચલાવવી. (જુઓ, સ્વામી વિવેકાનન્દ. 'ભાષણો અને લેખો', ભાગ ૧૦, પૃ. ૧૩૯)

આમ સ્વામીજીએ વેદને ધર્મના મૂળમાં જોવાની આપણી પ્રાચીન પરમ્પરાને સ્વીકારી.[૫] સ્વામીજીનું એ સ્પષ્ટ મન્તવ્ય હતું કે હિન્દુ ધર્મની જે કોઈ નિર્બળતાઓ છે, તે દૂર કરવી હોય, તો વેદના શરણમાં ગયા સિવાય છૂટકો નથી. વળી, વેદની બાબતમાં પાશ્ચાત્ય વિદ્વાનોએ આપણને જે રીતે ગેરમાર્ગે દોર્યા છે, તે પણ સ્વામીજીને કઠતું હતું. આથી જ તેમણે જણાવ્યું હતું કે - "વેદ એટલે સનાતન સત્યોનો સમૂહ. વેદના ઋષિઓએ આ સત્યોની અનુભૂતિ કરેલી. તેવી અનુભૂતિ અતીન્દ્રિય દ્રષ્ટાઓ જ કરી શકે, આપણા જેવા સામાન્ય માણસનું એ કામ નહીં. તેથી વેદોમાં ઋષિ શબ્દનો અર્થ મન્ત્રોના સત્યનું દર્શન કરનાર - એવો થાય છે. જનોઈ લટકાવનાર ગમે તે બ્રાહ્મણ નહીં. સમાજમાં જ્ઞાતિઓનું વર્ગીકરણ તો પાછળથી થયું."

એવી જ રીતે આલાસિંગાને ૨૦ ડિસેમ્બર, ૧૮૯૫ના રોજ લખેલ પત્રમાં સ્વામીજીએ જણાવેલું કે - '... સૂક્તોનો અનુવાદ કરવામાં ભાષ્યકારના ભાષ્ય પ્રત્યે ખાસ લક્ષ આપજો. પૌર્વાત્ય વિદ્યાના પાશ્ચાત્ય પંડિતોનાં કથનો પર લેશમાત્ર લક્ષ આપશો નહીં. આપણાં શાસ્ત્રો વિશે એ લોકો કશું સમજતા નથી. ધર્મ કે ફિલસૂફી સમજવાનું કામ શુષ્ક ભાષાશાસ્ત્રીઓનું નથી....'

સ્વામીજીના જીવનનો અન્તિમ દિવસ છે. તેમને શિષ્ય પ્રેમાનન્દે પૂછ્યું - સ્વામીજી ! વેદોનો અભ્યાસ શું કામ આવવાનો છે ? આ સાંભળી એમણે ઉત્તર આપ્યો - 'એથી અંધ રૂઢિઓ ઊખડી જશે ! સ્વામીજીનો આ ઉદ્ગાર પણ સામાજિક ઉત્કર્ષના સાધન તરીકે વેદની વિચારધારાને મૂકી આપે છે.'

મદુરામાં સ્વામીજીને માનપત્ર આપવામાં આવ્યું હતું. તે પ્રસંગે પોતાનો પ્રતિભાવ આપતાં તેમણે જણાવ્યું હતું કે આપણાં શાસ્ત્રોમાં બે જાતનાં સત્યો જોવામાં આવે છે. એક મનુષ્યના સનાતન સ્વભાવ પર આધાર રાખે છે કે જેમાં ઈશ્વર, જીવ અને પ્રકૃતિનો સનાતન સંબંધ આવે છે, બીજું સત્ય સ્થાનિક સંજોગો, એ સમયની પરિસ્થિતિ, એ કાળની સામાજિક સંસ્થાઓ અને આવા બધાને લાગતું છે. પ્રથમ કક્ષાનું સત્ય

મુખ્યત્વે કરીને આપણા વેદોમાં, આપણાં શાસ્ત્રોમાં સમાયેલું છે, બીજું સત્ય સ્મૃતિઓ અને પુરાણોમાં સંગ્રહાયેલું છે. આપણે યાદ રાખવું જોઈએ કે વેદો સદાને માટે અન્તિમ આદર્શ અને આખરી પ્રમાણ છે, અને જ્યાં જ્યાં પુરાણ વેદોથી ભિન્ન અર્થ બતાવે, ત્યાં ત્યાં પુરાણોનો તે વિભાગ અચકાયા વિના ત્યજી દેવાનો છે.[૬]

વેદનાં કયાં વચનો સામાજિક ચેતનાને જાગરુક બનાવી શકે છે તેમનો પણ સ્વામીજીએ અનેકત્ર નિર્દેશ કર્યા કર્યો છે. 'ભારતનું ભાવી' એ વિષય ઉપર પ્રવચન કરતાં સ્વામીજી કહે છે - અત્યારે જે મને ઋગ્વેદ સંહિતાની એક અદ્ભુત ઋચા સાંભરી આવે છે - सं वो मनांसि जानताम् । તમારા સર્વેના મન એક થાઓ, સર્વેના વિચાર એક થાઓ, કેમકે પુરાતન કાળમાં દેવતાઓના મન એક હોવાથી જ તેઓ બલિભાગ લેવાને સમર્થ હતા. મનુષ્યો દેવતાઓનું પૂજન કરે છે એનું ખરું કારણ એ છે કે દેવતાઓના મન એક છે. એક મનવાળા થવું એ સમાજની સફલતાનું રહસ્ય છે.[૭]

ધર્મપરિષદ પ્રસંગે થયેલી વિદેશ યાત્રા અને ત્યાં કરેલાં પ્રવચનથી હવે ભારતીય પ્રજામાં પ્રસિદ્ધ બનેલા સ્વામી વિવેકાનન્દજીએ પૂર્વમાં (ભારતમાં) જે પ્રથમ જાહેર પ્રવચન કરેલું તેમાં તેમણે કહેલું - 'વાંચો ત્યારે - સત્ એક છે, ઋષિઓ તેને વિવિધ નામથી બોલાવે છે. મારા દેશબન્ધુઓ ! જગતને આપણે જે સૌથી વિશેષ ઉપદેશવાનું છે, તે આ મહાન સત્ય છે.'[૮]

સ્વામીજીનો ઈશારો ઋગ્વેદના જે મન્ત્રના સંદર્ભે હતો, તે મન્ત્ર આ પ્રમાણે છે -

इन्द्रं मित्रं वरुणमग्निमाहुरथो दिव्यः स सुपर्णो गरुत्मान् ।
एकं सद्विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहुः ॥[૯]

અહીં જણાવ્યું છે તેમ ઈશ્વર એક છે પરન્તુ વિદ્વાન લોકો તેને એક રીતે કહે છે (બોલાવે છે, પોકારે છે). જેમ કે કોઈ તેને ઈન્દ્ર, કોઈ મિત્ર, કોઈ વળી વરુણ, તો કોઈ વળી અગ્નિ કહે છે. એવી જ રીતે કોઈ તેને દિવ્ય, સુપર્ણ કે ગરુત્માન્ કહે છે. કેટલાક લોકો અગ્નિ, યમ કે માતરિશ્વા કહે છે. આમ ઈશ્વર એક જ છે, પણ તે ભક્તો દ્વારા અનેક રીતે બોલવામાં આવે છે, પોકારવામાં આવે છે.

આ વેદોક્ત વાતની પાછળ જે સૂક્ષ્મ વિચાર પડેલો છે, તે પણ સમજવા જેવો છે. ઈશ્વર એક જ હોય તો તેનું નામ પણ એક જ હોવું જોઈએ. પછી શા માટે તેને અનેક નામોથી પોકારાય છે ? કોઈના પણ મનમાં આવો પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. આ પ્રશ્નનો ઉત્તર કંઈક આ રીતે આપવાનો રહે છે. પ્રત્યેક ભક્ત ઈશ્વરની ભક્તિ કરે છે. ઈશ્વરના અસ્તિત્વનો અહેસાસ કરતાં કરતાં પોતાના જીવનમાં ઈશ્વરે ભજવેલી ભૂમિકાનું પણ તે સ્મરણ કરે છે. આ સ્થિતિમાં જુદા જુદા ભક્તજનો માટે ઈશ્વરે જે વિવિધ ભૂમિકાઓ અદા કરી છે, તે ભૂમિકાને કારણે ભક્તજનોને ઈશ્વરને અનેક રીતે પોકારવાનું મન થઈ જાય છે. દાખલા તરીકે કોઈ ભક્તના જીવનમાં ઈશ્વરે માતાની ભૂમિકા અદા કરી હોવાનો જે તે ભક્તને અહેસાસ થાય છે, ત્યારે તે ઈશ્વરને માતા કહીને પોકારે છે. એવી જ રીતે કોઈ ભક્તને પોતાના જીવનમાં ઈશ્વરે કલ્યાણ જ કલ્યાણ કર્યું હોવાનું અનુભવાય છે કે તરત જ તે ઈશ્વરને શિવ નામે બોલાવતો થઈ જાય છે. જેને ઈશ્વરના અનન્ત ઐશ્વર્યની ઝાંખી થઈ ગઈ હોય છે, તે ઈશ્વરને પરમ ઐશ્વર્યવાન્ સમજીને ઈન્દ્ર એવા નામથી પોકારે છે. એવી જ રીતે અન્ય અનેક ભક્તો પોતાના જીવનના સંદર્ભે ઈશ્વરને ભજવેલી ભૂમિકાનું સ્મરણ અને અનુભાવન કરીને તે તે ભૂમિકાના અનુસંધાનમાં એક જ ઈશ્વરને અનેક નામોથી બોલાવતા થઈ જાય છે.

ઈશ્વરના સંદર્ભે ભક્તોની અંદર પ્રવર્તિત થયેલી આ વાત માનવીય જીવનના સંદર્ભે પણ અનેરો સંદેશો આપે છે. વેદનો આ સંદેશો વિશ્વમાં ફેલાવા જેવો છે, તેવો નિર્દેશ સ્વામી વિવેકાનન્દના ઉપર્યુક્ત ઉપદેશમાં છુપાયેલો છે. માનવ સમાજમાં પ્રત્યેક વ્યક્તિ સ્વરૂપતઃ એક છે. તે એક વ્યક્તિનું પોતાનું એક નામ પણ નિર્ધારિત કરેલું હોય છે. આ સ્થિતિમાં એક વ્યક્તિ એક નામ - એ રીતનો સામાજિક વ્યવહાર ચાલ્યા કરે છે. પરન્તુ માનવે યાદ રાખવાનું છે કે તેણે અન્ય વ્યક્તિઓના વિશેષ કરીને અન્ય માનવ સમુદાયની

વ્યક્તિઓ પ્રત્યે જુદી જુદી ભૂમિકા અદા કરવાની છે. આ ભૂમિકાને અદા કરતી વખતે તેને જુદાં જુદાં નામો પણ પ્રાપ્ત થવાનાં છે. જેમકે - એક માણસ પોતાના સંતાનોના લાલન-પાલનની ભૂમિકા અદા કરે, તો પેલા સન્તાનો તેને પિતા નામથી પોકારતા થઈ જાય છે. એવી જ રીતે જો કોઈ વ્યક્તિ યજમાનની ભૂમિકા અદા કરવા લાગે, તો તે વખતે ઉપસ્થિત જન સમુદાયમાં તે યજમાનના નામે બોલાવવામાં આવે છે. કોઈ વ્યક્તિ સ્કૂલ કે કૉલેજમાં અધ્યાપન કાર્ય કરીને શિક્ષક કે પ્રાધ્યાપકની ભૂમિકા અદા કરે, તો તેને લોકો શિક્ષક કે પ્રાધ્યાપક કહીને સંબોધન કરે છે.

આમ માનવીય સામાજિક વ્યવહારમાં પણ વ્યક્તિની ભૂમિકાને કારણે જુદાં જુદાં નામ પ્રાપ્ત થાય છે, તેમ ભક્તના જીવનમાં ઈશ્વરે ભજવેલી ભૂમિકાને કારણે ઈશ્વરને અનેક નામ પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં આ નામાવલિ ભૂમિકાભેદે અસંખ્ય બની રહે છે. માનવના જીવનમાં ઈશ્વર કોઈ સીમિત ભૂમિકા ભજવતા નથી. તેથી તેમનાં નામો પણ સીમિત નથી. ઋગ્વેદની ઉપર્યુક્ત ઋચામાં તો ઉપલક્ષણથી કેટલાંક નામોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. બાકી, ઈશ્વરની ભૂમિકાઓ તો અનન્ત છે. આ અનન્ત ભૂમિકાઓને કારણે ભક્તજનોના મુખમાંથી ઈશ્વરનાં અનન્ત નામોની સંકલ્પના થયા કરે છે. આમ ઈશ્વરનાં નામો પણ અનન્ત બની રહે છે.

પરન્તુ, અહીં એ પણ યાદ રાખવા જેવું છે કે માનવ સમાજમાં જ્યારે એક વ્યક્તિ વિવિધ ભૂમિકાઓ અદા કરીને જે તે નામ પ્રાપ્ત કરવાનું ચૂકી જઈને, પોતાના જન્મ સમયે મળેલા નામને જ વળગી રહીને કોઈ ભૂમિકા ભજવતી હોય, ત્યારે ત્યાં સામાજિક દૂષણ પ્રવર્તતું જાય છે. જરા વિચારો કે - કોઈ વ્યક્તિ જન્મથી જમીનદાર હોય, પણ જો કે જમીનદારની ભૂમિકા અદા કરે નહીં, અને વળી, એક માનવ તરીકે ભજવવાની થતી બીજી વિવિધ ભૂમિકાઓને પણ ભજવે નહીં, તો સમાજમાં અને પરિવારમાં શું થાય ? પરિવારના સદસ્યોમાં અને સમાજમાં ભજવવાની થતી ભૂમિકાઓ ન ભજવી હોય, તો સમાજમાં અનિવાર્ય રીતે દૂષણ ઊભું થાય છે.

આ સામાજિક દૂષણને દૂર કરવા વેદના ઉપર્યુક્ત કથનને સ્વામીજીએ એક દિશાસૂચક સાધન તરીકે સ્વીકાર્યું. આ વૈચારિક સાધન દ્વારા સમગ્ર માનવ સમાજ પોતાને ફાળે આવતી વિવિધ ભૂમિકાઓ અદા કરતો રહીને પરિવારમાં અને સમાજમાં પ્રવર્તતાં દૂષણોને દૂર કરે, એવો આશાવાદ સ્વામી વિવેકાનન્દજીના ઉપર્યુક્ત સંદેશમાં વાંચી શકાય છે. આમ આ રીતે સામાજિક જન-જાગરણના સાધન તરીકે સ્વામીજીએ વેદનો સ્વીકાર કર્યો હતો. (ઇતિ શમ્)

## સંદર્ભ


૧. જુઓ, સ્વામી વિવેકાનન્દ (જીવન ચરિત્ર), લે.અજ્ઞાત, પ્રકાશક-શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ, ચતુર્થ સંસ્કરણ, સન ૧૯૮૪, પૃ. ૬
૨. એજન, પૃ. ૮
૩. ધ્યાતવ્ય છે કે - સને ૨૫ ઑગસ્ટ, ૧૮૨૮ માં રાજા રામમોહન રાયે કલકત્તામાં બ્રહ્મસમાજની સ્થાપના કરી હતી.
૪. જુઓ, એજન પૃ. ૨૧
૫. આપણા પ્રાચીન ઋષિ-મુનિઓનું મન્તવ્ય રહ્યું છે કે - वेदोखिलो धर्ममूलं सर्वज्ञानमयो हि सः । અર્થાત્ વેદ ધર્મનું મૂળ છે અને તે બધા જ પ્રકારના જ્ઞાનથી ભરેલો છે.
૬. જુઓ, ભારતમાં આપેલાં ભાષણો, મદુરામાં આપાયેલા માનપત્રનો જવાબ, પૃ. ૬૦
૭. જુઓ, ભારતમાં આપેલાં ભાષણો, ભારતનું ભાવી, પૃ. ૧૭૧
૮. જુઓ, ભારતમાં આપેલાં પ્રવચનો, પૂર્વમાં પ્રથમ જાહેર પ્રવચન, પૃ. ૯-૧૦
૯. ऋग्वेदसंहिता, मंडल ०१, सूक्त १६४, ऋचा ४६.

# કુત્તુ, કુડિયાટ્ટમ અને કુત્તમપલમ+

◆

ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા*

ઉપરના વિષય સંદર્ભે 'ભૂમિકા' બાંધી આપી પછી 'વિષય પ્રવેશ' કરવાનો છે. વિષયના સંશોધન અને અધ્યયન હેતુએ જે રજૂ કરવાની અને મહત્ત્વની વાતો છે તેમાંની થોડીક આ પ્રમાણે છે : કેરલા પ્રદેશ અને એમાં સંસ્કૃત નાટકો ભજવવાનું પરંપરાગત, આગવું અને ચોક્કસ સ્વરૂપ ક્યું છે, નાટ્યશાસ્ત્ર પ્રમાણે એ નાટકો અને એનો રંગમંચ તથા એનું નિર્માણ અને અસ્તિત્વ તથા એની સ્થિતિ, એ નાટકો સંદર્ભે કુલશેખર વર્મા અને કવિ તોલનનું પ્રદાન, કેરલાની લોકસંસ્કૃતિ સાહિત્ય ઇત્યાદિ અને તેના પર પડેલો અનેક સંસ્કૃતિઓનો પ્રભાવ, લોકજીવન, ચાક્યાર કુટુંબો, નાટકોમાં પૂર્વરંગ-વિધાન, પૂજાવિધિ ઇત્યાદિ અને એ નાટકોમાં સંગીત, આહાર્ય, પ્રકાશ વગેરે તથા આંગિક અને બીજા અભિનયો, તાલીમ, કલ્પના ઇત્યાદિ, કુડિયાટ્ટમનો વિદૂષક, કથકલી કૃષ્ણાટ્ટમ તીયાટુ અંકન ચવિટુનાટકમ્ અને બીજાં સ્વરૂપોના માધ્યમે તાલીમમાં વિશેષ ખબર પામવા અંગે, પરપટ્ટુ નિર્વહણ અનુકર્મ વગેરે; સંયુક્ત-ક્રિયાઓ, મુટિય અક્કિતા વગેરે - આ ઉપરાંત સંશોધનને પરિણામે જે કંઈ બીજી અને વિશેષ મહત્ત્વની વાતો બહાર આવે તેના પર પ્રકાશ પાડવાનો, નિર્ણયો તારવવાનો કે સંશોધક તરીકે મત આપવાનો પ્રયાસ આ વ્યાખ્યાનમાં મારે કરવાનો છે.

ઉપરના પરિચ્છેદમાં જે કંઈ કહેવામાં આવ્યું છે તેનું પરલક્ષ્ય નીચે પ્રમાણે છે.

'કુત્તુ' 'કુડિયાટ્ટમ' અને 'કુત્તમપલમ' એ શબ્દો કેરલામાં જુદા જુદા ઉચ્ચારે મળે છે અને વિદ્વાનોમાં પણ એ જુદી જુદી રીતે ઉચ્ચારાય છે તથા લખાય છે, જેમ કે 'કુત્તુ' માટે 'કુત્ત' 'કુથુ' 'કુથૂ' 'કુથ્થુ' વગેરે, 'કુડિયાટ્ટમ' માટે 'કુડિયાટ્ટમ' 'કુટ્ટિયાટમ' 'કુટિયટ્ટમ' અને બીજા તથા 'કુત્તમપલમ' માટે 'કુતમ્પલમ' 'કુત્તમ્પલમ્' 'કુટુમ્બલમ' ઇત્યાદિ. આમ છતાં એ એક જ કલા સ્વરૂપમાં ખપે છે. મેં અહીં નિગમનથી 'કુત્તુ' 'કુડિયાટ્ટમ' અને 'કુત્તમપલમ' એમ લખેલ છે. વળી આપણે ત્યાં કેટલાક વિદ્વાનો જોડણી અને ઉચ્ચાર 'કેરલ' એમ કરે છે. પણ ત્યાં છેલ્લા અક્ષરને લંબાવીને ઉચ્ચારવામાં આવે છે. તેથી જોડણી અને ઉચ્ચાર 'કેરલા' એમ થાય. માટે આ ભાષણમાં મેં તે સ્વીકારી છે.

જૈન ગ્રંથોમાં નાટ્યશાલાની નિર્માણવિધિ પર શાસ્ત્રીય દૃષ્ટિએ કહેવામાં આવ્યું છે. જિનસેન કૃત આદિ પુરાણ પર્વ ૨૩ માં બાહ્યાભ્યન્તર તોરણોની વચ્ચેના બંને પાર્શ્વોમાં એક-એક નાટકશાલાના નિર્માણ વિશે ચર્ચા કરી છે. પરંતુ આ બધાના નિયમો અને નિર્દેશો બહુ અનુકૂળ ન રહ્યા; એટલે ઘણા કાળ સુધી ચાલુ રહી શક્યા નહિ. જેમકે એમાં કહ્યા પ્રમાણે અલગ-અલગ મંડપો અને ભવનોની રચના, નાટ્યશાલાઓ સામાન્ય શરીર પ્રમાણથી બાર ગણી ઊંચી, ૩૨ રંગમંચ વાળી, વગેરે. આ બધું માનવીની વાસ્તવિક્તાને અને સ્વાભાવિક્તાને બંધ બેસતું ન રહ્યું. રંગમંડપની આ રચના અને ઉત્કીર્ણ-કૌશલને જોતાં પ્રેક્ષકને એમ લાગવા માંડ્યું કે જાણે એ કોઈ દિવ્યલોકમાં આવી પહોંચ્યો છેય, જ્યારે ભરતે નાટ્યશાસ્ત્રના બીજા અધ્યાયમાં રંગયોજના અથવા નાટ્યશાલાની રચના અંગે વિસ્તારથી જે વર્ણન કર્યું છે તે લોકને વધુ અનુકૂળ રહ્યું.

---

+ વર્ષ ૨૦૦૬-૨૦૦૭ના શ્રી. સુધાબેન દેસાઈ -ભવાઈ-નાટક-લોકનાટ્ય વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતા તરીકે, મ.સ.યુનિ.-નાટ્ય વિભાગ-ના સહયોગથી, 'કુત્તુ, કુડિયાટ્ટમ અને કુત્તમપલમ' વિષય પર અપાયેલ (કૉન્સર્ટ હૉલ, ફેકલ્ટી ઑફ પરફોર્મિંગ આર્ટ્સ મ્યુઝિક કૉલેજ, વડોદરા), ગુજરાતી સાહિત્ય પરિષદે યોજેલ, વ્યાખ્યાન. તા. ૧૪.૭.૨૦૦૭

* એમ-૮૨/૩૮૫ 'સ્વરૂપ' 'સરસ્વતી નગર, આઝાદ સોસાયટી પાસે, અમદાવાદ-૧૫. ટે.નં. ૨૬૭૪૭૫૯૦ મો. ૯૪૨૮૯૯૮૯૩૨

(નોંધીએ કે આ અધ્યાયનો પ્રતિપાદ્ય વિષય જ નાટ્યમંડપના નિર્માણની વિધિ તથા એના અંગ નેપથ્યગૃહ રંગપીઠ, સ્તંભવિધાન, દારુકર્મ ઇત્યાદિ છે.) પિતામહ પણ વિશ્વકર્માને દુન્યવી નાટ્યશાલાનું જ નિર્માણ કરવાનો આદેશ આપે છે. ભલે એ નાટ્યમંડપો દેવતાઓ, રાજાઓ અને કનિષ્ઠ શેષ મનુષ્યો માટે એમ નિર્ધારિત કરાયા. છતાં એ જૈન ગ્રંથોએ કહેલા માત્ર દિવ્યલોક બનવાને બદલે, બધા લોકને માટે, સર્વલક્ષણ સંપન્ન નાટ્યશાલાઓ બની, પણ નાટ્યશાલાની આ પરંપરા કયા રૂપમાં આગળ વધી, એની વ્યવસ્થિત અને ક્રમબદ્ધ જાણકારી આપણી પાસે નથી. સંસ્કૃત ગ્રંથોમાં એક તરફ નાટ્યશાલાઓના વિધિ-વિધાન પર સૂક્ષ્મ ચર્ચાઓ મળે છે તો બીજી તરફ એવી પ્રતીતિ થાય છે કે નાટકોના અભિનયને માટે સ્વતંત્ર નાટ્યશાલાઓ ન હતી અને સામાન્યતઃ અભિનય દેવોત્સવ, વિવાહોત્સવ કે વિજયોત્સવના સમયે થતા ધાર્મિક અવસરો અને તહેવારોના સમયે થતો હતો. એવા અભિનય માટે મંદિરો અથવા રાજાઓના મહેલમાં પણ અસ્થાયિ વ્યવસ્થા કરી લેવામાં આવતી હતી. તોપણ પાણિનિની અષ્ટાધ્યાયી, ભરતનું નાટ્યશાસ્ત્ર, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, વાત્સાયનનું કામસૂત્ર, ભાસનું પ્રતિમા નાટક વગેરે અનેક ગ્રંથો એવા પણ છે કે જેમાં નૃત્ય-સંગીત આદિ મનોરંજનની સાથે-સાથે નાટ્યશાલાઓ અને સંગીતશાલાઓના અસ્તિત્વની ચર્ચાઓ છે. ભાસનો સમય ૪૦૦ ઈ.સ. પૂર્વેનો લગભગ મનાય છે અને દક્ષિણના ચાક્યારો આજે પણ કુત્તમપલમ થિયેટર પર એનાં નાટકો કરે છે.

ઉપરના સંજોગો કુત્તમપલમ થિયેટરો અને કુડિયાટ્ટમ નાટકોને ભરતે કહેલા અભિનય અને રંગભૂમિ સાથે સરખાવવા પ્રેરે છે અને વિદ્વાનોને એનું પગેરું એમાંથી મળે છે. આ રીતે કેરલાનાં પારંપરિક સંસ્કૃત નાટકો એક મહત્ત્વના અભ્યાસનો વિષય રહ્યો છે.

ઈ.સ. ૫૮૭ માં યહૂદીઓ કોચીન પાસે મટ્ટનચેરીમાં આવીને વસ્યા હતા. રાજા ભાસ્કર રવિવર્મને દશમી સદીમાં જમીન અને કેટલાક હક્કો યહૂદીઓને આપ્યા હતા. એ સાથે યહૂદી ધર્મ પણ ભારતમાં આવ્યો હતો. સંત ટોમસ પોતે ભારત આવેલા અને આદ્ય શંકરાચાર્યની જન્મભૂમિ નજીક જ સ્થાયી થયા હતા. એમના વડે ખ્રિસ્તી ધર્મની સ્થાપના ભારતમાં થઈ. નવમી સદીમાં આરબો વેપારીઓ તરીકે આવ્યા અને એમના દ્વારા મલબારના મોપલા કહેવાતા મુસલમાનોની ઉત્પત્તિ થઈ. મુસ્લિમ ધર્મ પણ ફેલાયો. ઈ.સ. ૧૪૯૮ ના મેની સત્તરમી તારીખે પોર્ટુગલો આવ્યા. પછી 'ટોપીવાળાના ટોળાં' ઉતર્યા અને સારુંય ભારત પરતંત્ર બન્યું. આમ છતાં ઘણી પ્રાચીન અને સભર દ્રાવિડ સંસ્કૃતિ તથા આર્ય સંસ્કૃતિ જે સમાગમ પામી હતી તેનો સુંદર સાંસ્કૃતિક પ્રવાહ તો ચાલુ રહ્યો. જુદે જુદે સમયે આર્યો કેરલામાં આવીને વસ્યા હતા. શંકરાચાર્ય આઠમી સદીમાં થયા એટલે બ્રાહ્મણો ઉત્તરમાંથી ત્યાં આવીને વસ્યા હતા એ જોઈ શકાય છે. દ્રાવિડ કુળની મલયાલમ ભાષા હતી એમાં સંસ્કૃત ભાષાએ પ્રભાવ પાડ્યો.

૧૯૫૬ માં રાજ્યોનું ભાષાવાર પુનર્ગઠન થતાં ત્રાવણકોર અને કોચીન રાજ્યોનો સંઘ જે દેશી રાજ્યોના એકીકરણ સમયે બન્યો હતો તે અને મલબારનો ભાગ બાદ કરતાં મલયાલમ ભાષાવાળું કેરલા બન્યું. ૧૧૦૦ વર્ષ પહેલાંથી ત્યાં લોકોમાં જે ઐક્યની ભાવના હતી તે સંસ્કાર આજે પણ દેખાયા કરે છે. સમુદ્રપટ્ટી જેવો આ પ્રદેશ પશ્ચિમઘાટના પર્વતોની વચ્ચે છે. આ ઉપરાંત ઠેરઠેર નાળિયેરીનાં વૃક્ષો, નદીઓ, નહેરો, સમુદ્રની ખાડીઓ, જળાશયો, જલમાર્ગો અને ગાઢ જંગલો તથા વનો અહીં છે જેનાથી આખી ભૂમિ મનોહર લાગે છે. આવા આ રમણીય પ્રદેશમાં નૃત્ય, સંગીત અને બીજી કલાઓ ભણવા માટેનો અને ખેંચાણનો વિષય છે. વિચાર અને ભણવા માટેની આ વસ્તુમાં ઇતિહાસ દૃષ્ટિએ ત્યાંના રાજાઓનો અમૂલ્ય ફાળો છે, એટલું જ નહિ, કેટલાક રાજાઓ તો પોતે જ કવિઓ અને કલાકારો હતા; દા.ત. સંગીત ક્ષેત્રે રાજા સ્વાતિ તિરુનાલ અને નાટ્યક્ષેત્રે રાજા કુલશેખર તથા રવિવર્માના નામો ખૂબ જ જાણીતાં છે. એ સંદર્ભે જ આ પ્રદેશનાં કુત્તુ અને કુડિયાટ્ટમ નાટકો તથા જે નાટક-શાલામાં એ થાય છે તે કુત્તમપલમ નાટ્યગૃહો પણ અભ્યાસ અને આકર્ષણનો વિષય રહ્યાં છે. આ નાટકો તથા જેના પર એ થાય છે તે રંગપીઠ ઇત્યાદિ સંસ્કૃત નાટકો, એના

પ્રયોગ-વિજ્ઞાન તથા નાટ્ય-મંડપ અને રંગમંચ સાથે અનેક રીતે સમાનતા ધરાવે છે. એ કારણે પણ એ અભ્યાસ તથા આકર્ષણનો વિષય રહ્યાં છે.

કુત્તમપલમના સ્ટ્રક્ચર, નાટ્યમંડપ, છત, પ્રવેશદ્વાર, પિલર્સ, પ્રેક્ષાગૃહ, લેવલ્સ, નેપથ્ય વગેરેની માપ અને ચિત્રો સાથે ખૂબ ઊંડાણથી ચર્ચા જ્ઞાનવાનોમાં થઈ છે. જી. વેણુના પુસ્તક 'પ્રોડક્શન ઑફ એ પ્લે ઇન કુડિયાટ્ટમ' તથા કલામંડલમ્ દ્વારા પ્રકાશિત થયેલ સોવિનિયર વગેરેમાં, એમામન તેમ્પૂરનના 'કુતમ કુડિયાટ્ટમ્' નામના ગ્રંથમાં અને કુંજુની રાજાના 'કુટિયાટ્ટમ એ મોનોગ્રાફ' નામના ગ્રંથમાં તેમ ૧૬મી સદીના 'શિલ્પરત્ન' તથા 'તંત્ર' જેવા ગ્રંથોમાં અને અન્યત્ર પણ કુત્તુ, કુડિયાટ્ટમ અને કુત્તમપલમની ઠીક ઠીક ચર્ચા થઈ છે. સાતત્ય સચવાય એટલા પૂરતી જ તથા અહીં ખપની હોય એટલી જ વાત કહેવા માટે હું એની મદદ લઈશ જેથી અન્ય વાતો કહેવાનો મને અવકાશ મળી રહે.

દક્ષિણના મંદિરોમાં આવેલા 'કુત્તમપલમ' વિશિષ્ટ અને આગવું સ્થાન એટલા માટે ધરાવે છે કે એને માત્ર પ્રજાને નૈતિક-ધાર્મિક-સામાજિક કેળવણી તથા સૌંદર્યાનંદ જ પૂરાં પાડ્યાં છે એમ નહિ પણ એમાં ભારતની વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક સભરતા, ઐતિહાસિક પાર્શ્વભૂમિ, નૈસર્ગિક સૌંદર્ય, પ્રાકૃતિક સાધનો, લોકજીવન- આ બધા રંગબેરંગી તાણાવાણાનું ચિત્ર પણ લોકને બતાવ્યું છે, એટલું જ નહિ પણ મૂળ સંસ્કૃત નાટકોની જે પરંપરા હતી તેમાંથી જ વિકાસ પામેલી એક પરંપરાને, પ્રાદેશિક અંશો સાથે, આજ સુધી સાચવી સુદ્ધાં રાખી છે.

કેરલાનું લોક-જીવન દ્રાવિડો પહેલાંના જાણીતાં વિધિ-વિધાનો તથા સામાન્ય જનોની પોતાનું હૃદય વ્યક્ત કરવાની પ્રવૃત્તિમાં સમાયેલું છે. શાસ્ત્રોક્ત વિધિમાં વિકસિત થયેલો આર્યોનો સૌંદર્ય પ્રત્યેનો અભિગમ પણ એમાં ભળતાં ત્યાંની કલાત્મક સંસ્કૃતિને એક નવો જ માર્ગ મળી રહ્યો. 'કુત્તુ' 'કુડિયાટ્ટમ' નાટકો અને 'કુત્તમપલમ'ની રચના આ પરસ્પર સંબંધ કે મેળની નિશાની છે. ઇમારતો, રહેવાનાં ઘરો, મંદિરો, નાટ્ય-ગૃહો વિશિષ્ટ-ગૃહનિર્માણ કલાનું ચિહ્ન છે અને ખૂબ જ જૂના સમયની યાદ આપે છે. સરળ નિર્માણ-શૈલી, ઉપયોગિતા, કલાત્મકતા અને આકર્ષણને કારણે પણ એ જીવંત છે તેમજ ભૂતકાળના ગૌરવને ચાલી આવેલી કલાને, સૌંદર્યની ભાષાને, ધાર્મિક ચેતના તથા પ્રકૃતિ અને વાતાવરણની પ્રેરણા વગેરેને પણ એ સતત પ્રાણવાન રાખે છે.

એ સત્ય છે કે કેરલા પ્રદેશને સમૃદ્ધ અને વિવિધતાભરી સંસ્કૃતિ વારસામાં મળી છે. આ વારસાનું કેરલાએ યુગોથી રક્ષણ કર્યું છે અને તે એ રીતે કે આપણાં શાસ્ત્રોક્ત વિધિ-વિધાનો, ધર્મ ઇત્યાદિને અભિવ્યક્ત કરવાવાળી કલાઓને જીવંત રાખવી. તંત્ર-વિદ્યા જેવા જટિલ વિધિ-વિધાનો પણ એ રીતે જ સચવાતાં રહ્યાં છે. આધુનિક નિયમન, પરિવર્તન, વગેરે જે દેખાય છે તેમાં પણ પુરાતન પરંપરાઓ તથા તાંત્રિક અને લોક-સાહિત્યે પ્રેરણા પૂરી પાડી છે જ. એ પ્રેરણાએ એની ભાષા અને ભાવનાઓને આધુનિક રૂપ આપવામાં પણ સહાયતા કરી છે. આપણા દેશ પાસે બીજાઓને આપવા માટે જો કંઈ હોય તો આ સમૃદ્ધ પરંપરા જ છે જે અધ્યાત્મ અને ભૌતિકતાનો મેળ પણ કરે છે. કેરલા જે સમૃદ્ધ તથા વિવિધ સંસ્કૃતિઓનો પ્રદેશ છે તે દૃષ્ટિએ તેના યોગદાનનું મહત્ત્વ ઓછું આંકી ન શકાય. આ સત્યને સમજીને જ એની કલાને સમજવી રહી. કુત્તુ, કુડિયાટ્ટમ, કુત્તમપલમ જેવા વિષયો અને એના પ્રશ્નો, રહસ્યો ઇત્યાદિ પણ એ સંદર્ભે સમજવા રહ્યા.

ભરતના નાટ્યશાસ્ત્ર પ્રમાણે સંસ્કૃત નાટકોનું ચોક્કસ સ્વરૂપ હતું, રૂપક ઉપરૂપકના ભેદો હતા, પ્રયોગનું વિજ્ઞાન હતું. નાટ્યમંડપ તથા રંગમંચ સંદર્ભે પણ વિશિષ્ટ ચર્ચા એમાં છે. છતાં આ નાટકો પાશ્ચાત્ય નાટકો જેમ જ થતાં એવું અંગ્રેજ વિદ્વાન કીથ, સિલ્વેન લેવી, મોનિયર વિલિયમ, જોન વગેરે માનતા. ૧૯ મી સદીમાં આ વિચારો દઢ હતા. સંસ્કૃત નાટકોમાં આવતી વિગતવાર પ્રયોગસૂચિઓને બર્નાડ શૉ જેવાનાં નાટકોમાં આપવામાં આવી છે એના જેવી સૂચનાઓ સાથે સરખાવીને આ માન્યતાને દઢ કરવામાં આવતી.

એમની દષ્ટિએ એ પદ્ધતિએ ત્રણ કલાકમાં સાત અંકો પૂરા થઈ જાય એમ મનાતું; દા.ત. 'શાકુંતલ' શેક્સપિયરના નાટકોની માફક જ ભજવવું વગેરે. પણ આ ખોટું હતું.

એ સંદર્ભે સંસ્કૃત નાટકો કઈ રીતે ભજવાતાં એની શોધ તરફ જ્ઞાનવાનોનું ધ્યાન કેન્દ્રિત થયું. સૌ પ્રથમ નાટ્યગૃહ આકારમાં ગિરિગુહા જેવું હોવું જોઈએ. એવું નાટ્ય-શાસ્ત્રનું જે કથન છે તે તરફ વિદ્વાનોનું લક્ષ દોરાયું.

ભરત પ્રમાણે 'શૈલગુહાકાર' 'દ્વિભૂમિ' નાટ્યમંડપની રચના કરવી જોઈએ. 'દ્વિભૂમિ' શબ્દના અર્થ સંબંધી અનેક મતો પ્રવર્તે છે પણ 'શૈલ ગુહાકાર' શબ્દ તો સ્પષ્ટ છે. એટલે નાટ્યમંડપનો ભીતરી ભાગ શૈલ ગુહાકાર હોવો જોઈએ એ વાતે સૌ પ્રથમ ધ્યાન ખેંચાયું અને આ તથા આવા સમાન તત્ત્વો ધરાવતા નાટ્ય-ગૃહની શોધ એટલા માટે ચાલી કે સંસ્કૃત નાટકો કયા પ્રકારના નાટ્ય-ગૃહમાં અને શી રીતે ભજવાતાં એની દિશા-રેખા તરફ જઈ શકાય.

ઉપર કહી એવી ગુફાઓ સંસ્કૃત નાટકો માટે પણ કઈ રીતે ઉપયોગમાં લઈ શકાતી હશે એ કેરલાના 'કુત્તુ' અને 'કુડિયાટ્ટમ' નાટકો જોતાં સમઝાય છે. એ તરફ કેટલાક વિદ્વાનોનું અને મારું પણ મન દોરાતાં એ નાટકો અને જે નાટ્યગૃહમાં તે થાય છે તે 'કુત્તમપલમ' નાટકશાળા મારા આ અભ્યાસ અને સંશોધનનો વિષય બન્યા છે.

આપણે 'શૈલગુહાકાર'ની વાત કરી. 'કુત્તમપલમ'નું છત પણ અજંતાની ગુફાના આકારનું હોય છે અને એ 'કુત્તમપલમ'નું એક અસાધારણ ચિહ્ન છે. વડકુનાથનના મંદિરના 'કુત્તમપલમ' જેવામાં એ દેખાય છે, બેવડું પણ હોય છે, ઉપરાંત ચિદમ્બરમ્‌માં નટરાજના મંદિરમાં છે એવું ગજમુખી સુદ્ધાં હોય છે.

મદુરાઈના મિનાક્ષી મંદિર અને એવાં બીજાં ધાર્મિક મકાનો પર આપણે કુંભ જોઈએ છીએ. 'કુત્તમપલમ' પણ આવાં જ ધાર્મિક મકાનો હોઈ તેના છત પર પણ આવા કુંભ છે. છતની નીચે ઢળતા છાપરાના છેડા પર નાગફેણ જેવા શિલ્પ નમૂનાઓ છે. અને ટોચની સાથેનો ઢોળાવ ૪૫°નો ખૂણો રચે છે. બાવન જેટલાં બીમો નાનાં મોટાં સ્તંભો પર હોય છે અને જાળી જેવી ભીંત રચે છે. છતનું ચણતર તાંબાના પતરા કે રેતીના ગારા જેવી સામગ્રીથી થયેલું હોય છે.

રંગપીઠ પરના છતમાં દેવ-દેવીઓ, બ્રહ્મા તથા અષ્ટદિક્પાલ કોતરેલાં છે. ભરતે જે દેવ-દેવીઓને દુષ્ટ તત્ત્વોની રક્ષા કરવાનું કામ સોંપ્યું તે ધાર્મિક હેતુ ઉપરાંત સૌંદર્યનો હેતુ પણ આ છત ધરાવે છે. ફૂલો વગેરેની કોતરણી છે એમાં એ સ્પષ્ટરૂપે દેખાય છે.[1] 'કુત્તમપલમ'ની વાત કરતાં, પૂર્વે મેં કહ્યું છે તેમ છત ઊંચું હોવાને કારણે રંગપીઠ પરથી વહેતા અવાજને પ્રેક્ષકો સુધી, અસરકારક રીતે, પહોંચાડવામાં ઉપકારક રહે છે. ડબલ છતનો હેતુ પણ વરસાદના અવાજની નટોના કામમાં થનાર ડખલગીરીથી નટોને બચાવી લેવાનો છે. છત ધર્મ, સૌંદર્ય તથા વિજ્ઞાનના હેતુઓને ધ્યાનમાં રાખીને બનાવેલું હોય છે.

નાટ્યશાસ્ત્ર પ્રમાણે અભિનયને માટે પ્રેક્ષાગૃહ ત્રણ પ્રકારનું હોય છે. વિકૃષ્ટ, ચતુરસ્ર અને ત્ર્યસ્ર. એ જ ત્રણ પ્રકારના નાટ્યમંડપ જ્યેષ્ઠ, મધ્યમ અને અવર કહેવાયા છે. અર્થાત્ વિકૃષ્ટ નાટ્યમંડપ જ્યેષ્ટ (ઉત્તમ), ચતુરસ્ર નાટ્યમંડપ મધ્યમ અને ત્ર્યસ્ર તે અવર (નિકૃષ્ટ) હોય છે. હાથ અને દંડના પ્રમાણના આધાર પર એના વિવિધ ભેદો કહેવાયા છે, પણ અભિનવગુપ્ત જેવાઓ આટલા બધા ભેદોને વ્યાવહારિક માનતા નથી. ભરતે જ્યેષ્ઠ પ્રેક્ષાગૃહને દેવતાઓ માટે, મધ્યમ તે રાજાઓ માટે અને કનિષ્ઠ તે સાધારણ પ્રજા માટે કહ્યો છે. ભરતે આ ત્રણેમાં મધ્યમ આકારવાળા પ્રેક્ષાગૃહને સર્વોત્તમ કહ્યો છે, કારણ કે એમાં સંવાદ, ગીત, દશ્ય વગેરે સ્પષ્ટ સાંભળી શકાય છે અને નટોના ચહેરા પરના ભાવો ઉત્તમ રીતે જોઈ શકાય છે.

ભરતે ઉપર જે મધ્યમ આકારવાળા પ્રેક્ષાગૃહને સહુથી સારો કહ્યો છે તે જ પ્રકારનો કુત્તમપલમ પ્રેક્ષાગૃહ છે. એટલે કે વિકૃષ્ટ (આયતાકાર) મધ્યમ પ્રેક્ષાગૃહ. પણ ભરતે ૬૪ અને ૩૨ હાથનો અધ્યાય ૨માં

જે કહ્યો એને બદલે તે અડધા માપનો સામાન્યતઃ હોય છે. આમ કેરલાની પ્રજાની જરૂરિયાત પ્રમાણે આ મધ્યમ વિકૃષ્ટ નાટ્યમંડપો એવી રીતે બનાવવામાં આવ્યા છે કે સામાન્ય રીતે ભરતે કહેલ માપ કરતાં અડધા માપના છે. એટલું જ નહિ પણ બે કુત્તમપલમના માપ પણ સરખા નથી. એ જરૂરિયાત પ્રમાણે નાના મોટા છે. એમાં કલામંડલમ્‌નો કુત્તમપલમ અપવાદરૂપ છે અને તે ભરતના માપને બરાબર અનુસરે છે. પણ તેનો 'એક્ટિંગ એરિયા' ૩૨ x ૩૨ છે જેને કારણે એમાં 'મોહિની આટ્ટમ' અને 'કૃષ્ણાટ્ટમ' ઇત્યાદિ પણ થઈ શકે છે.

આમ 'કુત્તમપલમ' કહ્યું એટલે એમાં લોકેશન માપ અને આકાર ભરતે કહ્યા પ્રમાણે જ હોય એમ નથી. છતાં ઘણી બાબતોમાં ભરતના નાટ્યશાસ્ત્રને એ અનુસરે છે; દા.ત. ના.શા.ના ત્રીજા અધ્યાયમાં રંગદૈવતપૂજન સંબંધી ભરતે જે વાત કરી છે એમાં બ્રહ્મમંડળની રચના સંબંધી આપેલ આદેશનો સ્વીકાર 'કુત્તમપલમ'ની રચના કરનારાઓએ કર્યો જ છે. ભરતે જે 'શૈલગૃહાકાર' કહ્યું એવો આ 'કુત્તમપલમ' છે. પ્રેક્ષાગૃહના વિભિન્ન ભાગોની પ્રકલ્પનાના પ્રસંગમાં પણ એ ભરતને અનુસરે છે; દા.ત. નાટ્યમંડપને રંગપીઠ અને પ્રેક્ષકોને બેસવાની વ્યવસ્થાને માટે બે સરખા ભાગમાં વહેંચવાનો ના.શા.કારે આદેશ આપ્યો છે તેને 'કુત્તમપલમ' બરાબર અનુસરે છે. અને એ રીતે પ્રેક્ષકગૃહ અને રંગમંચ જુદા પડતા સહેલાઈથી દેખી કે સમજી શકાય છે. રંગમંચ બાંધેલો છે જે ચોરસ આકારનો છે અને મંદિરની મૂર્તિની સામે છે. મંચને દરેક બાજુએ સ્તંભો છે જેને આધારે રંગમંચની છત ટકી રહે છે.

મારો પ્રયત્ન સત્યની શોધ તરફનો છે. એ માટે નાટ્યશાસ્ત્રો ઉપરાંત મેં ત્રિચુર ઇત્યાદિ સ્થળોએ આવેલા નાટ્ય-મંડપો, એ સાથે જોડાયેલાં મંદિરો અને 'કુત્તુ' તથા 'કુડિયાટ્ટમ'ના નાટકો જોયાં છે. અને એ રીતે કેરલામાં ભજવાતાં સંસ્કૃત નાટકોની પદ્ધતિ સમજવાનો મારો પ્રયત્ન છે. ગ્રંથો સુદ્ધાં જોયા છે અને એ કલા-સ્વરૂપને સમજવા ચાક્યાર નટો તથા કુટુંબોને પણ મળ્યો છું.

સંસ્કૃત રંગપીઠને લગતા કેટલાક ચર્ચાસ્પદ પ્રશ્નો કે જે 'કુત્તમપલમ'ને પણ એટલા જ લાગુ પડે છે; જેમ કે 'મત્તવારણી.' આ એક ચર્ચાસ્પદ પ્રશ્ન છે. અભિનવગુપ્ત પ્રમાણે રંગપીઠની બંને બાજુએ નાટ્યમંડપની બહાર, ચાર સ્તંભોથી યુક્ત, આઠ હાથ લાંબી અને આઠ હાથ પહોળી સમચતુરસ્ર મત્તવારણી હોય છે. કલામંડલમે પણ પોતે જે રચના કરી તેમાં આ પ્રમાણે જ મત્તવારણી મૂકી છે. અભિનવગુપ્ત આયતાકાર એવી મત્તવારણીનો પણ ઉલ્લેખ કરે છે જે ૧૬ + ૮ હાથ હોય છે. સુબ્બારાવ, કે.કા.શાસ્ત્રી વગેરેના મતે તો 'મત્તવારણી' એ નાટ્યગૃહનો કોઈ આવશ્યક ભાગ જ નથી. અભિનવગુપ્તે ભલે એક હજાર વર્ષ પૂર્વે વાત કરી હોય તો પણ એમના સમયમાં નાટ્યશાસ્ત્રકારે નિરૂપિત વિવિધ પ્રકારોમાંનું કોઈ 'નાટ્યગૃહ' અસ્તિત્વમાં જ નહોતું અને હોય તોપણ આચાર્યશ્રીને એ જાણવા-જોવાનો યોગ મળ્યો નહોતો, એટલું જ નહિ, અભિનવગુપ્તે અભિનવભારતીમાં ભરતોક્ત કારિકાર્થની જે વ્યાખ્યાઓ આપી છે તે સુસંગત પ્રતીત થતી નથી, કેમકે તે મૂલ પાઠ પ્રમાણે નથી. છતાં પણ એનું સમર્થન ડૉ. રાઘવન, મનકદ, વિશ્વેશ્વર અને બીજા વિદ્વાનોએ કર્યું છે. શ્રી. ગોવર્ધન, પંચાલ, વિજયા મહેતા અને બીજા કેટલાક વિદ્વાનો પણ અભિનવગુપ્તની એ વ્યાખ્યાઓ બિલકુલ સુસંગત છે એમ માનીને ચાલ્યા છે. તેથી જ તો એ લોકોએ મત્તવારણીને રંગપીઠનો આવશ્યક ભાગ ગણ્યો છે.[૨]

'કુત્તમપલમ'ને મત્તવારણી હોય જ એવું નથી. પણ વડકુનાથન જેવા 'કુત્તમપલમ'ને મત્તવારણી છે જે ચારે છેડે છે. ચારને બદલે ત્રણ સ્તંભો છે. સ્ટેજ પરની છત પણ મત્તવારણી સુધી લંબાયેલી છે. કલામંડલમ્‌ના કુત્તમપલમને પણ મત્તવારણી છે; પરંતુ એ રંગપીઠની છતની બહાર છે. બીજું જે ગોળાકાર છત પ્રેક્ષાગૃહ વગેરેને ઢાંકે છે તે આ મત્તવારણીને પણ ઢાંકે છે.

આ મત્તવારણી ભરત પ્રમાણે છે એવું 'ગોવર્ધન પંચાલ, વિજયા મહેતા અને બીજાઓ માને છે. પણ એ માન્યતા આશંકા પેદા કરે છે. એમાંથી કોઈને એવો પ્રશ્ન નથી થતો કે જો એ ભરત પ્રમાણે હોય તો ચારને

બદલે ત્રણ સ્તંભ શા માટે છે ? એટલું જ નહિ, મત્તવારણી વિશે ખુદ ચાક્યારો પણ સજાગ નથી અથવા એના વિશે બહુ જ ઓછો ખ્યાલ ધરાવે છે. તેઓ મત્તવારણીનો એક્ટિંગ એરિયા તરીકે ઉપયોગ પણ કરતા નથી. કારણ કે 'કુડિયાટ્ટમ' કે 'કુત્તુ' નાટ્ય-પ્રયોગમાં પગની ગતિ-ક્રિયાઓ બહુ ઓછી હોવાને કારણે તથા અંગ-ચેષ્ટાઓ, મુદ્રાઓ, મુખભાવ, નેત્રાભિનય, સાત્ત્વિક અભિનય વગેરેથી બહુધા પ્રયોગ થતો હોવાને કારણે એમને બહુ જ ઓછા એક્ટિંગ એરિયાની જરૂર પડે છે. મત્તવારણી સિવાયનો રંગપીઠનો ભાગ ચાક્યારોને એક્ટિંગ એરિયા માટે પૂરતો છે.

**આ નાટકોમાં ફૂટ મુવમેન્ટ ઓછી હોવાને કારણે એક્ટિંગ એરિયાની ઓછી જરૂર પડે છે.**



**ભોંય પર બેસીને મુક્ત મને અભિનય કરતો નટ**



**ત્રિપાદિકા પર બેસીને અભિનય કરતો નટ**



**માત્ર મંગળ-દીવાનો પ્રકાશ પડે છે એટલા જ એક્ટિંગમાં એરિયાનો ઉપયોગ**

ઘણીવાર બંને મત્તવારણીમાં વાજિંત્ર વગાડનારાઓ, બ્રાહ્મણો, એક્ટરો વગેરે બેઠા હોય છે. આ સંજોગોમાં મત્તવારણીનો કોઈ ચોક્કસ ઉપયોગ પ્રયોગને હોઈ શકે એ માન્યતા સ્વીકારી શકાય એમ નથી. નિર્વહણ તો એકાદ પાત્રનું હોય અથવા એક પાત્ર જ એક કરતાં વધારે પાત્રોનો રોલ-ભજવવાનો ભાગ-વેશ (Role) બતાવે છે. એવા સંજોગોમાં મત્તવારણીનો ઉપયોગ હોઈ શકે જ નહિ. હા, કોઈ વાર પાત્રો વધારે હોય અને મત્તવારણી ખાલી હોય તો એ ભાગ ઉપયોગમાં લેવાઈ જતો હોય છે. જે પાત્રોને કામ કરવાનું ન હોય અને થોડોક સમય નેપથ્ય-ગૃહમાં જતા રહેવાનું હોય તો તે નેપથ્ય-ગૃહને બદલે મત્તવારણીમાં આવી જાય છે અથવા માત્ર બે-ત્રણ પાત્રોને જ વાર્તાલાપ કે કાર્ય કરવાનું હોય તો બીજાં વધારાનાં પાત્રો મત્તવારણીમાં આવીને તે પાત્રોના વાર્તાલાપને ધ્યાનથી સાંભળે છે કે એમના કાર્યને જુએ છે. પાત્રો આવવા અને જવા માટે જ્યારે ગતિ-ક્રિયાઓ કરે છે ત્યારે એમને એક્ટિંગ એરિયા કરતાં વધારે જગ્યાની જરૂર પડે છે તે વેળાએ પણ તેઓ મત્તવારણીનો ઉપયોગ કરી લે છે, તાલ આપનાર પણ જમણી બાજુની મત્તવારણી અથવા તેની નજીક તાલ આપવા બેસી જાય છે. ઉચ્ચ કોમના બ્રાહ્મણો ડાબી બાજુની મત્તવારણીમાં બેસી જતા હોય છે. આમ મત્તવારણીનો જરૂર પ્રમાણે જુદી જુદી રીતે ઉપયોગ થતો જોવા મળે છે. એને ક્યારે, કયા પાત્રો માટે ઉપયોગમાં લેવી ઇત્યાદિ અંગે કોઈ ચોક્કસ નિયમો નથી કે કશું રૂઢ પણ નથી. એને જે રીતે ઉપયોગમાં લેવાય છે તે સહજ રીતે થાય છે, નિયમ પ્રમાણે નહીં, આમ મત્તવારણીનો અનિવાર્ય એવો કોઈ વ્યવહારુ ઉપયોગ નથી. વળી ગુરુવાયુરના ને એવાં અન્ય મંદિરોના કુત્તમપલમમાં એવી મત્તવારણી નથી. કુડિયાટ્ટમ નાટકો કુત્તમપલમ સિવાય ભોજનશાળા કે અન્ય મંડપોમાં, આવી મત્તવારણી વગર પણ થતાં આવ્યાં છે જે એમ સિદ્ધ

કરે છે કે એનો કોઈ ઉપયોગ નથી. માટે જે સ્તંભો દેખાય છે તે કોઈ સુશોભનાત્મક માંડણી માટે જ અથવા ટેકા માટે જ હોય એમ લાગે છે.

બીજા પણ પારિભાષિક શબ્દો ચર્ચામાં છે; દા.ત. ષડ્દારુક, રંગપીઠ, રંગશીર્ષ વગેરે પણ આ વ્યાખ્યાનની સમય મર્યાદાને ધ્યાનમાં લેતાં હું એની વિગતોમાં જઈ શકું તેમ નથી.

મારા અભ્યાસ-અધ્યયનમાં મને જે સમજાયું છે તે એ કે ભરતે નાટ્યશાસ્ત્રમાં વર્ણવેલ સંસ્કૃત નાટ્યમંડપ અને રંગમંચ તથા સંસ્કૃત નાટકોની પરંપરા સ્થાપત્ય અને પ્રયોગ એમ બંને રીતે એક માત્ર કુત્તમપલમ નાટ્યશાલા (a theatre, a dancing - hall) પર ભજવાતા કુડિયાટ્ટમ નાટકોમાં, પ્રાદેશિક અસરો સાથે, સચવાયેલાં જોવા મળે છે જે ધર્મ અને નીતિનું શિક્ષણ આપે છે તથા સૌંદર્યાત્મક - રસાત્મકતાનો અનુભવ કરાવે છે. 'શિલ્પરત્નમ' કે જે ભારતીય સ્થાપત્યની પરંપરા સાચવે છે. તેમાં દર્શાવ્યા પ્રમાણે બંધાતા પ્રાસાદોમાંનું એક તે કુત્તમપલમ થિયેટર છે જે કેરલાના મંદિર વિસ્તારમાં ચોરસ મેદાનમાં થતા બાંધકામના સંસ્કારવાળું, જમણી બાજુએ એક માત્ર જીવતું અને મહત્ત્વનું નૃત્ય અને નાટક થઈ શકે એવું તથા ભરતે નાટ્યમંડપ અંગે આપેલ નમૂના પ્રમાણે છતાં શિલ્પરત્નમ કે જેમાં મકાનો, ગામો અને અન્ય બાંધકામ સંદર્ભે કહેવામાં આવ્યું છે તેમાં દર્શાવ્યા પ્રમાણે થયેલું મંદિર પ્રેક્ષાગૃહ છે. ભૂમિતલે લંબચોરસ આકારનું અને પ્રાદેશિક અસરવાળું હોવા છતાં એ ભરતના નાટ્યમંડપના નકશા પ્રમાણે પણ શિલ્પ-રત્નમ્‌માં દર્શાવેલ ગણતરી પ્રમાણેનું છે.

કુત્તમપલમ નાટ્યગૃહમાં ચાક્યારો સંસ્કૃત નાટકોના જે પ્રયોગો કરે છે તેને બે ભાગમાં જોઈ શકાય. એક તો સ્ટોરી ટેલર પુરાણ કથા કહે છે તે 'કુત્તુ' અને બીજો ભાગ તે સંસ્કૃત 'કુડિયાટ્ટમ' નાટકો. સંસ્કૃત શ્લોકોનો પાયો લઈ ચાક્યાર મલયાલમ ભાષામાં રામાયણ મહાભારત અથવા પુરાણની કથા કહે છે. એના સ્પષ્ટીકરણનો આધાર કલાકારની પોતાની સૂર સાથેની રજૂઆતની પ્રવીણતા, તેને બંધબેસતી વાક્પટુતા અને શૈલીની સુંદરતા પર રહેલો છે. આ કુત્તુ પ્રયોગો ૪૧ દિવસ અથવા તેથી વધુ તેની પરંપરા પ્રમાણે ચાલે છે.[૩]

વાર્તા કહેનાર ચાક્યાર વિદૂષકની વેશભૂષા અને મેકપમાં કથા કહે છે. આ કથા થતી હોય ત્યારે મંદિરનાં તમામ બારણાં ખુલ્લાં હોય છે.

આ કુત્તુ પ્રયોગો[૪] પૂરા થયા પછી જ સંસ્કૃત નાટકો - 'કુડિયાટ્ટમ'ના પ્રયોગો થાય છે.

ચાક્યારોમાં બહુ જાણીતાં પુસ્તકો 'આટ્ટપ્રકારમ્' અને 'કર્મદીપિકા' છે. એમાં નાયકના પ્રવેશ વેળાએ એના દ્વારા જે કહેવાય છે તે અને નિર્વહણો દ્વારા જે કહેવાય છે તે પ્રયોગોને 'કુત્તુ' જ કહ્યા છે. કારણ કે કુત્તુ એ કુડિયાટ્ટમનો જ વ્યક્તિગત રીતે પ્રયોગ પામતો ભાગ છે. કુત્તુ નૃત્ત, નાટ્ય અને નૃત્ય એવા ત્રણે સ્વરૂપે મળે છે. નંદિકેશ્વર અભિનયદર્પણમાં આ ત્રણેને સ્વરૂપો તરીકે અલગતા આપી અને તેની વ્યાખ્યાઓ બાંધી આપી છતાં કુડિયાટ્ટમ મહોત્સવોમાં એ 'કુત્તુ' એવા નામે તથા સ્વરૂપે થતાં રહ્યા છે. કુત્તુનો વિકાસ પણ કુડિયાટ્ટમના સાહચર્યે અને એના પરિણામરૂપ જ ઘણા માને છે.

આમ છતાં કુત્તુમાં એકાંકી ખેલ પણ રહે છે જેમાં સમયની મર્યાદા પણ હોય છે. લોકોને એમાં ઘણો આનંદ મળે છે. બુદ્ધિશાળી દર્શકોનું મનોરંજન કરતાં ઘણાં તત્ત્વો એમાં છે. સમાજ પરના વ્યંગ્યથી એ ભરપૂર હોય છે કારણકે ચાક્યારો સમાજના બધા અંગોને, પછી એ રાજા હોય કે રંક, સરખા માને છે.

કુત્તુ એટલે નાટ્ય. મુખ્યતઃ તો એ ત્રણ ભેદોએ મળે છે : પ્રબંધ કુત્તુ, નાન્યાર કુત્તુ અને કુડિયાટ્ટમ. આમ છતાં એના પણ અનેક પ્રકારો કહ્યા છે.

કુડિયાટ્ટમ એટલે સાથે મળીને કરવાની કલા (kuti = સાથે મળવું અને Attam = અભિનય કલા) પુરુષો અને સ્ત્રીઓ સાથે મળીને આ કલા કરે છે. એક કરતાં વધુ કલાકારો આ અભિનય કરવા ભેગા મળે

છે ત્યારે જ એ 'કુડિયાટ્ટમ' બને છે. માત્ર એક જ કલાકાર પ્રયોગ કરે છે ત્યાં સુધી એ પ્રયોગ 'કુત્તુ' પ્રયોગ જ ગણાય છે.

સર્જનાત્મક, ભાષાંતર ઈત્યાદિ સાહિત્ય ઉપરાંત 'શિલ્પરત્ન' 'તંત્ર' જેવા ૧૨મી થી ૧૮ મી સદીમાં રચાયેલા તથા નાટ્ય અને સંગીતના ક્ષેત્રે પ્રભાવ પાડનાર ગ્રંથોએ, વૈષ્ણવ સંપ્રદાય અને ગીત-ગોવિંદના પ્રભાવે, ચંપૂ કાવ્યોએ અને નટો તથા પરંપરાગત નાટ્યકારો ઉપરાંત એવા પણ ચાક્યારો કે જેઓ સાહિત્યકાર તથા લેખકો પણ હતા તેમણે કુત્તુ અને કુડિયાટ્ટમના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે અને આ કલાને જીવંત રાખી છે. એમાં ઉમેરાય છે એ કુત્તમપલમ નાટ્યમંડપો કે જ્યાં આ નાટકો થતાં રહ્યાં છે. વિષ્ણુમંદિર તિરુમુઝિકુલમ, ત્રિચૂરના વડકુનાથન અને પરુર મંદિરનો તથા એવાં મંદિરોના નાટ્યમંડપો એ વાતના બોલતા પુરાવા છે. કેરલાના મંદિરો જે શિલ્પપદ્ધતિઓને કારણે જુદાં તરી આવે છે એવાં મંદિરોનાં ચતસ્રી અને વર્તુળાકાર લક્ષણોને મળતી આવતી આ નાટ્યમંડપોની પદ્ધતિ છે. વિધિપૂર્વક સ્થપાયેલી મૂર્તિની જમણી બાજુએ આવેલા લંબચોરસ (કે નગન્નુર પાસેના લંબગોળ) મંડપોએ પણ આ નાટકોને વિકસાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે જ.

એની પૂર્વવિધિની કેટલીક પ્રથાઓ સંસ્કૃત પરંપરા પર આધારિત છે. પણ નિર્વહણો એની પોતાની વિશિષ્ટતા છે. નાયકનો પ્રકાર, ગણેશવંદના, વિદૂષકનું હોવું જેવાં એનાં આચરણો ભારતનાં બીજાં નાટ્યો સાથે સમાન ગુણધર્મોવાળાં છે. રજૂઆતની એની પદ્ધતિમાં વિવિધ કલાઓનાં મૂલ અસલ કે વાસ્તવિક રૂપે દેખાય છે. છતાં સાહિત્ય, નાટ્યગૃહો, શિલ્પાકૃતિઓ, ભીંતચિત્રો, સંગીત, ગતિક્રિયાઓ, વેશભૂષા, મેકઅપ વગેરે એમાં એક સાથે સાંકળાય છે અને સમન્વય પામે છે. કેટલાંક બાહ્ય અને આંતર તત્ત્વો એવાં છે કે આ નાટકોને વૈદિક વિધિ સાથે સરખાવી શકાય એવાં, સાંકેતિક, અમૂર્ત છતાં પોતાનો ખાસ પ્રકાર પણ કહેવાને પ્રેરે છે. શૈલી પરંપરાગત આજ્ઞાઓ અને ઉલ્લેખોને મહત્ત્વ આપે છે. મંદિરો, સંસ્કૃત નાટકો, સંસ્કૃત ભાષા વગેરે સાથે એ સંકળાયેલ છે. તથા એની પરંપરાઓનો એણે સ્વીકાર કર્યો છે તો પણ એક જ કાળમાં સાથે વિદ્યમાન હોય એવી પણ એ છે, દેશી તત્ત્વો અને મણિપ્રવાલ તથા રોજિંદી મલયાલમ ભાષાનો પણ એણે સ્વીકાર કર્યો છે.

આમ આ શૈલી જડવત્ નથી પણ એમાં મુક્તિનું તત્ત્વ સુદ્ધાં રહેલું છે. એ સમજવા ઉપર કહ્યું તે ઉપરાંત ચાક્યાર ક્યારે નટ છે અને ક્યારે પાત્ર એ સમજવું વળી જરૂરી છે. એમાં કુડિયાટ્ટમમાં રહેલું મોકળાશનું તત્ત્વ પણ સમજાશે.

ચાક્યાર જ્યારે ક્રિયાકાંડી નૃત્ય કરે છે ત્યારે નટ તરીકે કરે છે. એ જ રીતે એક પાત્રમાંથી બીજા પાત્રમાં જતાં વચમાં જે ખાંચ પડે છે તેમાં આવનાર પાત્રની અપેક્ષા ભલે જાગતી હોય પણ ચાક્યાર ક્રિયાઓ તો કરે છે નટ તરીકે જ; દા.ત. વેશભૂષા અંગેના ફેરફારો જ્યારે એના દ્વારા થાય છે ત્યારે એ પ્રેક્ષકોની સામે જ થાય છે અને તે વેળાએ એ કોઈ પાત્રમાં હોતો નથી. ફેરફાર પહેલાં અને પછી જ એ પાત્રમાં હોય છે. ગાન માટે ઘણીવાર પાત્રમાંથી બહાર નીકળી એ વાદ્યો વગાડનારાઓને હાથથી ઈશારો કરે છે તે નટ તરીકે જ કરે છે. એક પાત્રનું નિર્વહણ બીજા દિવસે અને પછી પણ ચાલે છે ત્યારે ભલે પાત્રની વેશભૂષામાં એ હોય તોપણ એનો પ્રવેશ તો નટ તરીકે જ થતો હોય એવું સ્પષ્ટ દેખાઈ આવે છે. પ્રથમ દિવસની જેમ યવનિકાનો ઉપયોગ એ કરતો નથી, પણ પ્રેક્ષકો સામે સીધો અથવા પીઠ હોય એ રીતે અથવા ઉત્તરીયથી ચહેરો આવરીને પાત્ર નહિ, પણ નટ તરીકે જ પ્રવેશે છે અને આગલા દિવસે શું ભજવાયું તેનું વર્ણન સુદ્ધાં એ નટ તરીકે જ કરે છે. આ પછી જ શ્લોકના પઠનની તેમજ નિર્વહણ આગળ ચલાવવાની વેગ, ક્ષોભ કે ક્રિયાના અભાવે તે શરૂઆત કરે છે. આમ એ ભૂમિકામાં પ્રવેશી પાત્રને ધારણ કરે છે. પછી જ એ પાત્ર તરીકે હોય છે તથા પાત્રે કરવાની ક્રિયાઓ કરે છે. આ રીતે કુડિયાટ્ટમ શૈલીમાં કઈ રીતે મુક્તિનું તત્ત્વ રહેલું છે તે પણ સમજાય

છે. વિદૂષક તો ખૂબ જ મોકળાશ અનુભવે છે. એ પણ 'કુત્ત' 'કુડિયાટ્ટમ'ની વિશેષતા છે.

કુડિયાટ્ટમ નાટ્ય-સ્વરૂપ છે અને યથાસમયે એમાં નૃત્ત નૃત્યનો પ્રવેશ થાય છે જે મૂળ નાટ્ય સ્વરૂપને પોષક છે અને નાટ્યરૂપ છે. મહત્ત્વની જે ગતિ છે તે કુત્તુમાંથી કુડિયાટ્ટમ તરફ જવાની ગતિ છે. પૂર્વરંગમાં પ્રારંભિક નૃત્ય ધાર્મિક ઉત્સવ છે. અને આમેય આપણે ત્યાં ભરતનાટ્યમ્, કથકલી, યક્ષગાન, કથક, મણિપુરી નૃત્યો મનોરંજન માટે ઉત્તમ હોવા છતાં ઈશ્વરની આરાધના કરવા માટેના માધ્યમો પણ નથી શું ?

થતી ક્રિયાઓ ચેરિયકુમ જે છે તે નૃત્ય છે. બેસવાની કે શરીરને અમુક ઢબથી રાખવાની કે વાળવાની જે સ્થિતિનું નિર્માણ કુડિયાટ્ટમમાં થાય છે એવી સુંદર ક્રિયાઓ ચેલ્લિયુન્તિ કહેવાય છે તે પણ નૃત્ય છે. સખત તાલીમ દ્વારા સિદ્ધ થયેલા નેત્રાભિનય વડે નટો અટપટા સંજોગો અને ભાવોને દેખાડે છે. મુખ અને હાથ વડે પણ એ બતાવાય છે. ચહેરાના સ્નાયુઓની વ્યવસ્થાએ ભાવોને રજૂ કરવાની વિકસિત અને ગૂંચાયેલી પદ્ધતિ એમાં છે. કુડિયાટ્ટમનાં આ અને આવાં તત્ત્વોએ કથકલીને પણ ભરપૂર પ્રેરણા પૂરી પાડી છે. ભરત મુનિએ નાટ્યશાસ્ત્રમાં અધ્યાય આઠમાં નાટ્ય-પ્રયોગ વિજ્ઞાન વિશે જે કહ્યું છે તેના જેવી જ આ ગતિ છે. એમાંય દૃષ્ટિ-અભિનય તથા હસ્તાભિનય વિશે ભરતે જે કહ્યું તેની ખૂબ જ નજીક રહીને નાન્યાર કે નટો દ્વારા ગવાતા શ્લોકો રજૂ થાય છે.

નવ દિવસ સુધી સૂત્રધાર નિયમિત રીતે કુત્તુ કરતો એમ ઈતિહાસ કહે છે. તિરુમુલિકુલમ મંદિરમાં એમાનુર ચાક્યાર કુટુંબો દ્વારા જે પારંપરિત કુત્તુ અને કુડિયાટ્ટમ પ્રયોગો થતા એમાં તો અવશ્ય એમ થતું જ. આજે એમાં ફેરફાર થયેલો દેખાય છે. તોપણ ૧૯૮૫ સુધી અવશ્ય એમ થતું. એ નોંધાયેલી બાબત છે. આ બધું ધાર્મિક મહોત્સવ સંદર્ભે થતું. આ નવ દિવસ જે કુત્તુ થતું તે વેળાએ મંદિરમાં પૂજારી તરીકે ફરજ બજાવનાર કુડિયાટ્ટમની વાર્તા કહેતો. મંદિરના ભગવાને પૂજારી દ્વારા આપેલો એ આદેશ કહેવાતો. એ પસંદ થયેલી વાર્તા, ચાક્યારોએ સ્વીકારવી પડતી અને ભજવવા માટે હાથ પર લેવી પડતી. એ રાત્રી પોતે જ કુડિયાટ્ટમની શરૂઆત કરવાનું નિમિત્ત બનતી. ચાક્યારો નિર્વહણ દ્વારા ૩૧ દિવસ સુધી એ વાર્તા કહેતા. કુત્તુના માધ્યમે કહેવાયેલી આ વાર્તા પછીથી કુડિયાટ્ટમ દ્વારા રજૂ થતી. આ વાત મેં અહીં તિરુમુલિકુલમ મંદિરોમાં એમાનુર ચાક્યાર કુટુંબો દ્વારા જે પ્રયોગો થતા તેને આધારે કહી છે. આજે એમાં ફેરફાર થયેલા દેખાય છે; દા.ત. કુડિયાટ્ટમ માટે પસંદ થતી વાર્તા ગુરુ અથવા ભજવનારા પોતે નક્કી કરે છે વગેરે.

કુત્તુ અને કુડિયાટ્ટમ નાટકો ભજવવા માટે જે નાટ્ય-ગૃહો દેખાય છે તે કુત્તમપલમ, મંદિરના મેદાનમાં જ હોય છે અને સામાન્ય રીતે મંદિરના આગળના ભાગથી અનુકૂળ અંતરે હોય છે. ભૂમિતલથી રંગપીઠ લગભગ દોઢ ફૂટ ઊંચી છે જે પ્રેક્ષકગૃહને ઢાંકતાં છત કરતાં વધારાનું છત ધરાવે છે અને સુશોભિત સ્તંભો પર ઊભું છે તથા સ્વયં ફૂલો તથા દેવ-દેવીઓની આકૃતિઓથી ઘણું શોભિતું છે. પીળી અને કાળી રેખાઓથી મંડિત એના સ્તંભો ઇત્યાદિ, જે મહાન ધાર્મિક લાગણી સાથે આ (નાટ્ય-ગૃહ) બાંધવામાં આવ્યું છે તેને, પોષક છે. પ્રેક્ષક, ગૃહના કોઈ પણ ખૂણે બેસે તેને નાટકનો પ્રત્યેક શબ્દ સાંભળી શકાય છે અને પ્રત્યેક દૃશ્ય જોઈ શકાય છે. સામાન્ય રીતે જે મંગળદીવો છે તે પ્રકાશ આયોજન માટે પૂરતો હોવા છતાં કોઈ વાર ખાસ પ્રસંગે વધુ અજવાળું કરવામાં આવે છે અથવા લટકતાં તેલ-દીવા પ્રગટાવવામાં આવે છે એમાં કેટલાક પ્રયોગને મદદરૂપ થવા માટે હોય છે અને કેટલાક શોભા માટે. નાટ્યમંડપ ફળફળાદી અને વૃક્ષોનાં પાનથી તથા નારિયેલ વગેરેથી સારી રીતે શણગારવામાં આવે છે.

ચેરા વંશના રાજા કુલશેખર વર્માના સમયથી (એટલે કે નવમી સદીથી) કુત્તુ અને કુડિયાટ્ટમ નિયમિત થતાં આવ્યાં છે તથા કુત્તમપલમ નાટ્ય-ગૃહો બંધાતા રહ્યા છે.

લોકાભિમુખ નાટ્ય-વિદ્યાના રૂપમાં જે વિવિધ શૈલીઓ મળે છે તેનો અભ્યાસ કરવાથી સ્પષ્ટ થાય છે કે લોકજીવનમાં અભિનયનું મહત્ત્વ કેટલું ઊંચું છે; દા.ત. કથકલીના રૂપમાં ભારતીય નૃત્યની જે મહત્ત્વપૂર્ણ

શૈલી આપણે જોઈએ છીએ તેની શરૂઆત કેરલામાંથી જ થઈ. એના વિકાસના મૂળમાં કેરલાની લોક-પ્રચલિત નાટ્ય-વિદ્યાઓ પડેલી છે. ભલે સંસ્કૃત નાટ્ય-નૃત્ય સ્વરૂપોની અસર હોય તોપણ મોહિનીઆટ્ટમ, કૃષ્ણાટ્ટમ, ઓટ્ટમતુલ્લા, કલમેષુત, તીયાટ્ઠ, કોલમ તુલ્લમ અને સર્પપાટ્ટુ, તેરૂકુત્તુ, ચવિટ્ઠનાટકમ્ અને બીજાં કેરલામાં એ રીતે જ વિકસ્યાં છે.

Henry Whitehead d.d. નામના લેખકે જાતે અવલોકીને અને પૂરી તપાસ કરીને The Village Gods of South India. નામક એક ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથ લેખકે ધર્મ અને ઇતિહાસના વિદ્યાર્થીઓ માટે લખ્યો છે તોપણ ઉપર કહી એ વાત એમાં સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે.

નાટ્યશાસ્ત્રીય ગ્રંથોથી એવું જાણવા મળે છે કે પ્રાચીન સમયમાં નાટકને માટે પ્રેક્ષાગૃહ એટલે કે નાટ્યશાલાઓ ન હતી. નાટકનો અભિનય ખુલ્લા મેદાનમાં થતો અથવા મંદિરમાં, કાયમી નહીં એવી ઊભી કરેલી રંગશાલામાં થતો. એ વાતને ધ્યાનમાં રાખીને કેરલાનાં જે મંદિરોમાં કુત્તમપલમ નાટ્ય-ગૃહ બાંધેલું નથી અથવા એવા બાંધેલા નાટ્ય-ગૃહમાં માત્ર કુત્તુ જ થઈ શકે છે અને કુડિયાટ્ટમ થઈ શકતું નથી ત્યાં મંદિરોની બહાર અથવા ભોજનશાલામાં અથવા કાયમી નહીં એવી વ્યવસ્થા ઊભી કરીને કુડિયાટ્ટમ નાટકો થાય છે; દા.ત. 'ગુરુવાયુર'ના મંદિરની બહાર કુડિયાટ્ટમ થતું રહ્યું છે.

'ગુરુવાયુર' ના મંદિરની નાટ્યશાલાને ભલે કુત્તમપલમ કહેવામાં આવતું હોય તોપણ ત્યાં કુડિયાટ્ટમ થઈ શકે એવી એની સ્થિતિ નથી. ત્યાં માત્ર 'કુત્તુ' થાય છે અને કુડિયાટ્ટમ માટે બહારની જગ્યા પસંદ કરવામાં આવે છે.

કેરલા કલામંડલમ્ વીસ કુત્તમપલમ સારી સ્થિતિમાં હોવાનું જણાવે છે. 'કલા-મંડલમ્' પણ ભલે કુડિયાટ્ટમ માટેનું 'કુત્તમપલમ' કહેવાતું હોય છતાં મોટે ભાગે એ કથકલી અથવા મોહિનીઆટ્ટમ્ માટે ઉપયોગમાં લેવાય છે. એનું નિર્માણ આધુનિક સ્થપતિએ કર્યું છે અને એની સ્થાપના એવી રીતે કરવામાં આવી છે કે ઉપરના હેતુએ સુદ્ધાં એનો ઉપયોગ ખૂબ જ અનુકૂળ રહે. છતાં આ કુત્તમપલમની રચના માટે પણ પરંપરાગત કુત્તમપલમને ધ્યાન પર લેવામાં આવ્યા છે.

મેં જોયેલા કુત્તમપલમમાંથી એકાદ ઉદાહરણ લઈને[૫] હું આ રંગમંચ વિશે વાત કરવા માગું છું. અહીં મેં જે ઉદાહરણ લીધું છે તે 'વડકુનાથન કુત્તમપલમનું છે.'

ત્રિચૂર નગર જેની ચારે તરફ વિસ્તરેલું છે તે વડકુનાથન મંદિર શિવ મંદિર છે. એને દક્ષિણ કૈલાસ પણ કહે છે. એના મેદાનમાં રામમંદિર વગેરે પણ છે. રામમંદિર સામે જે મંડપો બાંધેલા છે તેની બાંધણી કુત્તમપલમના રંગમંચ સાથે કેટલેક અંશે સરખાવી પણ શકાય. પણ આપણે વાત કરવાની છે 'કુત્તમપલમ' નાટ્યગૃહની જે મુખ્ય પ્રવેશદ્વારમાંથી પ્રવેશનારની ડાબી બાજુએ, એટલે કે મંદિરની જમણી બાજુએ, આવેલું છે.

આ 'કુત્તમપલમ' એ રીતે મહત્ત્વનું છે કે એનો પુનરુદ્ધાર થયા પછી અટક્યા વગર આજ સુધી ત્યાં કુત્તુ અને કુડિયાટ્ટમ થતાં રહ્યાં છે.

એક શિલાલેખ પ્રમાણે શેંકુની મેનન (Sankunny) નામના દીવાનના કહેવાથી કોચીનના મહારાજાએ વલ્લેનેઝ નંબોદરી (Vellinexhi) નામના સ્થપતિ દ્વારા એનો પુનરુદ્ધાર કરાવ્યો હતો. એની સ્થાનિક સાલગીરી (કોલ્લમ સંવત) ૧૦૫૦ છે એટલે કે ઈ.સ. ૧૮૭૫ છે.

આ કુત્તમપલમની રંગપીઠ પર બાર થાંભલા એવી રીતે આવેલા છે કે જાણે ચાર મત્તવારણીનો ખ્યાલ આવે - પ્રત્યેક મત્તવારણીને ચારને બદલે ત્રણ થાંભલા છે.

રંગપીઠ પરનું છત સુંદર કોતરણીવાળું છે. નાટ્યગૃહ માટે એક બીજું, ગુફામાં હોય છે એવું, ગોળાકાર, છત પણ છે. ડબલ છતનો આકાર પિરામિડ જેવો છે. સ્ટેજના સ્તંભ અને રંગપીઠ પરનું ડબલ

છત સુશોભિત છે.

રંગપીઠને અડીને રહેલું પ્રેક્ષકગૃહ એક લંબચોરસ ઓટલો છે જેના પર બ્રાહ્મણો બેસે છે. ઓટલાના ખુણાઓને અડીને સ્તંભ છે જેના પરથી છત પસાર થાય છે. આ ઓટલાની ત્રણે બાજુએ નીચી સપાટીએ બ્રાહ્મણો સિવાયના અન્ય સ્ત્રી-પુરુષ પ્રેક્ષકોને બેસવાની વ્યવસ્થા છે.

પ્રેક્ષકગૃહને બે બારણા છે : એકમાંથી પુરુષો અને બીજામાંથી સ્ત્રીઓ આવી શકે છે.

નેપથ્યગૃહની દીવાલને પણ બે બારણા છે : એકમાંથી નટો આવે છે અને બીજામાંથી તેઓ નેપથ્યગૃહમાં જઈ શકે છે. નેપથ્યગૃહની પાછળ લાકડાની ત્રાંસી દીવાલવાળી જે જાળી છે તેજ બારી પણ છે.

રંગપીઠ પર નટોને ઉપયોગમાં લેવા માટે લાકડાની એક નાની ત્રિપાદિકા પડી છે. આગળ મધ્યમાં મંગલદીવો છે અને પાછળ નેપથ્યની દીવાલની નજીક મિલાઉ જેવા વાદ્યોને ગોઠવવા માટે લાકડાના સ્ટેન્ડ છે.

મારો હેતુ ભરતે કહેલ નાટ્ય-મંડપ અને એમાં થતા નાટ્ય-પ્રયોગમાં તથા કેરલાના કુત્તમપલમ અને કુડિયાટ્ટમમાં રહેલા સામ્ય-વૈષમ્યોને સ્પષ્ટ કરી આપવાનો અને વિવિધ મતોમાંથી સત્ય તરફ પહોંચવાનો છે; દા.ત. ભરતના સંસ્કૃત થિયેટરમાં મત્તવારણી, રંગપીઠ, રંગશીર્ષ, નેપથ્ય વગેરે સંદર્ભે વિદ્વાનોમાં એની વ્યાખ્યા, કાર્ય, સ્થાન-સ્થિતિ અને બીજી બાબતોમાં અનેક પ્રકારના મતો પ્રવર્તે છે. વિરોધાભાસ હોવા છતાં પણ કુત્તમપલમ થિયેટરોએ અને રંગમંડલમ્ જેવી સંસ્થાઓએ તથા કેરલાના મંદિરો અને ચાક્યારો વગેરેએ સ્વીકારેલ સ્થાન-સ્થિતિ-ઇત્યાદિ અનુસાર આપણે એ જોવાં જોઈએ અને આ નાટ્ય-સ્વરૂપ સમજવા સંદર્ભે સ્વીકારવા યા નકારવા જોઈએ. તો જ કુત્તુમપલમ પર થતાં નાટકોના ગુણદોષ અથવા આસ્વાદ ઇત્યાદિ સુધી પહોંચી શકાય. એ બાબતો યથાસ્થાને સ્પષ્ટ કરવાના અને સત્ય સુધી પહોંચવાના એક માધ્યમ તરીકે મને આ અધ્યયન કાર્ય ઉપકારક રહ્યું છે.

કેરલાની લોકસંસ્કૃતિ, સાહિત્ય ઇત્યાદિ ઉદ્ઘાટિત કરી આપવાનો અને એ નિમિત્તે ત્યાંના રીત-રિવાજો, પરંપરાઓ, સાહિત્ય, સંગીત, મેળાઓ લોક-જીવન વગેરે સાથે ગ્રામીણ કલા પણ શી રીતે ગતિ આપનારી બની રહે છે એ પણ સ્પષ્ટ રીતે મને આ અભ્યાસથી સમજાયું છે જેમાં નાટક, અભિનયકલાની વ્યવસાયી વ્યક્તિઓ તરીકે ચાક્યાર કુટુંબો, એમના સમાજ સંબંધી રીત-રિવાજો તથા કયા બંધારણના એ સભ્યો છે વગેરે પણ સહેલાઈથી સમજી શકાય છે.

કુલશેખર વર્મા પેરુમલે પોતાના સમકાલીન કવિ તોલનની સહાયથી કુડિયાટ્ટમમાં કંઈ કેટલાય સુધારા કર્યા. 'ક્રમદીપિકા' Production Manual અને 'આટ્ટમપ્રકારમ્' Acting Manual નામક ગ્રંથોમાં કુડિયાટ્ટમને રજૂ કરવાની રીતિઓનું જે વર્ણન છે તે એના સમયમાં જ લિપિબદ્ધ કરવામાં આવ્યું હતું. એમ કહેવાય છે કે કવિ તોલને જ એ ગ્રંથોની રચના કરી હતી. 'ક્રમદીપિકા' એ વેશભૂષા તથા રંગભૂષા વગેરેનું પૃથક્કરણ આપે છે અને શી રીતે રંગમંચ પર આવવું તથા જવું ઇત્યાદિ બતાવે છે. કઈ રીતે ક્રિયા કરવી, શું કરવું, કેવી મુદ્રા કરવી વગેરે જે કહેવાયું છે તે 'આટ્ટપ્રકારમ્'માં છે. 'ક્રમદીપિકા' અભિનેતાને પ્રયોગ શી રીતે ક્રમશઃ રજૂ કરવો એ સૂચવે છે જ્યારે 'આટ્ટપ્રકારમ્' અભિનય માટે માર્ગદર્શન પૂરું પાડે છે જે નટને આ સંદર્ભનો સાક્ષર બનાવે છે અને પાઠના અર્થો વિવિધ તેમ વિસ્તૃત રીતે પ્રેક્ષકો સુધી શી રીતે પહોંચાડવા તે સમજાવે છે. પ્રસ્તુતિની પદ્ધતિઓ જણાવતાં આ ગ્રંથો નટોને મદદરૂપ થતી પુસ્તિકા અને વિશ્લેષણ નોંધો છે. શ્લોકોના જુદા જુદા અર્થો, ભજવણીની પદ્ધતિ, કક્ષા વિભાગ કે દશ્યો દર્શાવવાની પદ્ધતિ એ વિસ્તારથી સમજાવે છે. આ ગ્રંથોની રચના બતાવે છે કે કુડિયાટ્ટમને રજૂ કરવાની પરંપરા વર્ષો જૂની છે.

ભજવણી સંદર્ભે ચાક્યારો જૂની પરંપરાની સાથે સાથે નવી પરિસ્થિતિને અપનાવી લેતા હોય છે. ચુસ્ત, શાસ્ત્રીય ઐતિહાસિક નાટ્ય ક્ષણોની ભેગાભેગી તદ્દન સ્થાનીય અને પ્રાદેશિક પરંપરાઓ પણ એને સાંકળી છે. કુલશેખર દ્વારા સ્થપાયેલી પદ્ધતિમાં પણ ઘણા ફેરફાર થઈ ચૂક્યા છે. આમ આ કલા ચાક્યારો

દ્વારા સતત વિકસતી અને વૃદ્ધિ પામતી રહી છે.

આ સ્વરૂપ જ એવું છે કે જેમાં તરતની રજૂઆત તથા પાછળથી ઉમેરો કરવાની પદ્ધતિને પૂરતી તક હોય છે, કોઈના તાબામાં નહિ એવી સ્વાધીનતા પણ છે. આ કારણે નૃત્ય દ્વારા કહેવામાં આવેલા કાવ્યપઠન અથવા ગવાતા શબ્દો (જે ઘણો આગળ પાછળના અર્થનો સંબંધ ધરાવતા હોય છે) એમાં જે ઈશારો થાય છે તેનું શાસ્ત્રીય તથા પ્રાદેશિક નૃત્ય વગેરે અંગેનું, તથા ઔપચારિક વિધિઓ અને એ સંદર્ભે વપરાતાં વાદ્યો, શાસ્ત્રીય તેમ લોક-કલાની પોતાની ભાષા સંસ્કૃતિ ચિત્ર સંરચના ઇત્યાદિનું જ્ઞાન નટને હોવું જરૂરી છે. લક્ષ્મણ દ્વારા પર્ણકૂટિનું નિર્માણ કે સિંહનું આવવું વગેરે નાટ્યધર્મીએ, નિર્વહણ સમયે, થાય છે તેવું જ શૂર્પણખા સામે લક્ષ્મણનો સંઘર્ષ ઇત્યાદિ લોકધર્મીએ બતાવાય છે. લોહી લુહાણ શૂર્પણખા પ્રેક્ષકગૃહમાંથી પ્રવેશે છે, પ્રેક્ષકો એને માર્ગ આપે છે અને એની સાથે સંવાદ પણ કરે છે. આ રીતિઓ જે દેખાય છે તે તથા નટ - પ્રેક્ષક વચ્ચે દેખાતો એકતાનો અનુભવ વગેરે અંશોના વિકાસ તથા એને ઉપકારક હેતુએ પણ જેવી રીતે નટને તાલીમમાં શાસ્ત્રની ખબર મળવી જરૂરી છે તેવી જ રીતે પ્રચલિત અને પ્રાદેશિક લોકનૃત્યો અને બીજી ખબર પામવી પણ જરૂરી છે જ. એમાંની સાહજિક એવી લોકધર્મી ભાષા પણ એને શાસ્ત્રીય ભાષા જેટલી જ ઉપકારક રહેવાની.

નટે શરીરને કસરતથી સજ્જ કરવું પૂરતું નથી, નૃત્યની વિવિધ છટાઓ શીખવામાં પણ એની તાલીમ પૂરી થઈ જતી નથી, એને આપણી પુરાણકથાઓનું વિશાળ સાહિત્ય જાણવું જરૂરી છે, મહાકાવ્યોનું અને સાહિત્યનું શિક્ષણ એને લેવું રહ્યું, મલયાલમ અને સંસ્કૃતનું જ્ઞાન તથા કવિતાની પરખ પણ મેળવવી રહી. એનું કારણ એ છે કે રામાયણ મહાભારત વગેરેમાંથી ચૂંટાયેલી પ્રથાઓના આખ્યાનની સાથે ગ્રથિત થતાં 'પ્રબંધ કુત્તુ' અને બીજા કુત્તુમાં વિદૂષકનાં સંભાષણો લોકભાષા મલયાલમમાં થાય છે. ચાક્યારો દ્વારા કથા ઇત્યાદિ કરવાની કલાના આ માધ્યમો ઉપરાંત પૌરાણિક કથાઓ પર આધારિત સાહિત્યિક રચનાઓ થતી, પણ એ સંસ્કૃતમાં થતી. કુલશેખરે જે બે નાટકો લખ્યાં તે પછી આજે કેરલામાં બારથી વધુ જાણીતાં નાટકો છે. એમાં કેટલાંક સંસ્કૃત નાટકોને સ્વીકારી કુડિયાટ્ટમને ધ્યાનમાં રાખીને જ લખાયેલાં છે. વળી કુડિયાટ્ટમની ઉત્ક્રાંતિને સમઝવા સાહિત્ય અને સંગીત ઉપરાંત શિલ્પ ચિત્ર તથા વાસ્તુકલા અને એ કઈ રીતે ખીલી વગેરેનું અધ્યયન પણ જરૂરી ગણાય. સંગીતના એના ઇતિહાસ સંદર્ભે તામિલનાડુ સંગીત સાથે એનું સામ્ય અને પછી વિકસેલી એની આગવી પદ્ધતિ, મલયાલમ સાહિત્યમાં દેખાતા નૃત્ય પ્રકારો સાથે જીવતા નૃત્ય-પ્રકારોની પરંપરા વચ્ચે સંબંધ અને બીજા પણ પ્રશ્નો સમજવાની કોશિશ પણ થવી જોઈએ. નાટ્યશાસ્ત્ર સાથે એના નાટ્યરંગની બાંધણી, દ્રાવિડ પદ્ધતિનાં મંદિરો, સંસ્કૃત ગ્રંથોમાં દેખાતાં વર્તુળાકાર મંદિરો, પ્રાદેશિક સ્થાપત્ય શૈલીનાં દેખાતાં લક્ષણો, હયાત અવશેષો અને એના પર રજૂ થતાં નાટકોમાં ભારતીય કે સંસ્કૃત પરંપરા સાથેના એના સંબંધો ઉપરાંત પ્રાદેશિક અસરોનો અભ્યાસ ઇત્યાદિની પણ ખબર પામવી જરૂરી ગણાય. તેથી આમાંના મહત્ત્વનાં વિષયો પર સમજ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન પણ જરૂરી બની રહે.

કેરલાના કલાત્મક જીવનનો આધાર દ્રવિડો પહેલાં જે પ્રચલિત વિધિ-વિધાનો હતાં તેના પર હતો. એ જીવન ગ્રામીણ જન-સાધારણની આત્માભિવ્યક્તિમાં સમાયેલું હતું. આ કલાત્મક સંસ્કૃતિને વૈદિક શાસ્ત્રોક્ત વિધિઓમાં સંકલિત આર્યોના સૌંદર્ય પ્રત્યેના દૃષ્ટિકોણે નવું રૂપ આપવામાં સફળતા મેળવી. કુત્તુ અને કુડિયાટ્ટમ નાટકો પણ આ સમન્વયનું પ્રતીક છે. પછીથી આ જીવન પર અંગ્રેજોની પણ અસર થઈ, ભવન નિર્માણમાં જ નહિ પણ નૃત્ય ઇત્યાદિ પર પ્રાદેશિક કલાના પ્રભાવ સાથે એ અસર વર્તાવા લાગી. મૂળમાં જે વૈદિક, લોક તથા આદિવાસિયોનો પ્રભાવ હતો તેમાં એ પ્રભાવ ભળ્યો.

અભિનવગુપ્ત પૂર્વરંગ સંદર્ભે ભરતના મતનું અનુસરણ કરે છે. છતાં નાટ્ય-મંડપનો કોઈ એકદેશી ભાગ કે નાટકનું અંગ એને ગણતા નથી. એમના મતે એ અનુકરણરૂપ પણ નથી. તોપણ દેવતુષ્ટિની માફક લૌકિક-પારલૌકિક ફલરૂપ કાર્ય સંદર્ભે એને સ્વીકારે તો છે જ. ધનિક એને પૂર્વરંગ કહેવાનું કારણ સામાજિકોની પૂર્વ પરિતુષ્ટિ સમજે છે. શારદાતનય એમાં આવતા ગાયનવાદન ઇત્યાદિને પૂર્વરંગ ગણે છે. વિશ્વનાથ નાટ્ય-

મંડપના વિઘ્ન દૂર કરવાના અને શાંતિ હેતુ જે મંગલમય ગાયન આદિ કાર્ય થાય છે તેને પૂર્વરંગ કહે છે. અગ્નિપુરાણ પ્રમાણે પૂર્વરંગને ૩૨ અંગ હોય છે. એમાં પ્રારંભના તેર અંગ જે છે તે નાટકમાં પૂર્વરંગ છે. ભરતે નાટ્યશાસ્ત્રમાં પૂર્વરંગના ૧૯ અંગોનું વિવેચન કર્યું છે. એમાં પ્રત્યાહાર, સંઘોટના અને બીજાં અંગો યવનિકાન્તર્ગત તથા નાંદી, શુષ્કાવકૃષ્ટ ધ્રુવા ઇત્યાદિ યવનિકાની બહાર કરવાનો આદેશ છે.

ઉપર કહ્યો તે પૂર્વરંગ વિધિ કુડિયાટ્ટમમાં વિસ્તારથી થતો નથી. વાદકોનું આવવું, વાદ્યો વગાડવા, મંગલશ્લોક, મારવિલ ક્રિયા જેટલા કાર્યોમાં જ તે સીમિત છે. પછી મિલાઉ વાદક નાંબિયાર આવી સૂત્રધારનું કાર્ય કરે છે. મંચન માટે જે નાટકનો પ્રથમ અંક પસંદ થાય તે પ્રસંગે તેને જરૂરી એવો આરંભ પણ એ કરે. ભરત કરતાં પૂર્વરંગ વિધિમાં ફેર એ છે કે સૂત્રધારનું જવું અને સ્થાપકનો પ્રવેશ ઇત્યાદિ થતું નથી. કુડિયાટ્ટમમાં પૂર્વરંગની જે વિધિ કહી એ ભરતના સંસ્કાર ઉપરાંત પ્રદેશ સંબંધી અસરોનું પણ પરિણામ છે.

નાટ્યશાસ્ત્રમાં ઇતિવૃત્તના ભેદો કહ્યા છે એમાં પ્રકાશ્ય સ્વગત અને આકાશભાષિત ઇત્યાદિ વિશે પણ કહ્યું છે. જ્ઞાપ્ય એ પ્રકાશ છે એ હૃદિસ્થિત એ સ્વગત છે. કુડિયાટ્ટમમાં એનો પ્રયોગ કઈ રીતે થાય છે? દા.ત. સેવા માટે પૃચ્છા કરતી શૂર્પણખાને જોઈને દ્વિધા અનુભવતા રામ જે શ્લોક બોલે છે તે એવી રીતે બોલે છે કે શૂર્પણખા તે સાંભળી શકે નહિ છતાં રામના હૃદિસ્થિત વિચારો તો એમાં વ્યક્ત થાય જ છે. આ સ્વગત છે. પણ રામ જ્યારે મોટેથી બોલે છે. ત્યારે ઇતિવૃત્તના ભેદોમાં દર્શાવેલો 'પ્રકાશ્ય' ભેદ સ્પષ્ટ જ વરતાય છે. આપણે ઇતિવૃત્તની વાત કરીએ છીએ ત્યારે ભાણ એકાંકી રૂપકો પણ આપણું ધ્યાન દોરે જ છે. એમાં નાયક વિટ અથવા ધૂર્ત આકાશભાષિત દ્વારા પોતાના અથવા બીજાના ચરિત્રને પ્રકાશમાં લાવે છે 'વીથી'માં પણ આકાશભાષિતનો વિશેષ પ્રયોગ થાય છે. એ જ્યારે એક પાત્રનું હોય છે ત્યારે તો એની શૈલી જ આકાશભાષિત બની જાય છે. કુડિયાટ્ટમમાં આ રીતિનો વખતોવખત આશ્રય લેવામાં આવે છે; જેમ કે રામના નિર્વહણ વેળાએ રંગમંચ પર કોઈ બીજું પાત્ર નથી છતાં પણ રામ સીતા સાથે વાર્તાલાપ કરે છે. પ્રશ્ન કરીને એનો અભિનય પણ કરતા રામ એકલા જ રંગમંચ પર આકાશ સામે મુખ કરી પોતે જ ઉત્તર-પ્રત્યુત્તર કરે છે. આ પ્રક્રિયા આકાશભાષિત છે.

આમ જોઈ શકાય છે કે કુડિયાટ્ટમે ભારતીય સંસ્કૃત નાટકની પરંપરામાંથી અનેક રીતિઓ સ્વીકારી છે.

'અંક' એ શબ્દનો કેરલામાં મહિમા છે. કુડિયાટ્ટમમાં આખું નાટક નહિ પણ કોઈ પણ અંકને અભિવ્યક્ત કરવાની પરંપરા છે. અંકનો એ રીતે પણ મહિમા છે કે ભરતે 'અંક' એ નામના રૂપકનો સ્વીકાર કર્યો છે. 'અંક' એ રૂઢ શબ્દ ચાક્યારોને એટલા માટે પણ ગમતો છે કે ભાવો અને રસોના યોગથી અંતર્ગત વસ્તુ એમાં અંકુરિત થતું જાય છે તથા એમાં અનેક પ્રકારના વિધાનોની પણ શક્યતા છે. આ પદ્ધતિ અને આ વાત ચાક્યારોને ખૂબ જ અનુકૂળ રહી છે. એનો નાયક ભલે સામાન્ય પુરુષ છે. તોપણ ઇતિહાસપ્રસિદ્ધ અને યુદ્ધ પર આશ્રિત એવાં એનાં કથાનકો અને કલ્પનાનાં ઉડ્ડયનો એમને પ્રિય થઈ પડ્યાં છે. એનાં વાગ્યુદ્ધો, નિર્વેદયુક્ત વાક્યોનું બાહુલ્ય જેવાં તત્ત્વો પણ આકર્ષણનું કારણ રહ્યાં છે. કુડિયાટ્ટમમાં કોઈપણ બહુ અંકી સંસ્કૃત નાટકનો એક અંક રજૂ થાય છે. એ સ્વતંત્ર નાટકના અર્થે નહિ, પણ બહુઅંકી સમગ્ર નાટકના સંદર્ભ સાથે ભજવાય છે અને પૂરા નાટકનો આસ્વાદ આપે છે. ભરતે અંક નામક જે રૂપક કહ્યું એની લોકધર્મી તથા કુદરતી રીતે બોલાતી વાણી તથા અભિવ્યક્તિમાં દેખાતી પ્રાદેશિક અસરો પણ ચાક્યારોને આકર્ષક રહી છે અને કુત્તુ તથા કુડિયાટ્ટમ નાટકોને માટે એ તત્ત્વો પણ ખૂબ જ ઉપકારક બની રહ્યાં છે.

ચાક્યારો પૂર્વરંગ વિધિ, રંગભૂષા, રંગભૂમિનું સુશોભન ઇત્યાદિ સંખ્યાબંધ બાબતોમાં જેમ પ્રાદેશિક અસરો લઈ આવે છે તેમ નાટકના અંકની સ્થાપના તેમ અભિવ્યક્તિમાં પણ એવી અસરો લઈ આવે છે; દા.ત. સ્ત્રી પાત્રોમાં લલિતાનો વાચિક અભિનય પદ્ય અને ગદ્યમાં જે થાય છે તે મલયાલમ પ્રાકૃતમાં થાય છે તોપણ એનો પાયો નાટ્ય-શાસ્ત્ર છે. પણ શૂર્પણખા જે સીધું મલયાલમ ગદ્ય બોલે છે તે નખશીખ પ્રાદેશિક

ભાષા છે અને એ ભાષાના માધ્યમથી એ ધરતીના જ પાત્ર તરીકે પ્રગટે છે. કુડિયાટ્ટમના નાટકના અંકનો એમ પણ મહિમા છે કે નિર્વહણથી જ નાટ્ય-વસ્તુના મુદ્દાઓ એ પ્રમાણે પકડવામાં આવે છે કે રજૂ થનાર અંકની વ્યક્તતા તેમ નાટક સમજવામાં કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે. વિશેષતા એ છે કે નાટકનો અંક જ્યારે રજૂ થાય છે ત્યારે રજૂઆત દરમ્યાન ચાક્યારો અને નાન્યાર રજૂઆત અંગેના નાટ્યશાસ્ત્રનાં અનેક મૂલ તત્ત્વો અને તથ્યોને મોટેભાગે વફાદાર પણ રહે છે. નિર્વહણ ઉપરાંત અંકમાં દેખાતો વિદૂષક પ્રેક્ષકોને સીધું સંબોધન કરે છે, એટલું જ નહિ, તે એકદમ પ્રેક્ષકો સાથે આત્મિયતા સ્થાપી દે છે.

આ રીતે અંક તે નાટ્યશાસ્ત્રમાં જેને એ નામનું રૂપક કહ્યું તે નહીં પણ, સંસ્કૃત નાટકમાંથી ચાક્યારોએ પસંદ કરેલો કોઈપણ એક અંક જે જુદા જુદા માધ્યમોના સહકારે કરીને નાટકની સંપૂર્ણ કથાવસ્તુ સાથે પ્રયોગ પામે છે.

વિદૂષકનાં નિર્વહણો પૂરાં થયા પછી છેલ્લા દિવસોમાં ભજવવા માટે નક્કી થયેલો અંક રજૂ થાય છે જે સંયુક્ત ક્રિયાઓથી થાય છે. નાયક અને બીજાં પાત્રો ભેગાં મળીને અભિનય કરે છે. આ ગતિ કુત્તુમાંથી કુડિયાટ્ટમ તરફની છે. કુડિયાટ્ટમ એટલે સંયુક્તાભિનય. તે આ છે.

ઉપર કહ્યા પ્રમાણે મુખ્ય પાત્રોની અસંયુક્ત ક્રિયાઓ પૂરી થયા પછી જ બાકીના દિવસોમાં એક કરતાં વધુ નટોની સંયુક્ત ક્રિયાઓથી કુડિયાટ્ટમ થાય છે. મુખ્ય પાત્રોની બધી વ્યક્તિગત અસંયુક્ત ક્રિયાઓ અને વાર્તાનો અંત એમના નિર્વહણમાં આવે છે અને ત્યારપછીના દિવસો નાટકના અંકને, કુડિયાટ્ટમને, રજૂ કરવાના દિવસો છે. જોકે પરપટ્ટુ, નિર્વહણ, અનુકર્મ, કુત્તુ વગેરે જે થયું તે કુડિયાટ્ટમનો જ એક ભાગ ગણાય. એને અલગ પાડવા જતાં કુડિયાટ્ટમ આસ્વાદી ન શકાય. એ રીતે અગિયાર-બાર અથવા તેથી વધુ દિવસોનો આખો પ્રયોગ કુડિયાટ્ટમ ગણવો જોઈએ.

કુડિયાટ્ટમના નટો પ્રયોગના છેલ્લા ખંડમાં નાટ્ય સાહિત્યને વધુ અનુસરે છે અને વસ્તુ ઝડપથી આગળ વધે છે. અંત સુધી જતાં નાયક સિવાયનાં બાકીનાં પાત્રો રંગપીઠ છોડી દે છે. નાન્યાર અંતિમ સ્તુતિ કરે છે ને નાબ્યાર એમાં મિલાઉ વગાડે છે.

ઉપર જે કહ્યું એમાં અનેક મુદ્દા એવા છે કે જે અધ્યયનના વિષયો છે, જેમ કે શરીર સંબંધી અભિનય, વાજિંત્રોનો ઉપયોગ, રીલિફનું તત્ત્વ અને બીજા -

એકાદ લઈ જરાક પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરીએ; દા.ત. રીલિફનું તત્ત્વ.

નાટક નામના કરણમાં 'રીલિફ'નું તત્ત્વ તો હોય જ છે. કુડિયાટ્ટમમાં પણ વિદૂષક છે એ સંસ્કૃત નાટકોનો વિદૂષક છે તોપણ અનેક રીતે વિકાસ તેમ પરિવર્તન પામ્યો છે - એવો કે સંસ્કૃત નાટકોના વિદૂષક કરતાં એ એકદમ અલગ તરી આવે છે. એ શું કરે છે ? કઈ રીતે અલગ તરી આવે છે ?

એના નિર્વહણમાં એ ઘણો લાંબો સમય લે છે. નાટક, અન્ય પાત્રો અને વિદૂષક ભેગા મળી સંયુક્ત ક્રિયા કરે એટલે કે કુત્તુમાંથી કુડિયાટ્ટમ પ્રયોગ સુધી પહોંચે ત્યાં સુધી એના નિર્વહણો ચાલતા હોય છે. એના પ્રવેશ અને પૂર્વકથા ઈત્યાદિ માટે પાંચ-છ દિવસ તો એ સહેજે લે છે. એની પૂર્વકથામાં ઝગડા, ખાવાની મઝા, રાજ્યની નોકરી અને બીજા વિષયોને એ વણી લેતો હોય છે.

એનું નિર્વહણ મલયાલમ ભાષામાં કુત્તુની પદ્ધતિએ જ ચાલે છે.

પ્રેક્ષકોને એ નાયકનું ધ્યેય કહે છે. એટલે કે નાયકે જે કંઈ કહ્યું, કર્યું તેનું અર્થઘટન કરવાનું કામ એ કરે છે. શરૂઆતમાં એ તમિલ ભાષાનો ઉપયોગ કરતો. કારણ કે લોકોની ભાષા તમિલ હતી. ધીરે ધીરે એ સંસ્કૃત ભાષાનો પ્રયોગ પણ કરવા લાગ્યો. એ પછી મલયાલમ સાથે સેળભેળ થયેલી સંસ્કૃત કે જે 'મણિપ્રવાલ' કહેવાય છે તે ભાષામાં એ ખૂબ વિકસ્યો. આમ પરંપરાગત સંસ્કૃત સાહિત્યથી પ્રભાવિત પણ જેમાં કેરલ-

સાહિત્યનો પણ સમાવેશ થાય છે એવા પ્રકારની ભાષા, એની વાતને એના વિડંબન સ્વભાવના માધ્યમે કરીને અભિવ્યક્ત કરવાનું, માધ્યમ બની.

અહીં એનું આ અલગ અને સંસ્કૃત નાટકના વિદૂષક કરતાં જુદું પડતું વ્યક્તિત્વ ઊપસી આવે છે.

નિર્વહણ એક વિધિ છે, જે કુડિયાટ્ટમની એક અસાધારણ ક્રિયા છે. ભારતીય નાટકોમાં પાત્રના વિકાસ અને વૃદ્ધિને બહુ મહત્ત્વ નથી મળતું જ્યારે કુડિયાટ્ટમમાં નિર્વહણ દ્વારા પાત્રના ચિત્રણ, વર્ણન અને ગુણગાન માટે પૂરેપૂરો અવકાશ હોય છે.

કુડિયાટ્ટમમાં પરપટ્ટુ અનુકર્મ અને સંક્ષેપ ઇત્યાદિ શું છે તથા પ્રયોગોનો અંત શી રીતે આવે છે ?

પહેલા દિવસે મુખ્ય પાત્ર નાયકો પ્રવેશ થાય. તિરશિલા હટતાં આ પાત્રનું શરૂઆતનું દર્શન એવી શક્તિશાળી ક્રિયાથી થાય છે કે એની પાછળનો સંદર્ભ સમજાવવા એ લાંબો સમય લઈ શકે; દા.ત. મુખ્ય પાત્ર નાયક રામ હોય તો એક જ બાણથી સાત વૃક્ષો ધરાશાયી કર્યા એ ઘટના તરફ એ પાત્ર ભજવનાર નટ ધ્યાન કેન્દ્રિત કરે અને પછી નાની ગોળ ગતિ-ક્રિયા કરી પોતે અત્યારે કેટલો સુખી છે અને જંગલમાં કેવો રખડતો હતો વગેરે વાર્તા આંગિક-અભિનયથી કહે અને પછી સાત વૃક્ષો ધરાશાયી કર્યાની ઘટના સુધી આવે. સુગ્રીવનો ડર વગેરે બતાવે અને જરૂરી ક્રિયાઓ કરે. આ પ્રમાણે નાટકનું, જો એ રામ હોય તો રામનું, આવવું પહેલા દિવસે થાય. આ પ્રસંગને પરપટ્ટુ (Purappatu) કહેવામાં આવે છે. જો એ પાત્ર રામ હોય તો 'રામનું પરપટુ' કહેવાય છે.

પાત્રો એમની ક્રિયામાં 'Flash Back' પદ્ધતિએ જે વાર્તા કરે તે ક્રિયા 'અનુકર્મ' કહેવાય છે.

પ્રથમ દિવસે પડતી મુકાયેલી વાર્તા બીજે દિવસે આગળ વધે છે. પાત્રે એવી રીતે ક્રિયા તેમ દર્શન આપવાનાં છે કે પહેલા દિવસે પડતી મુકાયેલી વાર્તા આ જે ટેકે ચાલી એ 'Flash Back' પદ્ધતિને, એટલે કે આ દિવસની એ ક્રિયાને, 'અનુકર્મ' (Anukarma) કહેવાય છે જે આગળ વધતું નિર્વહણ જ છે.

પૂર્વ દશ્યની પદ્ધતિને ભૂતકાળના પ્રસંગોથી શરૂ કરી આગળના પ્રસંગોનું આલેખન કરવું તે અનુકર્મ છે; જેમ કે જન્મ અથવા પૂર્વાવસ્થાથી શરૂ કરી હાલના સમય સુધીનું વર્ણન કરવામાં આવે છે. પૂર્વ દશ્યની પદ્ધતિને પાછળથી શરૂ કરી આગળના પ્રસંગોનું ચિત્રણ કરવામાં આવે તે 'સંક્ષેપ' છે. - સંસ્કૃત નાટકોમાં આ શૈલીઓ જોવા મળતી નથી. એ ચાક્યારો દ્વારા ભેળવાયેલી છે. નાન્યાર દ્વારા બોલાયેલા શ્લોકો, નટોના આંગિક અભિનય દ્વારા, આ શૈલીઓ દ્વારા અનેક પ્રકારનાં અર્થઘટનો પામે છે.

આ બધાને કારણે કુડિયાટ્ટમમાં રસ તત્ત્વનું શું સ્થાન અને સ્થિતિ છે તે પણ વિસ્તારથી કહેવાનું થાય, પણ વ્યાખ્યાનની સમય મર્યાદાને ધ્યાનમાં લેતાં તે પડતું મૂકવું પડશે, આમ છતાં એમાં અગત્યનો મુદ્દો એ છે કે 'કુડિયાપટ્ટમમાં શું શાંત રસનો સ્વીકાર યોગ્ય છે ?' અહીં ટૂંકમાં તે અંગે કંઈક કહેવાનું ઉચિત માનું છું :

કેટલાક આચાર્યોનું કહેવું છે કે નાટકમાં અવસ્થાનું અનુકરણ હોય છે અને શાંતમાં સમસ્ત વિષયોથી નિવૃત્તિ હોય છે. તેથી અવસ્થાનુકૃતિ રૂપ નાટ્યમાં સર્વ વિષયો પરક્તિરૂપ શાંતરસ સંભવ નથી. કેમકે નાટક અભિનય-પ્રધાન હોય છે અને શાંતરસ નિવૃત્તિ પ્રધાન છે. જ્યારે અભિનવગુપ્તે શાંતને અભિનય પણ માન્યો છે અને કહ્યું છે કે ગીત-વાદ્ય આદિને પણ શાંત-રસ સાથે કોઈ વિરોધ નથી. કુડિયાટ્ટમમાં રંગપીઠ પર મરણનાં દશ્યો લાવવાં અને અન્ય રસોની સાથે શાંતરસનો પણ સ્વીકાર કરવો સહજ છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે શું કુડિયાટ્ટમ જેવા સંસ્કૃત નાટકોને માટે આ યોગ્ય છે ? હવે જો કુડિયાટ્ટમે મંદિરોનો અને ધાર્મિક મહોત્સવોનો સ્વીકાર કર્યો છે તો એનો અર્થ એ છે કે કુડિયાટ્ટમના માધ્યમથી તેઓ ભક્તિની પ્રતિષ્ઠા પણ કરવા માગે છે. એટલું સારું છે કે બધા રસોને પૂરતું સ્થાન મળતું હોઈ કુડિયાટ્ટમમાં ભક્તિરસ અથવા મધુરરસ એક માત્ર રસ માનવામાં આવતો નથી. ધર્મ, નીતિ, મૂલ્યો ઇત્યાદિના સમર્થન માટે વિદૂષક એમાં એવી રીતે દાખલ થયો

છે કે સંસ્કૃત નાટકો કરતાં ભિન્ન એવું એનું સ્વરૂપ પણ દેખાઈ આવે અને તેથી સંસ્કૃત નાટકો કરતાં જુદા એવા એના પ્રશ્નો પણ હોઈ શકે. સંસ્કૃત નાટકોમાં મુખ્ય હેતુ માનવજીવનનું ઊર્ધ્વિકરણ હોવા છતાં મુખ્ય લક્ષ્ય તો રસ અને મનોરંજન તરફ જ રહ્યું છે જ્યારે કુડિયાટ્ટમમાં જે હેતુ છે તે ધર્મ, જીવનનાં મૂલ્યોની સ્થાપના ઇત્યાદિ અંગેનો જ છે. તેથી જ આ નાટ્ય-સ્વરૂપે વિદૂષકને ઘણી જ મુક્તિ આપી છે.

આ વિદૂષક જે મહત્ત્વના મૂલ્યોની સ્થાપના કરે છે તે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ દરેક પુરુષાર્થને જીવનમાં યોગ્ય સ્થાન આપવા અંગેની છે. ચાક્યારો નસીબવાદી નથી પણ પુરુષાર્થ પર શ્રદ્ધા રાખવાના મતના છે. તેથી મોક્ષ સુધીના જીવનનાં મૂલ્યોની સ્થાપના અને જાળવણી કરવાની મથામણ કરે છે. ભરતની મથામણ આ અંગેની નથી. પણ અહીં ભટ્ટતો'તનો સિદ્ધાંત કામ આવે એવો છે. એ એવો મત ધરાવે છે કે શાંત રસ મોક્ષરૂપી ફળને આપનાર (મોક્ષફલપ્રદ) હોવાને કારણે તથા પરમપુરુષાર્થનિષ્ઠ હોવાને કારણે બધા રસોમાં પ્રધાનતમ છે. અભિનવગુપ્ત પણ એ મતને અનુસરી કહે છે કે શાંત રસ તો મોક્ષરૂપ અધ્યાત્મનો નિમિત્ત છે, તત્ત્વજ્ઞાનના અર્થરૂપ હેતુથી યુક્ત છે અને નિઃશ્રેયસરૂપ ધર્મથી યુક્ત છે. એટલું જ નહિ પણ અભિનવગુપ્તે શાંત રસને નિતાન્ત સુખાત્મક માન્યો છે તથા શમ જેનો સ્થાયીભાવ છે એવા એ રસને બધા રસોનું મૂલ માન્યો છે. ધનિક એને જુદી રીતે જુએ છે. એ કહે છે કે શાંત રસની સ્થિતિ ત્યારે સંભવે છે કે જ્યારે રાગ-દ્વેષ આદિ વિગલિત થઈ જાય. રાગ-દ્વેષ આદિ દોષો ગળી જાય એવું જીવન તો ચાક્યારો ઇચ્છે છે. 'કુત્તુ'માં ૪૧ દિવસ સુધી વિદૂષક આ માટે તો મહેનત કરે છે અને કુડિયાટ્ટમમાં પણ વિદૂષકને નિર્વહણો દ્વારા આજ તો કહેવું છે. ભોજ નાયક ભેદના આધાર પર રસોની ઉદ્ભાવના કલ્પે છે. ચાક્યારો જે શાંત ધીરપ્રશાંત જીવન માગે છે તે એ પ્રકારના નાયકમાં શોધવાનો એમનો પ્રયત્ન છે અને તેથી કરીને એ દૃષ્ટિએ પણ કુડિયાટ્ટમમાં શાંત રસનું હોવું ખૂબ જ જરૂરી છે. કેટલાક આચાર્યો રસની સુખરૂપતાનો સ્વીકાર કરતા નથી; દા.ત. એમનું કહેવું એમ છે કે ઇષ્ટના વિનાશથી ઉત્પન્ન દુઃખાત્મક કરુણના અભિનયમાં સુખનો જે અનુભવ થાય છે તે વાસ્તવમાં તો દુઃખાત્મક જ હોય છે. આ એ સ્થાન છે કે ચાક્યારો પોતાના નાટકોમાં દૂરિતનું મૃત્યુ બતાવીને ઉત્પન્ન સુખાત્મક શાંતના અભિનયમાં સુખનો અનુભવ ધરાવે છે એ વાસ્તવમાં સુખનો જ અનુભવ હોય છે. એ દૃષ્ટિએ મૃત્યુના દૃશ્યોમાં અને શાંત રસ નિષ્પત્તિમાં ચાક્યારોની સચ્ચાઈ દેખાઈ આવે છે. એટલું જ નહિ, ધર્મનું મૂળ પણ 'શમ' છે તેથી કરીને પણ શમ-પ્રધાન શાંતરસનું કુડિયાટ્ટમમાં હોવું યોગ્ય જ છે. શારદાતનયે પણ ભાવપ્રકાશના છઠ્ઠા અધિકરણમાં શાંત રસનો સ્વીકાર કરેલો છે. શારદાતનયને અનુસરીને સુબંધુએ નાટકોનું જે વિભાજન કર્યું છે તેમાં પ્રશાંત નાટકમાં રહેલી સંધિઓમાં શાંત રસની બહુલતાનો સ્વીકાર કર્યો છે. અભિનવગુપ્ત શાંતરસને પ્રકૃતિના રૂપમાં સ્વીકારે છે. એ આ રસની વિશેષતા છે. એ અન્ય રસોને વિકૃતિ માને છે. એ કહે છે કે એ રસો પોતાના વિશિષ્ટ હેતુઓને પ્રાપ્ત કરીને એ જ પ્રકૃત શાંત રસથી ઉત્પન્ન થયા કરે છે. નારદ વાસુકિ ઇત્યાદિ પણ શાંત રસને પ્રમુખ રસ માને છે. અભિનવગુપ્તે આઠ રસો ઉપરાંત નિવૃત્તિમૂલક શાંત નામનો જે રસ કહ્યો તે ચાક્યારોને પણ સ્વીકાર્ય છે. એમને માટે એ ધર્મમૂલક મોક્ષફલ આપનાર છે. તેથી કુડિયાટ્ટમમાં એનો સ્વીકાર સર્વથા યોગ્ય છે.

વાત રહી કુત્તુ અને કુડિયાટ્ટમ નાટકોએ સ્વીકારેલ પરંપરા અને લોકરુચિની. ખરી રીતે તો અભિનયકલામાં, સાહિત્યમાં અને પ્રાગૈતિહાસિક કે ઐતિહાસિક કલાકૃતિઓમાં પણ આ બંને તત્ત્વો અગત્યનું સ્થાન ધરાવે છે. કલા અંગેના ગ્રંથોમાં શાસ્ત્રીય નિયમોની સાથે સાથે એ તત્ત્વો પર આધારિત વ્યાવહારિક પક્ષનો મહિમા કરવામાં આવ્યો છે. લોક-પ્રચલિત પ્રથાઓ, પરંપરાઓ, કહેવતો, દંતકથાઓ, રૂઢિયો વગેરેએ કલાઓનું સારી રીતે પોષણ કરવામાં તથા એનો ઉછેર કરવા માટે બહુ મોટો ભાગ ભજવ્યો છે. જે શાસ્ત્રીય નિયમો નક્કી થયા છે તેનો આધાર પણ પરંપરાગત લોકરુચિઓ જ છે. સતત એ વિકસિત રહી છે. એની માન્યતાઓ યુગની સાથે સાથે ફેરફાર કે ક્રાંતિ પામતી રહી છે. એ રીતે કલાઓની જો સમીક્ષા કરવામાં આવે તો એના પર લોકરુચિની છાપ ચોક્કસ જ અંકિત થયેલી દેખાશે. એ કારણે જ તો ભરત, ધનંજય,

અભિનવગુપ્તપાદ અને બીજા નાટ્યાચાર્યોએ પણ કલાનાં અનેક રૂપોને લોકો દ્વારા પામવાનું કહ્યું છે. આ રીતે જોઈએ તો કલા કે અભિનયના સ્થાનમાં ઘણા કાળથી ચાલી આવતા રિવાજોની સ્થાપના પહેલાં થઈ અને પછી એમાંથી શાસ્ત્રીય નિયમો થયા. આપણી જૂની કલાકૃતિઓ કે જે શાસ્ત્ર નિયમોથી મુક્ત છે અને સમજવા માટે શાસ્ત્રોને ઉપયોગમાં લેવાની જરૂર પડતી નથી એને અવલોકવાથી એ વાતની પ્રતીતિ થશે. તેથી જ તો ભરતે પણ નાટ્યના અભિનયનો વાસ્તવિક આનંદ લોકાચાર, લોકભાષા અને લોકશિલ્પ ઇત્યાદિના જ્ઞાતા દર્શકો જ મેળવી શકે એમ કહ્યું છે. એટલું જ નહિ, વખતો વખત એણે લોકમતનો બહુ જ આદર કર્યો છે અને અભિનયમાં કેવળ અભિનેતા જ નહિ પ્રેક્ષકો અને લોક પણ શાસ્ત્રના જ્ઞાતા હોવા જોઈએ એવી અપેક્ષા સેવી છે. કુત્તુ અને કુડિયાટ્ટમ નાટકોએ પરંપરા તેમ લોકરુચિનો જે સ્વીકાર કર્યો છે તેને કારણે ઉપર કહી તે અપેક્ષા મહદ્અંશે સંતોષાતી દેખાશે. એમાં જ તો આ નાટકોની સફળતા રહેલી છે.

આમ શાસ્ત્રો જે સંસ્કૃત નાટક અંગે વિગતોથી ભરચક છે તે વિગતોને આધારે કુત્તુ, કુડિયાટ્ટમ અને કુત્તમપલમને સમજવાનો પ્રયત્ન થયો છે. દક્ષિણનાં મંદિરો સાથે સંકળાયેલાં એ વિશિષ્ટ અને આગવું સ્થાન ધરાવે છે. વિવિધ કલાસ્વરૂપો પર અનેક રીતે 'કુત્તુ' અને 'કુડિયાટ્ટમ' નાટકોએ અસર કરી છે. 'કૃષ્ણાટ્ટમ' વગેરેની વેશભૂષા એમાંથી જ લેવામાં આવી છે. 'ચવિક્રનાટકમ્' જેવા પ્રકારોનો તો ઉદ્ગમ જ 'કુત્તુ' અને 'કુડિયાટ્ટમ'માંથી થયો છે. કથકલીનું ચણતર આ નાટકોના પાયા પર જ થયું છે. વિધિ તથા વાદ્યો 'કુડિયાટ્ટમ' પ્રયોગો સાથે સીધું સામ્ય ધરાવે છે. 'મોહિનીઆટ્ટમ' જેવા પ્રકારો જેના પર આધારિત છે એવી ઘણી મહત્ત્વની મુદ્રાઓ આ નાટકોમાં છે. એને માત્ર પ્રજાને નૈતિક-ધાર્મિક-સામાજિક તથા સૌંદર્યાનંદ જ પૂરાં પાડ્યાં છે એમ નહિ, પણ ભારતની વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિ, સભરતા, ઐતિહાસિક પાર્શ્વભૂમિ, નૈસર્ગિક સૌંદર્ય, પ્રાકૃતિક સાધનો, લોકજીવન-આ બધા રંગબેરંગી તાણાવાણાનું ચિત્ર પણ લોકને બતાવ્યું છે, એટલું જ નહિ પણ મૂળ સંસ્કૃત નાટકોની જે પરંપરા હતી તેમાંથી જ વિકાસ પામેલી એક પરંપરાને પ્રાદેશિક અંશો સાથે સાચવી સુદ્ધાં રાખી છે. કેરલાની નાટકશાલાઓમાં મહાન લેખકોનાં નાટકો લગાતાર ભજવાતાં હતાં. એ બધાં નાટકો નાટ્યશાસ્ત્ર પરંપરા પર આધારિત હતાં, એટલું જ નહિ, પ્રયોગો પર લોકનાટ્યોનો પણ પ્રભાવ સતત વરતાતો હતો જેના થકી બહુ જાણીતી આ નાટ્ય-શૈલી 'કુડિયાટ્ટમ'નો જન્મ થયો. એ સંપૂર્ણ અભિનય આપે છે અને રસની પૂરી સામગ્રી પ્રસ્તુત કરે છે તથા સંપૂર્ણ વાક્ય-અર્થને અભિનય દ્વારા પ્રસ્તુત કરીને જ પ્રેક્ષકોમાં રસ સંચાર કરે છે અને ભૂતકાળના ગૌરવને, ચાલી આવેલી કલાને, સૌંદર્યની ભાષાને, ધાર્મિક ચેતના તથા પ્રકૃતિ અને વાતાવરણની પ્રેરણા ઇત્યાદિને પણ એ સતત પ્રાણવાન રાખે છે.

## પાદટીપ

૧. કુટુમ્બલમ મંદિરના 'પ્રસાદ' કક્ષામાં આવે છે અને આખા સંકુલનું એકમ અંગ છે; આને માટે વપરાયેલાં પ્રમાણો મંદિરના અન્ય વાસ્તુપ્રકારો અને ખાસ કરીને બીજા 'મંડપ' માટે વપરાયેલ માપની સરખામણીમાં હોય છે, હોવાં પણ જોઈએ. ભારતનાં અન્ય મંદિરો અને મંડપોમાં સરખાં પ્રમાણો જોવા મળે છે. કુટુમ્બલમનું વિશિષ્ટ લક્ષણ તે તેનું છત્ર છે, નીચે ઢળતા છાપરાની ધારો પર નાગફેણ જેવા અન્ય શિલ્પ નમૂનાઓ કોતરેલા હોય છે. છત્રની ઉપરની ટોચ (ફૂટ)ની સાથે આ ઢોળાવ અચૂક ૪૫° નો ખૂણો રચે છે. નાના સ્તંભોને આધારે રાખેલાં બીમો આ છત્રને આધાર આપે છે. લાંબા ભાગ તરફ ૩૦ બીમો હોય છે. ટૂંકી બાજુ ૨૨ હોય છે. આ દરેક બાજુ સમભાગે પંદર-પંદર અને અગિયાર-અગિયાર બીમો વહેંચાયેલાં હોય છે. આ બધાં એક જાતની જાળી જેવી ભીંત બનાવે છે. આ ભીંત બહારથી ટૂંકા અને અંદરથી લાંબા સ્તંભોથી ટેકવવામાં આવે છે. આ સ્તંભો અને બીમો પથ્થરની પીઠિકા કે 'અધિષ્ઠાન'ની સપાટી પર ઊભા હોય છે. આ પ્રમાણે તૈયાર થયેલું છત્ર આખરે તાંબાનાં પતરાં કે લાદી અને રેતીના ગારાથી ચણવામાં આવે છે. પછી 'પૂર્ણઘટ' વગેરે નમૂનાઓથી સુશોભિત કરાય છે. (કપિલા વાત્સ્યાયન, પરંપરાના ભારતીય નાટ્યરંગ બહુવિધ પ્રવાહો, પૃ. ૧૯-૨૦)

૨. ભરત પ્રમાણે વિકૃષ્ટ (આયતાકાર) મધ્યમ નાટ્યમંડપ




અભિનવ ગુપ્ત પ્રમાણે વિકૃષ્ટ (આયતાકાર) મધ્યમ નાટ્યમંડપ




૩. વિદૂષકના રૂપ વિશે च्छेदविभूषितवचनः એવું વિશેષણ વાપરવામાં આવ્યું છે.' જો કે च्छेदविभूषितवचनः એવો અન્ય પાઠ ઉપલબ્ધ હોય તો પણ ૦વચનઃનો રૂપ જોડે કોઈ સંબંધ ન હોવાને લીધે તે પાઠ ગ્રાહ્ય નથી, છેદ શબ્દનો અર્થ રંગરેખાઓ થાય છે. વિદૂષકની રંગભૂષામાં, રંગ ચોપડતી વખતે તેના મુખ ઉપર વિવિધ રંગની રેખાઓ દોરવામાં આવતી. કેરળ રંગભૂમિ ઉપર વિદૂષકની રંગભૂષા આ પ્રકારે જ કરવામાં આવે છે, એ આપેલ ચિત્ર દ્વારા સ્પષ્ટ થશે. (વિદૂષક, લેખક : ગોવિંદ કેશવ ભટ્ટ, લા.દ.ભારતીય સંસ્કૃત વિદ્યામંદિર, પૃ. ૫૨)



૪.



નાન્યાર કુત્તુ ના પ્રયોગનું એક દૃશ્ય
(કલા મંડલમ્ : સૈલજા)

૫.



**વડકુનાથન કુત્તમપવમ (પ્રેક્ષકગૃહમાંથી)**

ચિત્ર C : (૧) રંગભૂમિ (૩) નેપથ્ય (૫) બ્રાહ્મણોને બેસવા માટેની સપાટી (૬) બ્રાહ્મણો સિવાયના અન્ય પ્રેક્ષકોને બેસવા માટેની ભોંય તળિયાની સપાટી (૧૩) સુશોભિત સ્તંભો (૧૪-૧૪-અ) ઘણા શોભીતાં પાટડાઓ (૧૫) અધિસ્થાન

ઉપરનું ચિત્ર (૧) રંગભૂમિ (૨) બારણાં (૩) રંગભૂમિનો વધારેલો ભાગ.

**સંદર્ભ :**


'અભિનયદર્પણ', ડૉ. એમ.એમ. ઘોષ, કલકત્તા, પ્ર.આ.૧૯૩૪

'અભિનયભારતી' (ભા.૧-૪) ગા. ઓ. કી. પ્ર.આ. ૧૯૩૪,૧૯૫૪, ૧૯૫૬,૧૯૬૪

'એશિયન ઇંડિયન થિયેટર', ડી.આર. માંકડ, ૧૯૯૩

'કુટિયાટ્ટમ, કે.કુંજુની રાજા', જર્નલ ઑફ ધી નેશનલ સેન્ટર ફૉર ધી પરફોર્મિંગ આર્ટ્સ "વૉ. ૩" ૧૯૭૪

'કુત્તમપલમ એન્ડ કુટિયાટ્ટમ', ગોવર્ધન પંચાલ, સંગીત નાટક અકાદમી, ૧૯૮૪

'ટ્રેડિશનલ ઇંડિયન થિયેટર', ડો. કપિલા વાત્સ્યાયન, ૧૯૮૦

'ધ્વન્યાલોક'આનંદ વર્ધન નિર્ણયસાગર, ૧૯૧૧

'નાટ્યગૃહ' (સોવિનિયર) ૧૯૭૭

'પ્રોડક્શન ઑફ એ પ્લે, ઇન કુટિયાટ્ટમ', જી. વેણુ, ૧૯૮૯

'વિદૂષક', ગોવિંદ કેશવ ભટ્ટ, ૧૯૮૧

'નાટ્યરસ', રામપ્રસાદ પ્રે. બક્ષી, ૧૯૫૯

'સાહિત્યદર્પણ', વિશ્વનાથ, ચોખંબા, ૧૯૫૭

'લોકરંગ', સં. ડૉ. મહેન્દ્ર ભાનાવત, ઉદયપુર, પ્ર.આ.૧૯૭૪

'નાટ્યદર્પણ', રામચંદ્ર-ગુણચંદ્ર, પ્ર.આ. ૧૯૮૬

'પ્રાચીન ભારતીય ઇતિહાસ : સંસ્કૃતિ અને પુરાતત્ત્વ', પ્ર.સં. ૨૦૦૨

'મ્યુઝિક ઇન કુડિયાટ્ટમ', એલ.એસ.રાજ ગોપાલન, ૧૯૬૯

'કુડિયાટ્ટમ', ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, ૧૯૬૨

'ભારત દર્શન', શંકર ભટ્ટ, ૧૯૭૩

'ભારતીય નાટ્ય-ચક્ર', સં. સી.આર. દેવધર, ૧૯૮૭

'ભાવ પ્રકાશ', શારદાતનય, ૧૯૩૦

'ધ્વન્યાલોક', આનંદવર્ધન, નિર્ણયસાગર, મુંબઈ, પ્ર.આ. ૧૯૧૧

# 'સ્ત્રી-પુરુષ તુલના' (તારાબાઈ શિંદે) : નારીવાદી ચિંતનનો સબળ પ્રારંભ

◆

નિવ્યા પટેલ*

ભારતમાં નારીવાદી ચિંતનની સુદીર્ઘ પરંપરા છે. પંડિતા રમાબાઈની સાથો સાથ જ સાવિત્રીબાઈ ફૂલે કે તારાબાઈ શિંદેને યાદ કરી શકાય. મરાઠી નારીવાદીચિંતકો સિવાય પણ વીસમી સદીના પૂર્વાર્ધમાં ત્રેવીસ વર્ષની વયે 'શૃંખલા કી કડિયાં' જેવો ગ્રંથ આપનાર મહાદેવી વર્મા પણ નારીવાદીચિંતકોની હારમાળાની મહત્ત્વની કડી છે. તારાબાઈ શિંદેનો સુદીર્ઘ નિબંધ 'સ્ત્રી-પુરુષ તુલના' ઈ.સ. ૧૮૮૨માં પ્રગટ થયા બાદ એનો અંગ્રેજી અનુવાદ 'A comparison Between Women and Men' નામથી થયો. આ વિચારોત્તેજક નિબંધ આજના નારીવાદીવિમર્શના યુગમાં ઘણી બધી રીતે પ્રસ્તુત છે.

ઈ.સ. ૧૮૫૦ પછી ભારતમાં સ્ત્રીઓ જુદી જુદી જગ્યાએ પોતાના પર પડતી યાતનાઓ વિશે 'જાહેર'માં વિરોધ કરતી થઈ, એ પ્રશ્નો વિશે લખતી થઈ, કાયદાના શરણે જતી થઈ, માત્ર બંગાળમાં જ ઈ.સ. ૧૮૫૬ થી ઈ.સ. ૧૯૧૦ વચ્ચે સ્ત્રીઓ દ્વારા સ્ત્રીઓના પ્રશ્નો વિશે લગભગ ૪૦૦ પુસ્તકો લખાયાં છે.

તારાબાઈ શિંદેએ સ્ત્રીપુરુષની તુલના કરી, સ્ત્રીની દુર્દશા માટે પુરુષસત્તાક સમાજરચનાને ઉઘાડી પાડી છે. પારંપરિક પુરુષ વર્ચસ્વને તારાબાઈએ તીવ્ર પ્રતિક્રિયા આપી છે. તેથી કહી શકાય કે આ નિબંધ સ્ત્રી અસ્મિતાનો, સ્ત્રીશોષણના પ્રતિરોધની મૂળગામી વિચારણાનો છે. પ્રારંભિક નિબંધ હોવા છતાં એમાં રહેલો નારીવાદી સ્વર સબળ છે. તેથી એક કાળે ચિંતનના ઇતિહાસમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલાં તારાબાઈ શિંદે નારીવાદી વિમર્શના યુગમાં કેન્દ્રમાં મુકાયાં છે. ઉમા ચક્રવર્તી જેવાં નવ્ય ઇતિહાસવાદી નારી દૃષ્ટિકોણથી ઇતિહાસને તપાસે છે ત્યારે આ નિબંધને મહત્ત્વપૂર્ણ લેખે છે.[1] તેવી જ રીતે દલિતવિમર્શ વિશે લખાયેલ ગેલ ઓમવેટનું પુસ્તક 'Dalit Vision'નું ચોથું પ્રકરણ તારાબાઈ અને રમાબાઈ પર આધારિત છે. આ રીતે ૧૯મી સદીની નારી વિચારણામાં તારાબાઈની અપૂર્વતા સિદ્ધ કરતો આ નિબંધ છે. અલબત્ત એમાં ભલે પુરોગામીઓથી નવી અને જૂની વિચારણા હોય પણ પુરોગામીઓનો ફાળો અચૂક હશે. નારી અને દલિતોના પ્રશ્નો જેમણે આજીવન સંઘર્ષ કર્યો તે જ્યોતિબા અને સાવિત્રીબાઈ ફૂલેની સંસ્થા 'સત્યશોધક સમાજ'થી તારાબાઈ શિંદેનું કુટુંબ પ્રભાવિત હતું. પરિવારના સભ્યો હરિ શિંદે અને રામચંદ્ર હરિ શિંદે 'સત્યશોધક સમાજ'ના સભ્યો હતા. તેથી જ્યોતિબા ફૂલેની વિચારધારાનો એક તંતુ આ સુદીર્ઘ નિબંધમાં વણાયેલો જોઈ શકાય છે. આ બધા સંદર્ભોની વચ્ચે તારાબાઈના નારીવિમર્શનું પુનઃવાચન ખૂબ જ પ્રસ્તુત છે.

આશ્ચર્ય એ છે કે તારાબાઈ શિંદેનું આ પ્રથમ લખાણ છે છતાં એમાં પ્રૌઢિ છે. પણ બીજું આશ્ચર્ય એ છે કે આ નિબંધ તારાબાઈનું પ્રથમ અને અંતિમ લખાણ છે !

ખૂબ જ ટૂંકી પ્રસ્તાવનાથી શરૂ થતો આ નિબંધ અતિ નમ્રતાથી, સ્વસ્થતાથી શરૂ થાય છે :

'જે ઈશ્વરે આ અદ્ભુત સૃષ્ટિની રચના કરી, એણે જ સ્ત્રીપુરુષનું પણ સર્જન કર્યું, પણ બધા જ દુર્ગુણોનો વાસ માત્ર સ્ત્રીજાતિમાં જ હોય છે, તેમજ જે અવગુણ સ્ત્રીઓમાં છે એવા પુરુષ જાતિમાં છે કે નહીં - એ વિશે સ્પષ્ટતા કરવા ખાતર જ આ લઘુનિબંધ મેં મારી સર્વદેશભગિનીઓનું ગર્વ કરવા ખાતર લખ્યો છે. અમુક જાતિ કે કુળ માત્રને ઉદ્દેશીને એ લખ્યો નથી. અહીં મેં સ્ત્રીપુરુષની તુલના માત્ર કરી છે.'[2]

આ પ્રસ્તાવનાના પહેલા વાક્યમાં જ જોઈ શકાય છે કે તારાબાઈએ નારીવાદને એક વ્યાપકતા આપી છે. જાતિ કે કુળ જેવા સિમિત વર્તુળોમાં એને બાંધ્યો નથી. અને વળી 'સર્વ દેશભગિનીઓના ગર્વ ખાતર'

---

* ૧૧૭, સુરભિ ઍવન્યૂ, સૅન્ટ જોસેફ સ્કૂલ સામે, વડોદરા-૨

આ નિબંધ લખાયો છે તે નારીવાદનો ટંકાર છે. ત્યાર બાદ તેઓએ વળી પાછી જ્ઞાતિવાદી સીમાઓ તોડીને એમ કહ્યું છે કે પુનર્વિવાહના રિવાજનો માત્ર બ્રાહ્મણોમાં જ નિષેધ કરવામાં આવ્યો નથી, પરંતુ અનેક જ્ઞાતિઓમાં બ્રાહ્મણો કરતાં પણ વધુ સખ્તાઈ જોવા મળે છે. પુનર્વિવાહ વિશે કેવું જડ રૂઢિચુસ્ત વલણ પ્રવર્તતું હતું તે વિશે તેઓ લખે છે :

'કુળની મર્યાદાને પ્રાણ કરતાં પણ વધુ મહત્ત્વ આપતાં મરાઠીઓને વિધવા સ્ત્રી મૃત્યુ પામે એ સ્વીકાર્ય છે, પણ એના પુનર્વિવાહ કરી આપવા એમને સ્વીકાર્ય નથી.'[૩]

ત્યારબાદ તેઓ એક સંસ્કૃતિ વિચારકની માફક આપણું એ ધ્યાન ખેંચે છે કે અંગ્રેજોનું અનુકરણ કરતાં કરતાં જેમ પુરુષોએ પોષાક બદલ્યા છે તેમ સ્ત્રીઓએ બદલ્યા છે. તેથી એ સારુ હો કે ખરાબ હો એ બન્નેએ કર્યું છે ! અહીંયા તેઓ કેવળ નારીવાદી નહીં પણ દેશીવાદી ચિંતક પણ બને છે.

'તમારા (પુરુષો) આ નખરાંઓએ સ્વદેશી ઉદ્યોગોનો ખાતમો બોલાવ્યો. કુશલ વેપારીઓ અને કલાકારીગરો ભૂખે મરવા લાગ્યા. તમામ પ્રકારનો વૈભવ ગયો. તમારા આ નખરાં જોઈને ઘરની લક્ષ્મી નિરાશ થઈ કોટિકોટિ દૂર ચાલી ગઈ. રાષ્ટ્રના નિરાધાર અને આ ગરીબ કારીગરોની, એમના કુટુંબની તમને દયા આવે અને સ્વરાષ્ટ્રની મહત્તાને જાણી, પોતાના ધર્મ, રીતરિવાજ, પરંપરાના મૂલ્યને જાણી એક સ્વદેશાભિમાનીની જેમ સમાજને જોવાનો પોતાનો દૃષ્ટિકોણ બદલે એવી અપેક્ષા સાથે આ લઘુનિબંધ હું તમને સાદર અર્પણ કરું છું. સ્ત્રી જાતિને સર્વ પ્રકારે દોષપાત્ર કરાવી પાપનો ટોપલો એના માથે ન નાખતાં, એને અંધકારમાંથી બહાર કાઢવા તમને સૂચવું છું.'[૪]

નિબંધના આરંભે જ તેઓ એ સ્વીકાર કરે છે કે કંઈક લખવાનો તેમનો આ પ્રથમ અનુભવ છે તેથી આ નિબંધમાં જો તમને અસંગત, તૂટક તૂટક વાક્યો, ક્યાંક અધૂરી માહિતી હોવાનું જણાશે. તેમ છતાં એમની કટાક્ષપૂર્ણ ભાષાનો પ્રસ્તાવનામાંથી જ પ્રારંભ થઈ જાય છે. પોતાને 'મરાઠાઓની ગૃહબંદીશાળાની એક મતિહીન અબળા' તરીકે ઓળખાવે છે.

પ્રસ્તાવનાના અંતે તેઓ પોતાનો હેતુ જરાય ઢાંક્યા વિના, કડક શબ્દોમાં સ્પષ્ટ કરે છે એમાં નમ્રતા અને ખુમારીનો સરવાળો છે.

આશ્ચર્યની વાત તો એ છે કે પુરુષોના વધતાં સાહસ, દગાબાજીનાં નિત્ય નવાં ઉદાહરણ રોજેરોજ આંખ સામે જોવા મળતાં હોવા છતાં એ તરફ કોઈ ધ્યાન આપવા તૈયાર નથી, એને બદલે સ્ત્રીને જ દોષી ગણવામાં આવે છે. એ જોઈને સ્ત્રીસહજ લાગણીવશ મારું મન ખિન્ન થઈ ઊઠ્યું છે અને એ કારણે જ નીડર થઈ આ પ્રમાણે સ્પષ્ટ શબ્દોમાં લખ્યાં વિના મારાથી રહેવાયું નથી. તમારા જેવા દગાબાજ, કપટી, એકબીજાના દુષ્કૃત્યોને સંતાડનારાઓને ખુલ્લા પાડવા આના કરતાં પણ કડવા શબ્દ જો હોત તો એનો પણ મેં નિર્ભયપણે ઉપયોગ કર્યો હોત. પણ હું રહી ગૌણપક્ષની એટલે તમે એમાંથી (નિબંધમાંથી) અનેક દોષ કાઢીને, પોતાની દુષ્ટ બુદ્ધિના બળે આ નિબંધ વિશે કોઈને કોઈ ટીકા કરીને સ્વજાતિનું રક્ષણ કરશો જ. પણ, મને જે યોગ્ય લાગ્યું એ જ લખવા મેં પ્રયત્ન કર્યો છે. 'મારા આ નિબંધને ધ્યાનથી વાંચો' કે 'એની અવગણના કરશો નહીં', 'એનો યોગ્ય પ્રતિસાદ આપો' - એવી કોઈ વિનંતી પણ હું તમને કરવાની નથી, ફક્ત હું તમને એટલું જ પૂછું છું કે મારું કહેવું, યોગ્ય કે અયોગ્ય કંઈ પણ હોય, જો તમે પક્ષપાત ન કરતાં અને જે યોગ્ય છે એનો વિચાર કરી, એમાં જે ઊણપ છે એ શોધી કાઢશો તો એ મને સ્વીકાર્ય છે. પણ પોતાનો બોલ રાખવા જો તમે ઘોડા દોડાવશો તો એ વ્યર્થ છે. સ્વજાતિના કલ્યાણાર્થે હું ખંતપૂર્વક મનમાં સદાચરણનાં બીજારોપણ કરતી જ રહીશ. એ તમે જાણી લેજો.'[૫]

લગભગ સો વર્ષ સુધી આ સુદીર્ઘ નિબંધ કોઈના ધ્યાનમાં આવ્યો જ નહીં ! પુરુષસત્તાક, પિતૃસત્તાક લાગણીઓ આ નિબંધ પ્રગટ થતાં જ ઘવાઈ હશે તેથી ઘણી બધી લાઈબ્રેરીઓમાંથી આ નિબંધ બાળી

નાખવામાં આવેલો. પિતૃસત્તાક સમાજનું આ વર્તન જ બતાવે છે કે તે કેટલો બીમાર સમાજ છે કે જે એક સ્ત્રીના નિબંધને ય સાંખી શકતો નથી !

સ્ત્રીઓના દુષ્કૃત્યો વિશે વારંવાર લખવામાં આવતું હતું. એ દુષ્કૃત્યોના સંદર્ભે હંમેશા સ્ત્રીને જ દોષી ઠેરવવામાં આવતી હતી. આ નિબંધ લખાયો એ અરસામાં વિજયાલક્ષ્મી કેસે ચકચાર જગાવી હતી. સુરતના ઓલપાડની બ્રાહ્મણ વિધવા વિજયાલક્ષ્મી ગર્ભવતી થતાં તેણે બાળકને જન્મ આપી મારી કાઢ્યો અને પરિણામે ગુનાના સ્વીકાર બાદ માર્ચ ૧૮૮૧માં કેસ ચાલ્યો અને એપ્રિલમાં ફાંસીની સજા થઈ. છ મહિના સુધી વર્તમાનપત્રોમાં એની ચર્ચા ચાલુ રહી હતી. ત્યાર બાદ એને પાંચ વર્ષની સજા થઈ હતી. તેવી જ રીતે લગ્નની ઉંમર થતા પરણાવેલી રુકમાબાઈએ સાસરીમાં જવાની ના પાડતા, કાયદેસર સાસરે જવું જ પડે એવો ચુકાદો આવ્યો હતો. આ કેસની પ્રભાવક અસરથી પ્રેરાઈને આ નિબંધ લખાયો હશે, કારણ કે નિબંધના પ્રથમ વાક્યમાં જ એમણે સમૂહ માધ્યમોના 'નીતિશાસ્ત્ર'ને લપેટમાં લીધું છે.

'આજકાલ સર્વ વર્તમાનપત્રોમાં ગરીબ અબળાનાં દુષ્કૃત્યો વિશે ઘણું લખવામાં આવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ મહા અનર્થનો વિરોધ કરવા તમારામાંથી કોઈ જ આગળ આવવા તૈયાર નથી. કેમ, શા માટે ?'[૬]

આ રીતે તારાબાઈ સ્ત્રી સમસ્યાને એની સપાટી પરથી નહીં પણ ઊંડાણથી આલેખવાનું શરૂ કરે છે. એમને આ દુષ્કૃત્યોમાં 'સમાચાર'માં કેવળ રસ નથી. પરંતુ સ્ત્રીની દુર્દશા માટે સર્જવામાં આવેલી સમાજ વ્યવસ્થા તરફ તેઓ વળે છે. વિજયાલક્ષ્મી કે રુકમાબાઈને કાયદો દેખાડતો સમાજ વિજયાલક્ષ્મીને ગર્ભવતી કરનાર પુરુષ વિશે કેમ મૌન સેવે છે ? શું ઉંમર થયે રુકમાબાઈએ શ્વસુર ગૃહે જવું જ પડે ? વિજયાલક્ષ્મીના કેસના મૂળિયા તો વિધવા વિવાહના પ્રતિબંધમાં પડેલા છે. જો વિજયાલક્ષ્મીને પુનર્લગ્ન કરી ગતિશીલ જીવન જીવવા મળ્યું હોત તો કદાચ એ આ અપરાધ ન કરત. તેથી નિબંધની માંડણીમાં જ તેઓ વિધવાઓની સ્થિતિ વિશે વાત કરે છે. સ્ત્રી પણ એક અસ્તિત્વ છે એનો એમાં સ્વીકાર છે.

'પુનર્વિવાહ પ્રતિબંધરૂપી પ્રથા એક વિનાશક રોગની જેમ અનેક જાતિ, અનેક સ્થળોએ વિસ્તરી રહી છે જેના પરિણામે કેટકેટલી સ્ત્રીઓ વૈધવ્યરૂપી અસહ્ય દુઃખ ભોગવી રહી છે. એનું દુઃખ સહન કરતાં, કેવા અનર્થ થાય છે એની તો કલ્પના પણ કરી શકાતી નથી. કારણ કે એક માત્ર મનોનિગ્રહ દ્વારા માનવસમાજમાં રહેતી સ્ત્રીના ધર્મનું રક્ષણ કરવું મુશ્કેલ છે. મન અને આંખો જોતાં તો તે દોષિત ઠરે જ છે. કેશવપન કરવાથી કે કપાળનું કંકુ ભૂંસવાથી અને એને સૌભાગ્યહીન કરવા માત્રથી વાતનો અંત આવી ગયો એવું તમે ધારો છો ? તમે એ કેમ ભૂલો છો કે એમનું અંતઃકરણ તેમજ ઇષ્ટ-અનિષ્ટ એ તમામનો વિચાર કરવો એ તો એમના જ હાથમાં છે. દેખીતી રીતે તો એમની સ્વતંત્રતાને હણી લેવામાં આવે છે પણ એના અંતરની સ્વતંત્રતાને શું તમે બાંધી શકવાના છો ? સ્ત્રીધર્મ એટલે શું ? તમે એમ વિચારો છો કે નિરંતર પતિની આજ્ઞા પાળવી, એની મરજી પ્રમાણે વર્તવું, એણે લાત મારી, ગાળો આપી, આડાસંબંધ રાખ્યા, રોજે દારૂ પીને, જુગાર રમીને, પૈસા હારીને, ચોરી કરીને, કોઈની હત્યા કરીને, લૂંટ ચલાવીને, લાંચ લઈને જો એ ઘરે આવ્યો તો સ્ત્રીએ, જાણે કૃષ્ણ ગોપીઓનું દૂધદહીં ચોરીને ચંદ્રાવલીને કલંક લગાડીને આવ્યા હોય એમ પરમાત્માની જેમ હસતા મોઢે એની પૂજા કરવી જોઈએ, કાયમ એની સેવામાં હાજર રહેવું એ જ એનો સ્ત્રીધર્મ, પણ જ્યાં ખરાખોટાનો જ વિચાર કરવામાં આવે છે ત્યાં સ્ત્રીધર્મનું રક્ષણ કેમ કરી થશે ? એક માત્ર વ્યભિચાર કરવાથી પતિવ્રતા ધર્મ ભ્રષ્ટ થાય છે એવું પણ નથી. પતિવ્રતાધર્મને ભ્રષ્ટ કરવા બીજા ઘણાં કારણ જવાબદાર હોઈ શકે છે.'[૭]

સ્ત્રીઓ વિશેની આ માનસિકતાનું ઘડતર પ્રાચીન સમૂહમાધ્યમો જેવાં ધર્મશાસ્ત્રોથી થયું છે એ તારાબાઈ જાણે છે. તેથી તારાબાઈ પોતાની વાત તાર્કિક રીતે મૂકવા માટે યથાશક્તિ ધર્મશાસ્ત્રોનો આધાર લે છે.

સમર્થનમાં કે પ્રતિરોધમાં પૌરાણિક કથાઓને આવરી લે છે જે એમની બહુશ્રુતતાનું પરિણામ ગણી શકાય. જ્યારે ઈ.સ. ૧૮૮૫માં તારાબાઈ શિંદે અને પંડિતા રમાબાઈ જેવી વિદુષીઓ ઉપર હુમલો થયો ત્યારે જ્યોતિબા ફૂલેએ એક ચોપાનિયું બહાર પાડેલું જેમાં એમણે લખેલું કે 'જ્યારે આર્યગ્રંથોની ક્રૂર દુષ્ટતાનો પરિચય એમની દીકરીઓને થવા માંડશે ત્યારે તેઓ મંદિરો અને દેવતાઓના સંબંધની અનુશ્રુતિઓની ઠેકડી ઉડાવશે અને તેને તેઓ તિરસ્કૃત કરશે.'[૮]

આ રીતે તારાબાઈએ પોતાની વાત મૂકવા માટે સરસ રસ્તો પસંદ કર્યો છે. જાણીતી વાર્તાઓ, પુરાણો, મહાકાવ્યોની નાની નાની વાતોની ઘટનાઓને પસંદ કરી, ખોલી આપી આ કથાઓ કેવી સ્ત્રીવિરોધી માનસિકતા ધરાવે છે તે એઓ બતાવતા જાય છે :

'દ્રૌપદીની વાત કરું તો એને સતીની ઉપમા આપવામાં આવી છે જેને પાંચ પતિ હોવા છતાં એ કર્ણનું ચિંતન કરતી હતી. બીજી અહલ્યા, પતિની ગેરહાજરીમાં ઇન્દ્ર સાથે સંબંધ બાંધ્યો અને શીલા થઈ. સત્યવતી અને કુંતીએ તો અપરિણિત અવસ્થામાં જ શ્રીવેદવ્યાસ અને કર્ણને જન્મ આપ્યો. સત્યવતીએ પરાશર ઋષિ પાસેથી શરીરની દુર્ગંધ દૂર કરવા ઋષિવચનને માન્ય ગણીને જ્યારે કુંતીએ મંત્રની શક્તિને ચકાસવા સાહસપૂર્ણ કાર્ય કર્યા પછી સત્યવતીએ રાજા શાંતનૂ સાથે ગંધર્વવિવાહ કર્યા અને કુંતીએ પાંડુ સાથે. જોવા જઈએ તો એ બંનેના તે પુનર્વિવાહ જ થયાંને ? અને લગ્ન પહેલાં એમને જે સંતાન થયું એ ઉદાર કર્ણ અને વેદવ્યાસ પોતાના કર્મબળે ઈશ્વરનાં પણ પૂજનીય થયા. જે આજે એ પ્રમાણે કોઈ સ્ત્રી કુમારાવસ્થામાં જ સંતાનને જન્મ આપે તો એને વ્યભિચારિણીના પેટે જન્મેલ સંતાન ગણીને તિરસ્કારવામાં આવે છે.'

વાલીએ પોતાના નાનાભાઈ સુગ્રીવની પત્ની રુમાને કેદ કરી અને સુગ્રીવને ઘર બહાર કાઢી મૂક્યો. એ જ સમયે રામચંદ્ર એને માર્ગમાં મળ્યા. એમની પણ એ જ વ્યથા હતી. રાવણે એમની પત્નીનું અપહરણ કર્યું હતું. જ્યારે સુગ્રીવની પત્નીનું એના જ મોટાભાઈએ અપહરણ કર્યું યોગ્ય સંધિ થઈ. સુગ્રીવની દયા કરીને રામચંદ્રે વાલીને છળકપટથી મારી નાખ્યો અને એની પત્ની તારાના લગ્ન સુગ્રીવ સાથે કરવા રાજી થયા. વ્યથિત તારાએ એમને વિનંતિ કરી કે 'મહારાજ, મારી સાથે આ અયોગ્ય વર્તન ન કરશો. નાનો દિયર દીકરા જેવો હોય છે. એની સાથે લગ્ન કરવા અયોગ્ય છે.' ત્યારે એને આશ્વાસન આપતા રામચંદ્રે તેને જણાવ્યું કે 'એમાં કંઈ અયોગ્ય નથી, તું નાના દિયર સાથે પુનર્વિવાહ કર, એથી તારા સતીત્વનો વાળ પણ વાંકો થવાનો નથી. પુનર્વિવાહ કરવા છતાં તારી ગણના પતિવ્રતા સ્ત્રીઓમાં જ થશે.'[૯]

આપણે ત્યાં કેવા બેવડા ધોરણો ધર્મશાસ્ત્ર અંગે પ્રવર્તે છે તે પણ તારાબાઈએ કૌશલ્યથી બતાવ્યું છે. ધર્મગ્રંથોનો પોતાના સ્વાર્થમાં ઉપયોગ કરીને પુરુષ વર્ચસ્વ સ્થાપિત કરવામાં આવ્યું છે. શૂદ્રોની જેમ સ્ત્રીઓને પણ પવિત્ર ગ્રંથોથી દૂર રખાતી હોવાથી નિરક્ષર સ્ત્રીઓએ એ બધું સ્વીકારી લીધું. પરિણામે પારિવારિક ક્રૂરતા અને બોજા હેઠળ સ્ત્રી કચડાતી ગઈ. સ્ત્રીના કચડાઈ જતા અસ્તિત્વને, એની ભૂંસાઈ જતી ઓળખને તારાબાઈએ સાહસપૂર્વક બતાવી છે જેમાં એમણે દેવોને, ધર્મગ્રંથના રચયિતાઓને, સંતોને કે સુધારકોને કોઈનેય બક્ષ્યા નથી.

મારે અહીં ઈશ્વરની નિંદા કરવી પડી કારણ કે સત્યને મરણ હોતું નથી. એ કેવું પણ કેમ ન હોય, શાસ્ત્રોમાં કહેવાયું છે કે યુદ્ધ સમયે જો પિતા કે સગો ભાઈ પણ સામે હોય તો નિ:સંકોચ તટસ્થભાવે એમની સાથે યુદ્ધ કરવું.[૧૦]

આમ પહેલીવાર ઈશ્વરની કોઈ ભારતીય સ્ત્રીએ ટીકા કરી અને એ પણ સત્ય માટે પોતાના શાસ્ત્રાર્થને એમણે એક યુદ્ધ ગણાવ્યું અને યુદ્ધમાં ઢીલાઢાલાપણું ચાલે નહીં. હુમલો પ્રબળતાથી કરવાનો. જ્યારે સત્ય સમજાઈ ગયું ત્યારે પિતા, ભાઈ કે ઈશ્વરથી પણ ડરવાનું નહીં.

આ નિબંધનો બીજો ભાગ મુખરપણે વિધવાઓની સ્થિતિને ચર્ચે છે. વ્યાજસ્તુતિ અલંકારસભર

પરિચ્છેદ આરંભાય છે. વિધવાઓની સ્થિતિ અંગે તારાબાઈની વેદના કેટલી તીવ્ર હશે કે આવી આગ દઝાડતી બળબળતી ભાષાનો પ્રયોગ કરવો પડ્યો હશે !

'સિંહની જેમ ધૈર્યવાન, ભગીરથ જેવા પ્રયત્નશીલ, જૈમિની જેવા વ્યુત્પન્ન, શૌર્યશાલી વીર તરીકે મોટા મોટા અજિંક્ય શત્રુઓ પર તમે વિજય મેળવી અને એમને રઝળતા કરી મૂક્યા. અગ્નિ જેવા મહાપ્રખર દેવતાને પણ મૂઠીમાં કેદ કરીને એની પાસેથી યંત્રબળે અનેક યુક્તિપ્રયુક્તિ દ્વારા જોઈએ એવા કામ તમે કરાવ્યા. અગ્નિદેવ કરતાં પણ બલાઢ્ય વાયુદેવ. અગ્નિને જોઈ શકાય છે. એકવાર એને સ્પર્શી પણ શકાય છે. પણ વાયુને સ્પર્શી શકાતો નથી કે જોઈ શકાતો નથી. પણ પોતાના શક્તિસામર્થ્ય દ્વારા તમે એને પણ વશમાં કર્યો. નિરંતર મેઘમંડલમાં ઝગારા મારતી, ઉચ્ચ આકાશમાં જ્યાં પક્ષી પણ જઈ શકતા નથી એવા વિશાળ આકાશમાં રહેનારી વીજને પણ તમે ધરતી પર લઈ આવ્યા. તો તમારા જેવા બલાઢ્ય પરાક્રમી પુરુષોને ગરીબ વિધવાની દયા કેમ આવતી નથી ? દુઃખસમુદ્રમાંથી એમને બહાર કાઢી, એમના પુનર્વિવાહ કરવાનું સામર્થ્ય તમારામાંથી કેમ કોઈ કરતું નથી ?'

તમારી વિદ્વત્તા અને શૌર્ય માત્ર ઘર સુધી જ સીમિત રહ્યાં છે. જેમ કોઈ ઘરડી ડોશીની આસપાસ પાંચ-છ નાનાં નાનાં બાળકો રમતાં રમતાં કલ્પનાના ઘોડા દોડાવે છે અને ડોશીને કહે છે કે 'બા, હું રાજા થયો.' બીજો એને કહે છે, 'બા, હું પ્રધાન થયો.' ત્રીજો કહે છે, 'બા, હું સેનાપતિ થયો. હવે અમે સુખેથી રાજ્ય કરીશું.' બાળકોના આ સામ્રાજ્ય અને એના જેવા જ તમારા આ પ્રયત્ન છે. યુવાનીને શોભે એવું એક પણ કાર્ય કરવા કોઈપણ આગળ આવતું નથી. અરે, તમે તો ઇસપનીતિમાં ભરાયેલી ઉંદરોની સભાના ઉંદરોની જેમ ડરપોક છો. બિલાડીના ગળામાં ઘંટ બાંધવો, એમ હરકોઈ ઇચ્છે છે પણ આગળ આવે કોણ ? કશેક કોઈ સભાનું આયોજન કરવાનું આવ્યું તો ત્યાં તમે ખભે શાલ નાખીને, માથે જરીકામ કરેલો ફેંટો પહેરીને ઘણાં ગર્વથી જવા નીકળો છો. ત્યાં જઈને પાન, સોપારીના મહેફિલ આરંભીને, ગળામાં હાર પહેરીને, અત્તરનો સત્યાનાશ કરો છો અને એવાને એવા હાથ હલાવતા ઘરે પાછા આવો છો. કોઈ મહત્ત્વપૂર્ણ નિર્ણય તો તમે ત્યાં જઈને લેતાં નથી. તમારી આ પ્રકારની પોકળ સભાઓ લગભગ ત્રીસ-પાંત્રીસ વર્ષથી ભરાઈ રહી છે. એનો શો લાભ થયો ? પોતાની જાતને તમે ધન્ય ગણો છો પણ વાસ્તવમાં જોઈએ તો નિરુપયોગી સ્તન પ્રમાણે જ તમે નિર્જીવ છો.[૧૧]

તારાબાઈની આ વિચારણા દૂરદર્શી છે. સ્ત્રીઓની દુર્દશા દૂર કરવાથી સમાજ વધુ ગતિશીલ બનશે એના માટે તેઓ પુરુષોને સ્થિતિ પરિવર્તન માટે ઉશ્કેરે છે. આટલી હીન સ્થિતિ હોવા છતાં સ્ત્રીઓએ સમાજની શક્તિ ઉપરાંત સેવા કરી છે. જો એ સ્થિતિમાં સુધાર થાય તો નારીશક્તિ, નારીસશક્તિ સમાજને વધુ સમૃદ્ધ કરશે. એક સ્ત્રી હોવાના નાતે તારાબાઈ શિંદે સ્ત્રીઓ માટે કેવળ 'દયા' નથી ઇચ્છતા પણ સ્ત્રીની શક્તિ પ્રત્યે પુરુષનું ધ્યાન ખેંચે છે. નારી અસ્મિતાનો પરિચય એમના આવા વલણમાં જોઈ શકાય છે. જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં પ્રાચીન કથાનકોને તેઓ આવરી લેવાનું ચૂકતા નથી. લૌકિક પરંપરાની જેમ એમણે જાણે કે સ્ત્રીની વાત માંડી છે. મધ્યકાલીન મૌખિક પરંપરાના સાહિત્યનાં લક્ષણો પણ અહીંયા જોઈ શકાય. પુરુષ વર્ચસ્વવાળી સમાજવ્યવસ્થા સળગાવી દેવા તેઓ મશાલ લઈને ઊભા છે :

વિચારવા જેવી વાત તો એ છે કે જ્યારે રાવણે સીતાનું અપહરણ કર્યું ત્યારે રામ જેવા પરાક્રમી રાજા પણ શોક કરતાં, 'હે જનકતનયા, ગુણસરિતા સીતા, સીતા' કરતાં અરણ્યમાં જ્યાં ત્યાં ભટકવા લાગ્યા. આ છે સ્ત્રીશક્તિ.[૧૨]

કેવળ માતૃપ્રેમને નજર સમક્ષ રાખીને પણ પુરુષે સ્ત્રીની સ્થિતિ વિશે વિચારવું જોઈએ. આ પૃથ્વી પરનું એનું અસ્તિત્વ જ માને આભારી છે. એ આજીવન સ્ત્રીની સેવા શુશ્રૂષા પર નિર્ભર છે. તેથી આવો સ્ત્રીનિર્ભર પુરુષ સ્ત્રીને નીચે આંકે છે ત્યારે તારાબાઈના ભાષા ભાથામાંથી અગ્નિબાણ વર્ષાવતાં વાક્યો

છૂટે છે :

'કોઈપણ કારણે તમારી આબરૂને કલંક ન લાગે એ માટે પણ પોતાની જાતને તે સંભાળીને રાખે છે. જ્યારે જુઓ ત્યારે સેવામાં હાજર. સુખદુ:ખના સમયે પણ અમૃતવલ્લી પ્રમાણે સદાસર્વદા બધું સહન કરીને પણ નિરંતર સ્નેહ વરસાવતી રહે છે. કહેવાનો અર્થ એ જ કે જ્યાંથી પણ તમને સુખ મળતું હોય એ કરવા તે કાયમ એક પગે ઊભી જ હોય છે. એ જ સ્ત્રી ઉપર અનેક પ્રકારનું દોષોનું આરોપણ કરી, એમને દુ:ખ સમુદ્રમાં ગરકાવ કરતાં તમને જરા પણ સંકોચ થતો નથી ? અરે, મૂર્ખાઓ, સ્ત્રી તો સ્વભાવથી જ શરમાળ, નાજુક અને નાસમજ હોય છે. સ્ત્રીજાતિને એકદમ હીન, નિર્બળ, મૂર્ખ, અવિચાર – એમ કેટલાય નિંદ્ય વિશેષણ આપીને જ્યાં ત્યાં એના નામનો તમે ડંકો વગાડ્યો. એને એક કેદીની જેમ કાયમ ગૃહતુરંગમાં કેદ રાખી અને જ્યાં ત્યાં પોતે ધનુષ ચઢાવીને રાવ થઈ બેઠા. એટલે તમને લાગે છે કે પત્ની એટલે શું ? 'જેના હાથમાં સસલું એ પારધી' એ વિચારે તમે બાકી બધાંને મૂર્ખ સમજતા થયા. બાળપણથી સર્વ સત્તા પોતાના હાથમાં રાખી સ્ત્રીજાતિને સતત અંધારી કોટડીમાં રાખી અને એને જગતથી દૂર પડદા પાછળ રાખી. એક નોકરાણીની જેમ એને ઘરમાં પૂરી રાખી જ્યાં ત્યાં તમે પોતાના જ ગુણગાન ગાતા રહ્યા. એને વિદ્યાજ્ઞાન અને બાહ્ય વ્યવહારજ્ઞાનથી દૂર જ રાખી. જ્યાં જુઓ ત્યાં બધી એકસરખી એક જેવી બીજી. યોગ્ય જ્ઞાન અને હોંશિયારી એનામાં આવે પણ કેવી રીતે ?'[૧૩]

સ્ત્રીપુરુષની તુલના કરતાં કરતાં તારાબાઈ એક તુલનામાં રહેલા માપદંડોના ભ્રષ્ટાચારને ઉઘાડો પાડે છે અને નવેસરથી તાર્કિકતાપૂર્વક ઉગ્ર ભાષામાં તુલના કરી બતાવે છે, જેમ કે આપણે ત્યાં સ્ત્રીના પતિના મૃત્યુ પછી સ્ત્રીને 'જ' સજા કેમ ? સ્ત્રીના મૃત્યુ પછી એવા નિયમો પુરુષો માટે કેમ નથી ? તેઓ લખે છે :

'તમારા બાપદાદા શું ભગવાન પાસેથી એવું કોઈ લખાણ લખાવીને, લાવ્યા હતા કે પત્નીએ પતિ પહેલાં મરવું, પતિએ નહીં ? અરે, જીવન અને મૃત્યુ, એ તો ઈશ્વરના હાથમાં છે. શું એવો પણ કોઈ નિયમ છે કે તરુણોએ મરવું અને વૃદ્ધોએ જીવવું ? કેટલાંય આ ધરતી પર જન્મ લે છે, કેટલાંક ભરજુવાનીમાં, કેટલાંક સો વર્ષ સંસારના સર્વ સુખ ભોગવીને, કેટલાંક સર્વ સુખો વચ્ચે તો કેટલાંક રાજગાદીને લાત મારીને એક ક્ષણ માત્રની રાહ ન જોતાં સર્વ સાર્વભૌમ રાજ્ય, પત્ની, બાળકો અને આત્માને શરીરના ભારમાંથી મુક્ત કરીને, ક્યારેક રાજીખુશીથી તો ક્યારેક અનિચ્છાએ યમદૂતો સાથે ચાલ્યા જાય છે. કેમ શું એવું ક્યારેય થયું નથી ? મૃત્યુને ટાળી શકાય છે ? કોઈ દેશનો મોટો સમ્રાટ પણ કેમ ન હોય, મૃત્યુ આગળ એનું પણ કંઈ ચાલતું નથી. ત્યારે આ અબળા સ્ત્રીઓનું કોણ સાંભળવાનું છે ? જ્યારે આ તો રહ્યું સર્વશક્તિમાન, ઈશ્વરનું સામ્રાજ્ય. ત્યાં સુધી શું કરવાની છે ? સારું, કોઈ કાળે એકાદ સ્ત્રી મૃત્યુ પામેલા પતિને પાછો મેળવવા બ્રહ્મા પાસે ગઈ હોય અને તેને એ સૃષ્ટિ નિયંતા ઈશ્વરે, 'કોઈપણ ભોગે સ્ત્રીને એની હયાતીમાં મૃત પતિ પાછો મળશે નહીં.' કહ્યું હોય, એવું એક પણ ઉદાહરણ તમને ભારતભરમાં મળે છે ? એક સાવિત્રીને બાદ કરતાં એક પણ સ્ત્રી પોતાનું સૌભાગ્ય પાછું મેળવવા યમ પાસે ગઈ નથી. એટલું જ નહીં, યમરાજ પાસેથી એણે સૌભાગ્ય તો પાછું મેળવ્યું જ અને એ સાથે બીજાં ઘણાં આશીર્વાદ પણ મેળવ્યા. સ્ત્રીજાતિમાં એક સાવિત્રી તો પતિને પુનર્જીવિત કરવા યમરાજના દરબારમાં જઈ આવી પણ કોઈ પુરુષે પોતાની પત્નીને પુનર્જીવિત કરવા યમરાજ પાસે તો શું પણ એ માર્ગ પણ ગયો હોય એવું સાંભળ્યું છે ? જે પ્રમાણે એક વિધવા મોટા અપરાધીની જેમ મોઢું સંતાડતી જીવનભર અંધારી કોટડીમાં રહે છે, એવું તમે પણ કેમ કરતાં નથી ? તમારી સ્ત્રી અવસાન પામતા મોઢું કાળું કરીને, દાઢીમૂછ મૂંડાવીને આજીવન કોઈ અરણ્યમાં જઈને શા માટે રહેતા નથી ? તમારા ધૈર્યની તો દાદ આપવી પડે. પત્ની મૃત્યુ પામીને દશ દિવસ જ થયા હોય છે ને બીજીને ઘરમાં લાવો છો. કયા ઈશ્વરે તમને એવો બોધ આપ્યો છે કહો તો ? જેવી સ્ત્રી એવો પુરુષ. તમારામાં એવી તો કઈ ખાસિયત છે ? એવા તો તમે ક્યાંનાં શૂરવીર યોદ્ધા છો કે ઈશ્વરે તમને જ પુનર્વિવાહ કરવાની મોકળાશ આપી ?'[૧૪]

એમના આવા વિચારોને લઈને જ નવ્ય ઇતિહાસવાદી પાર્થ ચેટરજીએ આ નિબંધને 'સ્ત્રીઓના

પ્રશ્નોનો રાષ્ટ્રીય પ્રસ્તાવ' ગણાવ્યો છે.[૧૫]

જાહેર જીવન વિષયક વિચારો પણ આવતા જાય છે. તેથી આ નિબંધમાં સાહિત્યિક, પૌરાણિક, સામાજિકની જેમ રાજકીય સંદર્ભો પણ વણાયેલા છે.

આ નિબંધની ભાષા સ્વતંત્ર અભ્યાસ માંગી લે તેવી કથનકળા ધરાવે છે. એકાદ કાલ્પનિક દશ્ય રચી એને નાટ્યાત્મક રીતે મૂકી દલીલને એવી તો સબળ બનાવી મૂકે છે કે પુરુષ વાચકે કેવળ નીચી મૂંડી ઘાલીને મૂક સંમતિ આપવા સિવાય કશું બાકી ન રહે. અને સ્ત્રીવાચકને ટાઢક વળે કે હાશ, કોઈકે તો દિલના દર્દને વાચા આપી. ચિંતનાત્મક નિબંધ હોવા છતાં નિબંધની આવી પ્રવાહિતાના કારણે નિબંધનો સંદેશ ભાવકને તત્ક્ષણ પ્રાપ્ત થાય છે. ૧૯મી સદીમાં આવું સરળ અને સચોટ ગદ્યલેખન વિરલ હતું :

'એંશી વર્ષના કોઈ શાસ્ત્રીજી મૃત્યુના દ્વારે ઊભા હોય છતાં એમના ખુશામતખોર એને એવું જ કહેશે 'મહારાજ, તમે ઘરડા થયા એવું કયો મૂર્ખો કહે છે ?' બતાવો તો ખરાં એકવાર, એનાં દાંત ન તોડી નાખું તો મારું નામ નહીં.' બસ, વાળ દગો આપી ગયા. અરે સાહેબ, વાળને થોડા રંગો એટલે થયું. વાળને રંગવામાં વાંધો પણ શું છે. સારું જ દેખાશે. પણ આ દાંતનું શું કરવું ? એનો કોઈ ઉપાય કરવો જોઈએ. હું કાલે જ એક નામી દંતવૈદ્ય પાસેથી બત્રીશી વેચાતી લાવું છું. તમારા મોઢામાં જ એક દાઢ સિલક રહી છે, એને મંજન કરતી વખતે ખેંચી કાઢો એટલે થયું, એમાં ગભરાવા જેવું કંઈ જ નથી. અને એવામાં એ વખાણ કરતાં કહે છે, આ અત્યારનાં છોકરાં શા માટે તમારી બરાબરી કરે ? લોકો તમારી બરાબરી કરવાને લાયક છે ખરાં ? તમારાં જૂનાં હાડકાં, એની બરાબરી કોઈ કરી શકવાનું છે ? એમ કહ્યું એમ થઈ ગયું. મહારાજ ફૂલાયા અને લાગ્યા ચાળા કરવા. માથે પડેલી ટાલની આસપાસ વધેલા અને પિંજેલા કપાસની જેમ સ્વચ્છ સફેદ થયેલા દસબાર વાળ, ભ્રમર, મૂછને એ દિવસમાં ત્રણ વાર પૈસા ખર્ચીને રંગશે. કાળા રંગના લેપના વાળ ઉપર થરના થર જામશે. પટ્ટાદાર કોરવાળી સુઘડ ધોતી પહેરી, માથે ભરાવદાર ફેંટો, હાડપિંજર થયેલા શરીરને ઢાંકવા અંગરખું, ખભે ખેસ અને ચિમળાયેલા મોઢામાં દાંતનું ચોકઠું બેસાડી, ખલદસ્તામાં પાન કૂટીને બત્રીશી લાલભડક કરવી. પગમાં લાલ જોડાં, ચાલતી વખતે પગમાં ધ્રુજારી આવતી હોય તો હાથમાં એક વિલાયતી ડંડો રાખવો અને દિવસમાં દશ વખત પૌષ્ટિક બદામીવડા, જલેબી, લાલ કોળાંનો મીઠો પાક ખાઈને ગળી ગયેલાં માંસથી વિદ્રુપ થયેલા મુખડાને નિહાળતા જેને તેને પૂછતા ફરો છો કે 'કેમ, હવે હું કેવો દેખાઉં છું ?' ત્યાં એકાદ મશ્કરીખોર સ્વાર્થી તો હોવાનો જ એ કહેશે, 'મહારાજ, હવે તમે આપણા ગણપતની ઉંમરના લાગો છો. લગ્ન કરો, એકલા તો ઘરમાં અમને પણ ગમતું નથી, તો તમને કેવી રીતે ગમશે ?'

આ સાંભળ્યા પછી તો રાવસાહેબની નજરમાં રાતદિવસ સ્ત્રી જ દેખાશે, બીજું કંઈ નહીં. પછી તો એક ખાટકીને લલચાવી એની પાસેથી જેમ એક બકરીને વાઘ આગળ બાંધવામાં આવે છે એ જ પ્રમાણે હજાર-બે હજાર આપીને એકાદી સુરેખ મૃગનયનીનાં લગ્ન આ ચાલતા ફરતા પ્રેત સાથે કરવામાં આવે છે. અને અંતે એક દિવસે આ પ્રેત ગંગાતીરે જઈ પહોંચ્યું એટલે બધું સમાપ્ત થયું સમજો. સંસારનો ત્યાં જ અંત આવ્યો સમજો. સ્ત્રીની ફરી એ જ અવદશા. કેમ, એવું જ થતું આવ્યું છે ને ?'[૧૬]

તારાબાઈના આ નિબંધમાં અંગ્રેજી શાસનની પ્રશંસા છે. એમને સ્ત્રીઓની દુર્દશા વિશે કહેવાનું અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય સાંપડ્યું એમાં અંગ્રેજ સરકારની શિક્ષણનીતિની ભૂમિકા છે. બાકી, અહીં તો એમના આગમન પૂર્વે સ્ત્રીઓના પ્રશ્ને લાંબા સમયથી મૌન પ્રવર્તતું હતું. સ્ત્રીઓ ક્યારેય પ્રશ્નો પૂછી જ શકતી નહોતી. પ્રાચીન કાળમાં ગાર્ગી, મૈત્રેયી કે કાત્યાયની જેવી અપવાદરૂપ પંડિતાઓએ પ્રશ્નો કરેલા ત્યારે એમને ય ચૂપ કરી દેવામાં આવ્યા હતા. એનો અર્થ એવો નથી કે બ્રિટિશરો દૂધે ધોયેલા છે પણ કમસેકમ જાહેરજીવનમાં સ્ત્રી અભિપ્રાય આપતી થઈ. એ અભિપ્રાય સામે એને રક્ષણ મળ્યું.

સ્ત્રીઓના વિધવાવિવાહ સંદર્ભે ધર્મની યાદ આપતા પુનરુત્થાનવાદીઓને તારાબાઈએ સીધા પ્રશ્નો

કર્યા છે. અંગ્રેજ પ્રજાના સંપર્કથી મદ્ય અને માંસાહાર કરે ત્યારે તેમને ધર્મ યાદ આવતો નથી. બધી જ બાબતોમાં પશ્ચિમનું અનુકરણ કરનાર પુરુષો સ્ત્રી બાબતના નિયમો કેમ ફેરવતા નથી. આમ કહીને તેઓ પશ્ચિમની સંસ્કૃતિના સંપર્કથી આવેલા ફેરફારોને ઝીણી નજરે બતાવે છે અને એ બધા જ ફેરફારોને સ્વીકારનારાઓ સ્ત્રીઓ માટે કેમ દયનીય નથી થતા તે વિશે તેઓ વારંવાર પ્રશ્ન કરે છે.

આસ્તિક હોવાથી ઈશ્વર પર પણ રોષે ભરાય છે :

'વાહ, ઈશ્વર શી તારી વિચિત્ર ગતિ ? એ ક્યારેય કોઈને સમજાઈ હશે ? અરે, આજન્મ એક દાસીની જેમ કહ્યા પ્રમાણે કરીને, સદા-સર્વદા પતિની ઇચ્છાને માન આપીને, ત્રાજવાના કાટલાની જેમ સંતુલન જાળવીને, ઘરની દરેક વ્યક્તિના સારાનરસા બોલ સાંભળીને અને એમનો ત્રાસ સહન કરીને, ઘાંચીના બળદની જેમ દિવસરાત મજૂરી કરીને, સસલા-હરણાંની જેમ રાતદિવસ સમાજ, તેમજ ઘરના સભ્યોથી ડરતી રહીને પણ સ્ત્રીઓને એક શબ્દ બોલવાની કે ચપટી અન્નની પણ સત્તા ન હોય ? એ કેવો ન્યાય ? અરે વિધાતા, એમના નસીબમાં આ તે કેવા લેખ તેં લખ્યા ? સ્ત્રી સાથે આવું જ કરવું હતું તો તેં એને જન્મતાં જ મારી નાખી હોત તો આજે તને લોકો ગાળો તો કોઈ ન આપત.

ધન્ય છે તું, તું તારી જાતને સર્વોપરી - સ્વતંત્ર રાખીને, સ્ત્રીઓને કેમ કરી કેદમાં રાખે છે ? તારા આ વર્તનને જોતાં તો કહી શકાય કે તને પણ પુરુષ હોવાનું અભિમાન છે ?

તું રહ્યો ઈશ્વર. તારે ત્યાં મુક્તહાર, પક્ષપાતને તો સ્થાન પણ નથી. તો પછી આ શું છે ? આને તો પક્ષપાતનો બાપ કહી શકાય ને ! જેમ પુરુષોની, એમ સ્ત્રીઓની રચના પણ તમે જ કરીને ! તો એમને (પુરુષોને) સુખ અને સ્ત્રીઓને દુઃખ એવી વહેંચણી શા માટે ? તું તો કરીને અળગો થયો. પણ એમના (સ્ત્રીઓના) ભાગે તો ભોગવવાનું આવ્યું.'[૧૭]

ઉદાહરણો પ્રશિષ્ટ ગ્રંથોમાંથી આપે છે તેમ પોતાના વિવેચનના સમર્થનમાં મધ્યકાલીન અને અર્વાચીન કૃતિઓ પણ લે છે. તારાબાઈની વિચારસરણીમાં રોષ હોવા છતાં સ્વસ્થતા પણ નજરે પડે છે. એ કહે છે કે મારો કહેવાનો અર્થ એવો નથી કે જગતની સર્વ સ્ત્રીઓ સૂર્યસમ સરખી પ્રખર છે, ગંગાજળ સરખી નિર્મળ છે. એમના કહેવાનો અર્થ એ છે કે પુરુષના છે તે દુર્ગુણો ક્યાંક સ્ત્રીમાં હોય છે પણ એકંદરે સંતુલિત સમાજ માટે જરૂરી વિચારણાથી પુરુષ વધારે દૂર છે. આમ એમની વિચારસરણી, તાર્કિક અને વાસ્તવવાદી છે.

પુરુષોના દુર્ગુણો જ નહીં પણ સ્ત્રીઓના દુર્ગુણોના પણ મૂળમાં જઈને તારાબાઈ કજોડા લગ્ન, બાળલગ્ન અને બહુપત્નીત્વપ્રથામાં જઈ પહોંચે છે. જે સ્ત્રીઓ આ સામાજિક કુરિવાજોની ભોગગ્રસ્ત હોય તે કંટાળીને ક્યારેક પ્રેમ કે શરીરની ઝંખના સંતોષવા જાય તો તેને બદચલન કે વ્યભિચારિણી ગણવામાં આવે છે. પરંતુ કોઈ આ સામાજિક કુરિવાજો કે જે પાપનું મૂળ છે એની સામે કેમ વિદ્રોહ કરતું નથી ?

'સ્ત્રીઓના દોષપાત્ર હોવા માટે તમે જ કારણભૂત થાઓ છો. કેટલાક પિતા પોતાની દશ-અગિયાર વર્ષની લાડકી દીકરીને એંશી - નેવું વર્ષના શ્રીમંત ડોશાને થોડા રૂપિયાના બદલામાં તેમજ એની શ્રીમંતાઈથી આકર્ષાઈને તેને સોંપી દે છે. 'એનો પતિ મૃત્યુ પામ્યો તોપણ ચિંતા નહીં, આને રૂપિયા પૈસાની તો કોઈ કમી નહીં રહે ને ? બે દિવસ ખાશે, પીશે, પહેરશે-ઓઢશે એટલે ઘણું છે. એક પતિ ન હોય તો શાની ચિંતા ?' આ વિચારે બેધડક જેમ વાઘને એકાદી બકરી સોંપવામાં આવે છે, એ પિતા પોતાની કન્યાના લગ્ન એ ડોશા સાથે કરી આપે છે. પણ વાસ્તવમાં જે સુખ, જે મમતા એના પહેરવા-ઓઢવાથી જેને આનંદ થાય, જે એની ઇચ્છા પૂરી કરનારો છે, જે એને પ્રાણ કરતાં પણ વધુ ચાહનારો છે એ જ મૃત્યુ પામે તો આનું શું ? એના જતાં તેને આ સમગ્ર ગુજરાત અરણ્ય સમાન ભયંકર ભાસે છે ને અંતે સફેદ વસ્ત્રનો પોશાક એ જ એનું ભવિષ્ય ?'[૧૮]

કેટલાંક માબાપો દીકરીને નિરાંતે ઉપપત્ની બનાવે છે એ પણ શોક તરીકે એને ધકેલે છે. પરિણામે

એ સ્ત્રી કોઈવાર પરપુરુષ તરફ આકર્ષાઈ જાય તો એ વિશે તેઓ કહે છે :

'પહેલી પત્ની જીવિત હોવા છતાં કેટલાક માતાપિતા એને શૉક બનાવવા રાજી થાય છે. પણ શૉક જેવું દુઃખ એક સ્ત્રી માટે અન્ય કોઈ નથી. પતિએ જરા અન્ય સ્ત્રી તરફ નજર કરી તો એના માથાનો પારો ચડે છે. આ તો વાત હતી અન્ય સ્ત્રી તરફ નજર કરવાની, પછી લગ્ન કરવાની કે અન્ય સ્ત્રીને ઘરમાં કે ઘર બહાર રખાત તરીકે રાખવાની વાત કરશો તો એને તે કેવી રીતે સહન થશે ? બંનેને સરખો ન્યાય કરવો એ પણ તમારે માટે શક્ય નથી. કારણ દરદાગીના, વસ્ત્રાલંકાર વગેરેની વહેંચણી બાબતે તમે સમાનતા જાળવી શકશો પણ બંનેને એક સમાન પ્રેમ કરી શકશો ? કારણ કે પ્રેમ એ કાંઈ કેરી, જાંબુ નથી જેને સરખા ભાગમાં વહેંચી લેતાં ફાવશે. પ્રેમ તો દૂધની જેમ છે. જે એકવાર બગડ્યું તો એને ફરી એ જ સ્વરૂપે વાપરી શકાતું નથી. એકવાર પ્રેમમાં તિરાડ પડી તો એને દૂર કરી શકાતી નથી. નવી વસ્તુ જોવી બધાને જ ગમતી હોય છે. તમારામાંથી જ કોઈ એકની પત્નીએ તમારા દેખતાં પરપુરુષ તરફ જરા નજર કરી તો ધગધગતા કોલસા જેવી એની સ્થિતિ થાય છે. જેના પરિણામે ત્યાં હાજર લોકો સામે તમે એની જે ફજેતી કરો છો, જે ઢોરમાર એને મારો છો, જે આધિપત્ય તમે એની ઉપર જમાવો છો, એવું તમારી સાથે કેમ કોઈ કરતું નથી ?'

તમારાથી એનું પરપુરુષને જોવું સહન થતું નથી. તમે જ વિચારો આ જીવતી ધગધગતી જ્વાળા એનાથી કેમ કરી સહન થશે ? આમ હોવા છતાં શા માટે માતાપિતા પોતાની દીકરીને એ પુરુષ સાથે પરણાવવા રાજી થતાં હશે ? કોઈ પિતાને વધારે દીકરીઓ હોય તો એ આ પ્રમાણે લગ્ન કરાવવા રાજી થાય છે. પછી એ કેવો પણ કેમ ન હોય. એ યુવક દીકરી માટે અયોગ્ય છે અને કુળનો નાશ કરનારો છે, એવી જાણ હોવા છતાં, લાચારીવશ કેટલાક પિતા પોતાની કન્યાના લગ્ન એવા યુવક સાથે કરવા રાજી થાય છે. દેખાવે કુરૂપ, દુર્ગુણી, ચરિત્રહીન, અતિશય માર મારનારો, બળજબરી કરનારો, ખાવાપીવાના પણ હાલ કરનારો હોવા છતાં ખાટકીને જેમ ગાય સોંપવામાં આવે છે એ જ પ્રમાણે એ પિતા પણ લાચારીવશ પોતાની કન્યાના લગ્ન આવા અયોગ્ય વર સાથે કરી આપે છે. એ વિશે લખવા બેસીશ તો ગાડું ભરીને કાગળ પણ ઓછાં પડશે. આવાં કારણોસર જો સ્ત્રી ઘરમાંથી ચાલી નીકળે તો એ માટે જવાબદાર કોણ ? એ પિતા કે દીકરી ?'[૧૯]

સમૃદ્ધ વર્ગની સ્ત્રીઓના અનાચારોને પણ ઊંડાણથી તપાસે છે. તેના મૂળ બહુપત્નીત્વ પ્રથામાં જુએ છે.

'પૈસાના લોભે કે પછી મનની ખુશી માટે, સર્વ સુખોમાં યોગ્ય વર મળ્યો હોવા છતાં - આ પ્રકારના નિંદ્ય કૃત્ય કરનારી સ્ત્રીઓ ઘણી ઓછી મળશે. તમે કહેશો કે રાજાને ત્યાં ક્યાં સુખ ઓછું હોય છે ? છતાં એમની સ્ત્રીઓ હુજૂર હશમ રાખે છે, એનું શું ? શ્રીમંત તેમજ રાજા વર્ષના છ-છ મહિના ઘરની સ્ત્રીઓ કે રાણીઓથી દૂર રહેતા. એ સ્ત્રીઓને કેટલો સમય પતિની રાહ જોવામાં કાઢવો પડતો. એ સ્ત્રીઓને સુખ જેવું તો કંઈ હોતું જ નથી. આ પરિસ્થિતિમાં એમણે શું કરવું ? સદા સુખ ઐશ્વર્યમાં, ખાવાપીવાની તો એમને ક્યાં અછત હોય છે. આ સુખસાહ્યબી વચ્ચે એ પોતાની જાતને ક્યાં સુધી કાબૂમાં રાખે ? આ તો એવી ગત થઈ 'મા જમાડે ના ને બાપ ભીખ માંગવા ના દે'. આ કારણે જ એ સ્ત્રીઓ એકાદી ડુકરીની (સુવરની) જેમ જ્યાં ત્યાં મોં મારતી ફરવા લાગી. આ તો એક વાત હતી. એમના આ વ્યભિચારી કૃત્ય માટે પણ તમે જ જવાબદાર છો. જો તમે જ એક પત્નીવ્રત ધર્મથી રહેતા હોત તો એ શા માટે આવું કરતી ?'[૨૦]

પ્રાચીનકાળમાં પણ પુનર્લગ્ન નહોતા ત્યારે જે વ્યવસ્થા કરવામાં આવી તે પણ આજે કેટલી સમસ્યાપૂર્ણ બની તે વિશે પણ તેઓ ધ્યાન ખેંચે છેઃ

'પહેલાં જો કોઈ રાજા મૃત્યુ પામે અને જો એ નિઃસંતાન હોય તો એની રાણીને જે ઋષિ એને ગમે એની સાથે સંબંધ બાંધી વંશવૃદ્ધિ કરવાની મોકળાશ હતી. પણ રાણીસાહેબ એને દશ બાળકો જન્મે ત્યાં સુધી

સાથે રાખતા, એમાં વાંધો શો ? કેમ આ વ્યભિચાર નથી ? શું આ શાસ્ત્રાર્થ છે ? આ કૃત્ય કરવા કરતાં જો પુનર્વિવાહ ને સમર્થન આપ્યું હોત તો એ રાજ્યને બમણી પ્રતિષ્ઠા મળી હોત અને આજે લાખો નાનાં નાનાં રાજરજવાડાં, જહાંગીરી, ઈનામી, દેશમુખી વગેરે નાશ ન પામ્યાં હોત તેમજ આપણા દેશની આર્થિક સ્થિતિ આટલી કથળી પણ ન હોત. કેટલાંકને ઔરસ સંતાન ન હોવાથી એમની સર્વ સંપત્તિ સરકારે જપ્ત કરી અને એ સંપત્તિ સરકારી ભંડોળમાં જઈ ભળી.'[૨૧]

આ ઓછું હોય તેમ બાળલગ્ન, કજોડાંલગ્ન, કે બહુપત્નીત્વપ્રથા માટે કેટલીક સંસ્થાઓ ને સુધારકો તો કૂણું વલણ ધરાવે છે. આધુનિક સમયની એવી સંસ્થાઓ સામે પણ તારાબાઈનો રોષ ભભૂકે છે. પૂનાની સાર્વજનિક સભાએ જે પુસ્તક લખ્યું હતું તેના વિશે તેમણે આકરી ટીકા કરી હતી. જેથી કહી શકાય કે તારાબાઈ પ્રાચીનથી સમકાલીન નારીવિમર્શને ઝીણી નજરે જોતા હશે. એ સંસ્થાના વિચારોને તેઓ તર્કબદ્ધ રીતે પડકારે છે :

'પૂના સ્થિત સાર્વજનિક સભાએ સ્ત્રીઓને કેન્દ્રમાં રાખીને જે પુસ્તક છ મહિના-વર્ષ દરમિયાન પ્રકાશિત કર્યું હતું એમાં લખ્યું હતું કે 'સરકારે સ્ત્રીઓને સતી થવાની મોકળાશ કરી આપવી જોઈએ એ જ સારું' પણ સ્ત્રીઓના મરી જતાં એમની પાછળ તમે શા માટે છાણાં મૂકવા બેસો છો ? તમારી સ્ત્રીઓ મૃત્યુ પામતાં તમે શા માટે એમની પાછળ સતી થતાં નથી ? સ્ત્રી સતી થતાં ઘણું નુક્સાન થાય છે. તમે પૂછશો કે એ તે કેવી રીતે ? તો તે એટલા માટે કે એમના મૃત્યુથી એમની પાછળ એમનાં નાનાં બાળકોની સારસંભાળ કોણ લેશે ? કહેવત છે કે, 'ઘોડે ફરતો બાપ મરે, પણ સૂતર કાંતતી મા ન મરે.' જો બાપ મરે તો માતા ગમે એવા ત્રાસ સહન કરીને પણ છોકરાંઓનું પાલનપોષણ કરશે. જ્યારે તમે પત્ની આજે મૃત્યુ પામી તો કાલે જ બીજીને ઘરમાં લાવો છે અને પેલાં છોકરાંઓને જ્યાં ત્યાં ભીખ માંગતા કરો છો. કેમ કરો છો કે નહીં ? તો સ્ત્રીઓ કરતાં પહેલાં તમને જ એ નરકમાં નાખવા જોઈએ.'[૨૨]

વળી પુરુષો આક્ષેપ કરતાં એવું કહે છે કે વ્યભિચારમાં એકાદી ફસાઈ અને દુર્દશા થઈ તો બીજી સ્ત્રીઓ એનું અનુકરણ શા માટે કરે છે ? ત્યારે તારાબાઈ કહે છે : 'અરે તમે એટલા મોટા ઠગ છો કે આકાશમાં ઝગારા મારતી વીજળી પણ એમાંથી બાકાત નથી ત્યાં સ્ત્રીઓની વિસાત શી ? તાળી બન્ને હાથે વાગે છે પણ એમાં જમણા હાથનું જોર વધારે હોય છે.'

કેટલાક પુરુષોને છોકરી ન મળે ત્યારે જે મળી તેની સાથે લગ્ન કરી લે છે. પણ પછી એ જ્યારે આગળ વધે છે ત્યારે એને એ સ્ત્રી ગમતી નથી. આગળ વધવાની તક તો એ જમાનામાં પુરુષોને જ મળતી હતી. તેવી સ્ત્રીઓને અન્યાય કરતા પુરુષોને તારાબાઈ એમનું પૂર્વજીવન યાદ કરાવે છે કારણ કે અત્યારે તેઓ અભણ સ્ત્રીને બોજારૂપ માની રહ્યા છે. તેઓ લખે છે :

'જો તમને કુરૂપ, દુર્ગુણી, ગંધાતી, ગામડ પત્ની ગમતી નથી, તો એક સ્ત્રીને એવો પતિ કેવી રીતે ગમે ? જે પ્રમાણે તમને એક સારી પત્ની જોઈએ, તો એક સ્ત્રીની એવી અપેક્ષાઓ ન હોય ? દરિદ્રાવસ્થા હોવા છતાં તમારા માતાપિતાને બાળપણથી જ તમારા લગ્નની ચિંતા સતાવતી હોય છે. કરજ કરીને તેઓ તમારા લગ્ન કરાવી આપે છે. એ સમયે કદરૂપી છોકરી પણ તમને અપ્સરા જેવી લાગે છે. સમય જતાં વિદ્યાજ્ઞાન પ્રાપ્ત કરી મોટો હોદ્દો મેળવો છો ત્યારે તમને તમારી એ જ અપ્સરા લાગતી પત્નીની લાજ આવે છે. પૈસાના બળે તમને એ પત્ની એક વસ્તુ જેવી લાગવા માંડે છે. ઘરમાં જેમ એક નોકરને દર મહિને ચાર રૂપિયા આપીને રસોઈકામ માટે કે ઘરકામ માટે રાખવામાં આવે છે એ જ પ્રમાણે એકવાર હજાર બારસો રૂપિયા આપીને એક નોકરડી વેચાતી લીધી હોવાનું તમે વિચારી બેસો છો. અરે, જેટલો પ્રેમ તમે તમારા ઘરમાં પાળેલા કૂતરાને કે ઘોડાને કરો છો, એટલો પ્રેમ પણ તમે તમારી પત્નીને કરતાં નથી. તમારા માટે પત્ની એટલે ઘરનો એક ઉપેક્ષિત-નગણ્ય ખૂણો કાં તો કામમાં ઊભી થતી અડચણ. એટલે એને પૂછે છે કોણ ? કોણ કરે એની ચિંતા ?

ઘરમાં પાળેલી ઘોડી મૃત્યુ પામતાં બીજીને વેચાતી લાવતાં તમે વાર કરતાં નથી એવી જ રીતે બીજાં લગ્ન કરવા જતાં એક ક્ષણનો પણ તમે વિચાર કરતા નથી. એક મૃત્યુ પામી એટલે બીજી તૈયાર. પુરુષ ગરીબ હોય તો પત્નીની સંભાળ લે છે. કારણ કે એ જાણતો હોય છે કે આ મૃત્યુ પામી તો બીજી મળવી મુશ્કેલ છે. પણ જો એ શ્રીમંત હોય તો કોઈ પ્રશ્ન જ નથી. એ તો રોજ વરરાજા થઈ ઘોડીએ બેસવા તૈયાર હોય છે. પણ શ્રીમંતોની સ્ત્રીઓને લઈ જવા યમરાજને રોજ નવરાશ મળતી નથી, નહીં તો એવા દિવસમાં ત્રણવાર વરરાજા બને એમાં શંકા નથી. અરે ગરીબાવસ્થામાં કોઈ તમને 'ડોબાશંકર' કહીને બોલાવવા તૈયાર ન હતું, પણ શિક્ષિત થતાં મળેલા હોદ્દા અને પૈસાના બળે આપાસાહેબ, આબાસાહેબ થયાં એટલે એ વૈભવને શોભે એવી પત્ની પણ હોવી જોઈએ. એમ વિચારી લગ્ન પ્રસંગે તમારાં નખરાં જોવા જેવા હોય છે. શું સ્ત્રીઓ એવાં નખરાં કરતી હોય છે ? એ દુઃખમાં હોય કે સુખમાં - તમારી આજ્ઞાને જ સર્વસ્વ ગણીને એ ચાલતી હોય છે કે પછી 'આ ભિખારી કુરૂપ છે' એમ વિચારી બીજાની શોધમાં જાય છે ? આટલું હોવા છતાં પણ દોષી કોણ ? સ્ત્રી કે પુરુષ ?[૨૩]

ત્યાર બાદ તેઓ ધર્મસત્તાને પણ જવાબદાર ઠેરવે છે. આજે પણ ધર્મગુરુઓ સ્ત્રીઓ બાબતે વારંવાર અત્યાચારી સાબિત થયા છે ત્યારે સામંતિગાળામાં તો એ વલણ ખૂબ જ હશે. અનેક સ્વામિનારાયણ સાધુઓ, નિત્યાનંદ, આસારામ વગેરેના સમાચારોથી આપણે ઘેરાયેલા છીએ ત્યારે એમણે એ જમાનામાં સાધુઓના આ શેતાની રૂપનું યથાર્થ દર્શન કરાવ્યું છે :

'શરીરે કાળા-પીળા ચાટા કરીને કુશળ વાઘનો વેશ ધારણ કરી બેસો છો. અરે, ગોસાવી, ફકીર, હરદાસ, બ્રહ્મચારી, સાધુ, દૂધાહારી, ગિરિપુરી, ભારતી, નાનક, જોગી, જટાધારી બનીને સર્વસ્વનો ત્યાગ કરીને, વનવન શરીરે ભસ્મ ચોપડી અને માથે જટા બાંધીને ભટકો છો, સમગ્ર જગત કપટભાવ રાખીને જ હીંડતા ફરો છો. 'આ કોણ ? તો રામગીરબાબા, આ કોણ ? તો શાસ્ત્રીબાબા, પેલા કોણ ? તો ગણપતબાબા, ફલાણા મોટા સાધુ પુરુષ, આ નાનકપંથી એમની ખ્યાતિ શું વર્ણવું ! મોટા અંતરજ્ઞાની, મંત્રસિદ્ધિ પ્રાપ્ત કરેલ છે.' આટલું કોઈએ કહ્યું એટલે થયું ! પછી તો બાબાની ખ્યાતિ જ ફેલાય છે અને બાબા નિત્ય પંચપકવાન જમી જમી તંદુરસ્ત બની બેસે છે. દેવદેવાર્ચન પછી ખાડામાં જઈને પડે ! બાબાના દર્શને આવનારી સ્ત્રીઓમાંથી જે નવયૌવના હોય છે એમનું ચિંતન કરતા બાબા, 'હે સુંદરી, હે સુંદરી'ની માળા જપતા હોય છે. પછી તો થયું કલ્યાણ. શિવહરિ નહીં ને કાંઈ નહીં. બાબાના મુખમાં પછી તો રાધારૂપી શિવહરિ જ વસે છે. નેત્રમાં આ નૂતન કેતકીનું સુહાસ્ય મુખ બાબાના વિચારોમાં રમે છે અને બાબાના પાગલપનની પરાકાષ્ઠા જોવા જેવી હોય છે. પછી તો બાબા ન શાણા ન ગાંડા થઈને ફરે છે.[૨૪]

એમણે કરેલું એ અંગેનું ચિંતન વૈશ્વિકીકરણના આજના યુગમાં પણ પ્રસ્તુત છે. કારણ કે ભારતમાં આજે ય બાબા ઉદ્યોગમાં મંદી આવી નથી.

ધર્મગુરુઓની સ્ત્રીલોલુપતા પાછળ ધર્મગ્રંથોનું પણ બળ હોય છે. તેથી તેઓ અહીંયા પણ ધર્મગ્રંથોને અને ઈશ્વરને પણ જવાબદાર ઠેરવે છે. એ કહે છે કે અમુક સ્ત્રી સાધુવેશે એક પુરુષને ભગાડી ગઈ એવું તમે સાંભળ્યું છે ક્યારે ? એક નામ તો કહો ? આમ કહ્યા પછી ઈશ્વર પણ, ધર્મગ્રંથો પણ પુરુષવાદી છે તેમ કહે છે :

'અરે, તમારો ઈશ્વર ખરા અર્થમાં તમારો જ ઈશ્વર છે. પછી તમે આવા હો એમ આશ્ચર્ય શાનું ? કૃષ્ણની મદદથી મહંતનો વેશ ધારણ કરી અર્જુને સુભદ્રાનું અપહરણ કર્યું, ત્યારે યાદવોના પુત્ર, 'ગોસાવી ફઈબાને લઈ ગયા'ની બૂમો પાડવા લાગ્યા. પણ ફઈબા ગોસાવીને ભગાડી ગયા એવું તમે ક્યારેય સાંભળ્યું છે ? રાવણના ત્રાસથી ત્રાસેલા ત્રિભુવનવાસીઓ તેમજ સમગ્ર દેવતા અને ઋષિગણ શેષશયની ઈશ્વર પાસે એના ત્રાસ અને દાસત્વમાંથી મુક્તિ મેળવવાની વિનંતી કરવા લાગ્યા ત્યારે એ સર્વશક્તિમાન, ક્ષણ માત્રમાં

સર્જન કરનારો અને ક્ષણ માત્રામાં જ વિનાશ કરનાર, અગાધ સામર્થ્ય ધરાવનારા ઈશ્વર આગળ રાવણ શું હતો ? પણ જે થવાનું હતું એ થઈને જ રહ્યું. જ્યારે રાવણે સીતાનું અપહરણ કર્યું ત્યારે વાનરસેનાએ યુદ્ધ કરી રાવણનો દાટ વાળ્યો. પણ આજે લોકો કહે છે કે 'રાંડની પાછળ રાવણનું રાજ પણ ગયું. એ જન્મે જ ઘર ભાંગનારી હોય છે.' ટૂંકમાં કહીએ તો અંતે બધું જ સ્ત્રી ઉપર આવ્યું. સીતાએ તો અગ્નિપરીક્ષા આપી. પણ એનું શું થયું ? શું એથી રામચંદ્રની ખ્યાતિ થઈ ? ધન્ય છે તમારો ઈશ્વર અને તમે પણ એની જ છાયા. કંઈ કરતી વખતે તો તમે એનાથી પણ ચઢિયાતા બની બેસો છો.[૨૫]

તેઓ ગણિકાઓ અને વ્યભિચારી સ્ત્રીઓ વિશે પણ સઘન નિરીક્ષણ આપીને કહે છે કે સ્ત્રીઓના આ દુર્ગુણો માટે પણ આ પુરુષ સત્તા જ જવાબદાર છે. તેઓ લખે છે :

'તમે દારૂ પીને રસ્તામાં આળોટો છો, છોકરીઓ જોતાં રહેવું, જુગાર રમવું, વ્યસન કરવા, રખાત રાખવી, જેવા ખરાબ આચરણ તમે કરવા લાગ્યા. જે રખાત પાસે તમે જાવ છો એ શું જુદી સૃષ્ટિમાંથી આવી છે ? જુદા જ કોઈ ઈશ્વરે એની રચના કરી છે ? તમારાથી ફસાવાયેલી અને ઘરબહાર કઢાવાયેલી સ્ત્રીઓમાંની એ સ્ત્રીઓ હોય છે.'

જોઈ શકાય છે કે તારાબાઈએ પરિણીત સ્ત્રી, વિધવા સ્ત્રી, સમૃદ્ધ સ્ત્રીથી માંડીને ગણિકા બનતી સ્ત્રીના પ્રશ્નોને સરળ ભાષામાં આવરી લીધા છે અને એ સ્ત્રીઓના 'કહેવાતા દુર્ગુણો' પુરુષસત્તાક સમાજરચનાની પેદાશ છે એ એમણે તર્કબદ્ધ રીતે સાબિત કર્યું છે અને છતાં પણ આવી સ્ત્રીઓ વિશે એઓ ભેદ કરીને લખે છે કે :

'સ્ત્રી ક્યારેય રસ્તા ઉપર દારૂ પીને આળોટતી, જુગાર રમતી જોવા મળી છે ? એ લૂંટારુ સ્ત્રીઓની ટોળકીએ લોકો લૂંટ્યા હોય એવું ક્યારેય સાંભળ્યું છે ? કોઈ પુરુષના ઘરે વિલાસ કરવામાં ગરકાવ થઈ એને ત્યાં જ પડી રહેલી કે અટ્ટા ઉપર દારૂ પીતી સ્ત્રી જોવા મળી છે ? ગણિકાઓની વાત જવા દો. હમણાં એમની અન્ય સ્ત્રીઓ સાથે તુલના કરશો નહીં, એમની વાત જ જુદી છે. તેઓ જે કરે છે એ વ્યવસાય જ અલગ છે. અહીં એમને બાજુએ રાખો. યજમાનની ઇચ્છા મુજબ જો તેઓ ન કરે તો એમના ભૂખે મરવાના દિવસ આવે છે.[૨૬]

નવી કેળવણી પછી શિક્ષિત થતી સ્ત્રીની છબી જે રીતે સાહિત્યમાં, નાટકોમાં કે સમૂહમાધ્યમોમાં ખરડવામાં આવતી હતી એની સામે પણ તારાબાઈએ નિબંધના અંતે ઉદાહરણ સહિત દલીલો કરી છે. અને એવા કહેવાતા લેખકોએ ઊભી કરેલી છબીમાં નવી સ્ત્રી સામે કરાયેલા એક એક આક્ષેપોને વીણી વીણીને જવાબ આપ્યા છે. આ આક્ષેપો કાં તો લુચ્ચાઈ ભરેલા છે કાં તો તરંગો છે. અને કેટલાક તો અનૈતિક પણ છે, આવા આક્ષેપોની વિચારહીનતા એમણે પુરવાર કરી આપી છે. રામજી ગણેશજીએ ચાર ભાગમાં લખેલ 'સ્ત્રીચરિત્ર'ને તેઓ આ રીતે ચર્ચે છે.

એમની આ ચર્ચામાં જોઈ શકાય છે કે પ્રશિષ્ટ ગ્રંથોથી માંડી સમકાલીન ગ્રંથો કે વર્તમાનપત્રો સુધી સ્ત્રી સંદર્ભે જે કાંઈ લખાયું હોય એ તેમણે ગંભીરતાથી તપાસ્યું છે. એમણે ચોખ્ખું કહ્યું કે સ્ત્રીચરિત્રની વાતો બિભત્સ અને અયોગ્ય છે. વાંચનારને પણ એની શરમ આવે. ત્યાર બાદ તેઓ કેટલીક સમકાલીન કૃતિઓની પણ ચર્ચા કરે છે. ઈ.સ. ૧૮૬૭ માં પ્રકાશિત થયેલી સદાશીવ રિસવૂડેની નવલકથા 'મંજૂઘોષા' અને લક્ષ્મણ મોરે શાસ્ત્રીની ઈ.સ. ૧૮૬૧ માં પ્રકાશિત થયેલી 'મુક્તમાલા' નવલકથાની ચર્ચા પણ છેડે છે. તેવી જ રીતે મહાદેવ બાલકૃષ્ણ ચીતળે સર્જિત 'મનોરમા' નાટક (૧૮૭૨) માં નિરૂપિત વિધવાના પ્રશ્નોની ચર્ચા પાત્રાલેખનની ચર્ચા કરતાં તેમણે કરી છે. નારીવાદી વિવેચનનો દૃષ્ટિકોણ તે વખતે વિકસિત થયો નહોતો છતાં તારાબાઈએ મરાઠી સાહિત્યની થોડીક કૃતિઓના સ્ત્રીચિત્રણની કરેલી ચિકિત્સા અત્યંત મહત્ત્વની લેખી શકાય. તારાબાઈનું વાંચન કેટલું વિસ્તૃત હશે તેની તેમના આવા નિરીક્ષણોથી આપણને પ્રતીત થાય છે.

ચર્ચા કરતાં તેઓ વચ્ચે વિજયાલક્ષ્મીનો કેસ પણ ચર્ચી લે છે અને પોતે અંગ્રેજ સરકારના પ્રશંસક હોવા છતાં સ્ત્રી અંગેના પૂરતા કાયદા નથી, અને જે કાયદાઓ છે એમાં એવી બારીઓ છે કે જેથી પુરુષો છટકી જાય છે એ કહેવાનું ચૂકતા નથી. આમ સાહિત્યકૃતિના મૂલ્યાંકન વખતે તેઓ સમકાલીન રાજ્ય સરકારની ટીકા કરવાનું પણ ચૂકતા નથી :

'એવામાં અંગ્રેજ સરકારનું સામ્રાજ્ય. સાક્ષી ન હોય તો ન્યાય મળવો મુશ્કેલ. પણ આવી ઘટનામાં સાક્ષી ક્યાંથી લાવવો ? આવા બનાવમાં તો સરકાર પણ અન્યાય કરી રહી છે. લાંચ લેનારને જે શિક્ષા કરવામાં આવે છે, એથી બમણી સજા લાંચ આપનારને સરકાર આપે છે એ જ પ્રમાણે આવા બનાવના ઉકેલ માટે સરકારે સખ્ત કાયદો ઘડવો જોઈએ. સ્ત્રીને જે સજા આપવામાં આવે છે, એથી બમણી સજા પુરુષને કેમ આપવામાં આવતી નથી ? સાંભળવા મળ્યું છે કે રોમન ગ્રીક સરકાર આવા બનાવમાં ગુનેગારને સખ્ત સજા આપતી. આપણે ત્યાં પણ જો સરકાર આવા બનાવો તરફ ધ્યાન આપે અને પુરુષોને એમણે કરેલા કાર્ય બદલ યોગ્ય સજા આપે તો અન્ય પુરુષોને એથી પાઠ મળશે અને ભવિષ્યમાં આવા અપરાધ થયા હોવાનું સાંભળવા પણ મળશે નહીં.'[૨૭]

નામ દીધા વગર ફસકી ગયેલા કેટલાક સુધારકોને પણ એઓ ખુલ્લાં પાડે છે :

'સ્ત્રીના કારણે બરબાદ થયેલા પુરુષ ઘણા ઓછા મળશે, પણ સ્ત્રીઓ કેટલી સંખ્યામાં મળશે તે કહેવું મુશ્કેલ છે. તમે શાણા, મહાઠગ, કોહિનૂર જેવા શોધતાં ન મળે એવા અમૂલ્ય રતન, શેરડીના ખેતરમાંથી પસાર થશો પણ શરીરે એક પાંદડું લાગવા દેશો નહીં. રોજેરોજ મોટી મોટી સભાઓનું આયોજન કરો છો, કેટલી કેટલી વાત કરો છો, વ્યાખ્યાન આપો છો, બીજાને સલાહ આપો છો, પણ જ્યારે એ જાતે કરવાની વાત આવે છે ત્યારે ત્યાં તમે ઊભા પણ રહેતા નથી. એવા શિક્ષિત મૂર્ખ છો તમે. 'દીવા તળે અંધારું' તમારું પણ એવું જ છે, એવા તો કેટલાય દુર્ગુણ છે તમારા, જો કહેવા બેસીશ તો તમને હૃદયરોગનો હુમલો આવશે. તમે ઘર બહાર સ્વતંત્રતાથી નીકળી શકો છો, એટલે જુદાં જુદાં સ્થળોનો પ્રવાસ કર્યો હોવાથી તમારી પાસે વ્યવહાર જ્ઞાન વધારે હોય છે. જુદું જુદું સાહિત્ય તમે વાંચ્યું હોવાથી પણ તમારા જ્ઞાનમાં વધારો થયો છે. એટલે કેટલી પણ મુશ્કેલ પરિસ્થિતિમાંથી પાર પાડવાની કળા તમે જાણો છો. પણ આ દુર્ભાગી અબળા, કાયમ ઘરમાં રહેતી, ચૂલાથી ઘરના ઊંબર સુધીનું જ એને જ્ઞાન હસ્તગત છે. એને ભાગે તમામ મર્યાદા, બંધન આવ્યાં હોવાથી એ અનેક પ્રકારનાં જ્ઞાનથી વંચિત રહી એટલે તમારી વાતોમાં એ સરળતાથી ભોળવાઈ છે એમાં દુર્ગુણી કોણ ?'[૨૮]

ધર્મગ્રંથોમાંથી અને પુરાણોમાંથી ટપોટપ ઉદાહરણો એમની લેખિનીમાંથી ટપકે છે. આપણે ત્યાં ગરુડપુરાણમાં યમનગરીના માર્ગે લઈ જનારી સ્ત્રી ગણાઈ છે જે સ્વર્ગમાર્ગનો નાશ કરે છે. આવી પુરાણની કથાઓની તેઓ ટીકા કરે છે. આપણે ત્યાં પણ 'નારી નરકની ખાણ' કહેવાઈ છે. ગરુડપુરાણના આ પ્રસંગ વિશે તેઓ લખે છે :

'સ્વર્ગમાર્ગનો નાશ કરી યમનગરીના માર્ગે લઈ જનારી સ્ત્રી, જેને તમે એવાં તો કેટલાંય સંબોધન કરો છો, વાસ્તવમાં એ સ્ત્રી છે કોણ ? તમે કોના પેટે જન્મ લો છો ? કોણે નવ મહિના તમને પેટમાં રાખ્યા ? આંખોના તેજ અને હાથની હથેળીનો ઝૂલો કરી કંઈ સાધ્વીએ તમને રજમાંથી ગજ બનાવ્યા ? તમને પ્રાણ કરતાં પણ વધુ કોણે સાચવ્યા, તમારી માતાએ જ ને ? જે વારંવાર તમારું હિત ઇચ્છે છે, તમારું દરેક કાર્ય જેને આશ્ચર્ય અને આનંદ પમાડે છે. જે તમને 'ભાઈ' એમ ઘણા પ્રેમથી બોલાવે છે, એ કોણ તમારી બહેનો જ ને ? જે તમારા સુખદુઃખમાં તમારી સાથે જ રહે છે, તમારા સંસાર દરબારની મુખ્યપ્રધાન, તમને ઘણો પ્રેમ કરનારી, એ કોણ ? તમારી પત્ની જ ને ? એ દરેક પણ સ્ત્રીઓ જ છે ને ? કે આ દરેક સ્ત્રી જુદી જાતિની છે ? સ્ત્રીની સાથે માત્ર તમારો સંબંધ બદલાય છે. એ જ સ્ત્રીને જ્યારે કુહાડી, કપટી, વ્યભિચારની ખાણ,

નરકનો માર્ગ એવાં જે સંબોધન તમે આપો છો ત્યારે તમને શું કહી બોલાવવા ? માતૃદ્રોહી કે માતૃનિંદક ?'[૨૯]

તારાબાઈ આસ્તિક હોવાથી ક્યારેક ઈશ્વરની ટીકા કરે છે તો ક્યારેક રમૂજમાં ઈશ્વરનો બચાવ પણ કરે છે :

ઈશ્વર જો તમારા નાના મોટા અપરાધની તમને શિક્ષા કરવા બેસે તો તમારા જેવા કરોડોની સંખ્યામાં ફેલાયેલા છે. ન્યાયાધીશ, જેલર, સિપાહી, ઈન્સ્પેક્ટર જેવાની એને ત્યાં ભરમાર થઈ હોત. તમે કરેલા અપરાધની જો એ શિક્ષા આપવા બેઠો હોત તો રાધા, ચંદ્રાવળી, ગોકુળમાં સાસરવાસ અને ગોપિકાઓ સાથે એક ક્ષણ બોલવાનો પણ સમય એને મળ્યો ન હોત. કેમ સાચું ને ?'[૩૦]

તારાબાઈ સ્ત્રીપુરુષનું ઐક્ય ઝંખે છે અને સંસાર બન્નેની સંવાદિતાથી ઊજળો બનશે એ ભવિષ્ય તરફ આંગળી ચીંધે છે. આમ અંતે એમનો આક્રોશપૂર્વક સ્વર કોમળ બને છે અને લગ્નવ્યવસ્થાને ખરાબ માનતા નથી એની પ્રતીતિ થાય છે એ અર્થમાં તેઓ પરંપરાગત નારીવાદી છે.[૩૧]

લગ્નસંસ્થાના સંપૂર્ણ પુરસ્કારમાં જ ચાલ્યો જાય છે અને સમાધાનકારી વલણ અપનાવતા જાય છે. તેઓ લખે છે :

'મારા કહેવાનો એ અર્થ નથી કે સ્ત્રીઓને એટલી સ્વતંત્રતા આપો કે તેઓ સ્વચ્છંદી બની જાય.

અશિક્ષિત, અજ્ઞાની, નિર્બળ હોવા છતાં એમણે પોતાના દૃઢ નિશ્ચય અને સદાચારી વર્તનથી તમને નીચું જોતાં કર્યા. એટલે એમને માટે 'લક્ષ્મી' એ સંબોધન જ યોગ્ય છે. પતિવ્રતા ધર્મને વળગી રહી બંને કુળને દીપાવી અને બંને કુળની કીર્તિ ધજા ફરકાવી, બાળકોને સુખસમૃદ્ધિમાં રાખી, બધાંને પ્રિય થાય. અંત સુધી સૌભાગ્ય તિલક એના કપાળે શોભે ઈહલોક અને પરલોકમાં પણ એમને યોગ્ય સ્થાન મળે એવી કૃપાળુ દયાનિધિ કરુણાકર કૃપાસાગર દિનબંધુ જગનિયંતા પરમેશ્વર પાસે એમના કલ્યાણ અર્થે પ્રાર્થના કરી આ નિબંધ અહીં પૂરો કરું છું.'[૩૨]

તારાબાઈએ કરેલી સ્ત્રીપુરુષ તુલનાની મીમાંસા એ આ રીતે કોઈ ફિલ્ડવર્કની સંશોધનપૂર્વક કરાયેલી તપાસ નથી. કારણ કે એ વખતે એ શક્ય નહોતું. આપણી એકંદરે જીવનવ્યવસ્થા પુરુષ વર્ચસ્વવાળી છે. કુટુંબવ્યવસ્થા પુરુષપ્રધાન છે. શાસ્ત્ર અને ધર્મ જે આચાર-વિચાર નક્કી કરે છે તે પુરુષ વિરચિત છે. નાણાકીય વ્યવહાર પુરુષહસ્તક છે. ન્યાય વ્યવસ્થામાં પણ પુરુષનું પ્રાધાન્ય છે. રાજ્ય સંસ્થા સ્ત્રી પ્રશ્ન વિશે ઉદાસીન છે તેવી ૧૯મી સદીમાં એક સંવેદનસભાઓની તીક્ષ્ણ બુદ્ધિવાળી સ્ત્રી આ પ્રકારનો નિબંધ આપે છે તે નાનીસૂની ઘટના નથી.

એકંદરે તારાબાઈ શિંદેનું આ પુસ્તક 'સ્ત્રીપુરુષ તુલના' મરાઠીમાં એક સ્ત્રી દ્વારા લખાયેલું, સુસંગત તર્કશુદ્ધ રીતિવાળું, ભાષા અને શબ્દોમાં જુસ્સાસભર થયેલું નિરૂપણ છે જે આજે પણ ઘણા બધા અંશે પ્રસ્તુત છે.

## સંદર્ભ નોંધ :


૧. Chakravarti, U. Rewriting History, Kali for women 2, edn, New Delhi, 2006.
૨. તથાપિ, ડિસે-ફેબ્રુ. ૨૦૧૦, પૃ. ૪૫
૩. એજન, પૃ. ૪૫
૪. એજન, પૃ. ૪૬
૫. એજન, પૃ. ૪૬
૬. એજન, પૃ. ૪૬
૭. એજન, પૃ. ૪૭

૮. ફૂલે, ‘સમગ્ર વાઙ્મય’, પૃ. ૩૭૨
૯. તથાપિ, ડિસે.-ફેબ્રુ. ૨૦૧૦, પૃ. ૪૮
૧૦. એજન, પૃ. ૪૯
૧૧. એજન, પૃ. ૫૦
૧૨. એજન, પૃ. ૫૦
૧૩-૧૪. એજન, પૃ. ૫૧
૧૫. પાર્થ ચેટરજી, દ નેશનલિસ્ટ રેવોલ્યૂશન ઓફ વીમેન્સ ક્વેશ્ચન, કુમકુમ સિંગારી અને સુદેશ વેદનું પુસ્તક ‘રિકાસ્ટિંગ વીમેન : એસેજ ઇન કોલોનિયલ હિસ્ટ્રી’ (કાલી ફોર વીમેન પ્રેસ, દિલ્હી, ૧૯૮૯) પૃ. ૨૩૮
૧૬. એજન, પૃ. ૬૧
૧૭. સપ્ટે.-નવે. ૨૦૧૦, પૃ. ૧૦૮
૧૮. એજન, પૃ. ૧૧૧
૧૯. એજન, પૃ. ૧૧૨
૨૦. એજન, પૃ. ૧૧૨
૨૧. એજન, પૃ. ૧૧૦
૨૨. એજન, પૃ. ૧૧૧
૨૩. ડિસે.-ફેબ્રુ. માર્ચ-મે, ૨૦૧૧, પૃ. ૬૮
૨૪. એજન, પૃ. ૬૮-૬૯
૨૫. એજન, પૃ. ૬૯-૭૦
૨૬. એજન, પૃ. ૭૨
૨૭. એજન, પૃ. ૭૫
૨૮. એજન, પૃ. ૭૫-૭૬
૨૯. એજન, પૃ. ૭૬
૩૦. એજન, પૃ. ૭૬
૩૧. એજન, પૃ. ૭૭
૩૨. એજન, પૃ. ૭૮

# ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રીઓનું અમૂલ્ય પ્રદાન

◆

અબ્દુલ કાદર કાસમભાઈ મેતા*

**સારાંશ**

ભારતમાં ઈ.સ. ૧૭૫૭માં પ્લાસીની લડાઈમાં સિરાજુદૌલાની હાર થતા બ્રિટિશ સામ્રાજ્યનો પાયો નંખાયો હતો. તેમાંથી મુક્તિ મેળવવા ૧૯૦ વર્ષ સુધી સંઘર્ષ કર્યા હતા. જેમાં ૧૭૫૭ બાદ સંઘર્ષ કરેલ મહિલાઓના નામમાં મુખ્યત્વે રાણી શિરોમણિ અને દેવી ચૌધરાની જેમણે સંન્યાસી વિદ્રોહમાં ભાગ લીધો હતો અને છેવટ સુધી પકડાઈ નહોતી. તે બાદ ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં બેગમ જીન્નત મહલ જે મુઘલ બાદશાહ બહાદુરશાહ ઝફરનાં પત્ની હતાં. તે જ રીતે અવધ લખનૌના નવાબની પત્ની બેગમ હઝરત મહલે પણ લખનૌમાં ક્રાંતિનો ઝંડો પોતાના હાથમાં રાખી અંગ્રેજો સામે જબરજસ્ત યુદ્ધ આદર્યું હતું. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ પોતાના ઝાંસીને મુક્ત કરાવવા માટે ખૂબ જ બલિદાનો આપ્યાં હતાં. સને ૧૮૫૭ના સંગ્રામની વિશેષતા એ હતી કે જેમાં ૨૫૫ મુસ્લિમ મહિલાઓ અંગ્રેજો વિરુદ્ધ લડતા શહીદ થઈ, જ્યારે ૧૧ મુસ્લિમ મહિલાઓને અંગ્રેજો દ્વારા ફાંસી આપવામાં આવી હતી.

બંગભંગ ચળવળ, સ્વદેશી આંદોલન, ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસના ઉદય, વિભિન્ન ક્રાંતિકારી આંદોલન તથા છેલ્લા ચરણમાં મહાત્મા ગાંધીના નેતૃત્વમાં થયેલો અહિંસક સત્યાગ્રહ આ બધા આપણા લાંબા સ્વતંત્રતા સંગ્રામના ભાગરૂપ છે.

દેશની આઝાદીની લડતમાં વિવિધ ધર્મ, દેશ, વિદેશની, જાતિ, સંપ્રદાય, પ્રદેશ, તમામ પ્રકારના ભેદભાવ વગર સ્ત્રીઓએ ભાગ લીધો હતો. જેમાં એની બેસન્ટ, ભગિનિ નિવેદિતા, મેડમ ભિખાઈજી કામા, માર્ગેટ કજીન્સ, મીરાંબહેન, મ્યુરિયલ લેસ્ટર તેમજ ગાંધીજીની ચળવળ હેઠળ લાખો સ્ત્રીઓએ પોતાના ઘરબાર મિલ્કતની પરવા કર્યા વગર આઝાદીની લડતમાં ઝંપલાવ્યું હતું. જે કસ્તૂરબા ગાંધી, સરોજીની નાયડુ, સ્વરૂપરાની, બાઈઅમન, સરલાદેવી ચૌધરી, રાજકુમારી અમૃતકૌર, સરલાદેવી સારાભાઈ, વિજયાલક્ષ્મી પંડિત, લેડી અબ્દુલ કાદર, બીબી અમ્તુરસલામ જેવી વિવિધ સમાજની લાખો બહેનોએ ભાગ લીધો હતો. આથી જ આપણે મહામૂલી આઝાદીની હવામાં શ્વાસ લઈ રહ્યા છીએ.

**ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રીઓનું અમૂલ્ય પ્રદાન**

**પ્રસ્તાવના :** ઇતિહાસના ક્ષેત્રમાં મહિલાઓના પ્રદાન અંગે કોઈ અલગ જ્ઞાનની શાખા નથી. દેશકાળનાં ઇતિહાસના મુખ્ય પ્રવાહોનો જ એક ભાગ છે જો કે સ્ત્રી અંગેના આંદોલનોનો અભ્યાસ એ ઇતિહાસમાં ઉમેરાયેલું નવું પ્રકરણ જરૂર છે. આધુનિક યુગમાં ઇતિહાસના અભ્યાસના સાંપ્રત પ્રવાહોએ અનેક વિષયોનો સ્પર્શ કર્યો છે. આ વિષયોમાં માનવજીવનને લગતાં અનેક વિવિધ પાસાંઓ ઉપર ચર્ચા વિચારણા થઈ છે. રાજકીય ઉથલપાથલો, રાજારાણી, ઇતિહાસના કેન્દ્રમાં ના રહેતા સમાજ, આર્થિક વિકાસ, સાંસ્કૃતિક પરિબળો, ધાર્મિક આંદોલનો, પર્યાવરણ, કુદરતી અસરો વગેરે માનવજીવનને સ્પર્શતાં અનેક પાસાંઓ ઉપર ઇતિહાસના સંશોધકો, ઇતિહાસવિદોનું ધ્યાન આકર્ષાયું છે. ભારતમાં ૧૯૭૦ પછી "નિમ્નસ્તરીય સમાજ" ઉપર ઇતિહાસકારોનું ધ્યાન ખેંચાયું. ખેડૂતો, મજૂરો, કામદારો, આદિવાસીઓ, દલિતો અભ્યાસના કેન્દ્રમાં મુકાયા. ઇતિહાસ 'લોકાભિમુખ', ઇતિહાસ "વિહોણાઓનો ઇતિહાસ" થતો ગયો. તો ભલા સ્ત્રી અંગેનો અભ્યાસ કેવી રીતે પાછળ રહી જાય ? દેશની અડધોઅડધ વસ્તી સ્ત્રીઓની છે. ઇતિહાસની તવારીખમાં વિકાસમાં,

---

* ઘાંચીવાડ, જામનગર.

સંસ્કૃતિનું જતન કરવામાં, આર્થિક વિકાસમાં સ્ત્રીઓની મહત્ત્વની ભૂમિકા અનાદિકાળથી રહી છે. સ્ત્રીઓના આ અમૂલ્ય ફાળા ઉપર પ્રકાશ ના પાડે તો કોઈ પણ સમાજનો, દેશનો, ઇતિહાસ અધૂરો છે. જેમ સમાજના ઉપલા વર્ગો, મધ્યમ વર્ગ, મજૂર વર્ગ, તેમની પ્રવૃત્તિઓ, તેમના યોગદાનની ગણના ઇતિહાસમાં થાય તેમ મહિલાઓના ફાળાની પણ નોંધ એક આવશ્યક બાબત બને છે.

**બ્રિટિશ શાસનના સમયમાં ચળવળો**

ઈ.સ. ૧૭૫૭માં પ્લાસીની લડાઈમાં નવાબ સિરાજુદૌલાની હાર થતાં ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યનો પાયો નંખાયો હતો. બ્રિટિશ સામ્રાજ્યવાદની મુક્તિ મેળવવા ભારતવાસીઓએ ૧૭૫૭થી ૧૯૦ વર્ષ સુધી સંઘર્ષ કર્યો હતો. જેમાં આપણો સ્વાતંત્ર્ય સંગ્રામ કંઈ કેટલાંય સ્વરૂપોમાં ઘડાયો હતો.

ઈ.સ. ૧૮૫૭ પહેલાં ઘણા નાના મોટા વિદ્રોહ થયા હતા. પરંતુ ભારતવાસીઓએ ૧૮૫૭માં સૌ પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ શરૂ કર્યો હતો. હવે તો એ સાબિત થઈ ગયું છે કે સને ૧૮૫૭ નું આંદોલન હિન્દના અંગ્રેજી શાસન વિરુદ્ધ મોટા પાયે ચેલેન્જ સ્વરૂપે ઇતિહાસમાં હંમેશા યાદ કરવામાં આવશે. ૫૦ વર્ષ બાદ શરૂ થનાર રાષ્ટ્રિય આંદોલનને આ જ આંદોલનમાંથી પ્રેરણા અને માર્ગદર્શન મળ્યાં હતાં સને ૧૮૫૭-૫૮ની કુરબાનીએ આપણી સ્વતંત્રતાની સમગ્ર લડતને તાકાત આપી હતી. આંદોલન કરનારાઓને હિંમત આપી વિશાળ પાયાના સ્વતંત્ર સંગ્રામનો ઇતિહાસ રચાઈ રહ્યો હતો. બંગભંગ ચળવળ, સ્વદેશી આંદોલન, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનો ઉદય, વિભિન્ન ક્રાંતિકારી આંદોલન તથા છેલ્લા ચરણમાં મહાત્મા ગાંધીના નેતૃત્વમાં થયેલો અહિંસક સત્યાગ્રહ આ બધા આપણા લાંબા સ્વતંત્રતા સંગ્રામના ભાગરૂપ છે. આ સંગ્રામમાં આપણાં નગરો, ગામોના દરેક ધર્મની મહિલાઓએ સક્રિય ભાગ લીધો હતો.

ઈ.સ. ૧૭૫૭ના અંગ્રેજી શાસન બાદ શરૂઆતમાં જ ઘણી મહિલાઓએ આઝાદી માટે લડત ચલાવી હતી :

**રાણી શિરોમણિ :** બાંકુરા જિલ્લાનો વીરભૂમ નામનો દક્ષિણ પશ્ચિમ વિસ્તાર, અંગ્રેજ શાસન પહેલાં 'જંગલ મહલ' કહેવાતો હતો. આ વિસ્તારના આદિવાસી ખેડૂતોને - ચુઆડ કહે છે. અંગ્રેજોએ ચુઆડોની જમીન છીનવીને બહારના લોકોને આપી દીધી. આ વિસ્તારની પ્રધાન રાણી શિરોમણિ હતી. તેણે ઘોષણા કરી કે જંગલમહલના બધા વિસ્તારોએ મહેસૂલ બંધ કરી દેવું. જો કોઈ મહેસૂલ લેવા આવશે તો તે જીવતો નહીં રહે.

જિલ્લા કલેક્ટરે રેવન્યુ બૉર્ડને ચેતવણી આપી કે જો ચુઆડ વિદ્રોહ દબાવવામાં નહીં આવે તો પરિસ્થિતિ વણસી જશે. રાણીના ભયથી સરકારી અધિકારી, કર્મચારી, તાલુકા અધિકારી બધા ભાગીને મિદનાપુરમાં સંતાઈ ગયા. આ બનાવથી કલેક્ટરની ઊંઘ હરામ થઈ ગઈ.

રાણી શિરોમણિએ ૧૬ - ૧૭ માર્ચ, ૧૭૯૮માં અંગ્રેજો પર હુમલો કરવાની યોજના ઘડી કાઢી અને તે અનુસાર ૧૬ માર્ચે આનંદપુર પર હુમલો કરી કંપનીના કેટલાક સૈનિકોને મારી નાખ્યા. બીજો હુમલો મિદનાપુર પર કરવાનો હતો. પણ કંપનીએ અફવા ફેલાવી કે બહારથી અંગ્રેજ સૈનિકો આવી રહ્યા છે. આથી ચુઆડ લોકો ડરી ગયા અને તેઓએ મિદનાપુરમાં હુમલો કરવાનો ઇરાદો બદલી નાંખ્યો.

૧૭૯૯, ૬ એપ્રિલે રાણી શિરોમણિની જમીનદારીના આવાસગઢ અને રતનગઢ એમ બે કિલ્લા પર અંગ્રેજોએ કબજો કરી લીધો. રાણીને કર્ણાટકમાં પકડી લેવામાં આવી. આ ખબર મળતાં જ વિદ્રોહીની એક મોટી ભીડે અંગ્રેજોને ઘેરો ઘાલ્યો. ખાદ્ય સામગ્રીના અભાવથી સરકારી સેના કિલ્લો ખાલી કરી ભાગી ગઈ. આમ સ્વતંત્રતાની મશાલ જલાવી હતી.

**દેવી ચૌધરાની :** સંન્યાસી વિદ્રોહના એક લડાયક નેતા મજનૂ શાહ ફકીરની વિદ્રોહી ટોળીનાં

મહત્ત્વનાં સભ્ય હતાં.

આ સંગઠન ૧૭૮૬માં અંગ્રેજ સેના સાથે અથડામણમાં ઊતર્યું. નેતા મજનૂ શાહ ફકીર મરાયા અને શિષ્ય ભવાની પાઠક પકડાઈ ગયા.

આ મહિલા યોદ્ધા અંત સુધી પકડાઈ નહોતી. સંન્યાસી વિદ્રોહ આપણી આઝાદીની લડાઈનું પ્રથમ ચરણ હતું. જેનું નેતૃત્વ આ મહિલા યોદ્ધાના હાથમાં હતું.

૧૮૫૭ના વિપ્લવમાં મહિલાઓના પ્રદાનની વિગતો

**બેગમ જીન્નત મહલ :** ૧૮૫૭માં મુઘલ બાદશાહ બહાદુરશાહ ઝફરના નેતૃત્વમાં સૌપ્રથમ આઝાદીની લડતનો પ્રારંભ થયો હતો. શરૂઆતમાં બાદશાહ સુકાન સંભાળવા માટે મુંઝાઈ રહ્યા હતા. પરંતુ તે સમયે એમનાં બેગમ જીન્નત મહલે એમને નેતૃત્વ સંભાળવા માટે પ્રેરણા આપી હતી. બેગમે ત્યારે કહ્યું હતું "બિટુરથી નાના સાહેબનો સંદેશો લઈને દેશભક્ત સૈનિકો આવ્યા છે. આજે આખા હિંદુસ્તાનની આંખો દિલ્હી તરફ તથા આપના તરફ મંડાયેલી છે. ખાનદાની મુઘલનું લોહી હિંદને ગુલામ થવા દેશે, તો ઇતિહાસ એને ક્ષમા નહીં કરે." બેગમ અંતિમ સમય સુધી બહાદુર શાહની સાથે સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રવૃત્ત રહ્યાં હતાં. દિલ્હીના પતન પછી અંગ્રેજોએ એમનું સર્વસ્વ લૂંટી લીધું, તેમ છતાં તે અડગ રહેલાં. બેગમને મન રાષ્ટ્રહિત સર્વોપરિ હતું.

**ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ :** ૧૮૫૬માં કંપની સરકારે ખાલસા નીતિ દ્વારા ઝાંસીને પોતાના શાસનમાં સમાવી લીધું હતું. રાણીનો એક માત્ર પુત્ર નાની વયમાં જ ગુજરી ગયો. પતિ પણ યુવાનીમાં અવસાન પામ્યા. અંગ્રેજોએ તેમને દત્તક લીધેલા પુત્ર દામોદરને વારસ તરીકે સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો હતો, જે તેમને કાંટાની માફક ખૂંચતું હતું. ૧૮૫૭ની ક્રાંતિ સમયે રાણીએ ઝાંસીની સત્તા પુનઃ પોતાના હાથમાં લીધી. આ માટે તેણે બે સપ્તાહ સુધી અંગ્રેજો સાથે તુમૂલ યુદ્ધ કર્યું. જો કે પડોશી રાજ્યોએ તેમને જરા પણ સાથ આપ્યો ન હતો. તેમણે તાત્યા ટોપેના સાથથી ફરી એકવાર અંગ્રેજો સામે યુદ્ધનો પ્રયત્ન કર્યો પણ તેમાં સફળતા મળી નહિ. પછી તે ગ્વાલિયર આવ્યાં. જનરલ રોજ પણ તેમની સેના લઈ ગ્વાલિયર આવી પહોંચ્યા, અહીં પણ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને અંગ્રેજો વચ્ચે ઘમાસાણ યુદ્ધ થયું. આ યુદ્ધમાં રાણી વીરગતિ પામ્યાં.

**બેગમ હઝરત મહલ :** કંપની સરકારે ખાલસા નીતિ દ્વારા અવધને પોતાનામાં સમાવી લીધું હતું. આથી અવધમાં લડતના મુખ્ય આગેવાન પદભ્રષ્ટ નવાબ વાજિઅલીનાં પત્ની બેગમ હઝરત મહલ હતાં. લખનૌમાં ક્રાંતિયુદ્ધનો ઝંડો બેગમના હાથમાં હતો. બીજી જુલાઈ, ૧૮૫૭ના દિવસે જેહાદીઓએ રેસીડન્સીને ઘેરી લઈ લોરેન્સની હત્યા કરી અને નવાબ વાજીદઅલીના સગીર વયના પુત્ર બિરજીત કદ્રને અવધના સત્તાધીશ જાહેર કર્યા. તેના તરફથી હવાલો બેગમ હઝરત મહલે સંભાળ્યો. સત્તા પ્રાપ્ત કર્યા બાદ તરત જ બિરજીત કદ્રના નામથી બેગમે જાહેરનામું બહાર પાડ્યું જેમાં "અંગ્રેજો હિન્દુ અને મુસ્લિમોના ધર્મનો નાશ કરવા ઇચ્છે છે, તેઓ ઇચ્છે છે કે તમામ લોકો ખ્રિસ્તી બની જાય, આથી તમામ હિન્દુ અને મુસલમાનોને જણાવવામાં આવે છે કે પોતાના દીન ધર્મ, ઈજ્જત, આબરૂ, જાન અને માલનું રક્ષણ કરે. જે પણ ઇચ્છે તે અંગ્રેજો વિરુદ્ધ લડવા એકતા સાધીને ભારતીય લશ્કર સાથે જોડાઈ જાય. સરકાર તરફથી તેમને સહાય અને ભરણ પોષણનો ખર્ચ આપવામાં આવશે."

બેગમે વીરતાપૂર્વક અંગ્રેજોનો મુકાબલો કર્યો, યુદ્ધના મેદાનમાં જઈ સિપાઈઓની હિંમત વધારતા કાનપુરના પરાજય પછી તાત્યા ટોપે લખનૌ પહોંચ્યા તો બેગમે તેમને શીશ મહલમાં આશ્રય આપ્યો, અગિયાર તોપોની સલામી આપી. બેગમે તેઓનું સન્માન કરીને ઇનામો ઈકરામથી માલામાલ કરી દીધા હતા. આજ રીતે આલમબાગની લડાઈમાં અસાધારણ વીરતા દેખાડવા બદલ રાજા માનસિંહને શાલ ઓઢાડીને નવાજ્યા હતા. અને "ફરઝંદે ખાસ" નુ બિરુદ આપ્યું હતું. શાહગંજના રાજા માનસિંહ પણ ૯૦૦૦

સિપાઈઓની ફોજ લઈ બેગમના લશ્કર સાથે જોડાયા હતા. જાણીતા લેખક અમૃતલાલ નાગર "ગદરકે ફૂલ" પુસ્તકમાં નોંધે છે કે "બેગમ હઝરત મહલે પણ ઝાંસીની રાણીની જેમ એક સૈન્ય સંગઠન તૈયાર કર્યું હતું. મહેલોની દાસીઓ સહિત અનેક સ્ત્રીઓ તેમના માર્ગદર્શન હેઠળ યુદ્ધ કળાનો અભ્યાસ કરતી હતી. તેમણે જાસુસ સ્ત્રીઓનું એક સંગઠન પણ બનાવ્યું હતું. આમ, અવિશ્વાસની એ નિરાશાજનક પરિસ્થિતિમાં પણ એક એક વ્યક્તિમાં ક્રાંતિની ભાવના ભડકાવીને પોણા બે વર્ષ સુધી અવધને ટકાવી રાખવું એ માત્ર બેગમનું જ કામ હતું."

૧૬મી સપ્ટેમ્બર, ૧૮૫૭માં જ્યારે લખનૌથી છ માઈલ દૂર આલમ બાગ ખાતે ઘમાસાણ યુદ્ધ થયું ત્યારે બેગમ હઝરત મહલ પોતે હાથી પર રહીને લશ્કરની હિંમત વધારી રહ્યાં હતાં. આ લડાઈમાં કેટલાય અંગ્રેજ લશ્કરી અધિકારીઓ માર્યા ગયા. બેગમ પોતે આ લડાઈમાં આગળ રહીને અંગ્રેજોનો મુકાબલો કરી રહ્યાં હતાં. આ જંગમાં પરાજય પછી બેગમે નેપાળમાં આશ્રય લીધો. નેપાળના શાસક રાજા જંગ બહાદુરે બેગમના દેશપ્રેમ, સ્વાભિમાન, સાહસ અને દૃઢ સંકલ્પથી પ્રભાવિત હતા. તેમણે બેગમને સન્માનપૂર્વક આશરો આપ્યો. બેગમ ત્યાંજ ૧૮૭૪માં મૃત્યુ પામ્યાં અને કાઠમંડુ ચોકની મસ્જિદ પાસે દફનાવવામાં આવ્યાં.

**અજીઝન બેગમ :** સને ૧૮૫૭ના સંગ્રામમાં વીરતા દેખાડનારી મુસ્લિમ મહિલાઓમાં અજીઝન બેગમ પણ આગળ પડતું સ્થાન ધરાવે છે. તેમણે આ લડતમાં ખૂબ જ સક્રિય ભાગ લીધો હતો. કાનપુરમાં જ્યારે નાના સાહેબે અંગ્રેજ સામ્રાજ્ય સામે ટક્કર લેવા માટે અધિક સંખ્યામાં ફોજમાં જોડાવવાની હાકર કરી ત્યારે પચ્ચીસ વર્ષીય યુવતી અજીઝન બેગમે સ્ત્રીઓની એક ટુકડી તૈયાર કરી તેમણે પોતે ટુકડીની સભ્યમહિલાઓને ઘોડેસ્વારી અને હથિયારો ચલાવવાની તાલીમ આપી હતી. આ ટુકડીની સ્ત્રીઓ સેના માટે ખોરાકની સામગ્રી એકત્ર કરી લાવતી હતી. આ ઉપરાંત તેઓ જાસુસીનું કાર્ય પણ કરતી હતી. ૧૮૫૭માં કાનપુરના વિજય પછી કર્નલ વિલિયમે વિપ્લવ કાર્યોની સૂચિ તૈયાર કરી તો તેણે અજીઝન બેગમનું નામ પ્રથમ હરોળમાં મૂક્યું હતું. જ્યારે અજીઝન બેગમની ધરપકડ કરીને તેમને જનરલ હૅવલોક સામે લાવવામાં આવ્યાં તો તેણે પ્રસ્તાવ મૂક્યો કે "જો અજીઝન બેગમ પોતાનો અપરાધ સ્વીકારી લે તો મૃત્યુથી બચી શકે છે" પરંતુ દેશભક્ત અજીઝન બેગમે સ્પષ્ટ જવાબ આપ્યો હતો કે ગોરાઓના પરાજય જોવા સિવાય મારી બીજી કોઈ ઇચ્છા નથી. તમે મારા પ્રાણ લઈ શકો છો. પણ મને ઝુકાવી નહિં શકો. હેવલોકે ફાયરનો આદેશ આપ્યો અને અંગ્રેજ સિપાઈઓએ ત્યાં જ આ દેશભક્ત મહિલાને નિર્દય રીતે ગોળીઓથી વીંધી નાખ્યાં. આમ તેઓ દેશ માટે શહીદ થયાં.

આ ઉપરાંત થાનાભવન ખાતે વિપ્લવમાં સૌ પ્રથમ શહીદ થનાર કાજી અબ્દુલરહીમનાં માતાએ પણ ખૂબ મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. જ્યારે તેઓ અંગ્રેજો વિરુદ્ધ લડતાં પકડવામાં આવ્યાં તો અંગ્રેજોએ નિર્દય રીતે તેઓને જીવતાં સળગાવી દીધાં હતાં.

મુઝફ્ફરનગરનાં ૨૫ વર્ષીય યુવાન મહિલા હબીબાબેગમે પણ અંગ્રેજો વિરુદ્ધ મેદાને પડીને વીરતા દેખાડી. જ્યારે તેઓ અંગ્રેજોના હાથે પકડાયાં તો તેમને ફાંસી આપવામાં આવી. આ ઉપરાંત મુઝફ્ફરનગરનાં જ રહીમીબેગમને પણ અંગ્રેજો વિરુદ્ધ ષડયંત્ર ઘડવા અને લડત ચલાવવાના આરોપમાં ફાંસીની સજા આપવામાં આવી હતી.

સને ૧૮૫૭ના સંગ્રામની વિશેષતા એ છે કે આ જંગમાં મુસ્લિમ મહિલાઓએ પણ ખૂબ વિશાળ સંખ્યામાં સક્રિય ભાગ લીધો હતો. ઐતિહાસિક તથ્યો મુજબ આ સૌ પ્રથમ દેશ વ્યાપી સ્વાતંત્ર્યની લડાઈમાં ૨૫૫ મુસ્લિમ મહિલાઓ અંગ્રેજો વિરુદ્ધ લડતા શહીદ થઈ જ્યારે ૧૧ મુસ્લિમ મહિલાઓને અંગ્રેજો દ્વારા ફાંસી આપવામાં આવી હતી. આમ આપણે ૧૮૫૭ના વિપ્લવમાં સ્ત્રી બલિદાનો જોયાં.

**ઈશ્વરકુમારી (રાની તુલસીપુર) :** ગૌંડા ગોરખપુર લાઈન પર તુલસીપુર નામનું એક નાનકડું સ્ટેશન

છે. ૧૮૫૭ની ક્રાંતિમાં તુલસીપુરની છેલ્લી રાણી ઈશ્વરકુમારીએ અંગ્રેજો સામે હથિયાર ઉપાડી યુદ્ધ કર્યું હતું.

૧૩ જાન્યુ. ૧૮૫૯ના એક દસ્તાવેજ અનુસાર આસિસ્ટંટ કમિશ્નર મેજર બેખે લખ્યું હતું કે, 'હથિયાર ફેંકી દેવા અને અંગ્રેજી સત્તાનો સ્વીકાર કરવા રાણી ઈશ્વરકુમારીને બહુ જ પ્રલોભનો આપ્યાં પણ તે માની નહીં.'

તુલસીપુરના રાજા દંગરાજીસિંહ અંગ્રેજ હકુમતની વિરુદ્ધ લડ્યા હતા. અંગ્રેજોએ તેમને બંદીવાન બનાવી કારાગૃહમાં રાખ્યા હતા, જ્યાં તેઓ મૃત્યુ પામ્યા. તેમના મૃત્યુ પછી પોતાનું છિનવાયેલું રાજ્ય પાછું મેળવવા રાણીએ અથાક પ્રયત્ન કર્યા. લડતાં લડતાં રાણી જ્યારે થાકી ગયાં ત્યારે અંગ્રેજોને હાથે પકડાવા કરતાં મોતને વહાલું કરી શહીદ થઈ ગયાં. શૌર્ય અને ધૈર્યની પ્રતિમા રાણી તુલસીપુર અંતિમ યુદ્ધ સુધી બેગમ હજરત મહલની સાથે રહ્યાં હતાં.

**પંડિતા રમાબાઈ :** પંડિતા રમાબાઈનો જન્મ ૨૩ એપ્રિલ, ૧૮૫૮માં ગંગમૂલની પહાડીઓમાં થયો હતો કે જ્યાં એમના પિતા પદ્મનાભ ડોંગરેનો આશ્રમ હતો.

બાળપણથી જ કુશાગ્ર બુદ્ધિયુક્ત રમા સંસ્કૃતનાં વિદ્વાન હતાં. એમને ૧૮,૦૦૦ શ્લોકો કંઠસ્થ હતાં. તીર્થયાત્રા પૂરી કર્યા પછી રમા બાઈ પોતાના ભાઈ શ્રીનિવાસની સાથે કલકત્તા પહોંચ્યાં, અહીં એમના વિદ્વત્તાપૂર્ણ ભાષણો સાંભળીને કલકત્તાના નાગરિકો (લોકો) ખૂબ પ્રભાવિત થયા હતા.

એમણે પહેલાં પૂનામાં, પછી અહમદનગર, શોલાપુર, થાણા અને મુંબઈમાં 'આર્ય મહિલા સમાજ'ની સ્થાપના કરી. આ સંસ્થાનું લક્ષ્ય સ્ત્રી જાગૃતિનું હતું.

સને ૧૮૮૪માં એમણે પોતાની દીકરી સાથે ઇંગ્લેન્ડનો પ્રવાસ કર્યો, ૧૮૮૬માં ડૉક્ટરીનો અભ્યાસ કરવાના ઈરાદે એમણે અમેરિકાનો પ્રવાસ કર્યો, પણ કેટલાંક કારણસર તે ડૉક્ટરીનું ભણી શક્યાં નહીં.

રમા બાઈએ ઈસાઈ ધર્મ અપનાવ્યો હતો. વિચારોમાં તેઓ પોતાના સમયથી ખૂબ આગળ હતાં. ૫ એપ્રિલ, ૧૯૨૨માં એમનો સ્વર્ગવાસ થયો ત્યારે શ્રીમતી સરોજીની નાયડુએ કહ્યું હતું, 'ઈસાઈ સંતોના જૂથમાં એક વધુ સંત આજે જઈ પહોંચ્યા.'

**એનીબેસન્ટ :** એની બેસન્ટનો જન્મ ૧ ઑક્ટોબર, ૧૮૪૭માં લંડનમાં થયો હતો. ઇંગ્લેન્ડમાં કારખાનામાં કામ કરતા મજૂરો અને તેમાંય ખાસ કરીને મહિલાઓ માટે તેમણે કરેલું કાર્ય ખૂબ પ્રશંસા પામ્યું હતું.

૧૬ નવેમ્બર, ૧૮૯૩માં તેઓ ભારતમાં આવ્યાં. ભારત આવ્યા પહેલાં તેઓ થિયોસોફિકલ સોસાયટીનાં સભ્ય બન્યાં હતાં. ૧૯૦૭માં તેમને આ સંસ્થાનાં અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયાં. ૧૮૯૫માં તેમણે બનારસમાં આવીને સ્થાયી વસવાટ કર્યો. અહીં એમણે સેન્ટ્રલ હિન્દુ કૉલેજની સ્થાપના કરી, જે બાદમાં કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલય તરીકે વિકાસ પામી.

૧ સપ્ટેમ્બર, ૧૯૧૬માં તેમણે હોમરૂલ લિગની સ્થાપના કરી. જૂન ૧૯૧૭માં તેમને સરકારે ગિરફતાર કર્યા અને નજરકેદમાં રાખ્યાં. એમની ગિરફતારીનો દેશ-વિદેશમાં ખૂબ વિરોધ થવાથી અંતે તેમને છોડવામાં આવ્યાં.

ઑગષ્ટ, ૧૯૧૭ના કલકત્તા અધિવેશનમાં તેઓ કોંગ્રેસના અધ્યક્ષ તરીકે ચૂંટાયાં. શિક્ષણ અને રાજકારણ એ બંને ક્ષેત્રોમાં એમણે પ્રશંસનીય કાર્ય કર્યું હતું. ૨૧ સપ્ટેમ્બર, ૧૯૩૩ના રોજ તેમનું અવસાન થયું. એમની ઇચ્છા મુજબ એમની સમાધિ ઉપર લખાયું હતું કે, 'એમણે સત્યના માર્ગે ચાલવાનો પ્રયત્ન કર્યો હતો.'

**મુતુલક્ષ્મી રેડી :** ડૉ. મુતુલક્ષ્મી રેડીનો જન્મ ૩૦ જુલાઈ, ૧૮૮૬ના રોજ પદુકોટા રિયાસતમાં થયો

હતો. તેમનાં પિતા નારાયણ સ્વામી અરૂયર પદુકોટાની મહારાજા કૉલેજના પ્રિન્સિપાલ હતા. મુતુલક્ષ્મી ૧૯૦૭માં મદ્રાસ મેડિકલ કૉલેજમાં દાખલ થનાર પહેલાં મહિલા વિદ્યાર્થી હતાં. પ્રારંભથી જ તેઓને મહિલાઓ અને બાળકોની સમસ્યામાં રુચિ હતી. તેમના પ્રયત્નોના ફળસ્વરૂપ ૧૯૨૭માં દેવદાસી પ્રથા વિરુદ્ધ કાયદો ઘડાયો. તેઓ મદ્રાસ કોર્પોરેશનનાં પ્રથમ 'એલ્ડર વુમન' હતાં. એ જ રીતે તેઓ વિધાનસભાનાં પ્રથમ સ્ત્રી ઉપાધ્યક્ષ પણ હતાં. સ્ત્રીઓને દરેક પ્રકારના સામાજિક અને રાજનૈતિક અધિકાર મળે એ માટે તેઓ જીવનપર્યંત પ્રયત્નશીલ રહ્યાં, દેશપ્રેમ તેમની રગરગમાં વહેતો હતો. દેશ માટે તેમણે લેજીસ્લેટીવ કાઉન્સીલનું સભ્યપદ છોડી દીધું. શ્રીમતી એની બેસન્ટના મૃત્યુ પછી તેઓ 'વીમેન્સ ઇન્ડિયન એસોસિએશન' ના અધ્યક્ષ બન્યાં. મદ્રાસમાં કેન્સર સંશોધન સંસ્થાની (૧૯૫૪) સ્થાપના તેમના પ્રયત્નોને પરિણામે થઈ. ૧૯૬૮માં તેઓ મૃત્યુ પામ્યાં.

**ભગિની નિવેદિતા :** ભગિની નિવેદિતાનો જન્મ ૧૮૬૭માં ઉત્તર આર્યલેન્ડના અલસ્ટર નામના નાના નગરમાં થયો હતો. લંડનમાં ૧૮૯૫માં તેમને સ્વામી વિવેકાનંદ મળ્યા. પિકાડલીના પ્રિન્સેસ હોલમાં સ્વામી વિવેકાનંદનું ભાષણ સાંભળી તેઓ બહુ જ પ્રભાવિત થયાં. ભારત સેવાનું વ્રત લઈ ભગિની નિવેદિતા ૨૪ જાન્યુઆરીએ ભારત આવી ગયાં. સ્વામીજીએ તેમને કહ્યું હતું 'ભારતને પ્યાર કરો, ભારતની સેવા કરો.'

ભગિની નિવેદિતાએ રચનાત્મક કાર્યો અને લેખો લખી સામાજિક અને શૈક્ષણિક સુધારણાનું કાર્ય પ્રારંભ્યું. 'બંગ-ભંગ ચળવળ'ના સમયે તેમનાં લખેલાં રાષ્ટ્રીય ગીત, કવિતાઓ ક્રાંતિકારીઓમાં બહુ જ લોકપ્રિય થયાં. ૧૩ ઓક્ટોબર ૧૯૧૧માં તેમનું અવસાન થયું.

**મેડમ ભિખાઈજી કામા :** મેડમ ભિખાઈજી કામાનો જન્મ ૨૪ સપ્ટે. ૧૮૬૧ મુંબઈમાં થયો હતો. ૧૯૦૨માં સારવાર માટે તેઓ લંડન ગયાં જ્યાં તેમને દાદાભાઈ નવરોજજી સાથે ઓળખાણ થઈ. તેમણે દાદાભાઈ નવરોજજીની ચૂંટણી માટે પ્રચારનું કાર્ય કર્યું. ૧૯૦૭માં સ્ટૂટગાર્ટમાં સોશ્યાલિસ્ટ કોંગ્રેસમાં તેમણે ભાગ લીધો અને અન્ય ધ્વજોની સાથે ભારતનો પ્રથમ રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યો. તેમના આ ધ્વજમાં સૂર્ય-ચંદ્ર અને સાત સિતારા હતા. વચ્ચે દેવનાગરી લિપિમાં 'વંદેમાતરમ્' લખ્યું હતું. તેમના ધ્વજના નમૂના પરથી સ્પષ્ટ થાય છે કે દેશભક્તિ અને દૂરદર્શિતાની બાબતે તેઓ સ્વતંત્રતા આંદોલનના કોઈપણ રાષ્ટ્રનેતા કરતાં ઉણા ન હતાં. તેમણે યુરોપ અને અમેરિકામાં ભારતની આઝાદી માટે અવાજ ઉઠાવ્યો હતો. તેમના વરદહસ્તે ક્રાંતિકારીઓની સંસ્થા 'અભિનવ ભારત'ના મંડાણ થયાં હતાં.

૧૯૩૫માં ૭૪ વર્ષની જૈફ વયે તેઓ ભારત પાછા ફર્યા. મુંબઈની એક પારસી હોસ્પિટલમાં ૧૯૩૬માં તેમણે અંતિમ શ્વાસ લીધો.

**માર્ગારેટ કઝિન્સ :** દિલ્હીમાં ભગવાનદાસ રોડ પર આવેલા "અખિલ ભારતીય મહિલા સમ્મેલન"ની મુખ્ય કચેરીની એક દીવાલ પર એક મહિલાનું વિશાળ ચિત્ર લગાડેલું છે. આ ચિત્રની નીચે લખ્યું છે : "ઈ.સ. ૧૯૧૫માં ભારતની ભૂમિ ઉપર પગ મૂકતાં જ મેં મારી જાતને ભારતીય સ્ત્રીત્વ એટલે કે અડધા ભારતને સમર્પિત કરી દીધી" - માર્ગરેટ કઝિન્સ.

માર્ગરેટ કઝિન્સનો જન્મ ૭ નવેમ્બર, ૧૮૭૮ના રોજ આયર્લેન્ડમાં થયો હતો. અભ્યાસ પૂરો કરીને તેઓ સંગીત શિક્ષિકા બન્યાં અને આયર્લેન્ડમાં મહિલાઓના અધિકારો માટે સંઘર્ષ કરવા લાગ્યા. આ માટે તેમને કેટલીયે વાર જેલમાં જવું પડ્યું. ઈ.સ. ૧૯૧૫માં તેઓ ભારત આવ્યાં અને અહીં પણ તેમણે મહિલાઓના અધિકારો માટેની લડાઈ ચાલુ રાખી. આ માટે તેમણે મદ્રાસમાં 'ઈન્ડિયન વિમેન્સ એસોસિએશન'ની સ્થાપના કરી.

ઈ.સ. ૧૯૨૩માં ઈમર્જન્સી ઓર્ડિનન્સનો વિરોધ કરવા બદલ તેમની ધરપકડ કરાઈ અને વેલોર જેલમાં પૂરી દેવામાં આવ્યાં. ઈ.સ. ૧૯૫૦માં ભારતના બંધારણ દ્વારા જ્યારે મહિલાઓને સમાન અધિકાર આપવામાં આવ્યો ત્યારે તેમને ખૂબ જ આનંદ થયો કે તેમની મહેતન સફળ થઈ...અને એ સંતોષ સાથે

ઈ.સ. ૧૯૫૪માં તેમણે આ સંસારમાંથી વિદાય લીધી.

**મીરાંબહેન :** મીરાંબહેનનું સાચું નામ મેડેલીન સ્લેડ હતું. એમનો જન્મ ૨૨ નવેમ્બર, ૧૮૯૨માં થયો હતો. એમના પિતા એડમિરલ સ્લેડ 'ઈસ્ટ ઈન્ડિયા સ્ટેશન' માં મુખ્ય સેનાપતિના પદ પર હતા. બાળપણમાં થોડો સમય તેણી ભારતમાં રહેલાં પરંતુ વાઈસરોયના મહેલની દુનિયા બહાર શું થઈ રહ્યું છે એનો એમને ખ્યાલ નહોતો.

યુવાનીમાં પ્રવેશતાંની સાથે મોજ મસ્તીને બદલે એમનું ધ્યાન અને લગાવ આધ્યાત્મિકતા તરફ વધવા લાગેલાં. ફ્રાંસીસી ભાષાના સાહિત્યકાર રોમાં રોલાંના સાહિત્યના તે ખૂબ જ પ્રશંસક હતાં, તેથી એ એમને મળ્યાં હતાં. રોમાં રોલાંએ પોતે લખેલી મહાત્મા ગાંધીજીની જીવનકથા એમને વાંચવા કહ્યું. ગાંધીજીની જીવનકથા વાંચીને એમના વિચારોમાં ઘણું પરિવર્તન આવ્યું. એમણે ભારત આવીને ગાંધીજી પાસે રહેવાનો નિર્ણય કર્યો.

૬ નવેમ્બર, ૧૯૨૫ના દિવસે તે ભારત આવી પહોંચ્યા. ૧૯૨૫ થી ૧૯૪૮ સુધી મીરાંબહેને ગાંધીજી સાથે રહીને દેશની અનેક પ્રકારે સેવા કરી. ભારતમાં સત્યાગ્રહો ચાલતા હોય કે લંડનમાં ગોળમેજી પરિષદ, ગાંધીજી મુક્ત હોય કે આગાખાન મહેલમાં નજરબંદ, તેઓ ગાંધીજીની સેવા માટે કાયમ એમની સાથે રહ્યાં. એમણે સમયે સમયે ગ્રામજનો વચ્ચે રહી એમની સેવા કરી. ૧૮ જાન્યુઆરી, ૧૯૫૯માં તેઓ ભારત છોડીને ઓસ્ટ્રિયાના વિયેનાથી ૩૦ કિલોમીટર દૂર આવેલા એક ગામમાં રહેવા લાગ્યાં.

**મ્યૂરિયલ લેસ્ટર :** મ્યુરિયલ લેસ્ટરનો જન્મ તભગ્લેન્ડમાં થયો હતો. તે ભારતની અને ગાંધીજીની પ્રશંસક હતી. ૧૯૨૬થી તે વખતોવખત ભારત આવતી રહી. ગરીબ અને શ્રમિક લોકો વચ્ચે કામ કરવામાં તેને બહુ રસ હતો. તેથી તેમણે પૂર્વ લંડનના પાછળના વિસ્તારમાં કિંગ્સલે હોલ નામની સંસ્થાની સ્થાપના કરી હતી. ૧૯૩૧માં ગાંધીજી લંડનમાં તેમની સાથે કિંગ્સલેહોલમાં રોકાયા હતા.

મ્યૂરિયલ લેસ્ટર અને તેમની બહેન ડોરિસ લેસ્ટરે પશ્ચિમમાં ગાંધીજીના વિચારોનાં પ્રસારમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. મ્યુરિયલ લેસ્ટરે ગાંધીજીને લગતાં ઘણાં પુસ્તકો લખ્યાં છે.

મહાત્મા ગાંધીની ચળવળ વિશે : ગાંધીજીએ સ્ત્રીઓની શક્તિ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહથી જોઈ હતી. સ્ત્રીઓની સહનશક્તિ, શાંત-ધીર-ગંભીર, મહેનતું સ્વભાવ, ધગશ, નેકીથી કાર્યને વળગી રહેવાનો સ્વભાવ એ સત્યાગ્રહ જંગ માટે ઉત્તમ ગુણો હતા. સાથે સાથે રચનાત્મક કાર્યક્રમ માટે પણ ઉમદા તત્ત્વો હતાં.

૧૯૨૦ થી ગાંધીજીએ અસહકારનું આંદોલન બ્રિટિશ સરકાર સામે છેડ્યું હતું. ૧૯૨૨ માં આ આંદોલન પાછું ખેંચ્યું હતું. ગાંધીજીને તે સમયે લાગ્યું હતું કે બહેનોનો સાથ જોઈએ તેટલો નથી. ૧૯૨૩ થી સ્ત્રીનેતૃત્વ બહોળા પ્રમાણમાં વિકસાવવા પ્રયાસ કર્યો, ગાંધીજીએ પહેલેથી દ. આફ્રિકાથી આવ્યા બાદ ગુજરાતમાં અમદાવાદને કેન્દ્રમાં રાખી કર્મભૂમિ બનાવી હતી. ગાંધીજીને મીઠુબહેન પીટીટ, ગંગાબહેન ઝવેરી, જ્યોત્સ્નાબહેન શુકલ, મણિબહેન પટેલ, ભક્તિબા, મૃદુલાબહેન સારાભાઈ, પુષ્પાબહેન મહેતા જેવાં સ્ત્રી નેતાઓ પણ મળતાં ગયાં.

૧૯૩૦માં દાંડીયાત્રા અથવા સવિનય કાનૂનભંગની બીજી લડત ગાંધીજીએ ઉપાડી હતી. આ લડત લગભગ બે વર્ષ ચાલુ રહી. આ લડતનું ઝાઝું પરિણામ ન આવ્યું. ૩૧ માર્ચ, ૧૯૩૧ ના રોજ ગાંધી ઇરવિન કરારથી આંદોલન આટોપાયું. પણ આ લડતનું એક નક્કર પરિણામ એ આવ્યું કે મોટા પ્રમાણમાં ઘરની ચાર દીવાલો છોડી બહેનો બહાર આવી. ૧૯ મી સદીના અંતમાં મધ્યમવર્ગની બહેનોમાં સ્ત્રી નેતૃત્વ આવવા માંડ્યું હતું. સ્ત્રી સંગઠનો પણ ઊભાં થવા માંડ્યા હતાં. પણ ગાંધીયુગમાં (૧૯૧૫-૧૯૪૭) તેનો વ્યાપ ખૂબ વધ્યો. બહેનોનો જુવાળ ઊભો થયો હતો. પણ આ જુવાળ યોગ્ય માર્ગે ટકી રહે તે ગાંધીજીને તાતી જરૂરિયાત લાગી. અમદાવાદના અગ્રગણ્ય ઉદ્યોગપતિ અંબાલાલ સારાભાઈનાં મોટાં પુત્રી મૃદુલા સારાભાઈ અતિશય બાહોશ,

અમાપ નેતૃત્વશક્તિ ધરાવતાં હતાં. આખુંય સારાભાઈ કુટુંબ ગાંધીયુગના રંગથી રંગાયું હતું. ૨૨ વર્ષની વય ધરાવતાં મૃદુલામાં યુવાશક્તિનું સૌજન્ય હતું. ગાંધીજીની દારૂબંધી, સ્વદેશી આંદોલન, ખાદી, કાંતણ, પ્રચાર ચાલુ રહેવા જોઈએ એ આગ્રહ હતો. રચનાત્મક કાર્યક્રમની આ મુખ્ય પાંખો બહેનો જ સંભાળી શકે તેમ હતું. ગાંધીજીને સ્ત્રીઓની શક્તિમાં અભૂતપૂર્વ શ્રદ્ધા હતી. અભૂતપૂર્વ એટલા માટે કે ગાંધીજી પૂર્વે કોઈપણ રાજકીય સામાજિક લડવૈયાએ નારીશક્તિને ગાંધીએ જે રીતે ઓળખી પિછાણી છે તે રીતે પારખી નથી. સાધારણતઃ રાજકીય લડતોમાં સ્ત્રીઓનો ઉપયોગ થતો હોય છે. પોલીસબળ કે સામાવાળા સ્ત્રીઓને જોઈને મૂંઝાઈ જાય, વિમાસણમાં મુકાઈ જાય, હથિયાર બળ વાપરવાનું માંડી વાળે, તે ગણતરીઓ પણ મુકાતી હોય છે. વ્યક્તિગત રાગદ્વેષ, સ્વાર્થને ભેળવ્યા વિના તેના અસલ સ્વરૂપમાં પકડી રાખી પોતાનું સર્વસ્વ રેડી દેવાનો ભારતીય નારીનો ગુણ ગાંધીજીએ આત્મસાત કર્યો છે. અહિંસક રાજકીય લડતમાં નારીની નિર્દોષ, શાંત અને સાતત્યશીલ ભાગીદારી મહાત્મા ગાંધીએ કલ્પી અને તેણે તેમના પર શ્રદ્ધા અને ભરોસો મૂક્યો જેનો વળતો જવાબ ભારતીય નારીએ સ્વતંત્રતા આંદોલનમાં નાનામોટા અને તબક્કે ઉલટભેર અભૂતપૂર્વ સહભાગ નોંધાવીને આપ્યો અને ગાંધીજીને સાચા પાડ્યા છે.

**કસ્તૂરબા ગાંધી :** ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાની રંગભેદની નીતિ સામે સત્યાગ્રહ શરૂ કર્યો ને તેમાં બહેનોને પણ જોડ્યાં. ગાંધીજીએ કસ્તૂરબાને જોડાવાની વાત કરી નહીં, તે માટે લગ્ન રજિસ્ટર કરાવે તો જ પત્ની ગણાય. આથી કસ્તૂરબાને જોડાવવા માટે રજિસ્ટ્રેશન વગરની પત્ની ના ગણાય તેમજ બાળકો પણ ગેરકાયદેસર ગણાય તેથી કસ્તૂરબા નારાજ થયાં ને ગાંધીજીએ જોડાવા માટે આગ્રહ કર્યો ને સત્યાગ્રહ કરીને વોલકસર જેલમાં પુરાયાં. જેલમાં માંસાહાર અપાતો હતો. બાએ એ લેવાનો ઈન્કાર કર્યો. ચાર દિવસના ઉપવાસ કર્યા ને આખરે જેલના અધિકારીઓએ નમતું જોખવું પડ્યું.

૧૯૧૫માં ગાંધીજી ભારત આવ્યા. અમદાવાદમાં કોચરબ આશ્રમની સ્થાપના કરી, કસ્તૂરબાએ જાડી પાણકોરા જેવી ખાદી અંગીકાર કરી. હરિજનોને અપનાવવાની બાબતમાં એ વખતે કસ્તૂરબાના ખ્યાલો રૂઢિચુસ્ત હતા. એમ છતાં ધીરે ધીરે પલટાયાં ને પોતે હરિજનોનાં માં સમા બની રહ્યાં. પોતાના કુટુંબ ઘર છોડ્યાં, ને સમગ્ર દેશનાં બા બનીને જીવ્યાં.

અસહકારની લડત વખતે ગાંધીજીને છ માસની જેલસજા થઈ ત્યારે કસ્તૂરબા ગભરાયાં નહીં, પણ તેમણે લોકોને સંદેશો આપ્યો કે, 'રચનાત્મક કાર્યક્રમ અપનાવો, ખાદી પહેરો, રેંટિયો કાંતો અને પરદેશી કાપડનો વેપાર બંધ કરો' કસ્તૂરબા બારડોલીનાં ગામડાંઓમાં પ્રચારાર્થે ફરવા લાગ્યાં, તેમણે સોનગઢ તાલુકામાં રાનીપરજ પરિષદનું પ્રમુખસ્થાન લીધું. રાનીપરાજ ભાઈઓને દારૂ છોડાવ્યો. કાંતતા તેમ જ ખાદી પહેરતા કર્યા.

૧૯૩૦ની દાંડીયાત્રા દરમ્યાન કસ્તૂરબાએ સુરજ જિલ્લામાં છાવણીઓ નાખીને દારૂનાં પીઠા ઉપર પિકેટિંગ કરવાનો કાર્યક્રમ ઉપાડ્યો, તેમાં ગામડાઓનાં અભણ બહેનો પણ જોડાયાં. સરકારે છાવણીઓ જપ્ત કરવા માંડી તેથી કસ્તૂરબાએ જંગલમાં સાદડીના ઝૂંપડામાં રહેવાનું તેમજ માટીનાં વાસણોમાં રાંધવાનું શરૂ કર્યું ને ચળવળને આમ આગળ ધપાવ્યે રાખી. ગાંધીજીની ધરપકડ થતાં કસ્તૂરબાએ લોકોને સંદેશો આપ્યો કે, "ગાંધીજીએ સોંપેલું કામ પાર ઉતારવું એ જ હવે આપણો ધર્મ થઈ પડે છે' તેમણે આગળ જતાં સરકારી નોકરી કરતા ભાઈઓને ઉદ્દેશીને કહ્યું કે, 'તમે ક્યાં સુધી નોકરીને વળગી રહેશો ? સિપાહીઓ આપણા લોકો ઉપર ગોળી છોડે છે, તેમનો જીવ કેમ ચાલે છે ? ભાઈઓ, હિંમત કરો, પરમેશ્વરનું નામ લઈ હિંમત કરીને નોકરી છોડી દો.'

'ગાંધી ઈરવીન કરાર' ભંગ થતાં ફરીને લડત થઈ ત્યારે સરકારે કસ્તૂરબાને પકડી લીધાં. જેલમાં તેઓ સત્યાગ્રહી બહેનોનાં બા સમાં બની રહ્યાં. લડત બાદ સેવાગ્રામ આશ્રમમાં રહેવાનું હતું ત્યાં પણ તેમને

ગાંધીજીની પરમ સેવા ઉપરાંત આશ્રમની અનેકવિધ જવાબદારીઓ ઉઠાવીને સમગ્ર આશ્રમ પરિવારનાં બા બની રહ્યાં.

૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળ વખતે સરકારે તેમને ગાંધીજીની સાથે જ પકડી લીધાં ને આગાખાન મહેલમાં બંદીવાન બનાવ્યાં. ૧૯૪૩ના ફેબ્રુઆરીની ૧૦મી તારીખે ગાંધીજીએ આગાખાન મહેલમાં ઉપવાસ આદર્યા. કસ્તૂરબા ગાંધીજીના આ વખતના ઉપવાસથી વ્યથિત હતાં. તેમણે પણ અન્ન છોડી દીધું ને માત્ર ફળાહાર જ લેવાનું રાખ્યું. ત્યારબાદ તેમની તબિયત ઉત્તરોત્તર લથડતી રહી અને પરિણામે ૧૯૪૪ના ફેબ્રુઆરીની ૨૨મી તારીખે તેમણે ગાંધીજીના ખોળામાં જ દેહ છોડ્યો. આ પ્રસંગે ગાંધીજીએ કહ્યું કે, "બા વિહોણા જીવનની હું કલ્પના જ નથી કરી શકતો. એ મારા જીવનનું અવિભાજ્ય અંગ હતું. એના જવાથી મારા જીવનમાં જે ખાલીપણું પેદા થયું છે તે કદીયે ભરાઈ શકવાનું નથી. ગાંધીજીના આદર્શોને ચરિતાર્થ કરવામાં તેમણે અનન્ય સાથ આપ્યો ને ભારતના લોકહૃદયમાં 'રાષ્ટ્રમાતા' નું સ્થાન પ્રાપ્ત કરી પોતાનું જીવન ધન્ય કરી ગયાં."

**કુમારી વલિયમ્મા** (પ્રથમ સત્યાગ્રહી શહીદ) : ગાંધીજીના દક્ષિણ આફ્રિકા સત્યાગ્રહમાં મહિલાઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. તે સમયે મહિલાઓને ઘર બહાર કાઢી સત્યાગ્રહ કરવા માટે પ્રેરિત કરવાનું કામ સહેલું ન હતું. મહિલાઓએ બે જૂથમાં સત્યાગ્રહ કર્યો. બંને જૂથની મહિલાઓને દક્ષિણ આફ્રિકાની સરકારે મોરિત્સબર્ગની જેલમાં રાખી હતી. મહિલાઓની સાથે અધિકારીઓ ખરાબ વર્તાવ કરતા. જાનવર પણ ન ખાય તેવું ભોજન તેમને અપાતું. મહિલાઓ જેલમાંથી બહાર આવી ત્યારે મોટા ભાગની અસ્વસ્થ હતી અને કેટલીક તો હાડકાંનો માળો બની ગઈ હતી.

માત્ર ૧૬ વર્ષની કુમારી વલિયમ્માનું માત્ર હાડકાનું પિંજર રહી ગયું હતું. જ્યારે ગાંધીજીએ તેમને પૂછ્યું, "હજી પણ તને જેલમાં જવાનો પસ્તાવો થતો નથી ?" તો તેનો જવાબ હતો, "નહી, હું બીજીવાર જેલ જવા તૈયાર છું." ગાંધીજીએ ફરીથી કહ્યું, "જેલમાં તો તારું મરણ થઈ જશે" તો જવાબ મળ્યો, "ભલે થાય, દેશ માટે મરવાનું મને જરૂર ગમે." ચાર દિવસ પછી વિલયમ્માનું મૃત્યું થયું. તેના અવસાન પછી ઠેર ઠેર શોકસભાઓ થઈ. તેની સ્મૃતિમાં પ્રવાસી ભારતીયોએ 'વલિયમ્મહાલિ' નામનું એક ભવન બાંધવાનો નિર્ણય કર્યો. તે પ્રથમ સત્યાગ્રહી શહીદ હતી.

**સ્વરૂપરાની :** સ્વરૂપરાની કાશ્મીરના એક એવા પરિવારમાં જન્મ્યાં હતાં જે મેદાનોમાં આવીને વસ્યો હતો. માતા-પિતાના ચાર બાળકોમાં સૌથી નાનાં હોવાથી લાડ પ્યારે તેમને બગાડી મૂક્યાં હતાં. બાળપણમાં લગ્ન થયાં અને એક મોટા સંયુક્ત પરિવારની જવાબદારી આવી. પતિ અને સાસુના કડક અનુશાસન છતાં દરેક નવી પરિસ્થિતિનો તેમણે કુશળતાથી સામનો કર્યો.

પંડિત મોતીલાલ નહેરૂનાં પત્ની તથા પંડિત જવાહરલાલ નહેરૂનાં માતા સ્વરૂપરાની પણ રાષ્ટ્રીય આંદોલનમાં જોડાયાં હતાં. નાદુરસ્ત તબિયત છતાં તેમણે પ્રયાગ (અલ્હાબાદ) ની મહિલાઓનું સમયે સમયે નેતૃત્વ કર્યું. તેમણે મીઠાના સત્યાગ્રહમાં પણ પ્રયાગની મહિલાઓને નેતૃત્વ પુરું પાડ્યું.

**બાઈ અમન :** 'બાઈ અમન' ના નામની વિખ્યાત મહિલાનું વાસ્તવિક નામ અમાની બાનો બેગમ હતું. તેમના બંને પુત્રો મૌલાના મોહમ્મદ અલી અને મૌલાના શૌકત અલી ભારતીય રાજનીતિના ચમકતા સિતારા હતા. ઈ.સ. ૧૯૨૦-૨૨ નાં આંદોલનો અને પ્રથમ અસહકાર આંદોલનમાં બાઈએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમણે બુરખો ઉતારીને ઠેર-ઠેર મહિલા સભાઓ યોજી અને મહિલાઓને સંગઠિત કરી, તેઓ પોતાની સભાઓમાં કહેતા કે, "આપણે ભારતીયોએ પાછળના ૧૫૦ વર્ષોમાં બે મોટી ભૂલો કરી - અંગ્રેજોને ભારતમાં પગ જમાવવા દીધો અને પછી ૧૮૫૭માં અડધા લોકોએ અંગ્રેજોને સાથ આપીને ક્રાંતિને નિષ્ફળ બનાવી."

હિંદુ-મુસ્લિમ એકતા માટે પણ તેમણે જોસભેર કામો કર્યા હતાં. ઈ.સ. ૧૯૨૪માં તેમનું અવસાન થયું ત્યાં સુધી તેમણે દેશ સેવાનાં કાર્યો કર્યાં હતાં.

**સરોજીની નાયડુ :** સરોજીની નાયડુનો જન્મ ૧૩ ફેબ્રુઆરી, ૧૮૭૯માં થયો હતો. એમના પિતાશ્રી અઘોરનાથ ચટ્ટોપાધ્યાય હૈદરાબાદની નિઝામ કૉલેજના પ્રિન્સિપાલ હતા. બાર વર્ષની ઉંમરે પ્રથમ વર્ગમાં મેટ્રિક પાસ થયાં. કેમ્બ્રિજની ગર્ટન કૉલેજમાં થોડા દિવસો એમણે અભ્યાસ કર્યો.

ઓગણીસ વર્ષની ઉંમરે એમણે ડોક્ટર ગોવિંદ રાજલુ નાયડુ સાથે લગ્ન કર્યાં. આ આંતરજાતિય લગ્નને કારણે એ સમયે ખૂબ મોટો ઉહાપોહ જાગેલો, પરંતુ એમના પિતાનાં એમને આશીર્વાદ હતા. એમના પિતા પોતે રૂઢિની વિરુદ્ધમાં હતા.

સરોજીની નાયડુ જન્મજાત જ કવયિત્રી હતાં. ૧૮ ડિસેમ્બર, ૧૯૧૭માં એમણે લૉર્ડ ચેમ્સફોર્ડ અને શ્રી મોન્ટેગ્યુને મહિલાઓના મતાધિકાર વિષય અંગે ચર્ચા કરવા મળવા ગયેલા મહિલાઓના એક શિષ્ટ મંડળની આગેવાની લીધી હતી. સને ૧૯૨૫માં તેમને રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ તરીકે નીમવામાં આવ્યાં હતાં. મીઠાના સત્યાગ્રહમાં ખૂબ જ ભાગ લીધો હતો. - આગેવાની લીધી હતી. તેમજ હિંદના "બુલબુલ" ગણાતા.

**મણીબેન પટેલ :** ભારતના નાયબ પ્રધાન મંત્રી અને લોખંડી પુરુષના ઉપનામથી જાણીતા સરદાર વલ્લભભાઈ પટેલનાં દીકરી કુમારી મણીબહેન પટેલે પોતાના પિતા સાથે બારડોલી સત્યાગ્રહમાં મુખ્ય ભાગ લીધો હતો. શરૂઆતમાં સાબરમતી આશ્રમ તથા એ પછી વર્ધા આશ્રમમાં તેઓ એક આશ્રમવાસી તરીકે વર્ષો સુધી રહ્યાં હતાં. એમને દંભ-દેખાવ બિલકુલ પસંદ નહોતા. ખાદી ગ્રામોદ્યોગમાં રુચિ હોવાના કારણે એ પ્રકારનાં કામોમાં કલાકો સુધી કાર્યરત રહેવું અને એમને ગમતું. સરદાર પટેલની વૃદ્ધાવસ્થા સમયે એમની સારવારમાં આદર્શ પુત્રીનું કર્તવ્ય એમણે સારી રીતે બજાવ્યું હતું. કેટલાંક વર્ષો તેઓ સંસદના સભ્ય પણ રહ્યાં હતાં.

**સરલાદેવી ચૌધરી :** કવિવર રવીન્દ્રનાથ ટાગોરનાં ભત્રીજી સરલાદેવી ચૌધરીએ પંજાબ અને બંગાળના ક્રાંતિકારીઓને સંગઠિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેમનો જન્મ ૯મી સપ્ટેમ્બર, ૧૮૭૨ના રોજ જોરાસાંકોમાં થયો હતો. તેમનાં લગ્ન લાહોરના પ્રસિદ્ધ વકીલ રામભજ દત્ત ચૌધરી સાથે ૧૯૦૫માં થયાં હતાં.

સરલાદેવી કવયિત્રી પણ હતાં. તેમણે દેશભક્તિપૂર્ણ ઘણાં ગીતો લખ્યાં હતાં. તેમણે સ્થાપેલ ભારત - સ્ત્રી - મહામંડલ નામની સંસ્થાએ સ્ત્રી શિક્ષણના ક્ષેત્રે ઘણાં કાર્યો કર્યાં હતાં. સરલાદેવી હિન્દુ મુસ્લિમ એકતાનાં પણ હિમાયતી હતાં. ખાદી ગ્રામોદ્યોગના પ્રચાર માટે ઈ.સ. ૧૯૦૪માં તેમણે લક્ષ્મી ભંડારની સ્થાપના કરી હતી. તેઓ રાષ્ટ્રના મહાન નેતાઓના સંપર્કમાં આવ્યાં હતાં. લાલા લજપતરાય, તિલક, ગોખલે અને ગાંધીજી જેવા મહાન નેતાઓ તેમની સંગઠન શક્તિની પ્રશંસા કરતા. ઈ.સ. ૧૯૧૯થી તેઓ ગાંધીજીની વિચારોથી પ્રભાવિત થયાં હતાં. ઈ.સ. ૧૯૪૫ સુધી તેઓ કોંગ્રેસના કાર્યકર રહ્યાં હતાં.

**નેલી સેનગુપ્ત :** દેશપ્રિય જતીન્દ્ર મોહન સેનગુપ્તનાં પત્ની શ્રીમતી નેલી સેનગુપ્તનું ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં ગૌરવપૂર્ણ સ્થાન છે. નેલીનો જન્મ ઈ.સ. ૧૮૮૬માં તભગ્લેન્ડમાં થયો હતો. તેમણે કેમ્બ્રિજમાં શિક્ષણ મેળવ્યું હતું. ઈ.સ. ૧૯૩૩માં જ્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને ગેરકાયદેસર સંસ્થા તરીકે જાહેર કરાઈ અને મોટા નેતા જેલમાં હતા, ત્યારે શ્રીમતી નેલી સેનગુપ્તને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યાં. ઈ.સ. ૧૯૨૧ માં જ્યારે દેશમાં અસહકારનું આંદોલન ચાલી રહ્યું હતું અને વિદેશી વસ્તુનો બહિષ્કાર કરવામાં આવતો હતો ત્યારે નેલી સેનગુપ્તની ચટગાંવમાં ખાદી વેચવા બદલ ધરપકડ કરવામાં આવી.

ઈ.સ. ૧૯૩૩માં શ્રીમતી નેલી સેનગુપ્તને કલકત્તા કોર્પોરેશનની 'એલ્ડર મેન' તરીકે ચૂંટવામાં આવ્યાં. આ હોદ્દા પર તેમને ૧૯૩૬ થી ૧૯૪૦માં પણ ચૂંટવામાં આવ્યાં. ઈ.સ. ૧૯૪૬માં તેઓ ચટગાંવથી વિધાનસભામાં ચૂંટાયાં હતાં. ઈ.સ. ૧૯૭૩ માં તેમનું અવસાન થયું. ભારત સરકાર દ્વારા તેમને 'પદ્મ વિભૂષણ' ખિતાબથી નવાજવામાં આવ્યાં હતા.

**રાજકુમારી અમૃતકૌર** : રાજકુમારી અમૃતકૌરનો જન્મ ૨ ફેબ્રુઆરી, ૧૮૮૯ના રોજ લખનૌમાં થયો હતો. તેમના પિતા રાજા હરનામસિંહ કપુરથલાના રાજપરિવાર સાથે સંબંધ ધરાવતા હતા. રાજપરિવારમાં ઠાઠમાઠથી ઉછરેલી અમૃતકૌરે એક દિવસ નિર્ણય કરી લીધો કે તે રાષ્ટ્ર સેવામાં પોતાનું જીવન સમર્પિત કરી દેશે. ઈ.સ. ૧૯૩૦માં મીઠા સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ તેમની મુંબઈમાં ધરપકડ કરાઈ, પરંતુ તરત જ છોડી દેવામાં આવ્યાં. તેમની ભૂલ એ હતી કે તેમણે ઉત્તર પશ્ચિમ તરફના પ્રદેશમાં પ્રવેશ કરી પ્રતિબંધિત પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. એક દિવસની સજા બાદ તેમને છોડી દેવામાં આવ્યા. ઈ.સ. ૧૯૪૨માં ભારત છોડો આંદોલનમાં ભાગ લેવા બદલ તેમની ફરી એક વાર ધરપકડ કરાઈ. તેમણે ૯ ઓગસ્ટથી ૧૬ ઓગસ્ટ સુધી સરઘસોનું સતત નેતૃત્વ કર્યું હતું, આ સરઘસો પર પંદરવાર લાઠી ચાર્જ થયો હતો. તેમને વીસ મહિના સુધી સિમલામાં નજરકેદ રાખવામાં આવ્યાં હતાં. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી તેઓ કેન્દ્રીય મંત્રીમંડળમાં આરોગ્યમંત્રી રહ્યાં હતાં.

**લાડોરાણી જુત્શી** : લાડો રાની જુત્શીનો જન્મ ઈ.સ. ૧૮૮૨માં લાહોરમાં થયો હતો. ઈ.સ. ૧૯૧૮માં પંજાબમાં પ્રેવશ કરવા બદલ મહાત્મા ગાંધીની ધરપકડ કરાઈ તે સમયે શ્રીમતી જુત્શી આગળ આવ્યાં. એ દિવસોમાં પંજાબમાં માર્શલ લો જાહેર કરવામાં આવ્યો હતો. અને પ્રાંતમાં અંગ્રેજોની દમનનીતિ સરેઆમ ચાલુ હતી, પરંતુ શ્રીમતી જુત્શી મહિલાઓના સમૂહ સાથે દરરોજ દારૂ અને વિદેશી કાપડની દુકાનો પર ધરણાં કરતાં હતાં.

ઈ.સ. ૧૯૧૯માં કોંગ્રેસ અધિવેશન સમયે મહિલા ઉદ્યોગ સ્ટોલ લગાવીને તેનો બધો નફો જલયાંવાલા રાહતફંડમાં આપી દીધો. તે નીડર મહિલા ઘરે ઘરે જઈને મહિલાઓને મહાત્મા ગાંધીનો સંદેશ પહોંચાડતાં અને સ્વતંત્રતા સંગ્રામમાં જોડાવા માટે મહિલાઓને સમજાવતાં. સ્વતંત્રતા સંગ્રામમાં તેઓ વારંવાર જેલમાં ગયા. તેમની ત્રણ પુત્રીઓએ સ્વતંત્રતા સંગ્રામમાં જુસ્સાથી ભાગ લીધો હતો અને ધરપકડ વહોરી હતી.

**રુકમણી લક્ષ્મીપતિ** : રુકમણી લક્ષ્મીપતિનો જન્મ ૧૮૯૧માં મદ્રાસમાં થયો હતો. એમના પતિ ડો. અચન્ત લક્ષ્મીપતિના પ્રભાવને કારણે જ તેઓ રાષ્ટ્રીયતાની ભાવનાથી રંગાયાં હતાં. એમણે પોતાના બધા ઘરેણાં હરિજન કલ્યાણ ફંડ માટે આપી દીધાં હતાં અને ૧૯૩૦માં મીઠા સત્યાગ્રહને કારણે જેલયાત્રા કરી હતી.

૧૯૩૧માં મદ્રાસ વિધાનસભામાં કોંગ્રેસની ટિકિટ પર તેઓ વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયાં હતાં. ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેવા માટે એમને એક વર્ષની કારાવાસની સજા કરવામાં આવી હતી. ૧૯૪૬માં તેઓ ટી.પ્રકાશમ્ મંત્રીમંડળમાં સ્વાસ્થ્ય મંત્રી હતા. પ્રદેશવાદ, સાંપ્રદાયિકતા અને ભાષાને લઈને ઝઘડા કરવા એમને પસંદ નહોતા. ૪ જૂન, ૧૯૬૨માં એમનું નિધન થયું.

**અનસૂયાબેન કાલે** : ગાંધીજીના આહ્વાનથી સ્વતંત્રતા સંગ્રામના દરેક આંદોલનમાં, દરેક મોરચા પર સક્રિય રહીને અનસૂયાબાઈ કાલેએ એક મહિલા સભ્ય તરીકે ખૂબ લાંબા સમય સુધી દેશની સેવા કરી. ક્રૂર દમનના એક સમયમાં, કે જ્યારે સામ્રાજ્યવાદનો પ્રભાવ પોતાની પરાકાષ્ઠાએ હતો, એમણે આષ્ટી અને ચિમૂના ૨૫ કેદીઓને ફાંસીના માંચડામાંથી બચાવવા માટે રાત - દિવસ એક કરીને સફળતા મેળવી હતી. તેઓ બે વખત મધ્ય પ્રદેશ વિધાનસભાના નાયબ અધ્યક્ષ પણ રહ્યાં હતાં. તેઓ પ્રદેશ તથા રાષ્ટ્રીય કોંગ્રેસ કાર્યકારિણીની સભ્ય તેમજ મધ્ય પ્રાંત રાજ્ય ખાદ્ય પરિષદના અધ્યક્ષ રહ્યાં હતાં. મહિલાઓના અધિકાર અને

આદિવાસી કલ્યાણનાં ક્ષેત્રોમાં એમણે અનવરત સેવા આપી છે.

**સરલાદેવી સારાભાઈ :** સરલાદેવી સારાભાઈનો જન્મ ૧૧ ઓગષ્ટ, ૧૮૯૬માં રાજકોટમાં થયો હતો. તેમના પિતા હરિલાલ ગોસલિયા રાજકોટના એક પ્રમુખ નાગરિક હતા. સરલાદેવીના લગ્ન અમદાવાદના ઉદ્યોગપતિ શ્રી અંબાલાલ સારાભાઈ સાથે થયાં હતાં. ગાંધીજીના અમદાવાદ આવીને રહેવાના કારણે શરૂઆતથી જ તેમનો ઘનિષ્ઠ સંબંધ અંબાલાલ સારાભાઈ સાથે થઈ ગયો હતો. ગાંધીજી જોડે સંપર્ક થવાના કારણે સરલાદેવી સારાભાઈએ પણ કોંગ્રેસની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું. ૧૯૩૨માં ગુજરાત સમિતિએ એમને કોંગ્રેસના ડિરેક્ટર બનાવ્યાં. તેમના દ્વારા સ્થપાયેલ જ્યોતિસંઘ અને નૂતન બાલ શિક્ષા સંઘ તેમની કીર્તિને સ્થાઈ રાખવા માટે પૂરતાં છે. ગાંધીજીએ તેમને કસ્તૂરબા સ્મારક ટ્રસ્ટના ન્યાસી નિમણુંક કર્યાં હતાં.

**બાસંતી દેવી :** આસામના બીજની રજવાડાના દીવન બરદાનાથ હલ્દરનાં પુત્રી બાસંતી દેવીનાં લગ્ન ૧૮૯૭માં 'દેશ બંધુ' ચિતરંજન દાસ સાથે થયાં હતાં. તેમના પતિ 'દેશબંધુ' માટે રાષ્ટ્રપ્રેમ એ ધર્મ હોવાથી પતિના વિચારોની તેમના મન ઉપર અસર રહેતી. ૧૯૨૧માં પ્રિન્સ ઑફ વેલ્સ ભારત આવ્યા ત્યારે તેનો વિરોધ પ્રદર્શિત કરવા બદલ તેમને કારાવાસની સજા થઈ. આ વિરોધ દરમ્યાન તેમના પુત્ર ચિરરંજનની પણ ધરપકડ કરવામાં આવી. મહિલા જાગૃતિ, આંતરજાતિય લગ્ન, સર્વધર્મ સમભાવ એ તેમના પ્રિય વિષયો હતા અને તેના પ્રચાર માટે તેઓ સતત કાર્યરત રહ્યાં.

**રાણી ગિડાલુ :** સ્વતંત્રતા સેનાની મહિલાઓમાં સૌથી લાંબી જેલ સજા ભોગવવાવાળી નાગાલેન્ડની રાણી ગિંડાલુએ જ્યારે ઈ.સ. ૧૯૩૨માં અંગ્રેજોની વિરુદ્ધ મુક્તિસંગ્રામ શરૂ કર્યો, ત્યારે તે માત્ર ૧૭ વર્ષની હતી. ઈ.સ. ૧૯૪૭માં દેશની આઝાદી પછી જ્યારે તેને છોડવામાં આવી ત્યારે તે પોતાની જવાની અને સુંદરતા જેલના સળિયા પાછળ ખોઈ ચૂકી હતી.

પંડિત જવાહરલાલ નહેરુએ અલીપુર કોંગ્રેસમાં રાણી ગિડાલુની મુક્તિ માટે ઠરાવ પસાર કરાવ્યો હતો. પંડિત નહેરુના હૃદયની પીડાનું અનુમાન આ શબ્દોમાં વ્યક્ત થાય છે. "આ બહાદુર છોકરીએ પોતાની દેશમુક્તિના જોશમાં એક વિશાળ સામ્રાજ્યને પડકાર ફેંક્યો...અહીં નાનકડી કોટડીમાં એકલવાયી સાવ એકલવાયી...ગિડાલુ રાણી ચુપચાપ બેસી રહેતી હશે...દુઃખ એ છે કે હિંદુસ્તાન પોતાની આ બહાદુર બેટી વિશે કંઈ જાણતું પણ નથી..." પંડિત નહેરુની માર્મિક અપીલની પણ અંગ્રેજ શાસકો પર કોઈ અસર થઈ નહીં. તેને મુક્ત કરવાના બદલે વાઈસરોયે આસામ વિધાનસભામાં ગિડાલુ રાણી વિશે પ્રશ્ન પૂછવાની પણ મનાઈ ફરમાવી હતી.

**કિતુરનાં વીર રાણી ચેનમ્મા :** દક્ષિણના એક નાનકડા રજવાડાનાં રાણી ચેનમ્માએ ૨૩ ઓક્ટોબર, ૧૯૨૪ ના રોજ અંગ્રેજોની તાકાતને પડકારી હતી. આ દિવસની સ્મૃતિરૂપે ૨૩મી ઑક્ટોબરને દક્ષિણ ભારતમાં 'મહિલા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. એવું કહેવાય છે કે કિતુરના ખજાનામાં અઢળક સંપત્તિ હતી. કિતુરનો પોલિટિકલ એજન્ટ થૈકરે આ સંપત્તિ લૂંટવાની મહત્ત્વાકાંક્ષા રાખતો હતો. કિતુર અને પ્રજા પર અત્યાચાર થઈ રહ્યા છે તેવી અફવા ફેલાવીને તેણે ખજાના ઉપર કંપની સરકારના સૈનિકોનો પહેરો ગોઠવી દીધેલો.

અંગ્રેજોની ચાલાકીને કારણે કિતુર યુદ્ધ ક્ષેત્ર બની ગયું. રાણી ચેનમ્માના નેતૃત્વ હેઠળ કિતુરના સૈનિકોએ કંપનીના સૈનિકોનો ખાતમો બોલાવી દીધી. અંગ્રેજ અમલદાર થૈકરે આ યુદ્ધમાં મરાયો અને કંપનીના બચી ગયેલા સૈનિકો જીવ બચાવીને નાસી ગયા. આ પરાજયથી કંપનીની પ્રતિષ્ઠાને મોટો આંચકો લાગ્યો. ૧૦ જાન્યુઆરી, ૧૯૯૭ના દિવસે વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીએ રાણી ચેનમ્માની યાદમાં કિતુરમાં બનેલા મહિલા વિદ્યાલયનો શિલાન્યાસ કર્યો હતો. આ દિવસે ચેનમ્માની સ્મૃતિમાં એક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

**બીના દાસ :** ક્રાંતિકારી સ્વતંત્રતા સેનાનીઓની પ્રથમ હરોળમાં બીના દાસનું નામ પણ લેવાય છે. બીના દાસનો જન્મ ૨૮ ઓગસ્ટ, ૧૯૧૧ના દિવસે કૃષ્ણનગરમાં થયો હતો. ઈ.સ. ૧૯૨૮માં 'સાયમન કમિશન' ના વિરોધમાં તેમણે કેટલીક છોકરીઓ સાથે રાખીને પોતાની કૉલેજના દરવાજા પાસે ધરણાં કર્યાં. ૬ ફેબ્રુઆરી, ૧૯૩૨ના દિવસે બીનાને બી.એસ.ની ડિગ્રી મળવાની હતી, તે સમારંભમાં ગવર્નર સ્ટેલન જૅક્સન દીક્ષાંત પ્રવચન આપી રહ્યા હતા ત્યારે બીના ધીમેથી પોતાની બેઠક પરથી ઊઠી અને પછી ઝડપથી મુખ્ય મહેમાનની સામે જઈને તેણે ગોળી ચલાવી. નિશાન ચૂકી જવાથી તે બચી ગયા. પકડાઈ ગઈ ત્યાં સુધી બીના ગોળીઓ ચલાવતી રહી. છેલ્લી ગોળી પૂરી થઈ અને બીનાની ધરપકડ કરાઈ. બીનાને ૯ વર્ષ સખત કેદની સજા કરવામાં આવી. બીનાએ ત્રણ પાનાના પોતાનાં લેખિત નિવેદનમાં જણાવ્યું હતું કે, "માતૃભૂમિ પ્રત્યેના મારા પ્રેમથી પ્રેરાઈને મેં ગોળીઓ છોડી હતી. વિદેશી સરકારના અત્યાચારોથી કણસતા ભારતમાં જીવવા જેવું શું છે ? બીના દાસ ઈ.સ. ૧૯૪૬-૫૧ દરમ્યાન પ્રાંતિય વિધાનસભામાં સભ્ય રહ્યાં હતાં."

**સાવિત્રી દેવી :** સાવિત્રી દેવીને બધા ક્રાંતિકારીઓ માનથી માસીમા કહેતા હતા. તેમણે ક્રાંતિકારીઓને હંમેશા સમર્થન આપ્યું હતું. એમનું ઘર ક્રાંતિકારીઓનો આશરો હતું. ૧૨ જૂન, ૧૯૩૨ના રોજ તેમના ઘેર આવેલા મહેમાન ભોજન માટે ટેબલ પર બેસવાની તૈયારી કરતા હતા. ત્યારે જ પોલીસે તેમના ઘરને ઘેરી લીધું. નિર્મલ સેન પોલીસની ગોળીથી શહીદ થયા, સૂર્ય સેન અને પ્રીતિલતા અંધારામાં પાછલા દરવાજેથી નીકળી ગયા. કેટલાક પોલીસોએ વિધવા સાવિત્રી દેવી અને તેમના બીમાર પુત્ર ઉપર વેર વાળ્યું. મા અને બેટાને ચાર - ચાર વર્ષની સખત કેદની સજા કરવામાં આવી. ચટગાંવ શસ્ત્રાગાર કાંડની સુવર્ણ જયંતિ પ્રસંગે રામકૃષ્ણના બલિદાનને યાદ કરવામાં આવ્યું, પરંતુ બિચારી બહાદુર માને બધા ભૂલી ગયા.

**સુચેતા કૃપલાની :** શ્રીમતી સુચેતા કૃપલાનીનો જન્મ ૧૯૦૪માં થયો હતો. તેમના પિતા સિમલામાં સિવિલ સર્જન હતા. ૧૯૨૪માં ગાંધીજી જ્યારે ઉપવાસ પર બેઠા હતા ત્યારે તેઓ તેમના સંપર્કમાં આવ્યાં. ૧૯૩૪માં તેમણે બિહારના ભૂકંપ વખતે પ્રશંસનીય સેવા કરી હતી. ગાંધીજી દ્વારા સંચાલિત દરેક આંદોલનમાં તેમણે સક્રિય ભાગ ભજવ્યો અને અનેક વખત જેલની સજા ભોગવી હતી. આચાર્ય કૃપલાનીનાં પત્ની અને સ્વતંત્રતા સંગ્રામમાં અગ્રણી મહિલા નેતા હોવાને કારણે પણ તેમણે વિશેષ સન્માન મેળવ્યું હતું.

તેઓ ૧૯૫૭ અને ૧૯૬૨માં ઉત્તર-પ્રદેશ વિધાનસભામાં સન્માનનીય સભ્ય બન્યાં. તેઓ ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી પણ થયાં હતાં. ૧૯૬૭માં તેઓ સંસદસભ્ય તરીકે પણ ચૂંટાયાં. ૧૯૭૧માં શરણાર્થીઓની તેમણે સેવા કરી હતી. તેમના દ્વારા દિલ્હીમાં સ્થપાયેલી લોક કલ્યાણ સમિતિ સમાજના નબળા અને ગરીબ વર્ગોની પ્રશંસનીય સેવા કરી રહી છે. મહિલાઓના કલ્યાણ માટે પણ તેમણે સદા યાદ રહે તેવાં કાર્યો કર્યાં હતાં. ૧૯૭૪માં તેમનું અવસાન થયું.

**અમલપ્રભા દાસ :** અમલપ્રભા દાસનો જન્મ ૧૨ નવેમ્બર, ૧૯૧૧ના રોજ આસામના દિબ્રુગઢમાં થયો હતો. ઈન્ટરમિડિયેટની પરીક્ષા પાસ કરીને ૧૯૨૯માં તેમણે કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો. ૧૯૩૦માં દેશભરમાં ચાલી રહેલાં આંદોલનોનો પ્રભાવ કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલય ઉપર પણ પડ્યો. વિશ્વ વિદ્યાલય પણ થોડા સમય માટે બંધ રહ્યું. તે દરમ્યાન અમલપ્રભા પણ ગૌહાતી પરત આવ્યાં અને કોંગ્રેસમાં કામ કરવા લાગ્યાં. ઈ.સ. ૧૯૩૪માં ગાંધીજી હરિજન કાર્ય માટે આસામ આવ્યાં અને ડૉ. હરેકૃષ્ણ દાસના મહેમાન બન્યાં. અમલપ્રભા તેમનાં પુત્રી હોવાને કારણે ગાંધીજીના સંપર્કમાં આવ્યા. ૧૯૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ તેમને ૬ માસની સજા થઈ. ૧૯૪૨ માં તેમને ૧ વર્ષની સજા થઈ અને તે પૂરી થયા બાદ તેમને નજરકેદ કરવામાં આવ્યાં.

ઈ.સ. ૧૯૪૨ માં અમલપ્રભાએ સેવાગ્રામ જઈને ખાદીની વિશેષ તાલીમ લીધી અને આસામમાં જઈને તેના પ્રચારમાં લાગી ગયાં. ૧૯૪૬માં ગાંધીજી ફરીથી આસામમાં આવ્યા અને ગૌહાતીમાં ડો. હરેકૃષ્ણ

દાસે સ્થાપેલા સરનિયા આશ્રમમાં રહ્યા. અમલપ્રભા તે આશ્રમનું સંચાલન કરતાં હતાં. વિનોબાજીના ભૂદાન આંદોલન માટે પણ અમલપ્રભા દાસે આસામમાં સક્રિય કાર્ય કર્યું હતું. કસ્તૂરબા ટ્રસ્ટ સાથે પણ તેઓ સંકળાયેલાં હતાં. ૧૯૮૦માં તેમને જમનાલાલ બજાજ પુરસ્કારથી સન્માનવામાં આવ્યાં હતાં. ભારત સરકારે પણ પદ્મશ્રીનો ખિતાબ તેમને આપવાનું નક્કી કર્યું પણ તેનો સ્વીકાર કર્યો નહીં.

**કમલા નહેરુ :** કમલા નહેરુનો જન્મ ૧ ઓગસ્ટ, ૧૮૯૯માં થયો હતો. એમના પિતા જવાહરલાલ કૌલનો દિલ્હીમાં કાપડનો વેપાર હતો. દાદા કિશનલાલ અટલ જયપુર, જોધપુર અને રૈવાની રિયાસતોમાં દીવાનપદે રહી ચૂક્યા હતા. ૧૯૧૬ના ફેબ્રુઆરી મહિનામાં એમનાં લગ્ન પંડિત મોતીલાલ નહેરુના પુત્ર જવાહરલાલ સાથે દિલ્હીમાં થયાં હતાં. પતિ જવાહરલાલ અને સસરા મોતીલાલને અનુસરતાં એમણે પણ પોતાનાં સાસુ સ્વરૂપ રાણી સાથે રાષ્ટ્રીય ગતિવિધિઓમાં ભાગ લેવા માંડ્યો. આ કારણે એમને જેલમાં પણ જવું પડ્યું હતું. ૧૯૨૧ થી ૧૯૩૧ સુધીમાં એમણે 'દેશ સેવિકા સંઘ' ની પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લીધો હતો. ૨૮ ફેબ્રુઆરી, ૧૯૩૬માં એમનું મૃત્યુ થયું.

**વિજયાલક્ષ્મી પંડિત :** શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતનો જન્મ ૬ ઓગસ્ટ, ૧૯૦૦માં અલ્હાબાદમાં થયો હતો. તેઓ પંડિત મોતીલાલ નહેરુનાં પુત્રી અને પંડિત જવાહરલાલ નહેરુનાં બહેન હતાં. ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં એમણે સક્રિય ભાગ લીધો હતો.

સને ૧૯૨૧માં એમનાં લગ્ન રણજીત સીતારામ પંડિત સાથે થયાં હતાં. એમને સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેવાના કારણે ઘણી વખત જેલની સજા થઈ હતી. ૧૯૩૭માં તેઓ ઉત્તર પ્રદેશના પંત મંત્રીમંડળના એક સભ્ય હતાં. ૧૯૩૫-૩૬માં અલ્હાબાદ મ્યુનિસિપલ બૉર્ડના અધ્યક્ષ રહ્યાં. તેઓ સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં ૧૯૪૬, ૧૯૪૭, ૧૯૫૦ તથા ૧૯૬૩માં ભારતના પ્રતિનિધિ રહ્યાં. ૧૯૫૩-૫૪માં સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભામાં અધ્યક્ષપદને પણ તેમણે શોભાવ્યું હતું.

એમણે 'ધ ઈવોલ્યુશન ઓફ ઈન્ડિયા' (૧૯૫૮) 'સો આઈ બિકેમ ધ મિનિસ્ટર (૧૯૩૯)', 'પ્રિઝન ડેઈઝ' (૧૯૪૬), 'ધ રોલ ઓફ વિમેન ઈન મૉર્ડન વર્લ્ડ' નામનાં પુસ્તકો પણ લખ્યાં હતાં.

**ઈન્દિરા ગાંધી :** ઈન્દિરા ગાંધીનો જન્મ ૧૯ નવેમ્બર, ૧૯૧૭ના રોજ અલ્હાબાદમાં થયો હતો. દેશપ્રેમની ભાવના તેમના દાદા અને પિતા પાસેથી તેને વારસામાં મળી હતી. તેઓ ૧૯૩૮માં કોંગ્રેસના સભ્ય બન્યાં. ૧૯૪૨માં ભારત છોડો આંદોલનામાં ભાગ લેવા બદલ તેમના પતિ શ્રી ફિરોઝ ગાંધીની સાથે તેમની પણ ધરપકડ કરાઈ. ૧૯૫૫માં કોંગ્રેસ વર્કીંગ કમિટીના સભ્ય તરીકે તેઓ ચૂંટાયાં. ૧૯૬૬માં સર્વાનુમતે તેઓ ભારતનાં વડાપ્રધાન બન્યાં. આ હોદ્દા પર તેમની પસંદગી માત્ર ભારતની મહિલાઓ માટે જ નહીં, પરંતુ આખા વિશ્વના મહિલાઓ માટે ગૌરવની વાત હતી.

૩૧ ઓક્ટોબર, ૧૯૮૪ના રોજ દેશની અખંડિતતા માટેનું તેમનું બલિદાન ભારત માટે જ નહીં, પરંતુ આખા વિશ્વ માટે ન પૂરી શકાય તેવી ખોટ હતી.

**હંસા મહેતા :** હંસા મહેતાનો જન્મ ૩ જુલાઈ, ૧૮૯૭માં સુરતમાં થયો હતો. એમના પિતા સર મનુભાઈ મહેતા વડોદરા અને બીકાનેર પ્રાંતમાં દીવાન રહ્યા હતા. હંસા મહેતાએ ૧૯૧૮માં વડોદરા કૉલેજથી બી.એ.ની ડિગ્રી મેળવી. ૧૯૧૯માં તભગ્લેન્ડ તરફ ગયાં. અહીં એમની મુલાકાત રાજકુમારી અમૃતકૌર તથા શ્રીમતી સરોજિની નાયડુ સાથે થઈ. હંસા મહેતાએ સાયમન કમિશનનો વિરોધ કરવા માટે મહિલાઓને સંગઠિત કરવાની શરૂઆત કરી અને પછી પૂર્ણ રીતે રાષ્ટ્રીય આંદોલનમાં કૂદી પડ્યાં. ૧૯૩૦ તથા ૧૯૩૨માં જેલયાત્રા કરી. ૧૯૩૧માં મુંબઈ લેજિસ્લેટીવ કાઉન્સિલના સભ્ય તરીકે નિયુક્ત થયાં.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી એમણે રાષ્ટ્રના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું. વડોદરા વિશ્વ વિદ્યાલયની સ્થાપનામાં એમનું યોગદાન ચિરસ્મરણીય રહેશે. તેઓ ૧૯૪૯ થી ૧૯૫૮ સુધી આ વિશ્વ વિદ્યાલયના

કુલપતિ પણ રહ્યાં હતાં.

**સરલાબહેન :** સરલાબહેનનો જન્મ ૫ એપ્રિલ, ૧૯૦૦માં તભગ્લેન્ડમાં થયો હતો. એમનાં માતા પિતા શાંતિપ્રિય અને યુદ્ધવિરોધી વિચારોવાળાં હતાં. સરલાબહેન પર પણ એમના માતા-પિતાના વિચારોનો પ્રભાવ પડ્યો.

૧૯૩૨માં તે ભારત આવ્યાં. સેવાગ્રામ આશ્રમમાં એમણે થોડો સમય સુધી નઈ તાલીમના પ્રયોગોનો અભ્યાસ કર્યો એમણે ઉત્તરાખંડમાં અલમોડાની આજુ બાજુના પ્રદેશને પોતાના સેવાકાર્ય માટે પસંદ કર્યો. ૧૯૪૨માં ઓગસ્ટ આંદોલનના દિવસોમાં એમને 'એક ખતરનાક વ્યક્તિ' ઘોષિત કરીને કારાવાસમાં મોકલી દેવામાં આવ્યાં હતાં. ૧૯૪૬માં સરલાબહેને કૌસાનીમાં 'કસ્તૂરબા ઉત્થાન મંડળ' ની સ્થાપના કરી. આ સંસ્થાએ મહિલા જાગૃતિ, મહિલા તથા બાળ શિક્ષણના ક્ષેત્રમાં પ્રશંસનીય કામ કર્યું. ખાદી ગ્રામોદ્યોગોના ક્ષેત્રમાં પણ આ સંસ્થાએ સારું કામ કર્યું હતું.

**બીબી અમતુસ્સલામ :** બીબી અમતુસ્સલામનો જન્મ પતિયાળાના એક મુસ્લિમ પરિવારમાં થયો હતો. ૧૯૩૦-૩૧ માં તેઓ ગાંધીજીના પરિચયમાં આવ્યાં. બીબી અમતુસ્સલામે તરત જ ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું. તેઓ ભારતની ઘણી ભાષાઓ જાણતાં હતાં. બીબીજી તેમના કામમાં કોઈની દખલ પસંદ કરતાં નહીં. ગાંધીજીએ એક પત્રમાં બીબીને લખ્યું હતું. 'ઘણા લોકો તારી બહુ જ ફરિયાદ કરે છે અને કહે છે તને બહુ જ ક્રોધ આવે છે. પણ મને ખબર છે કે તું જે પણ કામ હાથ પર લે છે તે દિલ લગાવીને પૂરું કરવાનો પ્રયત્ન કરે છે. એટલે તને તારાં કામમાં બીજાની દખલ પસંદ નથી.'

બીબી અમતુસ્સલામે ભારતના ભાગલા સમયે હિંદુ-મુસ્લિમ એકતા માટે પ્રશંસનીય કામગીરી કરી હતી. તેમણે શરણાર્થીઓને વસાવવા માટે ઘણું જ કામ કર્યું. નોઆખલી અને અલીગઢના સાંપ્રદાયિક ઝઘડાઓ બંધ કરવા તેમણે રાત-દિવસ એક કર્યાં હતાં. રાજપુરાના કસ્તૂરબા સેવા મંદિરે તેમની સ્મૃતિ કાયમ રાખી છે. આ સંસ્થા વર્ષોથી મહિલા શિક્ષણ અને ખાદી ગ્રામોદ્યોગ વગેરે માટે કામ કરે છે.

**લેડી અબ્દુલ કાદર :** લાહોરના પ્રસિદ્ધ બેરિસ્ટર શેખ મહમ્મદ ઉંમરની પુત્રી લગ્ન બાદ લેડી અબ્દુલ કાદરના નામથી વિખ્યાત થયાં. રાષ્ટ્રીય ભાવનાથી ઓતપ્રોત આ મુસ્લિમ મહિલાએ શિક્ષણ ક્ષેત્રે પ્રશંસનીય કાર્ય કર્યું હતું. તેમણે મહિલા જાગૃતિનાં કામોમાં વિશેષ રસ દાખવ્યો હતો. પર્દાનશીન મુસ્લિમ મહિલાઓને ઘરની ચાર દીવાલોમાંથી બહાર કાઢી સમાજસેવાના કામમાં લગાડવાનું તેમને ખૂબ પ્રિય હતું. તેમના પતિ અબ્દુલ કાદર પંજાબ હાઈકોર્ટમાં (૧૯૩૦-૩૪) જજ હતા.

**કુમારી રેહાના તૈયબજી :** રેહાના તૈયબજીના પિતા અબ્બાસ તૈયબજી ગાંધીજીના પરમ મિત્રોમાંના એક હતા. એટલે સ્વાભાવિક રીતે જ બાળપણમાં જ તેઓ ગાંધીજીના પરિચયમાં આવ્યાં. શરૂઆતમાં તે સાબરમતી આશ્રમમાં અને પછી સેવાગ્રામ આશ્રમમાં રહ્યાં. અત્યંત ધાર્મિક વૃત્તિને કારણે તેમને કુરાન, ગીતા અને રામાયણના પાઠ કરવા બહુ જ ગમતા. ગાંધીજીની પ્રાર્થના પછી પોતાના મધુર સ્વરમાં કોઈ ભજન ગાવું એ તેમની દિનચર્યાનો એક ભાગ હતો.

હિન્દુ-મુસ્લિમ એકતા તેમનો પ્રિય વિષય હતો અને તે તેમનો આદર્શ પણ, ગાંધીજીએ તેમની દૈનિક પ્રાર્થનામાં કુરાનની આયાતોનો પણ સમાવેશ કર્યો હતો. આ માટે રેહાનાબહેને જ સલાહ આપી હતી. પોતાના જીવનના અંતિમ દિવસોમાં તેઓ કાકાસાહેબ કાલેલકરની પાસે દિલ્હીમાં હતાં. ૧૭ મે, ૧૯૭૫માં તેમનું અવસાન થયું.

**અરુણા અસફઅલી :** ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં જે અગ્રણી મહિલાઓનાં નામ રાષ્ટ્રભરમાં ચમક્યાં તેમાં શ્રીમતી અરુણા અસફઅલીનું નામ મોખરે હતું. તેમનો જન્મ ૧૯૦૧માં એક બંગાળી પરિવારમાં થયો હતો. તેમણે નૈનિતાલ તથા લાહોરમાં શિક્ષણ મેળવ્યું. ૧૯૨૮માં પ્રસિદ્ધ વકીલ અને દેશભક્ત શ્રી એમ.

અસફઅલી સાથે તેમનાં લગ્ન થયાં. મુસલમાન સાથેના લગ્નને કારણે તેમને સમાજનો વિરોધ સહન કરવો પડ્યો હતો. ૧૯૩૦ના મીઠા સત્યાગ્રહ વખતે તેમણે અનેક સરઘસ અને પ્રદર્શનોનું નેતૃત્વ પણ કર્યું. એ દરમિયાન તેમને એક વર્ષની જેલની સજા થઈ. ગાંધી ઈરવીન કરાર બાદ બધા રાજકીય કેદીઓને મુક્ત કરાયા પણ અરુણાજી મુક્ત ન થયાં. ગાંધીજીના હસ્તક્ષેપ પછી જ તેમને છોડવામાં આવ્યાં. શ્રીમતી અસફઅલી દિલ્હી પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ તથા દિલ્હીના મેયર પણ રહી ચૂક્યાં હતાં. અનેક દેશી-વિદેશી સંસ્થાઓના સભ્ય, 'પેટિયટ' તથા 'લીક' જેવા મહત્ત્વપૂર્ણ અખબારોની સ્થાપનામાં અરુણાજીનું મહત્ત્વનું પ્રદાન હતું.

**કમલાદેવી ચટ્ટોપાધ્યાય :** કમલાદેવીનો જન્મ દક્ષિણી કર્ણાટકમાં ૧૯૦૩માં થયો હતો. એમણે પ્રાથમિક શિક્ષણ મેંગલોરમાં લીધું હતું. ત્યાર પછી ઇંગ્લેન્ડ જઈને બેડફોર્ડ કૉલેજ તથા લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં અભ્યાસ કર્યો હતો. ભારત આવીને એમણે ૧૯૨૯ થી ૧૯૪૪ સુધી સક્રિય રહીને ભારતની સ્વતંત્રતા માટે કામ કર્યું. સ્વાતંત્ર્ય સંગ્રામમાં એમને અનેક વખત કારાવાસની સજા પણ કરવામાં આવી હતી. તેઓ અખિલ ભારતીય કોંગ્રેસની કાર્યકારિણી સમિતિના પણ ઘણાં વર્ષો સુધી સભ્ય રહ્યાં. મહિલાઓના અધિકારો માટે પણ તેમણે સક્રિય કામગીરી કરી હતી. એમને સંગીત તથા નાટકોમાં વિશેષ રુચિ હતી. એમના પતિ હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય સાથે મળીને એમણે જન અભિરુચિનાં નાટકો ભજવ્યાં હતાં.

ખાદી ગ્રામોદ્યોગ તેમજ કુટિર ઉદ્યોગના ક્ષેત્ર પણ એમનું યોગદાન રહ્યું. તેઓ અખિલ ભારતીય હેન્ડીક્રાફ્ટ્સ બૉર્ડના અધ્યક્ષપદે રહ્યાં હતાં. એમને ૧૯૬૨માં બાતુમલ પુરસ્કાર તેમજ ૧૯૬૬માં મૅગ્સેસે ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

**ડો. સુશીલાબેન નાયર :** ગાંધીજીના સચિવશ્રી પ્યારેલાલજીની બહેન ડો. સુશીલાબેન નાયરનો જન્મ ૧૯૦૪માં થયો હતો. મોટાભાઈ ગાંધીજીની પાસે સેવા માટે પહોંચી ગયા. કાળક્રમે સુશીલાજી પણ ગાંધીજીની પાસે પહોંચી ગયા. ૧૯૩૯માં તેમણે એમ.બી.બી.એસ.ની પરીક્ષા પાસ કરી. ગાંધીજીની પાસે રહીને આશ્રમના લોકોની સેવા કરવી તેમનું કાર્યક્ષેત્ર બની ગયું. ડો. સુશીલા નાયર ગાંધીજીની પાસે આગા ખાં મહેલમાં તેમની નજરબન્દીના સમયે રહ્યાં હતાં. પંડિત જવાહરલાલ નહેરુના મંત્રી મંડળમાં તેઓ સ્વાસ્થ્ય મંત્રી પણ રહ્યાં હતાં.

**ઉષા મહેતા :** ઉષા મહેતાનો જન્મ ૨૦ માર્ચ, ૧૯૨૦ના રોજ સતારામાં થયો હતો. વિલસન કૉલેજ મુંબઈથી બી.એ. કર્યા બાદ મુંબઈ વિશ્વ વિદ્યાલયમાંથી ૧૯૪૧માં એલ.એલ.બી. કર્યું. પછી ૧૯૪૨માં એમ.એ. માં પ્રવેશ મેળવ્યો. ત્યાં જ 'ભારત છોડો' આંદોલન શરૂ થયું અને ઉષાએ કૉલેજ છોડી આંદોલનમાં ઝૂકાવી દીધુ. તેમના પિતા ન્યાયાધીશ હતા. તેમણે તથા પરિવારના અન્ય લોકોએ તેમને સમજાવ્યા પણ ઉષાએ દેશભક્તિ સર્વોપરિતાની તથા આંદોલનના કામને અગ્રતા આપી. ઉષા મહેતાએ કેટલાક સાથીઓના સાથથી ભૂગર્ભ રેડિયો સ્ટેશન સ્થાપ્યું હતું. આ રેડિયો સ્ટેશન સતત 'અંગ્રેજો ભારત છોડો' ના નારા લગાવતું રહેતું તથા પ્રજાને રાષ્ટ્રીય આંદોલનના તાજા સમાચાર આપતું રહેતું હતું. આ એ જ રેડિયો સ્ટેશન હતું જેણે પ્રજાને સૌથી પહેલાં જમશેદપુરની હડતાળ, ચિમૂર અને આષ્ઠી ગામમાં મહિલાઓ પર થયેલા અત્યાચારની સાચી વાત સંભળાવી હતી.

સરકાર આ રેડિયો સ્ટેશનની જગ્યા શોધતી હતી અને એક દિવસે અંતે તેને સફળતા મળી ગઈ. ઉષાબહેન અને તેમના સાથી બાબુભાઈ પ્રસાદ પકડાઈ ગયા. ઉષા મહેતાને 'લોકઅપ' માં અનેક પ્રકારની યાતનાઓ આપવામાં આવી. પણ નિડરતાથી તેઓ દટી રહ્યાં. તેમને ચાર વર્ષની કેદની સજા થઈ. જેલમાંથી છૂટ્યા પછી તેમણે અભ્યાસ ચાલુ કર્યો અને મુંબઈ વિશ્વ વિદ્યાલયમાંથી ડોક્ટરેટની ડિગ્રી પ્રાપ્ત કરી કૉલેજના આચાર્યા બની ગયા. ત્યારપછી ડો. ઉષા મહેતા સામાજિક કાર્યમાં વ્યસ્ત રહેલા.

**સુભદ્રાકુમારી ચૌહાણ :** સુભદ્રાકુમારી ચૌહાણે "ખૂબ લડી મરદાની વહ તો ઝાંસીવાલી રાની થી" એવા વીરોચિત ગીત જ નથી લખ્યાં, પરંતુ સ્વતંત્રતા સંગ્રામમાં સક્રિય ભાગ પણ લીધો હતો. એમનો જન્મ ૧૯૦૫માં પ્રયાગમાં થયો હતો.

'ઝંડા સત્યાગ્રહ' માં પંડિત સુંદરલાલ અને મહાત્મા ભગવાનદીપ જેવા સંગઠનકારીઓની સાથે કામ કરતાં એમણે પાંચ હજાર સ્વયંસેવકો તથા પાંચ હજાર રૂપિયાનું ભંડોળ એકત્ર કરવાની જવાબદારી પણ સંભાળી હતી. ૧૯૩૬ની ચૂંટણીમાં આરક્ષિત મહિલા બેઠક માટે એમનું નામાંકન થયું. નેતાજી સુભાષચંદ્ર બોઝ પણ એમના વીરોચિત કાવ્યોના પ્રશંસક હતા. સુભદ્રાકુમારી ચૌહાણનું સમગ્ર જીવન સંઘર્ષમય રહ્યું. એમના પતિ શ્રી લક્ષ્મણસિંહ પણ સ્વાતંત્ર્યસેનાની હતા, આ કારણે આર્થિક સંકટોને સહેવા છતાં પણ સંઘર્ષ કરવાનું એમણે છોડ્યું નહોતું. સુભદ્રાકુમારી જેલમાં પણ મહિલા કેદીઓના અધિકારો માટે સંઘર્ષશીલ રહ્યાં હતાં. ૧૫ ફેબ્રુઆરી, ૧૯૪૮માં એક મોટર અકસ્માતમાં એમનું મૃત્યુ થયું હતું.

**મનુબહેન ગાંધી :** મનુ જ્યારે સેવાગ્રામ આશ્રમમાં આવી ત્યારે ૧૩ વર્ષની છોકરી હતી, તેણે ૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલનમાં ભાગ લીધો હતો. તેને ૧ વર્ષ માટે જેલમાં રાખવામાં આવી હતી. છોકરી બહાદુર અને બુદ્ધિશાળી તો હતી જ પરંતુ જેલના અનુભવ પછી એથીય હોંશિયાર થઈ ગઈ.

મનુએ ગાંધીજી પાસેથી જ મેળવ્યું તે તેણે સમાજને વ્યાજ સહિત ચૂકવ્યું હતું. બાપુ સાથેના સંબંધમાં લખેલી મનુની ડાયરીઓ આનું જ્વલંત ઉદાહરણ છે. નવજીવન ટ્રસ્ટને આ ડાયરીઓ 'બા ઓર બાપુ કી શીતલ છાયા મેં', 'કલકત્તે કા ચમત્કાર', 'અકેલે ચલો રે', 'બિહાર કી કૌમી આગ મેં', દિલ્હીમાં ગાંધી : ભાગ ૧-૨ ગુજરાતી અને હિન્દીમાં પ્રકાશિત છે.

**સુભદ્રાબેન જોશી :** આઝાદીની ચળવળમાં જ્યારે સ્કુલ કૉલેજના વિદ્યાર્થીઓ મેદાનમાં આવી ગયા હતા, ત્યારે લાહોરની એક શાળાની અગિયાર વર્ષની વિદ્યાર્થિનીએ બ્રિટિશ રાષ્ટ્રધ્વજ સામે મસ્તક નમાવવાનો ઈન્કાર કરી દીધો. બ્રિટિશ ધ્વજનું સમ્માન ન કરવાના ગુના બદલ પ્રિન્સિપાલે તેને શાળામાંથી કાઢી મૂકી. આ વિદ્યાર્થિની હતી સુભદ્રા જોશી. સુભદ્રા જોશીનો જન્મ ૨૩ માર્ચ, ૧૯૧૯ના થયો હતો. એમ.એ. થયા પછી તે ૧૯૪૨ના આંદોલનમાં કૂદી પડી. ધરપકડ ન થાય તેવું કરી લાહોરથી તે દિલ્હી આવી ગઈ અને ભૂગર્ભમાં જતી રહી. ભૂગર્ભમાંથી તેણે પ્રજાને આઝાદીનો સંદેશો આપતું 'હમારા સંગ્રામ' નામનું સામયિક કાઢ્યું. પોલીસ તેની શોધ કરતી રહી પણ જોખમની વચ્ચે પણ તે પત્ર કાઢતી રહી. ઈ.સ. ૧૯૪૪માં જાહેરમાં આવીને તેણે આંદોલનની આગેવાની લીધી ત્યારે પોલિસ તેને પકડી શકી. સ્ત્રી અધિકાર માટે લડાઈ, બેંક રાષ્ટ્રિયકરણ સહિત અનેક ક્ષેત્રોમાં તેણે કામ કર્યું. 'સેક્યુલર ડેમોક્રેસી'ની સંપાદિકાના રૂપમાં પણ સુભદ્રા જોશીએ તેની લડાયક પ્રવૃત્તિનો પરિચય કરાવ્યો.

**મૃદુલાબેન સારાભાઈ :** ગાંધીજીના પ્રશંસક અને અમદાવાદના ઉદ્યોગપતિ શ્રી અંબાલાલ સારાભાઈની પુત્રી મૃદુલા સારાભાઈએ રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ લીધો હતો. તેમનો જન્મ ૧૯૦૯માં અમદાવાદમાં થયો હતો.

તેમણે ૧૯૨૮-૨૯માં અમદાવાદની યુવા પ્રવૃત્તિમાં ભાગ લેવાની શરૂઆત કરી હતી. ૧૯૩૦માં વિદેશી કપડાં તથા શરાબ (દારૂ) ની દુકાનો બંધ કરવા માટે નેતૃત્વ કર્યું. ૧૯૩૭માં રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. તેમને ઘણી વખત કારાવાસની સજા કરવામાં આવી, પણ તેમણે દેશસેવાના કામો જીવનની છેલ્લી ઘડી સુધી છોડ્યાં નહોતાં. ૧૯૪૨માં ભારત છોડો આંદોલનમાં પણ સક્રિય ભાગ લીધો હતો. ૧૯૪૬માં મેરઠમાં, ૧૯૪૬-૪૭માં પંજાબમાં અને બિહારમાં તોફાનોના સમયે રાહત પહોંચાડવાની અને શાંતિ સ્થાપવા માટે પ્રશંસનીય કામગીરી કરી હતી. ૧૭ ઑક્ટોબર, ૧૯૭૪માં તેમનું મૃત્યુ થયું.

**પ્રભાવતીબેન જયપ્રકાશ :** પ્રભાવતી દેવીનો જન્મ ૧૯૦૬માં થયો હતો. તેમના પિતા લાલુબ્રિજકિશોર

બિહારના જાણીતા નેતા હતા. તેમણે ગાંધીજીની સાથે રહીને ચંપારણ સત્યાગ્રહના સમય વખતે પ્રશંસનીય કામો કર્યાં હતાં. રાષ્ટ્ર સેવાની ભાવના પ્રભાવતીને પોતાના પિતા પાસેથી વારસાના રૂપમાં મળી હતી.

૧૯૨૦માં તેમનાં લગ્ન જયપ્રકાશ નારાયણની સાથે થયાં, પ્રભાવતીજી ગાંધીજીના આશ્રમમાં ઘણા વર્ષો સુધી રહ્યાં. બા અને બાપુ બન્ને તેમને પોતાની પુત્રી માનતાં હતાં. પ્રભાવતીજીને ગાંધીજીના રચનાત્મક કામમાં વિશેષ રસ હતો. આશ્રમ છોડ્યા પછી તેમણે બિહારમાં ખાદી ગ્રામોદ્યોગોના પ્રસાર માટે કામ કર્યું. પોતાના પતિ જયપ્રકાશનારાયણની નાદુરસ્ત તબિયત વખતે પણ તેમના સેવાકાર્યમાં કોઈ પ્રકારની ઉણપ આવવા નહોતી દીધી. ગરીબ લોકો માટે કામ કરતાં કરતાં જ એપ્રિલ, ૧૯૭૩માં તેમનું મૃત્યુ થયું.

**સત્યવતી દેવી :** આર્ય સમાજી વિચારો ધરાવતા પિતા લાલા ધનીરામ અને માતા વેદકુમારીને ત્યાં ૨૬ જાન્યુ. ૧૯૦૬ના દિવસે સત્યવતી દેવીનો જન્મ થયો. તેમના નાના સ્વામી શ્રદ્ધાનંદ આર્યસમાજ તથા કોંગ્રેસના મોટા નેતા હતા. આ વાતાવરણને કારણે રાષ્ટ્રભક્તિના રંગથી સત્યવતી દેવી રંગાયાં હતાં. તેઓ સામ્યવાદી વિચારધારાથી પણ પ્રભાવિત હતા. તેમને ઈશ્વરના અસ્તિત્વ વિષે પણ શંકા હતી. ગાંધીજી તેમને 'તોફાની બહેન' કહેતા. તેમના હૃદયમાં પ્રતિ ક્ષણ આઝાદીની મશાલ પ્રજ્જવલિત રહેતી. સ્વાતંત્ર્ય સંગ્રામમાં સતત વ્યસ્ત રહેવાને કારણે તેમને ક્ષય રોગ લાગુ પડી ગયો હતો. મૃત્યુશૈયા પર પડેલા સત્યવતી દેવીને ગાંધીજીએ રામનું નામ લેવાની સલાહ આપી તો પણ તેણે સ્પષ્ટ ઈનકાર કર્યો. તેમને સમાજવાદમાં દૃઢ આસ્થા હતી અને ગ્રામોદ્યોગની હંમેશા તરફેણ કરતાં. લાહોર જેલવાસ દરમિયાન તેઓ ગંભીર રીતે બીમાર પડ્યાં એટલે તેમને છોડી મુકાયાં. દિલ્હી હૉસ્પિટલમાં તેમણે ઑક્ટોબર, ૧૯૪૫માં દેહ ત્યાગ કર્યો.

**દુર્ગાબાઈ દેશમુખ :** શ્રીમતી દુર્ગાબાઈ દેશમુખનો જન્મ ૧૯૦૯માં આંધ્રપ્રદેશમાં થયો હતો. ખૂબ નાની ઉંમરમાં જ તે સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયાં હતાં. નાની ઉંમરે તેમને કાકીનાડમાં મહિલાઓ માટે હિંદી પાઠશાળાની સ્થાપના કરી હતી. ફ્રોક પહેરેલી એક નાની શિક્ષિકાને મોટી ઉંમરની વૃદ્ધ સ્ત્રીઓને હિંદી શીખવાડતી જયારે પહેલી વખત જમનાલાલ બજાજે જોઈ હતી ત્યારે તેઓ આશ્ચર્યચકિત બન્યા હતા. ગાંધીજીએ કસ્તૂરબા અને સી.એફ.એન્ડ્રુઝ સાથે જયારે દુર્ગાબાઈની હિંદી પાઠશાળાનું પહેલી વખત નિરીક્ષણ કર્યું હતું, ત્યારે એમની ઉંમર ફક્ત ૧૨ વર્ષની હતી. તેમની અદ્દ્ભુત સંગઠન શક્તિ તથા વક્તૃત્વ કળા જોઈને લોકો આશ્ચર્ય પામતા હતા.

મીઠા સત્યાગ્રહ વખતે ૧૯૩૦-૩૩ દરમ્યાનમાં તેઓ ત્રણ વખત જેલમાં ગયેલાં, જ્યાં એમને અસહ્ય યાતનાઓ આપવામાં આવી હતી. ધોમ તડકામાં ઊભા રાખવા, ભૂખ્યા રાખવા, દિવસભર મરચાં પીસાવવાં આ બધું સહજ હતું, છતાં જેલમાંથી મુક્તિ મેળવવા એમણે ક્યારેય ક્ષમા માંગી નહોતી. પછાત વર્ગો અને મહિલા તથા બાળકોના કલ્યાણ કાર્યને પ્રાથમિકતા અપાવવા માટે તેમણે પોતાનું સમગ્ર જીવન હોમી દીધું હતું. આંધ્રપ્રદેશનાં ગામોમાં શિક્ષણ પ્રસાર માટે એમને 'નહેરુ સાક્ષરતા પુરસ્કાર' થી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

**દુર્ગા ભાભી :** દુર્ગા દેવીનો જન્મ ઑક્ટોબર, ૧૯૦૭માં અલ્હાબાદના એક જજને ત્યાં થયો હતો. ૧૧ વર્ષની ઉંમરે એમનાં લગ્ન એક ઉચ્ચ સરકારી અધિકારીના પુત્ર ભગવતીચરણ બોહરા સાથે કરવામાં આવ્યા હતાં. ભગવત બાબુ પંજાબના અગ્રણી ક્રાંતિકારીમાંના એક હતા. પતિની પ્રેરણાથી દુર્ગા દેવી પણ ક્રાંતિકારીઓનાં કાર્યોમાં મદદ કરતાં. ૨૮ મે, ૧૯૩૦માં એક બોંબનું પરીક્ષણ કરતી વખતે વિસ્ફોટમાં ભગવતીચરણ બોહરાનું મૃત્યુ થયું. આ સમાચાર સાંભળી દુર્ગા દેવીએ કહ્યું હતું. મારા પતિ ભલે ન રહ્યા પણ દળનું કામ ચાલતું રહેશે. હું ભગતસિંહ તથા બટુકેશ્વર દત્તને છોડાવવાનો પ્રયત્ન કરીશ.

આ લોકોની મુક્તિ માટે દુર્ગાદેવી દિલ્હી આવીને ગાંધીજીને મળ્યાં હતાં. ગાંધીજીએ પણ પ્રયત્ન કર્યો હતો, છતાં ફાંસીની સજા ચાલુ જ રહી. દુર્ગા દેવીને સરદાર ભગતસિંહ, બટુકેશ્વર દત્ત, ચંદ્રશેખર આઝાદ

વગેરે બધા દુર્ગા ભાભી કહેતા હતા, એથી એનાથી જ તેઓ જાણીતાં બન્યાં, દુર્ગા ભાભી ૧૯૩૭માં દિલ્હી પ્રદેશ કૉંગ્રેસ સમિતિના અધ્યક્ષપદે જોડાઈ ગયાં હતાં.

**સુહાસિની ગાંગુલી :** સુહાસિની ગાંગુલી કલકત્તાની બહેરા-મૂંગા બાળકોની શાળામાં અધ્યાપિકા હતાં. ક્રાંતિકારીઓ સાથે પણ એમનો સંપર્ક હતો અને એમને દરેક પ્રકારે મદદ કરતાં હતાં. તેઓ કલકત્તા છોડીને ચંદ્રનગર આવ્યાં.

અહીં ભારતના ક્રાંતિકારીઓને અંગ્રેજ સરકારનો કોઈ પ્રકારનો ભય નહોતો, તે કારણે તેઓ સમય-અસમય સુહાસિની પાસે રોકાતા હતા અને તક મળતાં ભારતની સરહદમાં પ્રવેશી આઝાદીની લડાઈ પણ લડતા હતા. બ્રિટિશ સરકારના જાસૂસોને સુહાસિનીની ગતિવિધિઓ પર સંદેહ હતો, એ કારણે તેઓ ચંદ્રનગરમાં એમના મકાન પર નજર રાખતા હતા.

**મનમોહિની જુત્શી (સહગલ) :** લાડોરાણી જુત્શીની પુત્રી મનમોહિનીએ માતાની પ્રેરણાથી વિદ્યાર્થીકાળથી જ રાજનીતિમાં પ્રવેશ કર્યો હતો. ઈ.સ. ૧૯૨૯ના ઐતિહાસિક કૉંગ્રેસ અધિવેશનમાં શ્રી જવાહરલાલ નહેરુની અધ્યક્ષતામાં પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ થયો ત્યારે મનમોહિનીએ કૉંગ્રેસ સ્વયં સેવી દળનું નેતૃત્વ કર્યું હતું.

ઈ.સ. ૧૯૩૦માં મનમોહિનીએ તેની બહેન અને ૨૦ અન્ય સેવિકાઓની સાથે સિમલા વિધાનસભા હૉલની બહાર વિરોધ પ્રદર્શન અને ધરણાકૉંગ્રેસ કર્યાં. માલરોડ પર નાની બાળાઓનું સરઘસ કાઢ્યું. સિમલામાં આવી ઘટના પહેલી વાર બની. ૧૯૩૦માં જ સરદાર ભગતસિંહ તથા તેમના સાથીઓને ફાંસી દેવાના વિરોધમાં જેલના ફાટક પાસે તેણે ધરણાકૉંગ્રેસ કર્યા અને ૨૪ કલાકની ભૂખ હડતાલ પણ કરી. આઝાદી પછી વિસ્થાપીત તથા અપહ્યત મહિલા બચાવ કાર્યમાં તેમનું યોગદાન રહ્યું.

**જાનકીદેવી બજાજ :** જાનકી દેવીના પિતા ગિરધારીલાલ જાડોદિયા ઇંદોર પાસેના જાવરા નામના ગામમાં વ્યાપાર અર્થે રહેતા હતા. ૯ વર્ષની ઉંમરે જાનકીદેવીના લગ્ન વર્ધાના જમનાલાલ બજાજ સાથે કરવામાં આવ્યાં હતાં. જમનાલાલ બજાજનો રાષ્ટ્રીય આંદોલનમાં સક્રિય ફાળો તથા ગાંધીજીના શિષ્ય હોવાના કારણે એ સ્વાભાવિક હતું કે, જાનકીદેવીના જીવનમાં પણ પરિવર્તન આવે. જાનકીદેવીએ સોના-ચાંદી, તેમજ કિંમતી વસ્તુઓનો મોહ ત્યાગીને એકદમ સાદું જીવન સ્વીકાર્યું. મહિલાઓને સત્યાગ્રહ માટે પ્રોત્સાહન આપવાના આરોપ સર એમને નાગપુર જેલમાં પૂરી દેવામાં આવ્યાં હતાં. ૧૯૪૨માં, જ્યારે મોટાભાગના આશ્રમવાસી કારાવાસમાં હતા, ત્યારે પાછળ રહી એમણે આશ્રમ, ખાસ કરીને મહિલા આશ્રમને સુગઠિત કર્યો હતો.

૧૯૩૦માં પોતાના બીમાર પુત્ર કમલનયનને સ્કૂલથી ઉઠાડીને એમણે ગાંધીજીની દાંડીયાત્રામાં મોકલ્યો હતો. ત્યારે તેમણે કહ્યું હતું, જ્યારે લોકો સત્યાગ્રહ કરવા દાંડી જઈ રહ્યા છે, તો મારો દીકરો પાછળ કેમ રહી જાય ? તાવથી પીડાતા કમલનયનને યાત્રામાંથી દૂર કરી ગુજરાત વિદ્યાપીઠ મોકલવા પડ્યા હતા. કેમ કે ડોક્ટરે કહ્યું હતું, જો એમને યાત્રામાંથી હટાવવામાં નહીં આવે તો એમની આંખોનું તેજ જતું રહેવાનું જોખમ છે. જાનકીદેવીએ દરસાણામાં લાઠીચાર્જથી ઝખ્મી થયેલા સત્યાગ્રહીઓ માટે કેમ્પ કર્યો હતો.

**અવન્તિકાબાઈ ગોખલે :** અવન્તિકાબાઈ ગોખલેનો જન્મ ૧૭ સપ્ટેમ્બર, ૧૮૮૨ના રોજ તસગાંવ, સતારામાં થયો હતો. ઈ.સ. ૧૯૧૩માં તેઓ 'સોશિયલ લિગ'ના તત્ત્વાવધાનમાં મુંબઈના મજૂર વિસ્તારમાં સમાજ સેવાનું કામ કરવા લાગ્યાં. તેમણે ગાંધીજીના ચંપારણ્ય સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. અહીં તેમને ગાંધીજીના જીવન વિષે લખવાની પ્રેરણા થઈ. આ પુસ્તક ઈ.સ. ૧૯૧૮માં પ્રકાંશિત થયું, જેની પ્રસ્તાવના લોકમાન્ય તિલકે લખી હતી.

ઈ.સ. ૧૯૨૦થી ૧૯૪૬ દરમ્યાન તેઓ અનેકવાર જેલમાં ગયાં. ઈ.સ. ૧૯૧૮માં તેઓએ હિન્દ

મહિલા સમાજની સ્થાપના કરી. કેટલાંક વર્ષો સુધી મુંબઈ કોર્પોરેશનનાં સભ્ય રહીને તેમણે મ્યુનિસિપલ હૉસ્પિટલો અને મજૂર વિસ્તારોમાં સુધારો કર્યો. મહારાષ્ટ્ર અને તેમાંય ખાસ કરીને મુંબઈની મહિલાઓના વિકાસ માટે તેમણે જે કાર્ય કર્યું તેની સર્વત્ર પ્રશંસા કરવામાં આવી.

**મેમોબાઈ** : ગાંધીવાદી રચનાત્મક કાર્યકર, વિખ્યાત મેમોબાઈને દિલ્હીવાસી ઈજ્જતભરી દૃષ્ટિથી જોતા હતા. સ્વયંસેવિકાઓની ભરતી અને તાલીમ, કોંગ્રેસ સંગઠન, સમાજ સુધારણા, મહિલા જાગૃતિ, ધરણા, પ્રદર્શન અને આંદોલન એમ બધાં જ ક્ષેત્રોમાં મેમોબાઈ કામ કરતાં. તેમણે ૧૯૩૦, ૧૯૩૨-૩૪, ૧૯૪૧, ૧૯૪૨નાં બધાં આંદોલનોમાં ભાગ લીધો અને વારંવાર જેલ ભોગવી.

નિઃસહાય મહિલાઓને રોજગાર ઉપલબ્ધ કરાવી આપતી, જૂની દિલ્હીમાં કાશ્મીરી ગેટ પર આવેલી 'મહિલા વિકાસ કેન્દ્ર' નામની સંસ્થા શ્રીમતી મેમોબાઈની દેખરેખ હેઠળ ચાલતી હતી. કૉંગ્રેસના દરેક કાર્યમાં તથા રાહતકાર્યમાં તેમને અગ્રિમ હરોળમાં જોઈ શકાતાં હતાં.

**પૂર્ણિમા બેનરજી** : શ્રીમતી પૂર્ણિમા બેનરજીએ બહુ જ નાની વયે સ્વતંત્રતા સંગ્રામમાં ઝંપલાવ્યું હતું જેને કારણે તેમને અનેકવાર જેલમાં જવું પડ્યું. જેલમાં જ રહી તેણે બી.એ. સુધીનો અભ્યાસ પુરો કર્યો. જેલમાં દરેક પ્રકારના સંકટ પૂર્ણિમા ધીરજ અને સાહસથી સહન કરતી. દિવસ આખો બીજા કેદીઓની સેવા કર્યા કરતી. તેના વિષયમાં જેલ સુપ્રિન્ટેન્ડન્ટે લખ્યું હતું "તેણી બીમાર હોય તો પણ કોઈ પણ ચીજની માંગણી કરતી નહીં" તે બધો વખત કૉંગ્રેસના કાર્યમાં રત રહેતી. કોઈપણ મહત્ત્વાકાંક્ષા નહીં અને દેશપ્રેમને જ પોતાનો ધર્મ માનતી પૂર્ણિમા બેનરજી આદર્શ કાર્યકર્તા હતી.

આ લોકપ્રિય નેતાએ મહિલા ઉત્થાન, કૉંગ્રેસ કાર્ય સહિત સંવિધાન સભામાં દેશના સંવિધાનના નિર્માણનું પણ કામ કર્યું હતું. ફરૂખાબાદથી ઉત્તરપ્રદેશ વિધાનસભા સભ્ય તરીકે ચૂંટાયેલા શ્રીમતી બેનરજી પોતાના મતવિસ્તારના કાર્યોમાં રાત દિવસ લાગેલાં રહેતાં. લાંબી બીમારી અને અથાક પરિશ્રમને લીધે ચાલીસ વર્ષની નાની વયે ૧૯૫૧માં જ તેમનું મૃત્યુ થયું.

**સુશીલાદીદી** : ૫ માર્ચ ૧૯૦૫ના રોજ પંજાબ પ્રાંતના એક નાનકડાં ગામમાં સુશીલાદીદીનો જન્મ થયો હતો. કાકોરી કાંડના કેદીઓની પૈરવી માટે સુશીલા દીદીએ તેમના પોતાના લગ્ન માટે રાખેલું દસ તોલા સોનું દાનમાં આપી દીધું હતું. સરદાર ભગતસિંહ અને તેમના સાથીઓ સાથે તેમને સીધો સંપર્ક હતો.

સુશીલાદીદીના નામ ઉપર બે બે વોરન્ટ હતાં. તેમના માથા માટે બે હજાર રૂા. નું ઈનામ જાહેર કરાયું હતું. ઈ.સ. ૧૯૩૨માં પ્રતિબંધિત કૉંગ્રેસના દિલ્હી અધિવેશનમાં 'ફરાર' સુશીલાદીદી 'ઈન્દુ' નામ ધારણ કરી એક મહિલા ટોળીના નેતા તરીકે હાજર રહ્યાં. આ કામ માટે તેમને જેલ થઈ છતાં પણ કોઈએ તેને ઓળખ્યાં નહીં. એસમ્બલી બોંબ કાંડની પહેલાં ૨૩ ડિસેમ્બર, ૧૯૨૬ના દિવસે ક્રાંતિકારીઓએ વાઈસરોયની ટ્રેન ઉડાવી દીધી હતી. આ કપરી કામગીરીની પૂર્વ તૈયારી રૂપે ક્રાંતિકારીઓને આપવાની જરૂરી સૂચના જેવી કે ગાડી ક્યારે ઉપડશે, વાઈસરોય કયા ડબ્બામાં બેસશે, ક્યારે ભોજન કરશે વગેરે માહિતી સુશીલાદીદીએ એકત્રિત કરી હતી.

એકધારો પરિશ્રમ, કષ્ટ, આર્થિક મુશ્કેલી અને બીમારીનો સામનો કરતાં સુશીલાદીદીએ ૧૩ જાન્યુઆરી ૧૯૬૩ના રોજ સંસારમાંથી વિદાય લીધી. સુચિતા કૃપલાણીએ તેમને 'સત્યનિષ્ઠ' કહ્યાં. તેમના એક નજીકનાં સાથીએ તેમના મૃત્યુ પર સંવેદના વ્યક્ત કરતાં તેમને 'બરફથી ઢાંકેલો સળગતો અંગારો' કહેલા.

**પ્રીતિલતાબેન વદેદાર** : ચટગાંવના એક ગરીબ પરિવારમાં જન્મેલી પ્રીતિલતા વદેદાર બાળપણથી જ રાષ્ટ્રીય ભાવનાના રંગે રંગાયેલી હતી. બાળચર સંસ્થા (ગર્લ ગાઈડ્સ) ના સભ્ય હતાં. તે સમયે આ સભ્યોને ઈશ્વર અને બ્રિટિશ સમ્રાટ પ્રત્યેની વફાદારીના શપથ લેવા પડતાં. આ વાત તેમને ગમતી નહીં. તેઓ કહેતાં કે તેમણે ઈશ્વર અને ભારત દેશ પ્રત્યેની વફાદારીના શપથ લીધાં હતાં. ૧૮ એપ્રિલ ૧૯૩૦માં

ચટગાંવના શસ્ત્રાગાર પર કેટલાક ક્રાંતિકારીઓ સાથે તેમણે હુમલો કર્યો. ગામની જ એક ક્લબમાં કેટલાક અંગ્રેજો શરાબ પીને નૃત્ય તથા રંગારાગમાં મસ્ત હતા ત્યારે ૨૪ એપ્રિ, ૧૯૩૨ના દિવસે પ્રીતિલતા તથા તેમના સાથીઓએ હુમલો કર્યો, તેર અંગ્રેજો જખ્મી થયા, કેટલાક ભાગી ગયા. અંગ્રેજોએ પણ વળતો ગોળીબાર કર્યો. એક ગોળી પ્રીતિલતાને વાગી તેઓ સમજી ગયાં કે શહીદ થવાનો વખત આવી ગયો છે. અંગ્રેજ પોલીસોને હાથે મરવા કરતાં તેમણે શહીદ થવાનું મુનાસિબ માન્યું. પોટાશિયમ સાઈનાઈટ લઈ સન્માનપૂર્વક શહીદ થયાં.

**અમ્મુ સ્વામીનાથન :** મહિલા જાગૃતિના સમયની પ્રમુખ મહિલાઓમાં એક શ્રીમતી અમ્મુ સ્વામીનાથન ૧૯૧૭થી જ સામાજિક અને રાજનૈતિક એમ બંને ક્ષેત્રોમાં સક્રિય હતાં. નારીજાગૃતિ, સમાજ સુધારણા અને મહિલાઓને રાજનૈતિક અધિકારો માટે તેમણે કાર્ય કર્યું. ઈ.સ. ૧૯૧૭માં મહિલા મતાધિકાર માટે ભારત મંત્રી મોન્ટેગ્યુ અને વાઈસરોય ચેમ્સફર્ડને મળનાર મહિલા પ્રતિનિધિ મંડળમાં તેમણે રજુઆત કરી. ૧૯૪૨ની ભારત છોડો ચળવળમાં સક્રિય ભાગ લીધો. ૧૯૪૩માં ધરપકડ થઈ, ૧૯૪૪ સુધી નજરકેદ રહ્યાં.

**યશોધરા દાસપ્પા :** કર્ણાટકમાં જન્મેલાં શ્રીમતી યશોધરા દાસપ્પા વિદ્યાર્થી અવસ્થાથી જ કૉંગ્રેસ આંદોલનમાં રસ લેતાં હતાં. ૧૯૨૬માં તેમના લગ્ન મૈસુરની પ્રજાપક્ષ પાર્ટીના મુખ્ય નેતા શ્રી એચ. સી. દાસપ્પાની સાથે થયાં. શ્રીમતી દાસપ્પાએ તેમને કોંગ્રેસ માટે કામ કરવા પ્રેરણા આપી જેને પરિણામે ૧૯૩૭માં શ્રી દાસપ્પા કૉંગ્રેસના સભ્ય બની ગયાં.

ઈ.સ. ૧૯૩૦માં શ્રીમતી યશોધરા ગાંધીજીને મળ્યાં. તેમની આ મુલાકાતને પરિણામે તેમણે મૈસૂર રાજ્યમાં ખાદી ગ્રામોદ્યોગના વિસ્તારોમાં કામ કરવાનો નિર્ણય કર્યો. તેમના પ્રયત્નોથી ખાદી ગ્રામોદ્યોગના ક્ષેત્રે ઘણું કામ થયું. હિન્દી ભાષાના પ્રચાર અર્થે તેમણે ખૂબ કાર્ય કર્યું. શ્રી અને શ્રીમતી દાસપ્પાએ મૈસૂર રાજ્ય હિન્દી પ્રચાર સમિતિનું જે બીજ વાવ્યું હતું તે આજે વૃક્ષ બની ગયું છે. સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ પણ રચનાત્મક કાર્યક્રમોના ક્ષેત્રે પણ તેનું યોગદાન પ્રશંસનીય રહ્યું છે. ગાંધી સ્મારક નિધિ તથા કસ્તૂરબા ટ્રસ્ટ માટે શ્રીમતી યશોધરા જીવનપર્યંત કામ કરતાં રહ્યાં.

**કલ્પના દત્ત :** સોળ વર્ષની ઉંમર દિલ હલબલાવી મૂકે તેવી બહાદૂરીના કારનામા, વરસતી ગોળીઓની વચમાંથી તીરની જેમ નીકળી જનાર, જંગલો પહાડોમાં ફરતી છુપાતી, અંગ્રેજી શાસનના છક્કા છોડાવનારી કલ્પના દત્તનું નામ સ્વાધીનતા સંગ્રામના ક્રાંતિકારીઓમાં ગર્વથી લેવાય છે.

કલ્પનાનો જન્મ ૨૭ જુલાઈ ૧૯૧૪માં ચટગાંવમાં થયો હતો. ચૌદ વર્ષની ઉંમરે વિદ્યાર્થીઓની સભામાં તેણે જે ભાષણ કર્યું તેનાથી તેનામાં ભરેલી ભરપૂર બહાદુરીનો અહેસાસ થઈ ગયો. તેણે કહ્યું હતું 'આપણે જો દુનિયામાં ઊંચા મસ્તકે ગર્વથી જીવવું હશે તો આપણા માથે લાગેલું ગુલામીનું કલંક ભૂંસવું પડશે. સાથીઓ, અંગ્રેજોની ચુંગાલમાંથી છુટકારો મેળવવા માટે શક્તિનો સંચય કરો, ક્રાંતિકારીઓને સહકાર આપો.' ચટગાંવ શસ્ત્રાગાર કાંડમાં સૂર્યસેન (માસ્ટર દા), તારકેશેશ્વર દસ્તીદાર અને કલ્પના દત્ત મુખ્ય સૂત્રધાર હતાં. સૂર્યસેન અને તરકેશ્વર દસ્તીદારને ફાંસીની સજા થઈ અને કલ્પના દત્તને આજન્મ કેદ ત્યારે કલ્પનાએ કહ્યું હતું, 'મહિલા હોવાને કારણે સજા કરવામાં પણ આવો ભેદભાવ. પુરુષ સાથી શહીદ થાય અને હું જિંદગીભર જેલમાં સડું' ૨૪ સપ્ટેમ્બર, ૧૯૭૯ના તેમને પૂનામાં 'વીર મહિલા'ના ખિતાબથી સન્માનિત અને પુરસ્કૃત કરવામાં આવ્યા.

**આશાદેવી આર્યનાયકમ્ :** ઈ.સ. ૧૯૦૨ માં લાહોર ખાતે આશાદેવી આર્યનાયકમ્‌નો જન્મ થયો હતો. તેમણે બનારસમાં અભ્યાસ કર્યો. તેમના પિતા કાશી હિંદુ વિશ્વ વિદ્યાલયમાં દર્શન વિભાગના અધ્યક્ષ હતા. બાળપણથી જ સંસ્કૃત વિષયમાં રુચિ હોવાથી તેમણે સંસ્કૃત વિષય સાથે એમ.એ.ની પરીક્ષા પાસ કરી.

૧૯૩૬માં તેઓ ગાંધીજીના પરિચયમાં આવ્યાં. તેમનાં પતિ આર્યનાયકમ્ પણ શિક્ષણશાસ્ત્રી હતા

એટલે ગાંધીજીએ આ દંપતિને નઈ તાલીમનું કામ સંભાળવાનું સોંપ્યું. આશાદેવી તથા તેના પતિ આર્યનાયકમે નઈ તાલીમમાં અનેક પ્રયોગ કર્યા. તેમના બધા જ વિદ્યાર્થીઓએ ખાદી ગ્રામોદ્યોગના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કર્યું.

**કમાન્ડર લક્ષ્મી સ્વામીનાથન :** સિંગાપુરના એક દક્ષિણ ભારતીય નાગરિક ડોક્ટર સ્વામીનાથનનાં પુત્રી લક્ષ્મીએ ઈ.સ. ૧૯૩૭માં મદ્રાસ મેડીકલ કૉલેજમાંથી એમ.બી.બી.એસ.ની પદવી મેળવી હતી. તેમનાં માતા-પિતા તેમને પ્રેરણા આપતાં હતાં. ડો. લક્ષ્મી સ્વામીનાથનને મલાયા, થાઈલેન્ડ, બર્મામાં અનેક જગ્યાએ પ્રવાસ કરીને શ્રી સુભાષચંદ્ર બોઝ સાથે મળીને મહિલાઓ માટેની રાની ઝાંસી રેજિમેટની સ્થાપના કરી હતી. યુદ્ધ માટે ફંડ એકઠું કરવું, બીમારોને વિવિધ સગવડો પૂરી પાડવી એ તેમનું મુખ્ય કામ હતું. તેમની ધરપકડ સમયે દેશમાં વિરોધ પ્રદર્શિત થતાં સરકારે તેમને છોડી દીધાં. સરકારની શરત હતી કે જેલમાંથી બહાર નીકળ્યા પછી તેઓ સભામાં ભાષણ કરશે નહીં, પરંતુ બહાર નીકળીને તેણે હુકમનો ભંગ કર્યો. ૨૧ ઓક્ટોબર, ૧૯૪૫ના રોજ આઝાદ હિંદ ફોજનો 'સ્થાપના દિવસ' હતો. તેમણે એક સભામાં કહ્યું હતું કે, "આઝાદ હિંદ ફોજ બરખાસ્ત થઈ ગઈ છે પણ તેનો ઉદ્દેશ્ય પૂરો થયો નથી." જ્યારે દિલ્હીમાં આઝાદ હિંદ ફોજના સૈનિકો ઉપર લાલ કિસ્સામાં કેસ ચાલી રહ્યો હતો, ત્યારે તેમણે ત્યાં વિરોધ પ્રદર્શિત કર્યો હતો. આઝાદ હિંદ ફોજના કર્નલ સહગલ સાથે લગ્ન કર્યાં પછી તેઓ લક્ષ્મી સહગલ તરીકે ઓળખાયાં. તાજેતરમાં ઈ.સ. ૧૯૧૨ તેઓનું અવસાન થયું છે.

અંતમાં એટલું જ કહેવાનું કે આઝાદીની લડતમાં દેશની, વિદેશની, તમામ ધર્મ, જાતિ, સંપ્રદાય, નાત-જાત ભેદભાવ વગર લાખો સ્ત્રીઓએ ભાગ લીધો હતો. આથી જ આપણે મહામૂલી આઝાદીની હવામાં શ્વાસ લઈ રહ્યા છીએ.

## સંદર્ભ સૂચિ


૧. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથ - ૮' - બ્રિટિશકાલ, ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ
૨. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ - ૯ : આઝાદી પહેલાં, અને પછી ૧૯૧૫ થી... ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ-૯.
૩. 'ગુજરાતની નારી ચેતના', શિરીનબેન મહેતા, દર્શક ઇતિહાસ નિધિ વડોદરા / અમદાવાદ
૪. રામનારાયણ ના. પાઠક, 'જગતની પ્રતિભા સંપન્ન મહિલાઓ', ''સદગત નર્મદાબેન પાઠક સ્મૃતિગ્રંથમાળા'' પુસ્તક ૫, અમરેલી જિલ્લો.
૫. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામને મુસ્લિમ મહિલાઓ કા યોગદાન (હિન્દી) આબીદાસ મીઉદીન
૬. ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ, વીર સાવરકર
૭. ગુજરાત "સંભારણા", વિશેષાંક ૧૯૯૮ માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૮. ખોજ "ગાંધી કથા" વિશેષાંક, જાન્યુ. ફેબ્રુ. ૨૦૧૨, નારાયણ દેસાઈ, વેડછી / વડોદરા.

# ઐતિહાસિક સંદર્ભમાં ગુજરાતી અખબારોની પરંપરાવાદી ભૂમિકા

◆

મનોજકુમાર ભીખાભાઈ પટેલ*

ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ તપાસવામાં આવે તો તેમાં અખબારોનો આરંભ કોઈને કોઈ હેતુ સાથે થયેલો જણાય છે. કેટલાંક અખબારોનો ઉદ્‌ભવ મુખ્યધારાનું પત્રકારત્વ કરવા થયેલો જણાય છે, કેટલાંક અખબારોનો ઉદય આર્થિક લાભપ્રાપ્તિ માટે થયેલો જણાય છે, કેટલાંક અખબારોનો આરંભ પ્રતિસ્પર્ધીઓને પ્રત્યુત્તર આપવા માટે થયેલો જણાય છે, તો કેટલાંક અખબારોનો ઉદ્‌ભવ હિંદુ અને પારસીધર્મ તથા સમાજની પરંપરાઓનું સંરક્ષણ કરવા માટે થયેલો જણાય છે. આમાં જામે જમશેદ, સત્યમિત્ર, સાંજ વર્તમાન, પારસી રિફારમ અને ઇઅજદાં પરસ્તનો ઉદ્‌ભવ, વિકાસ, કાર્ય અને અંત પારસી ધર્મ અને સમાજના સંરક્ષક તરીકે થયો હતો. આ તમામ અખબારો પારસીઓની માલિકીનાં હતાં. તેઓ મુંબઈથી પ્રકાશિત થતાં હતાં. તેઓએ પારસીધર્મ અને સમાજની પરંપરાઓ, રીતરિવાજો, માન્યતાઓ, પ્રચલનો, ક્રિયાકલાપો ઈત્યાદિના સંરક્ષક તરીકેનું કાર્ય કર્યું હતું. આમ કરવામાં તેઓ કેટલીયવાર મર્યાદાઓને ઓળંગીને આંધળું સમર્થન કરતાં પણ ખચકાતાં નહિં. તેમણે પારસીધર્મ અને સમાજની પરંપરાઓના સંરક્ષક તરીકે ભજવેલી ભૂમિકાનું સવિસ્તાર આલેખન જોઈએ.

## ૧. જામે જમશેદ

તે વખતે 'મુંબઈ સમાચાર' અને 'ચાબુક' મુંબઈની પારસી પંચાયતના અગ્રણીઓનાં મોટાં ટીકાકાર હતાં. આ બેઉ પત્રોમાં તેમની સત્તા અને હક્કો વિશે ઘણીબધી ટિપ્પણી થઈ હતી. આ પ્રકારની ટીકા અને ટિપ્પણીઓના જવાબ આપવા માટે એક પત્રની જરૂરિયાત પંચાયતના અગ્રણી સર જમશેદજી જીજીભાઈને જણાઈ અને તેમણે તા. ૧૨.૩.૧૮૩૨ના દિવસે 'જામે જમશેદ' સાપ્તાહિકનું પ્રકાશન મુંબઈથી કર્યું. તેના પહેલા તંત્રી હતા પેસ્તનજી માણેકજી મોતીવાળા. સન ૧૮૩૮થી તે અઠવાડિયામાં બે વાર પ્રકાશિત થવા લાગ્યું. તા. ૧.૮.૧૮૫૩થી તે દૈનિક બન્યું. તે પરંપરાવાદી વિચારસરણી ધરાવતું હતું. 'જામે જમશેદે' તેના વીસ વર્ષના જીવનકાળ દરમ્યાન પારસી સમાજના ઘણાબધા મહત્ત્વના પ્રશ્નો પર પોતાના વિચારો અને નીતિ સંબંધે લોકવિચારને કેળવ્યો હતો. તેમાં તેણે પારસી સાલ ગણતરીની ચર્ચામાં મોટું યોગદાન આપ્યું હતું. ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા જરથોસ્તી ધર્મ પર કરાતા હુમલાઓનો નવરોજી ફરદુનજી અને એદલજી દારાબજી સંજાણાના ટેકાથી 'જામે જમશેદ'ના તંત્રીએ મજબૂત વિરોધ કર્યો હતો.

એકવીસમા વર્ષે 'જામે જમશેદ' દૈનિક બન્યું. તેના તંત્રીપદે ડોસાભાઈ ફરામજી કરાકા આવ્યા. તેઓ ચાર વર્ષ સુધી તંત્રીપદે રહ્યા. તેમણે પત્રને વ્યવસ્થિત માર્ગદર્શન પૂરું પાડ્યું. તા. ૧૩.૬.૧૮૫૭માં સરકારે પત્રો સંબંધી એક કાયદો પસાર કર્યો. તદ્‌અનુસાર મુંબઈમાં પ્રકટ થતાં દેશી પત્રોમાં આવતી સામગ્રી પર ધ્યાન રાખવા માટે ડોસાભાઈની નિયુક્તિ કરવામાં આવી. તેથી તેમણે 'જામે જમશેદ'ને છોડ્યું. આ કાયદામાં 'જામે' સપડાયું. સરકારે તેનો પરવાનો તા. ૩૧.૫.૧૮૫૮ના રોજ રદ કર્યો. તે વિશે ખુલાસો થતાં ત્રણ દિવસ બાદ પુનઃ તેનું પ્રકાશન શરૂ થયું.

૧૮૫૯માં કેખશરૂ કાબરાજી 'જામે'માં વીસ રૂપિયાના પગારે પત્રકાર તરીકે જોડાયા અને થોડા સમય બાદ મદદનીશ તંત્રી બન્યા. એ દરમિયાન કામા કુટુંબોમાં સામાન્યતઃ સાંજે થતાં લગ્નો સવારે થયાં. સુધારાવાદી 'રાસ્ત ગોફતાર' અખબારે આ બદલાવને આવકાર્યો. પરંતુ 'જામે જમશેદ' જેવા રૂઢિચુસ્ત પત્રે પણ તેમાં સૂર

* સંશોધક છાત્ર, પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ, મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

પુરાવ્યો ત્યારે તેના હિમાયતીઓને આશ્ચર્ય અને ખેદ થયાં. આ કાર્ય માટે 'જામે જમશેદ'ના તંત્રી સોરાબજી જાલને પત્રના માલિકો તરફથી ઠપકો કરવામાં આવ્યો. તેથી તેઓએ 'જામે જમશેદ'ને અલવિદા કહી દીધી. તેમના પછી 'જામે'ની સઘળી જવાબદારી મદદનીશ તંત્રી કેખશરૂ કાબરાજીએ સંભાળી, પરંતુ તેમણે તંત્રીપદનો અસ્વીકાર કર્યો. તેના નવા તંત્રી હોરમસજી મોતીવાળા બન્યા. કુંવરજી રુસ્તમજી મોદીએ 'જામે'ના કામકાજ પર દેખરેખ રાખવાની જવાબદારી સ્વીકારી. આ ગોઠવણ થોડો સમય ચાલી. અંતે કાબરાજી 'જામે'ના તંત્રી બન્યા.

કાબરાજી સુધારાવાદી હતા, જ્યારે 'જામે' રૂઢિચુસ્ત હતું. તેથી કાબરાજીએ પોતાના વિચારોની વિરુદ્ધમાં જઈને પરંપરાગત વિચારોની હિમાયત કરવી પડતી. આ ગાળા દરમ્યાન તેમની મુલાકાત સુધારાવાદી કરસનદાસ મૂળજી સાથે થઈ. કાબરાજીએ 'જ્ઞાનવર્ધક સભા' અંતર્ગત સ્ત્રીઓને લગતા પ્રશ્નો પર વ્યાખ્યાન આપ્યું. કરસનદાસ આ વ્યાખ્યાન સાંભળી પ્રભાવિત થયા. કરસનદાસે તેમને સુધારાવાદી અખબાર 'રાસ્ત ગોફતાર'માં જોડાવા સમજાવ્યા. તેઓ ૧૮૬૨માં 'રાસ્ત ગોફતાર'માં જોડાયા અને એમ એમનો સંબંધ 'જામે જમશેદ' જોડે પૂરો થયો.

૧૮૫૩માં 'જામે જમશેદ' દૈનિક થયું. ૧૮૮૩માં 'જામે'ની માલિકી બદલાઈ. તે કાવસજી મેરવાનજી શરાફના હાથમાં ગયું. તેમાં તેમણે વેપારવિભાગ શરૂ કર્યો. ૧૮૮૭માં જહાંગીર બેરામજી મર્ઝબાન, કાવસજી શરાફ સાથે ભાગીદાર બન્યા. કાવસજી વેપાર અર્થે જાપાન જતાં તેમણે પોતાનો માલિકી અધિકાર પાછો ખેંચી લીધો અને જહાંગીર મર્ઝબાન તેના એકલા માલિક બન્યા. તેમનો ઉચ્ચશિક્ષિત પુત્ર ફિરોઝશા તેમની સાથે જોડાતાં પત્ર ઝડપથી આગળ વધવા માંડ્યું. ૧૯૦૨માં ફિરોઝશા તંત્રીપદે આવ્યા. તેમણે 'જામે'માં સિનેમા વિભાગ, મોટરવિભાગ, ફિઝિકલ કલ્ચર વિભાગ, વિભિન્ન કોમોને લગતા ચર્ચાનો વિભાગ ઇત્યાદિની પોતાના પત્રમાં શરૂઆત કરી.

પારસી સમાજમાં આધુનિક સુધારા થાય તેની સામે 'જામે જમશેદ' બંડ પોકારતું. આ દિશામાં તેણે કેટલાંક ઝનૂની કાર્યો પણ કર્યાં હતાં. આમ કરતાં તેના પર ન્યાયાલયમાં અનેક દાવાઓ થયેલા અને તેના લાંબા ખર્ચાળ મુકદમા ચાલેલા. આમાં કેખશરૂ કાબરાજી વિરુદ્ધ જહાંગીર મર્ઝબાન, વલસાડ ધૂણવાનો મુકદમો વગેરેનો સમાવેશ થતો હતો. 'જામે' એ સ્વયં આ તમામ મુકદમા એક બાજુએ મૂકે તેવો મુકદમો મુંબઈ સરકાર સામે કરેલો. મુંબઈની પહેલી મહાસભામાં સરકારની મદ્યનિષેધ અંગેની નીતિનો 'જામે'એ જોરદાર વિરોધ કરેલો. આમ કરવામાં તે શિષ્ટાચારની હદો ઓળંગી ગયું હતું. આ સમયગાળા દરમિયાન મુંબઈમાં કોમી હુલ્લડો ફાટી નીકળતાં 'જામે' સામે સરકારે પ્રતિબંધ મૂક્યો અને સૂચના આપી હતી કે, દારૂબંધી અને મિલકતવેરો સંબંધી કોઈપણ પ્રકારની સામગ્રી સરકારના પ્રતિનિધિને બતાવ્યા સિવાય પ્રસિદ્ધ ન કરવી. આ પ્રતિબંધને હટાવવા માટે 'જામે' ન્યાયાલયમાં ગયું અને મુકદમો જીત્યું.

'જામે જમશેદ' હંમેશાં પારસી કોમની તરફદારી કરતું રહ્યું છે. તે કેવળ વર્તમાનપત્ર જ નથી, પરંતુ પારસીઓની સંસ્થા સમાન છે. આ ઉપકારોનો બદલો ૧૯૩૨માં પારસીઓએ 'જામે'ની શતાબ્દી ધામધૂમથી ઊજવી વાળી આપ્યો હતો. તેને દેશવિદેશમાંથી અનેક પારસીઓએ માનપત્રો આપ્યાં હતાં અને એક દળદાર શતાબ્દીગ્રંથ પ્રકટ કર્યો હતો.

'જામે જમશેદ'ના વહીવટદારો તેમના પત્રની નીતિને 'મધ્યમ માર્ગી' તરીકે ઓળખાવતા આવ્યા છે. આ નીતિનો બચાવ કરવા માટે સંરક્ષક (Orthodox) અને સુધારક (Reformist) કોને કહેવા તેને લગતી ઘણી ચર્ચા થઈ હતી. પરંતુ 'જામે'ની નીતિ હંમેશાં મધ્યમમાર્ગીય રહી હોય તેમ જણાતું નથી. રાજકીય બાબતોમાં તેણે વિનીત (Liberal) પક્ષને સબળ ટેકો આપ્યો છે અને તેની રાજનીતિ અંગેની નીતિ કેટલાંક વર્ષો બાદ કરતાં વફાદારીની રહી છે. સરકાર તેની આ નીતિની પ્રશંસા કરતી.

'જામે' મહદંશે રાજકારણને લગતા વિષયોને લગતું પત્ર નથી. તે મુખ્યત્વે પારસી સમાજને સંબંધિત વિષયોની ચર્ચા કરનારું અખબાર છે. ભૂતકાળમાં પારસી સમાજમાં ઉદ્‌ભવેલા મહત્ત્વના પ્રશ્નો વખતે તેનું

વલણ મધ્યમ કહી શકાય તેવું નહોતું. તે પારસીઓના જૂના વિચારો અને રિવાજોનું પક્ષધર રહેલું. આ કામમાં તેણે ક્યારેય પાછું વળીને જોયું નથી. તેના વિચારોમાં સહયોગ ન આપનારને તે બક્ષતું નહીં. ધાર્મિક બાબતોમાં સહેજપણ સુધારાની હિમાયત કરનારાઓને તેણે છોડ્યા નથી. તેના પર સતત તીખી ચર્ચાઓ કરતું રહ્યું છે. પરંપરાવાદીઓનાં વક્તવ્યોને તે મોટાં મથાળાં સાથે પ્રકટ કરતું.

જુલાઈ ૧૯૪૨માં પારસી સમાજ એક ગૂંચવાડાભરી ચર્ચામાં પડ્યો હતો. વાંસદામાં 'મિશ્ર પારસી'ઓની નવજોત (ધર્મમાં સમાવવાની ક્રિયા) થતાં તે સામે પારસીસમાજમાં ખળભળાટ થયો હતો. આ ઘટનામાં તેણે પોતાની જૂની નીતિ પ્રમાણે નવજોતની ક્રિયા કરનારાઓ અને તેની હિમાયત કરનારાઓ સામે ચળવળ ચલાવી. પહેલાં આ પ્રકારના નવજોતના પ્રસંગો ઊભા થયેલા ત્યારે પારસી સમાજે તેનો કેવો મોટો વિરોધ કરેલો તેની તેણે વારંવાર યાદ અપાવી. લાગતાવળગતાઓને સચેત કર્યા. આ જ વિષય પર અઠવાડિયાના ત્રણ તંત્રીલેખો પ્રસિદ્ધ કર્યા. તે પરંપરાને અનુસરવાની બાબતમાં અડગ રહ્યું એ આ ઘટના પરથી સારી રીતે સમજી શકાય તેમ છે.

પારસી કોમને લગતા પ્રશ્નોની ચર્ચા વખતે 'જામે જમશેદે' અપનાવેલી નીતિ ભૂતકાળમાં પારસીઓના મોટાભાગના સમાજને ગમેલી. આ બાબતને માનવા માટેનાં કારણો પણ છે. 'જામે'ને હટાવવા માટે સુધારાવાદીઓ તરફથી થયેલા અનેક પ્રયત્નો છતાં તે અડીખમ રહ્યું. 'જામે' 'મુંબઈ સમાચાર' અને 'ચાબુક'ની જોહુકમીને તોડવા માટે અસ્તિત્વમાં આવેલું. તેથી સ્વાભાવિક રીતે જ એમનો આરંભનાં વર્ષોમાં વિરોધ તેણે સહન કરવાનો હતો. આ સિવાય કેખશરૂ કાબરાજીનું 'રાસ્ત ગોફતાર' પણ તેની સામે તક મળે શાબ્દિક હુમલાઓ કરવાનું ચૂકતું નહીં. કાયમ માટે ગુલાબી રંગના કાગળ પર છપાતા 'જામે'ને કાબરાજી 'ગુલાબી છુંછો' કહેતા અને 'બેરાંઓના છાપા'ની ઉપમા પણ આપતા. 'અખબારે સોદાગર' દ્વારા નાનાભાઈ ચીચગરે પણ 'જામે' સામે શાબ્દિક યુદ્ધ ચાલું રાખ્યું હતું. 'જામે' સામે વિભિન્ન પારસીપત્રો ટીકાટિપ્પણીઓ કરતાં રહેલાં. તેમ છતાં તેના યુવાતંત્રી અરદેશર ફિરોઝશા મર્ઝબાન અને ઉપતંત્રી જમશેદ શાપુરજી બલસારા તથા ફરામજી નસરવાનજી બલસારાની રાહબારી નીચે 'જામે જમશેદ' આગળ ધપતું રહ્યું. તે દૈનિક ઉપરાંત અઠવાડિક રૂપે લગભગ બે વર્ષ સુધી દર રવિવારે પ્રસિદ્ધ થતું રહેલું અને તા. ૨૮.૬.૧૯૪૨થી તે 'જામે જમશેદ વીકલી' ના નામે સ્વતંત્ર સાપ્તાહિકરૂપે પણ પ્રસિદ્ધ થવા લાગ્યું.

'જામે જમશેદ' ૧૧૫ વર્ષની વય વટાવી ચૂકેલું અખબાર છે. આટલા લાંબાગાળ દરમિયાન દેશમાં અનેક પરિવર્તન આવ્યાં હતાં. સમાજ, સાહિત્ય, રાજકારણ ઈત્યાદિમાં ઠીક ઠીક પ્રગતિ સધાઈ હતી. પરંતુ 'જામે'એ બદલાયેલા સંજોગોમાં પણ પોતાની જૂની નીતિમાં કોઈપણ પ્રકારનું પરિવર્તન આવ્યું નહોતું. નવા પ્રવાહોને તેણે ઝીલ્યા નહતા. પારસીસમાજ સામાન્યતયા પ્રગતિશીલ ગણાય છે, પરંતુ અમુક ક્ષેત્રોમાં તેની પ્રગતિ સંકુચિત રહી. તે સ્થિતિને દૂર કરવામાં 'જામે' ફાળો આપ્યો નથી. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં તેની જૂની નીતિ ટીકાઓનો ભોગ બનતી રહી. તે ટીકાની અસર તેના પર કેટલાક અંશે પાછળ જતાં વર્તાણી હોય તેમ જણાયેલું.

'જામે'ની નીતિ અંગે થતી જુદી જુદી આલોચનાઓનો જવાબ 'જામે'ના તંત્રીએ તા. ૧૧.૫.૧૯૪૬ના અગ્રલેખમાં આપતાં જણાવેલું કે, 'જામે જમશેદ' 'ઓરથોડોક્ષ' હતું અને હમણાં ઓરથોડોક્ષ જ રહેશે...એક વખત ફરીથી ખાતરી આપીએ છીએ કે, 'જામે' સાચી ઓરથોડોક્ષી ઉપરથી જરા પણ ખસવા માગતું નથી. આ લખાયા પછી થોડા જ મહિનામાં તેની માલિકી બદલાણી. મર્ઝબાનભાઈઓની સાથે સાથે તેમાં અન્ય પારસી ગૃહસ્થો ભાગીદાર થયા. પત્રમાં નીતિમાં બદલાવ આવ્યો. મે, ૧૯૪૬માં ઉપરનાં વાક્યો લખનાર તંત્રી સ્વયં તા. ૫.૧૦.૧૯૪૬ના રોજ અગ્રલેખમાં નવા માલિકોએ એ અખબારની નિશ્ચિત કરેલી નીતિ સમજાવતાં કહે છે કે, 'સૌથી પહેલાં તો અમે પારસીકોમનું ધ્યાન ઘણી ઝડપથી બદલાતા નવા જમાના - નવી દુન્યા તરફ ખેંચવા માંગ્યે છીએ... જુની જ રાજદ્વારી ગઢેરમાં પડી રહેવાનું પાલવી શકે એમ નથી. પારસી કોમ જો દુન્યાની બીજી ભાઈબંધ કોમોની સામે (સાથે જોઈએ) જીવવા માંગતી હોય અને ખરેખરી રીતે પોતાની

હસ્તીને નીભાવી રાખવા ચાહતી હોય તો તેણે હવે આ પ્રગતીશાળી જમાનાની સાથે જ આગળ વધવું પડશે...આપણી નાની કોમે જમાનાને અનુસરીને ધારમીક, સામાજિક, રાજદ્વારી વગેરે સવાલોમાં અક્કલ પસંદ (Rational) વિચારો ધરાવવા જોઈએ... અમારી ખાહેશ કોમને યાહોમ આગળ વધ્યા જતા જમાનાના શેહમાં સંભાળથી સાવચેતીથી લાગણીથી અને દીલસોજીથી દોરવવાની છે.'

આ જ અંકમાં પત્રના એક નવા ભાગીદાર અને સાપ્તાહિક 'બ્લીટ્ઝ'ના તંત્રી રુસ્તમ કરંજીઆએ 'જામે'ના અંગ્રેજી વિભાગનું સંચાલન સંભાળતાં લખેલું કે : 'First of all, we would, like to see the Parsi community shake itself free - and it would take SOME shaking of the dead weight of a benumbing load of dead ideas, dead orthodoxy, dead dogmas, dead politics, dead ethics, dead economics and, worst of all the dead things A DEAD LEADERSHIP, which weigh the community down, break its spine, make it impossible for the Parsis to meet standing erect, unfettewed and unafraid, the challenge of a New India and a New World.'

આમ, આ સતત એક સૈકા સુધી જૂના વિચારોને સમાજમાં પૂરેપૂરી તાકાતથી પ્રચાર અને પ્રસાર કરનાર દૈનિકનું આ મુજબ નીતિમાં પરિવર્તન થયું. પરંપરાના હિમાયતીઓને આંચકો આપનાર આ અંગ્રેજી વાક્યો લખનાર રુસ્તમ કરંજીઆ કેટલાક માસમાં 'જામે'માંથી નીકળી ગયા. તેમ છતાં ઉપરોક્ત નવી નીતિ 'જામે'નાં કટાર લખાણોમાં જોવા મળતી રહી. કદાચ, સમય અને સંજોગોને જોઈને આમ કર્યું હશે.

**૨. સત્યમિત્ર**

'સત્યમિત્ર' પારસી સમાજ અને ધર્મની પરંપરાઓનું કટ્ટર અને પ્રખર હિમાયત કરનારું તથા વાહક અને રક્ષક હતું. પારસીધર્મ ઉપર થતા તમામ પ્રકારના હુમલાઓનો તે પ્રત્યુત્તર બનતું અને પ્રતિરક્ષાનું કામ કરતું. તે પારસીકોમનો અવાજ હતું. તેના સંચાલકો વિશે ડૉ. રતન રુસ્તમજી માર્શલ 'ગુજરાતી પત્રકારિત્વના ઇતિહાસ'ના પ્રકરણમાં ૧૪ના આરંભે લખે છે કે, ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં પારસી સમાજમાં ધર્મ અને નીતિરીતિને લગતી ચર્ચા વર્તમાનપત્રોમાં અને તખ્તા પર મોટા પ્રમાણમાં ચાલી હતી. પારસીઓનો સમાજ પ્રગતિવંત સમાજ છે એવી સામાન્ય માન્યતા ધરાવનાર બિનપારસી આજે કલ્પી ન શકે એવી ભાષામાં ભારે ઝનૂનથી, કેટલીક વખત ગૃહસ્થાઈની મર્યાદા ઓળંગી જઈને ધર્મ અને સમાજની સાચવણીને નામે વર્ષો સુધી લડત આપી હતી. પ્રગતિવાદી પંથના અને જૂનવટના હિમાયતીઓ વચ્ચેની એ રસાકસી પારસી સમાજમાં ચાલુ જ છે; પરંતુ ઓગણીસમી સદીનાં પાછલાં વર્ષોમાં એ ચર્ચાએ ઉગ્ર સ્વરૂપ પકડ્યું હતું અને તેમાં પારસી આલમમાં 'મનસુખ'ના તખલ્લુસથી ખ્યાતિ પામેલા મંચરેજી કાવસજી શાપુરજી લંગડાનાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.'

'મનસુખની કલમમાં જોર હતું. ફારસી શબ્દોથી રંગાયેલી એમની ભાષા કોઈ વેળા ચમકારા મારતી તો કેટલીક વેળા તેમાંથી અંગારા ઝરતા. એમની વાણીમાં પણ બળ હતું. કલાકો સુધી જોશીલી શૈલીમાં ભાષણ કરી એ શ્રોતાઓને ચકિત કરતા. વળી એ નીડર હતા. એમના અવસાન સમયે 'પંચદાડે' તેમની સેવાની નીચે પ્રમાણે કદર કરી હતી :

'મનસુખ એટલે આ જમાનાનો પારસી ફિરદોસી, મરતા-ડૂબતા પારસી ધર્મને તારવવાની જહેમત ખેંચનાર નાખોદા, દીનડુબાઉ ધર્મભુલાઉ ખુદાવીસરાઉ પારસી કેળવણીની ઝાટકણી કાઢનાર લડવૈયો, 'રાહનુમાય' (પારસી પ્રતિવાદી પક્ષ) સત્તાવાળાએ સાથે દિલેરીથી જંગ જમાવી તેમને શિકસ્ત આપનાર પારસી જેહાંપહેલવાન રંગીલી ફારસી જબાનના બાગનું મધુર બુલબુલ, ફસાહત ભરેલો કલમબાજ, છટાદાર ભાષણકર્તા, ઊછરતી પારસી ઓલાદનો સાબૂત રહેબર, તબલા સારંગી સાથની ગાનતાનવાળી બદંગીનો હડહડતો શત્રુ, પારસી ધર્મજ્ઞાન કમિટીના મસ્તાન હાથીનો કલાબાજ મહાવત, ધર્મચુસ્ત પારસીઓનો સાચો સિપેહસાલાર, આર્થોડોક્ષ પારસી 'ગ્રાંડ ઓલ્ડ મેન' વગેરે.

મંચેરજી કાવસજી શાપુરજી લંગડાના એટલે કે મનસુખે 'સત્યમિત્ર'નો આરંભ તા. ૧૯.૭.૧૮૭૪ના રોજ મુંબઈથી સાપ્તાહિક રૂપે કર્યો હતો.

મનસુખ પોતાના વિચારો સાથે સંમત ન થનારાઓને અને તેમાંય ખાસ કરીને સમાજ અને ધર્મ સુધારકોને બક્ષતા નહીં. આમ કરવામાં તેઓ વિવેક અને મર્યાદા ત્યજી દેતા. તેથી તેમના હિમાયતીઓ પણ અકળાતા.

આ બધાં કારણોને લઈને તેમણે ૧.૧.૧૮૯૩થી પત્રની માલિકી તેમના મિત્ર મંચેરજી હોશંગજી જાગોશને સોંપી દીધી. તેમણે 'સત્યમિત્ર'ને પાંચ વર્ષ સુધી ચલાવ્યું. મુદ્રણાલયમાં આગ લાગતાં ૩૧.૧૨.૧૮૯૮થી તે બંધ થયું. ત્યારબાદ દસ્તુર જાપાસ્પજી મીનોચહેરજીએ જરથોસ્તી ધર્મને લગતા વિષયોની સમજ અને ચર્ચા માટે 'હખ મર્ઝદીયસ્નનાંમ' નામનું ગુજરાતીપત્ર શરૂ કર્યું. તે થોડાક સમયમાં બંધ પડ્યું. ત્યારબાદ ૧૯૨૪માં મહેરજીભાઈ પાલણજી માદને આ જ નામનું નવું સાપ્તાહિક મુંબઈથી શરૂ કર્યું. તે પણ ટૂંકી મુદતમાં બંધ પડ્યું.

**૩. સાંજ વર્તમાન**

'સાંજ વર્તમાન' રાજકીય બાબતોમાં સુધારાઓની તરફદારી કરતું અને સમાજસુધારામાં જૂનવટની હિમાયત કરતું.

'જામે જમશેદ' જેહાંગીર મર્ઝબાનની માલિકીનું અખબાર હતું. તેમાં અરદેશજી બેરામજી પટેલ ત્રીસ વર્ષ જેટલા લાંબાગાળ સુધી જોડાયેલા રહ્યા હતા. ૧૯૦૨માં જેહાંગીર મર્ઝબાનનો પુત્ર ફિરોઝશા મર્ઝબાન 'જામે'માં જોડાયો. જેહાંગીરે 'જામે'નું સંચાલન ફિરોઝશાને સોંપી દીધું. ફિરોઝશા અને અરદેશર પટેલને વિચારમેળ ન બેઠો. તેથી તેઓએ 'જામે'માંથી છૂટા થઈ ભાગીદારીમાં ૧.૫.૧૯૦૨ના રોજ મુંબઈમાં 'સાંજ વર્તમાન' શરૂ કર્યું. તે નામ પ્રમાણે સાંધ્યકાલીન હતું. તેમની સાથે ભાગીદારીમાં જોડાયેલા નશરવાનજી જશાવાળાએ કેવળ વીસ દિવસ ભાગીદારી રાખી છૂટા થયા. ત્યારબાદ ૧.૬.૧૯૦૨માં નવા ભાગીદાર તરીકે રુસ્તમજી વાચ્છા ગાંધી જોડાયા. અરદેશરે આ પત્રનો આરંભ લોકોને સસ્તા દરે સમાચાર મળે અને જ્ઞાનનો ફેલાવો થાય તે માટે કર્યો હતો. પત્રને શરૂ થયે ત્રણ માસ થયા હતા ત્યાં તા. ૧૬.૮.૧૯૦૨ના રોજ અરદેશર મૃત્યુ પામ્યા. તેથી 'સાંજ વર્તમાન'ની સઘળી જવાબદારી રુસ્તમ વાચ્છા ગાંધીના માથે આવી પડી. તેમણે વિભિન્ન પરિસ્થિતિઓમાં 'સાંજ વર્તમાન'ને આગળ ધપાવ્યું.

આ સમયગાળા દરમ્યાન પારસી સમાજમાં 'જામે જમશેદ'ની મજબૂત પકડ હતી. તે અન્ય અખબારો માટે ઈર્ષાનું કારણ થઈ પડી હતી, તેમાંય સૌથી વધારે સુધારકોમાં. 'સાંજ વર્તમાન'ને પણ પારસી સમાજમાં પોતાનું સ્થાન જમાવવું હતું. આ માટે તેણે સ્વાભાવિકપણે 'જામે જમશેદ'ની સાથે સ્પર્ધામાં ઊતરવું પડે. આ માટે 'સાંજે' એ 'જામે જમશેદ'ની નીતિ અપનાવી. તેણે જૂની વિચારધારાને અને તેના હિમાયતીઓને સાથ આપ્યો. 'સાંજ વર્તમાન' જુદીનો - અન્ય ધર્મીઓને પારસીધર્મમાં સમાવવાના પ્રશ્ન વખતે પારસી પંચાયતના ટ્રસ્ટી મંડળનું બંધારણ રચવામાં, પારસીઓનાં મૃત્યુ પછી તેમને દુખ્મેનશીન કરવા કે પછી તેમના શરીરને અગ્નિદાહ આપવો કે પછી દાટી દેવું ઈત્યાદિ ઘટનાઓમાં તેણે બહુમતી પારસીઓને સહયોગ આપેલો. અન્ય ધર્મના લોકોને અને બિનપારસી માતા કે પિતાના સંતાનને જરથોસ્તી ધર્મમાં સમાવવા બાબતે ૧૯૦૨માં પારસી સમાજમાં ઉહાપોહ થયો. રંગૂનમાં ૧૯૧૪માં બેલા કુટુંબમાં આ પ્રકારની નવજોત થઈ હતી. 'જામે જમશેદ' અને 'સાંજ વર્તમાન' એ નવજોત સામે જબરો વિરોધ કર્યો. આ બંને પત્રો સામે બેલાએ રંગૂનમાં ફરિયાદ કરી. આ મુકદમો 'બેલાકેસ' નામે જાણીતો થયો. બંને અખબારોએ રંગૂનના ન્યાયાલયમાં હાજર થવું પડ્યું. અંતે તેમાં સમાધાન થયું.

'સાંજ વર્તમાન' ધીમે ધીમે આગળ વધી રહ્યું હતું. તેની સામે સ્પર્ધા કરવા માટે 'જામે જમશેદ' સાંધ્યકાલીન થયું. તેમાં તેને સફળતા ન મળી. ત્યારબાદ 'સમીસાંજ' પત્ર પ્રકાશિત થયું. છ માસ પછી તા. ૩૦.૧૦.૧૯૦૯ના

રોજ તે બંધ થયું. ૧૯૩૦માં 'સાંજ'ના તંત્રી રુસ્તમ વાચ્છા ગાંધી મૃત્યુ પામ્યા. તેમના સ્થાને તેમના પુત્ર જેહાંગીર તંત્રી બન્યા. તેઓ ૧૯૪૦માં મૃત્યુ પામ્યા. ત્યારબાદ ફરેદુન રુસ્તમજી મહેતા એના તંત્રી થયા. 'સાંજ વર્તમાને' તેના આરંભે અપનાવેલી નીતિ લાંબાગાળ સુધી ચાલુ રહી. સાંજના સંચાલકોએ તા. ૧.૯.૧૯૪૨માં 'મુંબઈ વર્તમાન' નામનું નવું સવારનું દૈનિક શરૂ કર્યું. તેની નીતિ 'સાંજ વર્તમાન' જેવી હતી. આ પત્રને તેમણે 'રાસ્ત રાહબર'ના માલિક હોરમઝદિયાર સોરાબજી માછીને વેચી માર્યું.

### ૪. પારસી રિફારમ

સોરાબજી ચાનદારૂએ તેમનું સમગ્ર જીવન છાપાંમાં અને મુદ્રણાલયોમાં વિતાવ્યું હતું. 'મુંબઈ સમાચાર', 'બોમ્બે કૂરિયર' અને 'જેન્ટલમેન્ટ ગેઝેટ'ના મુદ્રણાલયોમાં કેટલોક સમય કામ કરી ૧૮૪૨માં તેમણે 'પુસ્તક પ્રસિદ્ધ' નામનું છાપખાનું વેચાતું લીધું. ત્યારબાદ તા. ૧.૫.૧૮૫૨માં તેમણે 'પારસી રિફારમ' નામનું ગુજરાતી સાપ્તાહિક શરૂ કર્યું. કેટલાક સમય બાદ તે છાપું સપ્તાહમાં બે વાર પ્રકાશિત થવા લાગ્યું. તા. ૧.૪.૧૮૬૩થી એ પત્ર બંધ થયું. સોરાબજી 'મુંબઈ ચાબુક'માં જોડાયા.

'પારસી રિફારમ' શીર્ષક પરથી કોઈએ એમ માની લેવાની જરૂર નથી કે તે સુધારાવાદી, પ્રગતિવાદી અને નવીન વિચારોને ફેલાવનારું અખબાર છે. તે જૂનવટ તરફી હતું. આ વિશે ડૉ. રતન માર્શલ 'ગુજરાતી પત્રકારિત્વનો ઇતિહાસ'ના પ્રકરણ ૧૯માં જણાવે છે કે, 'પારસી રિફારમ' પોતાના નામ અને દેખાવ બેઉમાં વિચિત્ર છે. પારસીપત્ર અને અંગ્રેજી નામ ! વળી સુધારાના એલકાબનો ડંકો વાગે, એટલે હાલના વિચાર પ્રમાણે કોઈ તો સમજે કે છૂટા બાલ સાથે હાથમાં 'વાયોલીન' લઈ વગાડતી ઊભેલી એકાદ 'સુધરેલી' પારસી અબલાનું ચિત્ર મુખડા પર મુકાયું હશે ! પણ તેવું કાંઈ નહીં; ચિત્રમાં તો એક બાજુ હજરત જરથોસ્તા, બીજી બાજુ મુલ્લાં ફીરોજ અને વચમાં આતશનાં પાતરાંનો દેખાવ આપેલો નજરે પડે છે.....

### ૫. ઈઅજદાં પરસી

'આપ અખતીઆર' અને 'પારસી પંચ' પત્રોવાળા નસરવાનજી દોરાબજી આપ અખત્યારે તા. ૬.૨.૧૮૬૮થી 'ઈઅજદાં પરસ્ત' નામનું દર ગુરુવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક શરૂ કર્યું. નામ પ્રમાણે તે મોટાભાગે જરથોસ્તી ધર્મ અને પારસીઓ સંબંધી સામગ્રી પ્રકાશિત કરતું. તેમાં આરંભે કેટલોક સમય દસ્તૂર પેશોતનજી બેરામજી સંજાણાએ ધાર્મિક બાબતો પર લેખો લખ્યા હતા. ૧૮૬૯માં તેમણે 'ઈએજદાં પરસ્ત' માટે લખવાનું બંધ કર્યું. ત્યારબાદ તેમાં દસ્તુર જમશેદજી સોરાબજી કુકાદારૂએ ધાર્મિક વિષયો પર લખ્યું. આ સિવાય મંચેરજી કાવસજી લંગડાનાએ તેમાં નિયમિત લેખો લખ્યા. 'ઈઅજદાં પરસ્ત' પાછળ જતાં ગુરુવારના સ્થાને રવિવારે પ્રસિદ્ધ થતું હતું. નસરવાનજી આપ અખત્યારનું તા. ૨૦.૬.૧૮૭૮ના રોજ અવસાન થતાં આ પત્ર તેમના ભત્રીજા બરજોરજી નવરોજી આપ અખત્યારે સંભાળ્યું. તેમણે તેને દસ વર્ષ સુધી ચલાવી તા. ૨૨.૬.૧૮૮૯ના રોજ બંધ કર્યું.

### સંદર્ભસૂચિ


૧. ડૉ. રતન રુસ્તમજી માર્શલ. 'ગુજરાતી પત્રકારિત્વનો ઇતિહાસ', સાહિત્ય સંગમ, સુરત, ૨૦૦૫.
૨. વિષ્ણુ પંડ્યા. 'પત્રકારત્વની વિકાસ રેખા' - નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ અને અમદાવાદ, ૧૯૯૧
૩. યાસીન દલાલ. 'અખબારી ઇતિહાસ', પ્રથમ આવૃત્તિ ૨૦૦૫, પાર્શ્વ પબ્લિકેશન, નિશાપોળ, ઝવેરીવાડ, રીલીફ રોડ, અમદાવાદ, ૩૮૦૦૦૧.
૪. વિષ્ણુ પંડ્યા, ડૉ. આરતી પંડ્યા. 'પત્રકારત્વનો ઇતિહાસ', પ્રથમ આવૃત્તિ ૨૦૦૮, નવભારત સાહિત્ય મંદિર, દેરાસર પાસે, ગાંધીરોડ, અમદાવાદ, ૩૮૦૦૦૧.
૫. દિનેશ દેસાઈ, 'ગુજરાતી દૈનિક પત્રો : તાસીર અને તસવીર', પ્રથમ આવૃત્તિ ૨૦૧૦, હર્ષ પ્રકાશન, ૧૦૩ ઓમદર્શન ફ્લેટ્સ, ૭, મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ, ૩૮૦૦૦૭.

# અપ્રતિમ વિદ્યોપાસક, સારસ્વત, કેળવણીના પ્રકાશપુંજ બ્રહ્મર્ષિ : કે.કા. શાસ્ત્રી (૧૯૦૫ થી ૨૦૦૬)

◆

ડૉ. મોહનભાઈ જે. ચાવડા*

સંવત ૧૯૬૧ના અષાઢ વદિ ૧૧ શુક્રવાર (ઈ.સ. ૧૯૦૫, ૨૮ જુલાઈ)ના રોજ સોરઠના પ્રાચીન માંગરોળ નગરથી શરૂ થયેલી જીવનયાત્રા પિતાશ્રી કાશીરામ શાસ્ત્રી અને માતા દેવકીબેનની આંગળી પકડી વિશ્વ સફરે પહોંચી તેવા કેશવરામ કાશીરામ શાસ્ત્રી (કે.કા. શાસ્ત્રી) નો અભ્યાસપિંડ, વિદ્યોપાસના માંગરોળમાં પ્રાથમિકશાળા, કોરોનેશન હાઈસ્કૂલ, પિતાશ્રી પાસે બંધાયેલો. શુકલ યજુર્વેદ માધ્યંદિની શાખાના બરડાઈ બ્રાહ્મણ શાસ્ત્રીજીએ ધોરણ ૭ સુધીનો અભ્યાસ તાલુકા સ્કૂલ માંગરોળમાં જ પૂરો કરીને પિતાજી પાસેથી સંસ્કૃત અભ્યાસનું ભાથું મેળવી વ્યાકરણ ભણતાં ભણતાં વ્યાકરણ ભણાવવાનો રસ બેવડાતો ગયો. સંસ્કૃત છંદશાસ્ત્ર, અમરકોશના વાંચનથી શાસ્ત્રીજીની રસ રુચિ ભાષા-વ્યાકરણ પ્રત્યે વધતી ગઈ. ત્યારબાદ તેઓ ૧૯૫૦ માં અમદાવાદ તરફ પ્રયાણ કરે છે જ્યાં તેમની જિંદગીની બીજી ઇનીંગ શરૂ થાય છે. જે શાળામાં અભ્યાસ (માંગરોળ) ત્યાંજ શિક્ષક તરીકેની કારકિર્દી પણ શરૂ કરેલ. શાસ્ત્રીજી અમદાવાદ આવ્યા પછી છાપખાનમાં, પ્રજાબંધુ પ્રેસમાં, તંત્રી તથા સંપાદક, માર્ગદર્શક તરીકે સેવાઓ આપતાં આપતાં અનેક લેખો લખે છે. 'ગુજરાતી', 'પ્રજાબંધુ', 'શ્રી ફાર્બસ ત્રૈમાસિક', 'બુધ્ધિપ્રકાશ', 'અનુગ્રહ', 'પથિક', 'વૈષ્ણવધર્મપતાકા', 'ભક્તિમાર્તંડ' જેવાં સામયિકોમાં 'વિદુર', 'ગાર્ગ્ય', 'એક કાઠિયાવાડી', 'ગર્ગજોશી', એવા ઉપનામોથી ઈતિહાસ, રાજકારણ, સાહિત્ય, ભાષા, પુરાતત્ત્વ, કવિતા, વ્યાકરણ, સંસ્કૃત સાહિત્ય જેવા વિષયો ઉપર અનેક સંશોધનાત્મક લેખો આપે છે. ચુનીલાલ વર્ધમાન શાહ જેવા ઉત્તમ-મિત્રના કારણે તેમજ 'પ્રજાબંધુ' ના સથવારે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ગુજરાત વિદ્યાસભા, ભો.જે.વિદ્યાભવન, ગુજરાત રિસર્ચ સોસાયટી જેવી સંશોધન સંસ્થાઓમાં જોડાઈને શાસ્ત્રીજીએ અનેક હસ્તલિખિત હસ્તપ્રતોનું વાંચન, મનન, સંશોધન, સંપાદન, પ્રકાશન કરી આપ્યું છે. લખવાના સંસ્કાર તો શાસ્ત્રીજીને ગળથૂથીમાંથી જ મળેલા એટલે કદાચ 'કવિચરિત', 'આપણા કવિઓ', 'અપભ્રંશ વ્યાકરણ', 'હંસાવલી' જેવા ગ્રંથોનું મૂલ્યાંકન, સંપાદન, અનુવાદ તેમના હાથે થયું.

શિક્ષકનો વ્યાવસાય તેમને પિતાજી પાસેથી વારસામાં મળેલો જો કે તેમનું મનગમતું કાર્ય તો સંશોધન જ હતું. ૧૯૩૯ ના જૂન મહિનાથી સંસ્કૃત ગુજરાતી ભારતીય સંસ્કૃતિ-ફારસી આ ચાર વિષયોના અનુસ્નાતક વર્ગ ચલાવવાની મુંબઈ યુનિવર્સિટીની માન્યતા મળી એ સમયે ડૉ. આનંદશંકર ધ્રુવ વિદ્યાસભાના પ્રમુખ હતા. હીરાલાલ પારેખના ખાલી પડેલા સ્થાને રસિકલાલ પરીખ સહાયક મંત્રી બનેલા આ વિદ્યાસભામાં ઉમાશંકર જોશી અને શાસ્ત્રીજીને એમ.એ.માં ગુજરાતી તથા અપભ્રંશ ભાષા શીખવવા માટે, ભણાવવા માટે માન્યતા મળી પછી ૧૯૫૧ માં ગુજરાત યુનિવર્સિટી બનતાં ૧૯૫૫ માં 'ગુજરાતી વિષયમાં પીએચ.ડી. ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાની માન્યતા મળી. ૧૯૫૮ માં શાસ્ત્રીજીએ લા.દ.સં.વિદ્યાભવનમાંથી છૂટા થઈ અમદાવાદમાં આવેલી સાંકડી શેરીના નાકે ચાલતી બાલાભાઈ દામોદરદાસ મહિલા કૉલેજમાં સંલગ્ન અધ્યાપક તરીકે સેવાઓ આપવાની શરૂઆત કરી. સંસ્કૃત અને ગુજરાતી વિષયમાં તેમને અધ્યાપન કરાવવાનું હતું. આ એ સમય હતો કે આ બી.ડી. કૉલેજ ગુજરાત યુનિવર્સિટીની એકમાત્ર મહિલા કૉલેજ તરીકે નામના મેળવી ચૂકી હતી. જેમાં આદરણીય એસ.આર.ભટ્ટ, એસ્થર સોલોમન, ઋષિરાજ અગ્નિહોત્રી, રઘુવીર ચૌધરી, પુષ્કર ચંદરવાકર, કે.કા.શાસ્ત્રી, નિરંજન ભગત, નલીન રાવળ જેવાં રત્નો આ કૉલેજની શોભા

* અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, બી.ડી.કૉલેજ, સિટી કેમ્પસ, લાલા દરવાજા, અમદાવાદ.

વધારતાં હતાં. ૧૯૬૧ થી ૧૯૭૦ સુધી કે.કા.શાસ્ત્રીની સેવાઓ આ કૉલેજને મળતી રહી. દસ વર્ષના આ ગાળામાં શાસ્ત્રીજીએ આ કૉલેજમાં અભ્યાસ કરતી અનેક બહેનોનું જીવન ઘડતર, મૂલ્ય સંસ્કાર સિંચનનું ઉત્તમ કાર્ય કર્યું છે. આવા શાસ્ત્રીજી વિશે તેમના જ એક વિદ્યાર્થિની કે જેઓ આજ કૉલેજમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે એવા પ્રો. અંજની મહેતા એમના વ્યક્તિત્વ વિશે સંભારણા વાગોળતાં કહે છે કે પૂજ્ય શાસ્ત્રીજી બી.ડી. આર્ટ્સ કૉલેજમાં લગભગ દસ વર્ષ કાર્યરત રહ્યા. આ સમય દરમિયાન અખિલ ભારતીય સંસ્કૃત સાહિત્ય સંમેલન સુવર્ણજયંતિ સમારોહ પ્રસંગે એમને પ્રાપ્ત થયેલું વિદ્યાવાચસ્પતિનું બિરુદ, તો જૂનાગઢ મુકામે ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૫ મા રજત જયંતિ અધિવેશનમાં સંશોધન વિભાગના તેઓ પ્રમુખ બન્યા. વળી પ્રજાસત્તાક દિને ઉપરાષ્ટ્રપતિ દ્વારા 'પદ્મશ્રી' નો ખિતાબ એનાયત કરવાનું ઘોષિત થતાં, તે સંસ્થાના અધ્યાપકોના લેખોનું સંપાદિત થયેલું 'પરાર્થ' નામનું પુસ્તક જેમાં પૂ. શાસ્ત્રીજીનો સંશોધન પરનો મનનીય લેખ તે સમયે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તથા મૂર્ધન્ય સાહિત્યકાર પૂ. ઉમાશંકર જોશીના આશીર્વચન પુસ્તકને લોકાર્પણ વિધિ દ્વારા સાંપડતા જે ગૌરવની લાગણી થઈ ઊઠેલી તેનો સાંગોપાંગ ચિતાર સ્મરણમાં અકબંધ છે. પૂ.શાસ્ત્રીજીની ષષ્ટિપૂર્તિ પણ વર્ગમાં અને અધ્યાપકખંડમાં ખૂબ ઉલ્લાસપૂર્વક ઉજવેલી. પૂ.શાસ્ત્રી સાહેબને ગુજરાતી ઉપરાંત સ્વ.પૂ. ભટ્ટસાહેબે સંસ્કૃત વિષયમાં સેવા સોંપેલી, સંસ્કૃતના વિષયમાં વ્યાકરણશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, ભગવદ્ગીતા અને કાવ્યો શીખવવાનો એમને પ્રથમ વખત યોગ સાંપડેલો. છ વર્ષમાં સાત વખત ગીતા ભણાવી જેને પરિણામે 'ગીતા : તાત્ત્વિક અભ્યાસ' એ ગ્રંથ અસ્તિત્વમાં આવ્યો. સિદ્ધાંત કૌમુદીના બી.એ.ના અભ્યાસક્રમમાંના સંજ્ઞા અને કારક પ્રકરણો વિશે અધ્યાપન કરાવવાને પરિણામે લખાણ પામ્યાં. ગુજરાતી વિષયના અધ્યાપન નિમિત્તે દયારામના 'રસિકવલ્લભ'નું સંપાદન અને 'રસિકવલ્લભ : એક અધ્યયન' પણ પ્રકાશિત થયાં. 'ચાર ફાગુઓ' પણ આ ગાળામાં જ બહાર પડ્યાં. ઉપરાંત મધ્યકાલીન કવિઓ વિશે, સંપાદન-સંશોધન તથા સાહિત્યના ઇતિહાસ વિશે અભ્યાસીઓમાં પાયાની સ્પષ્ટતા માટે તેઓ જ્યારે જ્યારે વિષયથી થોડા અલગ ફંટાઈ ચર્ચા કરે ત્યારે અને હસ્તલિખિત નમૂનાઓ વર્ગમાં લાવી એનું ઓળખ દર્શન કરાવે ત્યારે પ્રાચીન વિદ્યાશાખામાં બેસી અભ્યાસ કરતા હોઈએ એવો વર્ગમાં માહોલ રચાતો. પ્રેમાનંદના નળાખ્યાનનો પ્રધાન રસ શૃંગાર છે. દયારામ ભક્ત કવિ કે શૃંગાર રસનો કવિ ? 'વાર્તાકાર શામળની વાર્તાનાં સ્ત્રીપાત્રો' સ્મૃતિમાં જે આવ્યાં તે તે જણાવેલા મુદ્દાઓ માટે વર્ગમાં બહેનો વચ્ચે ચર્ચા કરવાના અને પછી તેનું સમાલોચન કરતા. ચર્ચા વખતે અમારી ઉચ્ચારણ સ્પષ્ટતા, વિષય સાથેની સજ્જતા અને તૈયારી માટે અગાઉથી જાહેર કરતા, પ્રસંગોપાત્ત ચર્ચાના દિવસે સંસ્થાના અન્ય કાર્યક્રમનું આયોજન હોય તો કદીય અમને સોંપેલી ચર્ચા અન્ય સમયે તો યોજે જ. કદીય તેઓ વિસ્મૃત થતા નહીં. વર્ગમાં જો મુદ્દો અધૂરો રહે તો પછીના વર્ગમાં એમણે મુદ્દાના અનુસંધાન માટે પૂછપરછ કરી જ ન હોય. - હા અમારી સજ્જતાને કસવા પ્રશ્નાર્થ કરે પરંતુ પ્રેમપૂર્વક સજ્જ રહેવાની ટકોર તો અવશ્ય કરે જ. ભાષા પરિવર્તનમાં, ભાષાની અવાંતર ભૂમિકાઓ, અપભ્રંશ અને જૂની ગુજરાતી વિશે પણ એમનાં વ્યાખ્યાનોમાં ફરી વખત પૂછવાની આવશ્યકતા ઊભી થાય તો ખૂબ સદ્ભાવપૂર્વક સમજાવતા. અધ્યાપન સમય પૂરો થતાં બેલ થાય અને મુદ્દો અધૂરો રહે તો અવશ્ય બોલી ઊઠે 'બહેનો બેલ વાગ્યો - લમણામાં બરોબર વાગ્યો' વ્યાખ્યાનમાં એકતાર હોય અને કોઈ અનાવશ્યક અવાજ થાય તો માત્ર આંખ જ ઊંચી કરતા - વર્ગ તે જે ક્ષણે શાંત સ્વસ્થ અને અવાજ કરનાર શાનમાં સમજી ધ્યાન પરોવે. વર્ગ પૂરો થતાં ઝડપથી વ્યાખ્યાનપીઠ પરથી ઊભા થાય. 'અખંડ સૌભાગ્યવતી ભવ' આવા આશીર્વાદ અમને સૌને મળે...પૂ.શાસ્ત્રીજી આટલા વિદ્વાન હોવા છતાં એમની વિદ્વત્તાનો ભાર ક્યારેય કોઈને લાગવા દેતા નહિ કે પોતે પણ રાખતા નહિં. બલકે તેઓ વારંવાર અમને કહેતા અને હજુ આજેય એમના શતાયુ પ્રસંગની ઉજવણીમાં, સમ્માન સમારોહમાં આમ જ કહેતા સાંભળ્યા છે કે આ મેટ્રીક્યુલેટને ડૉક્ટરેટની અને બીજી અનેક ઉપાધિઓથી નવાજ્યો છે. મને આવી ઉપાધિઓ આપી દેવામાં આવી છે. બાકી હું તો સંશોધક છું, 'રિસર્ચર' છું. અંતે ભટ્ટ સાહેબના વિદાય સમારંભમાં તેઓ બોલેલા 'બી.ડી. કૉલેજમાં હું આચાર્ય ભટ્ટ સાહેબના હાથ નીચે અધ્યાપક હતો છતાં એમના

નિસ્વાર્થ અનુરાગે મને ગુજરાતી-સંસ્કૃત વિષય ભણાવવાનું સોંપ્યું' મારી શૈક્ષણિક કારકિર્દીનો પ્રથમ શાસ્ત્રીસાહેબ સાથે વીતાવેલો લગભગ દસ વર્ષનો સમયખંડ અનેક યાદોથી ભરેલો છે. "આવા શાસ્ત્રીજી સંશોધક, સંપાદક, વિવેચક, સાહિત્યકાર, ભાષા વૈજ્ઞાનિક હતા. ૨૫૩ પુસ્તકો અને અઢળક ભાષા-સાહિત્ય-લિપિ વિષયક લેખો એમણે 'એક કાઠિયાવાડી' 'ગાર્ગ્ય', 'વિદૂર', 'સાહિત્ય વત્સલ', 'ગર્ગજોશી' જેવાં ઉપનામથી લખ્યા છે. એમણે ઇતિહાસ, ધર્મ, સમાજ, પુરાતત્ત્વ, જેવા વિષયોમાં ચરિત્રાત્મક, સમીક્ષાત્મક લેખો, અવલોકનો અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, વ્રજ, અપભ્રંશ અને ગુજરાતી ભાષામાં લખ્યા છે.

સરસ્વતીના સાધક, મનીષી, આધુનિક યુગના ઋષિ, વિશ્વહિન્દુ પરિષદના પ્રમુખ, ૫૩ સભ્યોનો પરિવાર ધરાવતા, ૧૫૦૦ પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ અને ૨૦ વિદ્યાર્થીઓને પીએચ.ડી. કરાવનાર શાસ્ત્રીજી સાચા અર્થમાં વિદ્વાન હતા. ૧૩૬ સંશોધન મૂલક પુસ્તકો લખ્યાં તેમજ મહાભારતના સવા લાખ શ્લોકોમાંથી ૨૪૦૦૦ પ્રમાણભૂત શ્લોકો તારવવાનું ભગીરથ કાર્ય તેમણે કરી બતાવ્યું હતું. ૧૯૩૬ માં 'પ્રજાબંધુ' પ્રેસમાં જોડાઈને રાજકારણની કોલમ લખતાં લખતાં શાસ્ત્રીજીએ પુરાતત્ત્વ અને ઇતિહાસ, ભાષા જેવા વિષયો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જંગમ વિદ્યાપીઠ સમા, દધીચિ, સાક્ષર, શતાયુ શાસ્ત્રીજી માત્ર ગુજરાતના જ નહિ પણ સમગ્ર ભારતના વિદ્વાનોમાં જાણીતા બહુમુખી પ્રતિભા ધરાવતા ઉચ્ચ કોટિના વિદ્વાન હતા. તેમને વિદ્વત્તાનો કોઈ ભાર નહોતો. અહર્નિશ વિદ્યાવ્યાસંગી શાસ્ત્રીજીએ ઇતિહાસ, પુરાતત્ત્વ, સંસ્કૃતિ, પ્રાકૃત, અપભ્રંશ અને ગુજરાતી ભાષાવિજ્ઞાન-વ્યાકરણ ઉપરાંત અનેક ક્ષેત્રોમાં એક સંશોધકની ચીવટથી ખૂબ ઝીણું કાંતણ કામ કર્યું છે. એક સંસ્થા ન કરી શકે એવડું મોટું કામ આ મુઠ્ઠીભર હાડકાંના માનવીએ એકલે હાથે કરી બતાવ્યું છે. કવિ ઉમાશંકર જોશી, યશવંત શુકલ અને ભોગીલાલ સાંડેસરા જેવા પ્રખર અધ્યાપકો પણ શાસ્ત્રીજીની અન્વેષક દૃષ્ટિનો ખૂબ આદરભાવ કરતા હતા.

બી.ડી. કૉલેજમાં ૧૯૫૮ માં માનાર્હ અધ્યાપક તરીકે પોતાની કારકિર્દી શરૂ કરનાર શાસ્ત્રીજીને પોતાના જીવનમાં અનેક પદવીઓ, ઍવોર્ડ્સ, સમ્માનો ઇત્યાદિ મળેલાં છે. જેવાં કે ભાષા ભાસ્કર, વિદ્યા વાચસ્પતિ, પદ્મશ્રી, મહામહિમોપાધ્યાય, વેદવેદાંતચક્રવર્તી, ડૉક્ટર ઑફ લેટર્સ, શુદ્ધાદ્વૈતાલંકાર, ધર્મભાસ્કર, ગુર્જરરત્ન, બ્રહ્મર્ષિ, ભારતભારતી રત્ન, પ્રભાસરત્ન, વાચસ્પતિ, ભારતમાર્તંડ, જ્ઞાતિરત્ન અને નરસિંહ મહેતા ઍવોર્ડ. આ ઉપરાંત વિશ્વગુર્જરી, આંતરરાષ્ટ્રીય સાહિત્ય બંધુત્વ, ગુજરાત સાહિત્ય સંગમ, ગુજરાત રાજ્ય રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, હિન્દી સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય અકાદમી, સંસ્કૃત સાહિત્ય અકાદમી, સોમનાથ દેવસ્થાન, પ્રભાસપાટણ, કુમારચંદ્રપ્રકાશ લખનૌ તરફથી ઍવોર્ડો તેમજ તામ્રપત્ર, પિત્તળપત્ર, કાંસ્યપત્ર, ૩૫ જેટલી સંસ્થાઓના માનપત્રો અને અનેક સુવર્ણચંદ્રક શાસ્ત્રીજીને મળેલ છે. આ ઉપરાંત ૧૯૩૬ માં પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય અને નડિયાદના વૈષ્ણવ સમાજનો ચંદ્રક ૧૯૫૨ માં ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ દ્વારા રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૬૩ માં ગુજરાત રિસર્ચ સોસાયટી મુંબઈ-અમદાવાદ દ્વારા કાંસ્યચંદ્રક અને ૧૯૭૧ માં ગુજરાત ઇતિહાસ પરિષદ, દ્વારકા દ્વારા ગોકાણી સુવર્ણચંદ્રક તેમને પ્રાપ્ત થયેલ છે.

માત્ર ૭ ધોરણના અભ્યાસમાં પણ કેટલું વિત્ત છે તેનું પ્રમાણ શાસ્ત્રીજીએ પોતાના માર્ગદર્શનમાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ પાસે કરાવેલા મહાનિબંધો પરથી મળી રહે છે. એમાં પ્રેમાનંદ, શામળ, ભાલણ, નાકર, દયારામ, નરસિંહ મહેતા અને એ પહેલાંના સાહિત્ય, કવિ ઋષભદાસ, મધ્યકાલીન સૌરાષ્ટ્રીય સાહિત્ય, સ્વામી બ્રહ્માનંદ વગેરે ઉપરનું કામ જોવા મળે છે. એટલું જ નહિ પણ મધ્યકાળના આ સર્જકોની કૃતિઓની અધિકૃત વાચનાઓ તથા તત્કાલીન ભાષાના વિકાસ સંદર્ભે પણ પ્રામાણિક કામ થયું છે. ઉત્તર-અપભ્રંશ યુગનું સાહિત્ય, રાસયુગ, વાગડી બોલીનું સ્વરૂપ અને એનો તુલનાત્મક અભ્યાસ તથા નરસિંહ પૂર્વેના સાહિત્યમાં વ્યક્ત થતું સમાજજીવન, કારડિયા રાજપૂતોમાં પ્રચલિત લોકગીતોનો સાહિત્યિક અને સાંસ્કૃતિક અભ્યાસ આખ્યાનયુગનો મુખ્ય સાહિત્યપ્રવાહ વગેરે પર તેમજ મધ્યકાલીન ગુજરાતીમાં વિરાટ

પર્વોનો તુલનાત્મક અભ્યાસ પર પણ કામ થયું છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યના સંપર્કમાં પણ શાસ્ત્રીજી રહ્યા છે. તેથી જ તો તેમણે ઐતિહાસિક નવલકથાઓ, ના.વિ. ઠક્કર કે દુલાકાગ જેવા વિષયો પર પણ કામ કરાવ્યું છે.

અનેક વિષયો-ચર્ચાઓ-વિવેચનોનાં ક્ષેત્રે વિસ્તરેલું શાસ્ત્રીજીનું લેખન-સંશોધન તેમના જીવનની અવિરત યાત્રા સમાન છે. ૨૫૩ ગ્રંથોના વર્ષો ગણીએ તો પણ ૧૦૧ વર્ષનું આયુષ્ય ઓછું પડે તે દૃષ્ટિએ તેમનું જીવન એક સરસ્વતીની શોધની અવિરત યાત્રા સમાન છે. તેમણે ભાષા-લિપિ-સાહિત્ય વગેરે, સંસ્કૃત ટીકાઓ, સંસ્કૃત કાવ્યશાસ્ત્ર, છંદશાસ્ત્ર વગેરે અંગે, સાંપ્રદાયિક લેખો, ધર્મ, સમાજ, પુરાતત્ત્વ, ઈતિહાસ, ચરિત્રાત્મક લખાણો વિશે પણ મંથન કર્યું છે. આકાશવાણી પર વ્યાખ્યાનો, સમીક્ષાઓ, અવલોકનો, ઉપરાંત અંગ્રેજી-હિન્દીમાં પણ સર્જન તેમણે કર્યું છે. સંસ્કૃત નાટકોના અનુવાદો કર્યા છે. મૌલિક એકાંકીઓ અને લઘુનાટિકાઓ પણ લખી છે. સંપાદનો તો સતત તેઓ કરતા રહ્યા છે. ૨૫૩ પુસ્તકો અને ૧૫૦૦ જેટલા લેખોમાં વિષય વૈવિધ્ય ઊડીને આંખે વળગે તેવું, છક થઈ જવાય તેવું છે. ગુજરાતી, હિન્દી, વ્રજ, સંસ્કૃત, અંગ્રેજી જેવી ભાષાઓમાં સંશોધન, સંપાદન, મૂલ્યાંકન કરીને આટલો મબલખ પાક ઉતારી આપનાર શાસ્ત્રીજી સાચા અર્થમાં મનીષી હતા.

ગુજરાત વિદ્યાસભાના ઉપપ્રમુખ, વડીલ વિદ્વાન, એક અપ્રતિમ નક્ષત્ર, પરમ સારસ્વત, શબ્દોપાસક, વિદ્યાપુરુષ, પ્રકાશપુંજ, દધીચિ સાક્ષર, સંશોધક-સંપાદક, વિદ્વત્તા અને નમ્રતાનો સુભગ સંગમ, મયૂરોની કેકા, ૧૦૦ અણનમ, શતાયુ ઋષિ, સંસ્કૃતિના ઉદ્ગાતા, બ્રહ્મર્ષિ એવા કે.કા. શાસ્ત્રીજીના કાર્યને મૂલવવું એટલે સાગરને ગાગરમાં ભરવા જેવું છે. શું મૂકવું અને શું છોડી દેવું એવી દ્વિધા વચ્ચે પણ આ મૂલ્યાંકન મૂકી રહ્યો છું. મેં પોતે (આ લેખ લખનારે) કે.કા. શાસ્ત્રીજીના છંદશાસ્ત્ર, કોશશાસ્ત્ર, જોડણીશાસ્ત્ર અને ભાષા-વ્યાકરણ પર અભ્યાસ નિબંધ રજૂ કરી પીએચ.ડી. પદવી પ્રાપ્ત કરેલ છે. એ દૃષ્ટિએ તથા મારા ગુરુ કૃષ્ણકાંત કડકિયા સાહેબના માર્ગદર્શક એવા શાસ્ત્રીજીના કાર્યને મેં થોડુંક નજીકથી જોયું છે, અનુભવ્યું છે. એ અહીં મૂકવાનો પ્રયત્ન કર્યો છે. તેમનાં બહુઆયામી પાસાંઓ વિશે જોઈએ તો...

**વિરલ અને ઉચ્ચ કોટિના સંપાદક :**

શાસ્ત્રીજી વિરલ અને ઉચ્ચ કોટિના સંપાદક હતા. તેમની આ શક્તિઓ તેમના સંસ્કૃત, ગુજરાતી ગ્રંથોના સઘન પરિશીલન અને સંપાદનોમાં દેખાય છે. જેસલમેરનો હસ્તપ્રત ભંડાર, ભો.જે.વિદ્યાભવન, લા.દ.મહાવિદ્યાલય (એલ.ડી.ઈન્ડોલોજી), ગુજરાત વિદ્યાસભા જેવી સંસ્થાઓમાં રહેલી ગુજરાતી, સંસ્કૃતની પ્રાચીન હસ્તપ્રતોનું અન્વેષણ, વિશ્લેષણ પૂરી લગનથી તેમણે કરીને અનેક સંપાદનો આપ્યાં છે. જેમાં મુગ્ધાવબોધ ઔક્તિક, મહાભારતની સમીક્ષિત આવૃત્તિ, ભાગવતપુરાણની સમીક્ષિત આવૃત્તિ, પ્રબોધપ્રકાશ (ભીમકૃત), મહાભારત પદબંધ ગ્રંથ-૪, નવરત્નસ્તોત્રસટીકમ્, હંસાઉલી, દલપતરામની કવિતા, શામળના છપ્પા, દલપતકાવ્ય નવનીત, મહાભારત પદબંધ ગ્રંથ-૭, ગ્રંથ-૫, કાદંબરી પૂર્વભાગ (ભાલણ કૃત), નળાખ્યાન (ભાલણકૃત), રસિકવલ્લભ (દયારામ કૃત), વિવેક ધૈર્યાશ્રયસટીક, સિદ્ધાંત રહસ્ય સટીકમ્, સુદામાચરિત, વસંતવિલાસ ફાગુ, કાદંબરી ઉત્તરભાગ (ભાલણ), ષોડશગ્રંથ, અણુભાષ્યપ્રદીપમ્, ભોજપ્રબંધ, ભાણદાસના ગરબા, રણછોડભગતનાં ધોળ, સં.માર્ગોપદેશિકા, ન.મ.નાં આખ્યાન, મુદ્રારાક્ષસ અનુવાદ, અમરુશતક અનુવાદ, મનુસ્મૃતિ રત્નકણિકા, મન્દિરાન્તઃ પ્રવેશિકા, પ્રતિમાનાટક, ભાગવતદશમસ્કંધ, પ્રધાનની પ્રતિજ્ઞા, દા.કે.આકરુવાળાઃ આત્મચરિત્ર, મેળની મુદ્રિકા, હરિરસની હેલી, વિંધ્યવનની કન્યકા, પદ્મરચનાની ઐતિહાસિક આલોચના, સેવાસર્વસ્વ, ભાવાર્થ દીપિકા, ભાગવતચંદ્રિકા, પદરત્નાવલી, સુબોધિની, વગેરેના સંપાદનો તેમણે કર્યાં છે. શાસ્ત્રીજી પોતાના સંપાદનો માટે અનેક ગ્રંથ ભંડારોમાં દિવસોના દિવસો સુધી બેસી પ્રાચીન હસ્તપ્રતોનું વાંચન, મનન કરી સૂચિ બનાવી, કૃતિઓ ઉતારી, પાઠફેર, પાઠસમીક્ષા, મૂળઆદર્શને શોધી ધૂળધોયાનું કામ કરતાં પૂરી લગન અને ઉત્સાહથી સંપાદકનું ઝીણી નજરે કામ કર્યું છે.

સંપાદક તરીકે શાસ્ત્રીએ ભાગવતપુરાણ, દશમસ્કંધ, જયસંહિતા અને ભારતસંહિતા તેમજ ગીતા શતશ્લોકી માટે તેમજ તેમના અન્ય સંપાદનો માટે તેમણે દેવનાગરી, શારદા, બંગાળી, મૈથિલી, નેવારી, ઉડિયા, નંદિનાગરી, તેલુગુ, કન્નડ, ગ્રંથ અને મલયાલમ જેવી દેશની ૧૧ જેટલી વિવિધ લિપિઓમાં લખાયેલી પ્રાચીન હસ્તપ્રતો તપાસી છે, પાઠાંતરો નોંધ્યા છે, જોયા છે, દેશના વિવિધ ગ્રંથભંડારોની મુલાકાત, જાત તપાસ કરી છે. ભાષા, વ્યાકરણની દૃષ્ટિએ પણ ચકાસણી કરીને પછી જ તેઓએ આ સંપાદનો આપ્યાં છે. તે દૃષ્ટિએ પણ તેઓ ઉચ્ચ કોટિના સંપાદક છે.

**મૂળમાંથી કુળ શોધનાર સંશોધક :**

૧૩૬ પુસ્તકો સંશોધકમૂલકના એ દૃષ્ટિએ શાસ્ત્રીજીનું કેટલું મોટું વિરાટ કાર્ય. બાળપણથી જ સ્વભાવે સંશોધક એવા શાસ્ત્રીજીએ સંસ્કૃત, ગુજરાતી ભાષાના અધ્યાપન-અધ્યયન દરમિયાન ગુજરાતી વ્યાકરણ, ભાષાશાસ્ત્ર, મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, છંદશાસ્ત્ર, જોડણી, લિપિ, કોષ વગેરેમાં કાર્ય તો કર્યું જ છે તે ઉપરાંત વૃત્તમંજરીનાં સ્તબકો, પિંગલપ્રવેશ, ગુજરાતી ભાષાલેખન, વ્યાકરણમાં ગુજરાતી ધાતુઓના પાંચ ગણ. પ્રેરકના ચાર પ્રકાર, ગુજરાતી ભાષાશાસ્ત્ર, ગુજરાતી ભાષાનું પારંપરિક વ્યાકરણ, ગુજરાતી ઉચ્ચારણ મીમાંસા, અપભ્રંશ વ્યાકરણ, ગૌર્જર અપભ્રંશ : લોક સાહિત્ય, ગુર્જરઅપભ્રંશ : ગ્રંથ અને ગ્રંથકાર, જોડણી મીમાંસા, બૃહદ્ગુજરાતી કોશ-૧, ગુજરાતી ભાષાનો લઘુ જોડણી કોશ, સામાજિક દિશા-દર્શન, આર્યો અને લિપિ, ગુજરાતી ભાષાનું ક્રમિક વ્યાકરણ, ભાષાકીય દિશાદર્શન, ભાષા અને વ્યાકરણ, હ્રાસ પ્રક્રિયા, નરસિંહ મહેતાની ભાષા અને શૈલી, ભાલણનું આખ્યાન ને એની ભાષા ભૂમિકા, કચ્છીભાષા, ગુજરાતી ભાષાનું રેખાદર્શન ખંડ-૧, નરસિંહ મહેતાના પદ, રાસ સહસ્રપદી, નરસિંહ મહેતા : એક અધ્યયન, હંસાઉલી, ભાલણ અને અધ્યયન, કાદંબરી અધ્યયન, ચાર ફાગુઓ : અભ્યાસ, પ્રેમાનંદ : એક અધ્યયન, રસિકવલ્લભ : એક અધ્યયન, દલપતરામની કવિતા, ભરતનું નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્ત, સંક્ષેપ નાટ્યશાસ્ત્ર, ભાણ : એક રૂપક પ્રકાર, ભાસ : નાટ્યચક્ર, આપણા કવિઓ, જેવા ગ્રંથો તેમજ લેખોમાં શાસ્ત્રીજીની ભાષા સાહિત્યમાં વિકસેલી સંશોધનમૂલક દૃષ્ટિ ઇતિહાસ-પુરાતત્ત્વના અને બીજાં ક્ષેત્રોમાં પણ વિસ્તરેલી દેખાય છે. તેમના આ સંશોધનમૂલક ગ્રંથો ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ, ભાષા, વ્યાકરણ વગેરેને સાહિત્યિક દૃષ્ટિએ, સંશોધનાત્મકમૂલક દૃષ્ટિએ તેઓ જુએ છે અને ઉત્તમ શોધ કરી આપી છે.

**એકાંકીના સફળ યોજક :**

ગુજરાતના અગ્રગણ્ય ભાષાશાસ્ત્રી, ઇતિહાસ, પુરાતત્ત્વવિદ્, સંશોધક અને વિવેચક એવા શ્રી કે.કા.શાસ્ત્રીનું નાટ્ય ક્ષેત્રે પ્રદાન એટલે 'ભરતનું નાટ્યશાસ્ત્ર', 'ભાણ એક રૂપક પ્રકાર', 'પ્રેમની પ્રસાદી', તેમના ભાસનાં ૮ નાટકો, ભાસ નાટ્યચક્રના ગ્રંથો, આ ઉપરાંત શાસ્ત્રીજી એકાંકી ક્ષેત્રે પણ 'પ્રકૃતિના નાશની પાછળ' રૂપકાત્મક શૈલીમાં ૧૯૩૬માં લખીને પ્રવેશે છે. ત્યારબાદ જ જુદા જુદા સમયે અને ગાળામાં લખાયેલાં એકાંકીઓ પણ પ્રગટ થયાં છે જેવાં કે 'સહકારમાં' (૧૯૫૪) સહકારી પ્રવૃત્તિ માટે લખાયેલું. 'અજેય ગૌરી શિખર અને અન્ય દસ એકાંકીઓ' (૧૯૬૩)માં પ્રકાશિત થાય છે. જેમાં ઐતિહાસિક વસ્તુ લઈને અગિયાર એકાંકીઓ સંગૃહીત થયેલાં છે. તેમાં અજેય ગૌરી શિખર, ભાવના સિદ્ધિ, નરસિંહનું અંતિમ સ્મારક, સીંહૂજ ભણી, શામળ, શાહી હૃદયા, ખુદાનો સંકેત, ધન્યઝાલાકુળ, ભરોસાનો ભેરુ, સૌજન્યની સુવાસ, રસખાન મુખ્ય છે. જેમાં શાસ્ત્રીજી પર્વતારોહણ તેનસિંગ, નરસિંહ મહેતાના પૂર્વજીવન, ઉત્તરજીવન, શામળના જીવનના રંગો, શામળની પદ્યવાર્તાઓ, સુલતાન મુઝફ્ફરની ન્યાયપ્રિયતા, સુલતાન મહમૂદ બેગડાના પિતા ગ્યાસુદીન મોહમદના જીવનમાં ઘટેલી ઐતિહાસિક ઘટનાઓ, ઝાલાકુળની યશોગાથા, ગોકુળનું દીવાનપદ અને રસખાનમાં મુસ્લિમ ભક્તની વૈષ્ણવદીક્ષા લેવું જેવી પ્રસંગો સંયોજી એકાંકીઓ રચ્યાં છે.

૧૯૬૩ માં તેમનો 'કૌલપરાજય અને અન્ય આઠ એકાંકીઓ' એકાંકીસંગ્રહ પ્રસિદ્ધ થાય છે. જેમાં

કૌલોના પરાજયની ઘટનાને નાટ્યરૂપ આપી 'કૌલપરાજય', શકુંતલાઉપાખ્યાનને અનુસરતું 'અમરમિલન', આરણ્યકપર્વની આઠ વાર્તાવાળું 'ધન્ય ઋષિજીવન', રામાયણનો પ્રસંગ નિરૂપતું 'વીરમૃત્યુને પંથે', જરાસંધના મિત્ર કાલયવન-કૃષ્ણનું સૌરાષ્ટ્રમાં જવું એ પ્રસંગ નિરૂપતું 'સફળ હિજરત', તેમજ 'પ્રકૃતિના નાશની પાછળ', 'સંનિષ્ઠા', 'અનાદિવાસની', 'એક લોહીના' જેવા એકાંકીઓ કટાક્ષ એકાંકીઓ તરીકે ઓળખાયાં છે. આ ઉપરાંત ૧૯૫૩ થી ૧૯૫૫ દરમ્યાન નાગરિક, ધર્મપ્રભા, દીપોત્સવી અંક, લોકસત્તા, બહુરૂપી જનકલ્યાણ, મંદિરમંગલ, કલિયુગ અંક, વિશ્વજ્ઞાન, આરસી, અંગના જેવા સામયિકોમાં શાસ્ત્રીજીના 'ખાનદાન', 'લોહી', 'જીવો ડ્રાઈવર', 'વધુ સુખી', 'ગોઝારી વાવ', 'ન્યાયની ઉજ્જવળતા', 'નારી નારાયણી સાક્ષાત્', 'જૂજવે રૂપે અનેક ભાસે', 'સુભગ વાગ્દાન', 'વરવિકટ', 'દુઃખની મારી', 'રાષ્ટ્રનું કલંક', 'સમજવા જેવું' એકાંકીઓ પ્રગટ થાય છે અને વખણાય છે. કે.કા.શાસ્ત્રીએ પોતાની આ કૃતિઓને 'એકાંકી' અને 'લઘુનાટિકા' તરીકે ઓળખાવી છે. શાસ્ત્રીજીએ એકાંકી ક્ષેત્રે એટલાં એકાંકી આપ્યા હોવાને કારણે જયંતિ દલાલે તેમને ઠીક ઠીક વખાણ્યા છે. એટલે શાસ્ત્રીજી નાટ્યકાર તેમજ એકાંકી ક્ષેત્રે સફળ રહ્યા છે. આ ઉપરાંત તેમનું પોતાનું સ્વયંનું કવિતાસર્જન પણ જોવા મળે છે.

**ઈતિહાસ અને પુરાતત્ત્વવિદ્ શાસ્ત્રીજી :**

વિદ્યાપુરુષ તરીકે ગૌરવપૂર્ણ અને આદરભર્યું માન મેળવનાર શાસ્ત્રીજી એક આજીવન શિક્ષક-સંશોધક રહ્યા છે. તેમના વિશાળ વાંચન, સ્વાધ્યાય અને સંશોધનના ફળસ્વરૂપે ઈતિહાસ, સંસ્કૃતિ અને પુરાતત્ત્વ વિશેનું તેમનું કામ અનેક વિષયોને આવરી લે છે. સૌરાષ્ટ્ર, કચ્છના ઈતિહાસ, સંસ્કૃતિ અને પુરાતત્ત્વને લક્ષમાં રાખીને થયેલાં તેમનાં સંશોધનોમાં 'સૌરાષ્ટ્રની પ્રાચીન નગરીઓ : માંગરોળ, સોરઠ', 'અસાં-જો-કચ્છ' મુખ્ય છે. તેમાંય 'અતીતના આરે', 'ઘૂમલી-રાજકીય અને સાંસ્કૃતિક', 'શ્રી સોમનાથ : સોમેશ્વર' જેવા ગ્રંથોમાં ઈતિહાસ સંસ્કૃતિનાં ભિન્ન ભિન્ન પાસાંઓની મૂલવણી થયેલી છે. સોમનાથ વિશેની પ્રાચીન માહિતી તથા રાજવંશોના ઈતિહાસની વિગતો પણ તેઓ આપે છે. માંગરોળ-સોરઠ બંદર અને નગર તરીકેની અનેક ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિગતો પુરાવા સાથે તટસ્થતાથી રજૂ કરી છે. 'અસાંજો કચ્છ'માં કચ્છનાં ઈતિહાસ-સંસ્કૃતિ અને પુરાતત્ત્વને લગતી બોલીઓ,* સંસ્કૃતિ, પ્રાગૈતિહાસિક કચ્છ, કચ્છના પ્રાચીન પાળિયા, પ્રાચીન સ્મારકો, પુંસરા અને વડીમેડીનો ઈતિહાસ, કચ્છની સ્થાપત્યકલાનાં દર્શન થાય છે. 'અતીતના આરે' માં સોરઠના ઈતિહાસ-પુરાતત્ત્વ વિશેના પંદર લેખો ગ્રંથસ્થ છે. જેમાં પ્રાગૈતિહાસિક કાલમાં સૌરાષ્ટ્રનો પ્રાચીન ઈતિહાસ, સૌરાષ્ટ્રની પ્રાચીન નગરીઓ, મધ્યકાલીન નગરીઓ, ઉત્તર-મધ્યકાલીન નગરીઓ, ગારુલકરાજાઓ, સૌરાષ્ટ્રના ગૌણ રાજવંશો, ઉજ્જયંત પર્વત અને ગિરિનગર, પ્રાગ્જ્યોતિષપુર અને દ્વારકા, પ્રભાસ અને સોમનાથ, સુદર્શન તળાવ, રાણપર (ગુફાઓ), ખીમેશ્વર મહાદેવ, માધવપુર (ઘેડ)ની વિગતો આલેખાયેલી જોવા મળે છે. 'ઘૂમલી' ગ્રંથમાં રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ત્રણ વિભાગમાં જોવા મળે છે તો 'સોમનાથ' ગ્રંથમાં ત્રણ ખંડમાં સોમનાથનું મહત્ત્વ, પાશુપાત સંપ્રદાય, સોમનાથ મંદિરનો ઈતિહાસ વગેરે વિશેની વિસ્તૃત માહિતી સાથેની વિગતો જોવા મળે છે.

આ ઉપરાંત તેમણે નર્મદનો જમાનો, ધર્મ સંસ્કૃતિ સભ્યતા, આર્યો શું ક્યાં અને ક્યારે ? દેવ-માનવ-દાનવ, વૈષ્ણવ સંપ્રદાયોનું મૂળ, ભક્તિગાન અને શાસ્ત્રીયગાન, સામગાન, હવેલીગાન, ભારતીય મંદિર સ્થાપત્ય, પ્રાચીન નાટ્યગૃહ, ડૂબેલો ખંડ આતલાન્તિસ, કાઠિયાવાડના રબારીઓ, કોળીઓ, બર્બરો અને બીજી જ્ઞાતિઓ, બુદ્ધનિર્વાણ, અશોકનો રાજ્યકાલ, ગુપ્તસંવંત, વિક્રમસંવત, શકસંવંત, કલિયુગસંવંત, પાટણનું સહસ્રલિંગ તળાવ, મોઢેરાનું સૂર્યમંદિર, મિહિરકુલની હાર, કુમારપાળનો શિલાલેખ, વીસલદેવ, કર્ણવાઘેલો, પ્રાચીન ભારતીય શાસનતંત્ર, નદીતમા સરસ્વતી, કલિયુગના રાજ્યવંશો, પૌરાણિક વંશાવલીઓ, નર્મદા-કંથકોટ-દ્વારકા ઈત્યાદિ, ઘૂમલી, નાંદોદ, સૌરાષ્ટ્રના બંદરો વગેરે, ઘેડ, મેવાડના અને સૌરાષ્ટ્રના ગોહિલો, હેમુ વિક્રમાદિત્ય અને બીજા તથા અમેરિકાના આદિમ વસાહતીઓ જેવા વિષયોને આવરી લઈ

શાસ્ત્રીજી ચોપાસથી ઇતિહાસ-પુરાતત્ત્વને સંયોજે છે.

**છંદ, કોશ, જોડણીના મીમાંસક - કે.કા. શાસ્ત્રી :**

સંપાદક, સંશોધક, ઇતિહાસ, સંસ્કૃતિ, પુરાતત્ત્વના જ્ઞાતા શાસ્ત્રીજીનું મુખ્ય પ્રદાન તો ભાષા ક્ષેત્રે રહેલી અરાજકતાઓ દૂર કરી ભાષાશુદ્ધ કરવાનું રહ્યું છે. છંદ, કોશ અને જોડણીશાસ્ત્રમાં તેમના અનેક ગ્રંથો, લેખો આપણને મળે છે. ગુજરાતી છંદ ક્ષેત્રે શાસ્ત્રીજીએ 'વૃત્તમંજરી' નામના શાસ્ત્રીય ગ્રંથમાં છંદ વિશે જે સિદ્ધાંતો, ઉદાહરણો સાથે આપ્યા છે, એવું કાર્ય અન્ય કોઈ વિદ્વાન કદાચ કરી શક્યો ન હોત. ૧૮ વર્ષની ઉંમરે જ ૧૯૨૯ ના બુદ્ધિપ્રકાશમાં વૃત્તમંજરીના ૧૦ સ્તબક છપાયેલાં. એમાં શાસ્ત્રીજીએ વૃત્ત અને છંદના એક જ ચરણમાં ગુજરાતીમાં લક્ષણ-લક્ષ્ય આવી જાય એવું સાહસ કરી બતાવ્યું છે. સરળ અને સુંદર મૌક્તિકો, લયાત્મક લક્ષણાત્મક સૂત્રો, છંદ બંધારણને સંક્ષિપ્ત અને સચોટ રીતે વ્યક્ત કરવાની રીતિ અને ગુજરાતી ભાષામાં સરળ રીતે છંદ કેવી રીતે શીખી શકાય એની ચાવીઓ શાસ્ત્રીજી આપે છે. શાસ્ત્રીજી ગુજરાતી છંદોમાં સંસ્કૃત છંદશાસ્ત્રની પરિપાટીએ ચાલ્યા છે. વર્ણ, માત્રાથી થતા પ્રત્યયોનો પ્રસ્તાર, સૂચિ, નષ્ટ, ઉદ્દિષ્ટ, મેરુપતાકા, મર્કરી જેવા પ્રકારો સાથે કુલ બાવન લક્ષણોને સરળ અને શાસ્ત્રીય રીતે શાસ્ત્રીજીએ સમજાવ્યા છે. છંદશાસ્ત્રની એમની આ રજૂઆત નવીન અને મૌલિક છે તેમજ સમજ વૈજ્ઞાનિક તથા આધુનિક છે.

ગુજરાતી કોશ સાહિત્યમાં જેટલા કોશોનું સંશોધન, સંપાદન, મૂલ્યાંકન, સંવર્ધન શાસ્ત્રીજીએ કર્યું છે તેવું અન્ય કોઈ ગુજરાતી વિદ્વાને કર્યું નથી. શાસ્ત્રીજીએ વિવિધ વિષય અને સંદર્ભ ક્ષેત્રના ૨૦ જેટલા કોશોનું સંશોધન-સંપાદન કર્યું છે. જે એમની અદ્વિતીય કામગીરી ગણી શકાય. ઈ.સ. ૧૯૫૦ થી માંડીને ૧૯૯૦ સુધી અને ત્યારબાદ પણ શાસ્ત્રીજી આ પ્રવૃત્તિ સાથે જોડાયેલા રહ્યા છે. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ઉર્દૂ જેવી ભાષાઓમાં તેમના કોશો જોવા મળે છે. શાસ્ત્રીજીએ લઘુકોશ, અનુપ્રાસકોશ, ઉર્દૂ-ગુજરાતી કોશ, લઘુ જોડણીકોશ, સાહિત્યકાર કોશ, શબ્દકોશ, અમરકોશ જેવા જુદા જુદા પ્રકારના કોશોનું સંપાદન કાર્ય કર્યું છે. શાસ્ત્રીજીએ વિદ્યાર્થી શબ્દકોશ, વ્યુત્પત્તિકોશ, સિંધી-ગુજરાતી કોશ વગેરે પણ કાર્ય કર્યા છે. એમણે એમના કોશોમાં પાદટીપો પણ મૂકી છે. શબ્દ, શબ્દના અર્થ સહિત ઉચ્ચારણ, વ્યાકરણ, વ્યુત્પત્તિ, શબ્દાર્થ કે શબ્દાર્થો જેવા અંગો તથા પ્રયોગો અને રૂઢિપ્રયોગો આપીને અનેક માહિતી સાથે ઉત્તમ કોશ કેવી રીતે થઈ શકે એનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગુજરાતી કોશશાસ્ત્ર ક્ષેત્રે પણ શાસ્ત્રીજી તેમના કોશોના સંપાદનના કારણે સતત સફળ રહ્યા છે.

છંદ, કોશની જેમ શાસ્ત્રીજીએ ગુજરાતી ભાષાની શુદ્ધતા, જોડણીની એકવાક્યતા અને જોડણી શુદ્ધતાના યજ્ઞમાં ૧૯૩૧ થી માંડીને ૨૦૦૦ ની સાલ સુધી પૂરેપૂરી આહુતિ આપી છે. જેમાં પોતાનાં વિચારો, મંતવ્યો, તથ્યો, સુધારાઓ પણ તેમણે મૂકી આપ્યા છે. જેમાં જોડણી વિશેના અનેક લેખોમાં તેમણે નર્મદ, દલપતથી લઈને છેક ગુજરાત વિદ્યાપીઠના જોડણીકોશનો વિસ્તૃત અભ્યાસ કરીને જોડણી સુધાર અને યોગ્યતા વિશે જ્યાં જ્યાં જરૂર પડી છે ત્યાં ત્યાં પોતાના તથ્યો પ્રમાણે વિચારો મૂકતાં તેઓ પાછા પડ્યા નથી. જેવાં કે, વ્યુત્પત્તિ, યશ્રુતિ, હશ્રુતિની સ્પષ્ટતા ઇ-ઈ, ઉ-ઊ ની સ્પષ્ટતા, ડકારનાં બે ઉચ્ચારણ, અનુસ્વારનાં ઉચ્ચારણ, હકારનાં બે ઉચ્ચારણ, શાંત-અ. સાહિત્ય પરિષદ અને બુક કમિટીના નિર્ણયોની સમીક્ષા ૨૧ જેટલા જોડણી વિશેના લેખોમાં તેમણે કરી આપી છે. મૂર્ધન્યતર ડ-ઢ વિશે વિસ્તૃતતાથી વાત કરે છે. તો હશ્રુતિ યશ્રુતિનો ગૂંચવાડો પણ ઉકેલી આપે છે. વિદ્યાપીઠના જોડણીના નિયમોમાં સંશુદ્ધતા લાવે છે. શાસ્ત્રીજી આપણી વર્ણમાલા, ગુજરાતી વર્ણ સમામ્નાય, વર્ણશિક્ષા, અનુસ્વાર અને અનુનાસિક, પદાંત સાનુનાસિક દીર્ઘ ઊ જેવા જોડણીના પ્રશ્નોને શુદ્ધ કરી નવેસરથી પ્રસ્થાપિત કરી આપે છે. અનુસ્વાર અને અનુનાસિકમાં ચિહ્ન રૂપે પાંચું બિંદુ, કોમલ ઉચ્ચારણ એ જ અનુસ્વાર તેમણે સ્પષ્ટ કરી આપ્યું છે. આવા તો ઘણા બધા જોડણીના પ્રશ્નોની અરાજકતાને શાસ્ત્રીજીએ દૂર કરી આપી છે. જોડણી ક્ષેત્રે ચાલતી અરાજકતાને દૂર કરવાનું

ભગીરથ કાર્ય શાસ્ત્રીજીએ કર્યું છે. એટલે શાસ્ત્રીજી ગુજરાતી જોડણી ક્ષેત્રે આજીવન અર્જુન જેવા લક્ષ્યવેધી અને દ્રોણાચાર્ય જેવા માર્ગદર્શક રહ્યા છે. જોડણીના તાળાને ખોલવાની ચાવી ગુજરાતી જોડણી ક્ષેત્રે માત્ર શાસ્ત્રીજી પાસે જ છે એમ ચોક્કસ કહી શકાય.

**ભાષા, વ્યાકરણ, અનુવાદ ક્ષેત્રના મરમી :**

શાસ્ત્રીજીના અભ્યાસગ્રંથોમાં ભાષા, વ્યાકરણ અને અનુવાદકલા વિશેની ઊંડાણ ભરી સૂઝ જુદી જ તરી આવતી દેખાય છે. તેમણે પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ગુજરાતી ભાષાની ભૂમિકાઓની સ્પષ્ટતા, સમયરેખા સ્પષ્ટ કરી આપી. હેમચંદ્રાચાર્યના અપભ્રંશમાં ગૌર્જર અપભ્રંશ અને ઉત્તર ગૌર્જર અપભ્રંશ સંજ્ઞાઓ આપી. ગુર્જર ભાષાના ઉચ્ચારણ, વિકાસ અને વ્યાકરણની સ્પષ્ટતા પણ શાસ્ત્રીજીએ કરી આપી છે. ભાષા વ્યુત્પત્તિની સરળતા, આર્યોનું મૂળ સ્થાન કયું ? તેઓ ક્યાંથી અને ક્યારે આવ્યા ? આ બાબતને અનેક વિદ્વાનોના મંતવ્યો ટાંકીને વૈજ્ઞાનિક તથ્યો, તારણો સાથે આર્યોનું મૂળ સ્થાન હિમાલય છે તે મત તેમણે સ્પષ્ટ કરી આપ્યું. સંસ્કૃત ભાષાની ઉત્પત્તિ, સ્વર-વ્યંજનનો વિકાસ, પ્રાંતીય અને જ્ઞાતિય બોલીઓનો વિકાસ, તદ્ધિત અને કૃત પ્રત્યયોનો વિકાસ તેમણે ઉદાહરણ સાથે મૂકી આપ્યો છે.

અનુવાદક તરીકે તેમણે ગુજરાતી ભાષા ક્ષેત્રમાં ઉત્તમ અને નમૂનેદાર અનુવાદ કરી આપ્યા છે. ભાવ, ભાષા અને વિચારને મૂળ તરીકે રાખીને તેમણે જ્યોર્જ ગ્રિયર્સનનો ગ્રંથ 'Linguistic Survey of India ગ્રંથ-૯' નો 'ભારતીય ભાષા સમીક્ષા' રૂપે, ગ્લેનટર્નરનો 'Gujarati Phonology'નો 'સ્વરવ્યંજન પ્રક્રિયા' રૂપે, નરસિંહરાવ દિવેટીયાના ભાષાશાસ્ત્રીય વ્યાખ્યાનોનો 'ગુજરાતી ભાષા અને સાહિત્ય' રૂપે અનુવાદ કરી આપ્યો છે. આ ઉપરાંત હેમચંદ્રાચાર્યના 'અપભ્રંશ વ્યાકરણ'નો તેસ્સિતોરિના 'જૂની પશ્ચિમી રાજસ્થાનીના વ્યાકરણ' નો પણ અનુવાદ કરી આપ્યો છે. જેમાં મૂળ ગ્રંથને વફાદાર રહી વ્યાકરણની ઉત્પત્તિ, મૂળરૂપો, લાક્ષણિકતાઓને તપાસી ગુજરાતીમાં સરળ રીતે મૂકી આપ્યાં છે. જે ઉત્તમ રહ્યાં છે. શાસ્ત્રીજીના આ અનુવાદોમાં રહેલી વૈજ્ઞાનિક સૂઝ, તર્કબદ્ધ શાસ્ત્રીય છણાવટના કારણે તે મહત્ત્વના બને છે. શાસ્ત્રીજી ભાષા જીવતા હતા, ભાષા લખતા હતા અને ભાષા જ ખાતા હતા. એટલે ગુજરાતી ભાષાને સમજવાની ચાવી જ શાસ્ત્રીજીએ શોધી આપી છે.

વ્યાકરણ ક્ષેત્રે સૌથી ભગીરથ કાર્ય શાસ્ત્રીજીનું રહ્યું છે તેમાં તેમણે ગુજરાતી ધાતુઓના પાંચ ગણ, પ્રેરકના ચાર પ્રકાર શોધ્યા તે તેમનું મૌલિક પ્રદાન છે. આ ઉપરાંત શાસ્ત્રીજીએ સરળ શાસ્ત્રીય વ્યુત્પત્તિ ક્રિયાપદનાં મૂળ અંગો, 'અ' કારાંત અંગ પ્રેરકના 'આપ' માંથી અકારાંત અંગ, ભૂતકૃદંત પરથી થતા અંગ તેમજ અનુકરણવાચક સ્વતંત્ર ધાતુઓની સરળ વ્યુત્પત્તિ, વર્ણવિચાર, સ્વરભાર, સંધિ, શબ્દોની વર્ગણી, નામ, વચન, વિભક્તિ, સર્વનામ, વિશેષણ, ધાતુ અને તેના ગણ, કૃદંત ક્રિયાપદ, કાળ, કાળના અર્થ, પ્રયોગો, અવ્યયો, પૂર્વગો, ઉપસર્ગો, પ્રાથમિક અને દ્વૈતીયિક પ્રત્યયો, સમાસ, વાક્ય વિચાર જેવા અંગોની ઉદાહરણો દ્વારા વિશદ છણાવટ અને સમજૂતી કરી આપી છે. શાસ્ત્રીજીનું બીજું મૌલિક પ્રદાન ધ્વનિ, તેનું સ્થાન, પ્રયત્ન પણ રહ્યું છે. 'અ' અને 'આ' વિવૃત્ત, મૂર્ધન્ય વ્યંજનોમાં 'ડ' અને 'ઢ' વિશે લઘુ પ્રયત્ન ય, વ, હ નું સ્વરિત ઉચ્ચારણ અને સ્થાન પ્રયત્નભેદ પણ તેમણે શોધી આપ્યાં છે. સ્વરભારમાં ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એમ ત્રણ કક્ષાએ ઉચ્ચારણ થાય એ શાસ્ત્રીજીએ શોધી આપ્યા. અનુસ્વાર અને અનુનાસિક ઉચ્ચારણોની તીવ્રતા અને કોમળતાની સ્પષ્ટતા પણ તેમણે જ કરી આપી. બલાત્મક સ્વરભાર, સાંગીતિક સ્વરભારનો સિદ્ધાંત પણ શાસ્ત્રીજીએ શોધી આપ્યો. આ બધું તેમના 'ગુજરાતી વ્યાકરણનું દિગ્દર્શન', 'ગુજરાતી ક્રમિક વ્યાકરણ', 'ગુજરાતી ભાષાશાસ્ત્ર ખંડ ૩' જેવા ગ્રંથોમાં ગ્રંથસ્થ થયેલું છે.

**સાંપ્રદાયિક સાહિત્યજ્ઞ શાસ્ત્રીજી :**

શાસ્ત્રીજી જેટલા ભાષા સાહિત્ય અને સંશોધન ક્ષેત્રના સુપ્રસિદ્ધ વિદ્વાન છે તેટલા જ પુષ્ટિમાર્ગીય

સાહિત્ય ક્ષેત્રના અધિકારી વિદ્વાન છે. માતા-પિતાના ધર્મપરાયણ સંસ્કારો, સંસ્કૃતિના અભ્યાસનો આયામ, સોરઠભૂમિ, સંસ્કૃતિની જણસ તેમના સાંપ્રદાયિક સાહિત્યનો પિંડ છે. તેમણે છવીસ જેટલા નાનામોટા ગ્રંથોમાં પુષ્ટીમાર્ગીય (વૈષ્ણવ) સાહિત્યનું સર્જન સમાવ્યું છે. જેમાં 'ષૌડશગ્રંથ : (સમશ્લોકી)', 'શ્રી વલ્લભાખ્યાન' (પાઠાંતર સાથે), 'શ્રી વલ્લભાચાર્યનું ટૂંકુ જીવન ચરિત્ર અને સાંપ્રદાયિક સાહિત્ય', 'દુઃસંગ વિજ્ઞાનપ્રકાર', 'શ્રી વલ્લભનામાવલી', 'શ્રી હરિરાયવાઙ્મુક્તાવલી', 'વૈષ્ણવ બાલપાઠાવલિ', 'ભક્તિપોષણ' (વિવેચન સાથે), 'કામાખ્ય દોષ વિવરણ' (અનુવાદ સાથે), 'શ્રી મહાપ્રભુ સ્તુતિ મુક્તાવલી', 'શ્રીકૃષ્ણ સ્તવનાવલી', 'બ્રહ્મવાદ પ્રવેશિકા', 'પુષ્ટિમાર્ગીય કીર્તન પ્રકાર', 'શ્રીમદ્ ભગવદ્ગીતા' (અનન્યાશ્રય યોગ), 'આપણે ક્યાં અને હવે શું', 'પુષ્ટિમાર્ગ અને લોકેષણા', 'તત્ત્વાર્થદીપ નિબંધ - ભાગવતાર્થ પ્રકરણ (સ્કંધ - ૧-૪ અનુવાદ)', 'શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી ચરિત' (મોટોગ્રંથ), 'ભક્તિમાર્ગ પ્રવેશિકા', 'નારદ અને શાંડિલ્યનાં ભક્તિસૂત્રો', 'વેદાંતચિંતામણિ', 'શ્રીમદ્ ભંગવદ્ગીતા : તાત્ત્વિક અભ્યાસ', 'અનુગ્રહ' જેવા ગ્રંથો મુખ્ય છે. જેમાં શાસ્ત્રીજીએ વૈષ્ણવધર્મ અને પુષ્ટિમાર્ગ વિશે તેના સંતો વિશે, સિદ્ધાંતો વિશે, ધર્મ-આચાર-વિચાર અને સંસ્કારો વિશે, ભક્તિ વિશે, મહાપ્રભુજી વિશે, સ્તવન વિશે, બ્રહ્મવાદના સિદ્ધાંતો વિશે, કીર્તનના પ્રકાર વિશે, સમસ્યાઓ વિશે, તત્ત્વજ્ઞાન અને ભક્તિમાર્ગ વિશે, નારદ-શાંડિલ્યની ભક્તિ વિશે, ગીતાના તત્ત્વજ્ઞાન-જ્ઞાન વિશે, પરિચય કરાવી વૈષ્ણવ સંપ્રદાય અને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું મોટું ઋણ ચૂકવ્યું છે.

**શાસ્ત્રીજી અને ધર્મ-ચિંતન :**

ભાષા, સાહિત્ય, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન જેવા અનેક વિષયોમાં જેમનું પરિપૂર્ણ પ્રદાન છે એવા શાસ્ત્રીજીનું એક પાસું હિંદુ ધર્મ અને ધર્મના ચિંતન વિશેનું પણ રહ્યું છે. હિન્દુત્વ, આર્યત્વ અને હિન્દુ સંસ્કૃતિને લક્ષ્યમાં રાખીને શાસ્ત્રીજીએ અનેક સામયિકોમાં પોતાના વિચારો પ્રગટ કરેલા છે. શાસ્ત્રીજી ગુજરાત રાજ્યમાં સ્થાપક અને સંઘટક એવા વિશ્વ હિન્દુ પરિષદના વર્ષો સુધી પ્રમુખ પણ રહી ચૂકેલા. તેમના લેખો, ગ્રંથોમાં આપણને આર્યપ્રજા, હિન્દુધર્મ, સભ્યતા વિશેના અનેક વિચારો રોપાયેલા જોવા મળે છે. તે ઉપરાંત ધર્મ, સંસ્કૃતિ, સભ્યતા, આર્ય શું ? ક્યાં ? અને ક્યારે ? જેવા વિષયોમાં હિન્દુત્વની એક આગવી વિચારધારા જોવા મળે છે. વૈદિકસંહિતા, ઉપનિષદ સાહિત્ય, મહાભારત, રામાયણ, ભાગવત, વૈષ્ણવ, પુષ્ટિમાર્ગ, પૌર્વાત્યપંડિતો વગેરે વિષયક ગ્રંથોમાં શાસ્ત્રીજીનું ધર્મ ચિંતન ડોકાય છે. તેમણે આર્ય પ્રજા વિષયક ચિંતન, હિન્દુત્વ વિષયક ચિંતન, ભારતીય સંસ્કૃતિ વિષયક ચિંતન, પોતાના મંતવ્યો-વિચારોમાં સમયે-સમયે રજૂ કર્યું છે. ચુસ્ત વૈષ્ણવી, ત્રિપુંડ ધારણ કરનાર, હવેલી સંગીત, ઢોલક, આરતીમાં ભાગ લેનાર શાસ્ત્રીજી શુદ્ધ હિન્દુત્વ-ધર્મના હિમાયતી હતા.

**ગ્રંથોના ગ્રંથકાર શાસ્ત્રીજી :**

શાસ્ત્રીજી ગ્રંથોના પણ ગ્રંથકાર છે જેમ કે, તેમનો 'જોડણી મીમાંસા' ગ્રંથ જોડણી ઉકેલનો અધિકૃત ગ્રંથ છે. તો ગુજરાતી સ્વર વ્યંજન જાણવા ઉપયોગી બન્યો છે. ભાષાવિજ્ઞાન વિષયક અભ્યાસ કરવો હોય, તો તેમના માટે 'ગુજરાતી સ્વર વ્યંજન પ્રક્રિયા ગ્રંથ' ઉપયોગી બન્યો છે. ભાષાવિજ્ઞાન વિષયક અભ્યાસ કરવો હોય, તો તેમના 'અક્ષર અને શબ્દ' ગ્રંથ પાસે જવું જ પડે. તેમનો ગુજરાતી ભાષાનું પારંપારિક વ્યાકરણ જિજ્ઞાસુઓની અભ્યાસ નિષ્ઠાને સંકોરતો વ્યાકરણ ગ્રંથ છે. 'ગુજરાતી ભાષાની ભૂમિકા અને વિકાસ પ્રક્રિયા' ગુજરાતી ભાષાના ઇતિહાસને દિશા નિર્દેશ કરતો ગ્રંથ છે. તો 'આપણા કવિઓ' ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી, 'કવિચરિત ભાગ-૧-૨', 'પ્રેમાનંદ એક અધ્યયન', 'નરસિંહ એક અધ્યયન', 'ગુજરાતી સાહિત્યનું રેખા દર્શન' જેવાં ગ્રંથો ગુજરાતી ભાષા અને ગુજરાતી અસ્મિતાને ઉજાગર કરતા ગ્રંથો છે. 'વસંત વિલાસ' ફાગુ તેમનું ઉત્તમ સાનુવાદ સંપાદન બની રહ્યું છે. 'જુની ગુજરાતીના સાહિત્ય સ્વામીઓ' ના બે ખંડના ૧૬ લેખોમાં સત્ત્વશીલ સંશોધનનાં દર્શન થાય છે, તો વળી તેમનો 'ચાર ફાગુઓ : એક અધ્યયન-

પરિચય ગ્રંથ' અનુવાદ, ભાષા, છંદચર્ચા, શબ્દરચના, અને પરિશીલનની રીતે ધ્યાનાર્હ બન્યો છે. મધ્યકાલીન ગુજરાતી ભવાઈના પિતા અસાઈતની પ્રેમકથા પદ્યવાર્તા 'હંસાઉલી' શાસ્ત્રીજીની સંપાદક તરીકેની સિદ્ધિ બતાવે છે. 'ગુજરાતી ભાષાનો વિકાસ અને અર્વાચીન ગુજરાતી ભાષાનું સ્વરૂપ' ગ્રંથ ભાષાવિકાસ, ઉચ્ચારણ, પ્રાદેશિક બોલીઓ, ગુજરાતી શબ્દ ભંડોળનો દસ્તાવેજ છે. 'નિર્ણયાર્ણવ' સંશોધનાત્મક લેખોનો ઉત્તમ સંગ્રહ છે. તો વળી ભક્તિ કવિતાનો ગુજરાતીમાં ઉદ્‌ગમ અને વિકાસ, ગુજરાતમાં વિવિધ સંપ્રદાયોમાં વિકસેલા ભક્તિ સાહિત્યની મોજણીનો ગ્રંથ છે. 'દયારામ ગદ્યધારા-૧,૨,૩,૪' દયારામની ગદ્યસામગ્રીને સમજવા ઉપકારક નીવડે તેવો ગ્રંથ છે. નાટ્યવિદ્યાના વિકાસમાં સહાયરૂપ, રૂપક, ભાણ વગેરેની સમજૂતિ માટે શાસ્ત્રીજીના 'ભાણ : એક રૂપક પ્રકાર (ત્રણ વ્યાખ્યાનો)' પાસે ચોક્કસ જવું પડે. 'ગુજરાત દર્શન : કૉમ્યુનિટીઝ' ગ્રંથમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, બ્રહ્મક્ષત્રિય, કાયસ્થ, વણિક વગેરેનો પરિચય આમાં સંકલિત થયેલો છે. પારસી અને ખ્રિસ્તીના પેટા વર્ગોનો પણ પરિચય આમાં સંકલિત થયેલો છે. વ્યક્તિઓના વ્યક્તિત્વને જીવનને સમજવા માટે જ નહિ પણ સાહિત્ય, ઇતિહાસ વગેરે અને ખુદ શાસ્ત્રીજીના જીવનને સમજવા માટે શાસ્ત્રીજીના ભાવાંજલિ સંકલન ગ્રંથ પાસે ચોક્કસ જવું જ પડે. 'શ્રી શોભામાજી વિરચિત પંદર ગરબા', 'શ્રી રણછોડ ભગતના ધોળ', 'ભાણદાસના ગરબા' માં આપણને વૈષ્ણવ કવયિત્રી શોભામાજી, વૈષ્ણવ કવિ રણછોડ, કવિ ભાણદાસની રચનાઓની ઓળખ જોવા મળે છે. 'વાગ્વિભવ'માં ગુજરાતી ભાષા શાસ્ત્ર અને વ્યાકરણનું સંયોજન છે. 'મનુસ્મૃતિ રત્નકણિકાઓ' મનુસ્મૃતિના ઉત્તમ શ્લોકોની તારવણીનો ગ્રંથ છે. 'ભોજપ્રબંધ', ઇતિહાસમૂલક કથાનક વાળો ગ્રંથ છે. તો વળી 'જૂની પશ્ચિમી રાજસ્થાની' (એલ.પી. તેસ્સિતોરી)ના અસમાન્ય કોટિના અંગ્રેજીમાં લખાયેલા ગ્રંથનો ઉત્તમ અનુવાદ ગ્રંથ છે. 'ભીમ અને કેશવદાસ કાયસ્થ'માં ભીમ અને કેશવદાસ કાયસ્થ એવા ગુજરાતના બે વિશિષ્ટ સારસ્વતોની જીવનીનો પરિચય ગ્રંથ છે. 'સ્વાધ્યાય અને સંશોધન ભાગ ૧-૨' શાસ્ત્રીજીના જીવન ચિંતન, મનનના પરિણામોને અભિવ્યક્ત કરતો ગ્રંથ બની રહ્યો છે. તો 'સાહિત્યાન્વેષણ' ગીતા, વેદાંતના વિષયો પર પ્રકાશ પાડતો ૨૨ નિબંધોનો સંગ્રહ છે. 'સંસ્કૃત-સંસ્કૃતિ દર્શન' જુદા જુદા વિષયો પરના ૨૯ લેખોનો સંગ્રહ છે. 'શ્રી સોમનાથ સોમેશ્વર' સોમનાથ ભગવાન, મંદિર, માહાત્મ્યને રજૂ કરતો ગ્રંથ છે. 'આર્યો શું ક્યાં અને ક્યારે ?' આર્યો બહારથી આવ્યા અને વિકસ્યા એવા યુરોપીય વિદ્વાનો અને બીજાઓએ ફેલાવેલા ભ્રમને ખોટો પાડતો અગત્યનો ગ્રંથ છે. 'ધર્મ સંસ્કૃતિ સભ્યતા' માં ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના ૧૧ લેખો સંગ્રહાયા છે. 'ઉત્તરકાલીન અપભ્રંશ કા વિકાસ' (હિન્દી)માં નરસિંહ મહેતા પૂર્વેની પ્રાચીન ગુજરાતી ભાષા, ઉત્તરકાલીન અપભ્રંશ ભાષા અને એના સાહિત્યની વિકાસ પરંપરાઓનો ખ્યાલ જોવા મળે છે. 'ગુર્જર અપભ્રંશ : લોકસાહિત્ય' તત્કાલીન ગુજરાત પ્રદેશમાં પ્રચલિત લોકભાષા, ગુર્જર અપભ્રંશ ભાષાના લોકસાહિત્યની વાત આ ગ્રંથમાં સંયોજાઈ છે. 'ભીમ કૃત પ્રબોધપ્રકાશ' કવિ ભીમની પ્રબોધ પ્રકાશ કૃતિનું સંપાદન છે. ઉપરાંત 'સંક્ષિપ્ત લગ્ન પદ્ધતિ', 'સહકારમાં સહકાર (નાટિકા)', 'ગૌરી શિખર અને દસ એકાંકી', 'કૌલ પરાજય અને આઠ એકાંકીઓ', 'દલપતરામની કવિતા (વિરલ સંપાદન)' જેવી કૃતિઓ ધ્યાનાર્હ છે. 'ગુજરાતી ભાષા અને સાહિત્ય' ગ્રંથ ૭ વ્યાખ્યાનો અને ૨૦૦ પૃષ્ઠોમાં સંકલિત નરસિંહરાવ દિવેટીયાના 'ધી વિલ્સન ફાઈલોલોજિક લૅક્ચર્સ' નો અનુવાદ છે. 'આપણા વ્રતો-ઉત્સવો-પર્વો', વૈષ્ણવ સંપ્રદાય અને પુષ્ટિમાર્ગના વ્રતોની કહાનીઓ છે. 'સેવા સર્વસ્વ' વલ્લભ વૈષ્ણવો માટે કર્તવ્યબોધનો ગ્રંથ છે. 'અમરકોશ : એક અધ્યયન' સંસ્કૃત ભાષાના પ્રાચીનમાં પ્રાચીન અને પાયાના શબ્દકોશનો ગુજરાતીમાં અનુવાદ દ્વારા મળતો ગ્રંથ છે. 'સંશોધનનો માર્ગ' શાસ્ત્રીજીની વિદ્વત્તા, અભ્યાસવૃત્તિ તથા સંશોધન પ્રતિભાને વ્યક્ત કરતો, સંશોધન લેખ કેવા હોય એના નમૂનાવાળો આઠ લેખોનો સંગ્રહ છે. 'અપભ્રંશ વ્યાકરણ' હેમચંદ્રાચાર્યના અપભ્રંશ વ્યાકરણનો ગુજરાતી અનુવાદ છે. 'ગૌર્જર અપભ્રંશ' અપભ્રંશ અને જૂની ગુજરાતીના અભ્યાસીઓ માટેનું મહત્ત્વનું પ્રકાશન છે. તેમજ *'ગૌર્જર અપભ્રંશ : લોક સાહિત્ય'* ગ્રંથમાં આચાર્ય હેમચંદ્રના દોહાનો સંગ્રહ છે. 'કાદંબરી : મહત્ત્વ વિચાર' ભાલણની કાદંબરી પર આધારિત

ગ્રંથ છે. 'રસિકવલ્લભ' પુષ્ટિમાર્ગીય તત્ત્વદર્શનનો ઉત્તમ ગ્રંથ છે. 'ભક્તિપોષણ' રસિકવલ્લભનો જ લઘુ અવતાર છે. 'શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી' ગ્રંથ આચાર્યચરણ શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીનું ચરિત્રાલેખન છે. 'આપણા કવિઓ ખંડ-૧ લો રાસયુગ' ગ્રંથમાં ગુજરાતી ભાષાનું મૂળ અને કુળ, કવિઓને દર્શાવવાનો પ્રયત્ન જોવા મળે છે. 'નરસિંહ મહેતાનો સમય અને એના કર્તૃત્વની ચર્ચા' માં નરસિંહના જીવન આધારિત પ્રસંગો પરથી નરસિંહનો સાચો સમય કયો તે શોધ કરતો ઉત્તમ લેખ છે. 'ગુજરાતના ત્રણ જ્યોતિર્ધરોઃ અખો, શામળ દયારામ' ગ્રંથમાં શાસ્ત્રીજીએ ત્રણેય સાહિત્યકારોની સમયાનુક્રમ પ્રમાણે મૂલવણી કરી છે. 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' માં સંપાદન પદ્ધતિ, યાદી, કવિ પરિચય કેવી રીતે તૈયાર કરવા તેની સમજ આપી છે. 'પ્રેમાનંદ : એક અધ્યયન' શાસ્ત્રીજીને પ્રેમાનંદ વિશેની અભ્યાસ સજ્જતાનું સુફળ છે. 'ભાલણ : એક અધ્યયન' શાસ્ત્રીજીનો વિદ્વત્તાપૂર્ણ અને રસપ્રદ ગ્રંથ છે. તેમાં ભાલણની પ્રતિભાનું સર્વાંગી દર્શન જોવા મળે છે. આ ઉપરાંત શાસ્ત્રીજીએ સંશોધનમાં વૃત્તમંજરીમાં પોતાની પ્રતિભાની તેજસ્વિતા સિદ્ધ કરી બતાવી છે.

'અલંકારદર્શ' એક અભ્યાસની રીતે જોતાં સંપાદન શાસ્ત્રીજીનું છે. કવિશ્વર દલપતરામના આ ગ્રંથનું કાવ્યશાસ્ત્રના અભ્યાસમાં ખૂબ જ મહત્ત્વ છે. શાસ્ત્રીજીનો 'લઘુ વ્યાકરણ' ગ્રંથ સાત ખંડોમાં વહેંચાયેલો ગુજરાતી ભાષાના વ્યાકરણનો ઉત્તમ ગ્રંથ છે. જેમાં ધ્વનિવિચાર, શબ્દસિદ્ધિ, સંધિ, સમાસ, રૂપાખ્યાન, વાક્યવિચાર, વિરામચિહ્નો જેવા વ્યાકરણના જરૂરી અંગોની ઉદાહરણ સાથે સમજૂતી આપવામાં આવી છે. 'સભાપર્વ અને વિરાટપર્વ' સમશ્લોકી અનુવાદને આધારે એક નિવડનારા વિદ્વાનની ધીરજ, કર્તવ્યનિષ્ઠા, સતત કામ કરવાની ધગશ અને ઉત્સાહને અભિનંદવાનો પ્રયાસ છે. તો વળી 'સામાજિકા દિશા-દર્શન' ગ્રંથમાં શાસ્ત્રીજીએ ભારતની ગુજરાતી, અંગ્રેજી, હિન્દી જેવી વિવિધ ભાષામાં ૩૧ લેખોનો સંગ્રહ આપ્યો છે. 'બે ભાષાઓ અને લેખોનું' પ્રકાશન છે. 'નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવ ગુપ્તાચાર્ય' ગ્રંથ શાસ્ત્રીજીની બહુમુખી પ્રતિભા અને નાટ્યશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર વિષયના સ્વાધ્યાયનો પરિપાક છે. 'ગુજરાત : પાણીની અને સામુદ્રિક સમસ્યા' પુસ્તિકામાં શાસ્ત્રીજીનું ચિંતન પાણીની દિશામાં ખૂબ મહત્ત્વની હકીકતો તરફ ધ્યાન દોરે છે. 'હરિવંશ : સંક્ષિપ્ત સંસ્કરણ' હરિનો જે વંશ છે તેને તુલનાત્મક મીમાંસા સાથે આલેખતો ગ્રંથ છે. 'સંસ્કૃત ભાષા : ઉત્પત્તિ અને વિકાસ' ગ્રંથ શાસ્ત્રીજીએ ૧૯૬૬ માં આપ્યો છે. તેમાં તેમણે સંસ્કૃત ભાષાની ઉત્પત્તિ, વિકાસ અને તેના વ્યાકરણનો સંક્ષેપમાં તુલનાત્મક અભ્યાસ રજૂ કર્યો છે. 'જયસંહિતા અને ભારતસંહિતા' શાસ્ત્રીજીના જીવનના સંશોધનાત્મક, સંપાદકીય કાર્યોમાંના ઉત્તમ ગ્રંથ કાર્યો છે. જે વિશાળ વાચક વર્ગ, વિવેચકોને આકર્ષે છે. 'શ્રીમદ ભાગવતાર્થ, સ્કંધ - ૧ થી ૪' માં શાસ્ત્રીજીએ જગદ્‌ગુરુ મહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજીના 'તત્ત્વાર્થ દીપ પ્રબંધ'ના ત્રીજા પ્રકરણ 'શ્રીમદ ભાગવતાર્થ પ્રકરણ'નો અનુવાદ અને વિસ્તૃત વિવેચન કર્યું છે. તેમના 'ષોડશ ગ્રંથો'માં વેદાંત, ગીતા, ન્યાય, વ્યાકરણ વગેરે પરનું ઊંડું જ્ઞાન, વિવેચન જોવા મળે છે. 'ગીતા-શતશ્લોકીઃ એક વિચાર' માં શાસ્ત્રીજીએ સાત શ્લોકથી માંડીને સાતસો શ્લોકની ગીતાનો વ્યાપ, કથયિતવ્યને દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. તેમનો 'વેદાંતચિન્તામણિ' ગ્રંથ શુદ્ધાદ્વૈત તત્ત્વચિંતનનો યથાર્થ ચિંતામણિ ગ્રંથ છે. 'રત્નાવલી અને ચાર નાટ્યરૂપકો' કે.કા.શાસ્ત્રીજીની અનુવાદકલાનો ઉત્તમ નમૂનારૂપ ગ્રંથ છે. તેમના અનેક સંપાદનો, સંશોધનો, વિવેચનો, વ્યાકરણો, કોશો વગેરેમાં શાસ્ત્રીજીની દીર્ઘદષ્ટિ, ઉત્તમ વાંચન, વિવેચન, મનન, તારણ, તાર્કિકતા, જોવા મળે છે. તેમના ગ્રંથો આજે પણ આપણને તરોતાજા લાગે છે. ભારતીય સાહિત્ય કે વિશ્વ સાહિત્યમાં તેમના ગ્રંથોની ગણના અદ્વિતીય છે. કોઈપણ શોધ કરનાર કે લખનારે આધાર ગ્રંથ માટે, પ્રમાણો માટે શાસ્ત્રીજીના આવા ગ્રંથો પાસે અવશ્ય જવું જ પડે છે.

અપભ્રંશ, ગુર્જર અપભ્રંશ, સંસ્કૃત, વૈદિક સંસ્કૃત જેવી ભાષાઓના અધ્યયન કરતાં કરતાં જૂની ગુજરાતીના સાહિત્ય સ્વામીઓના કર્તૃત્વ, કર્તા, કૃતિના પ્રશ્નો ચર્ચતાં ચર્ચતાં શાસ્ત્રીજી, ગુજરાત પ્રદેશના તમામ વિસ્તારો, ભારત વર્ષના તમામ વિસ્તારો સંશોધનાર્થ ખૂંદી વળ્યા છે. છેક આંતરરાષ્ટ્રીય લેવલે પ્રાચીન અમેરિકનોની ભાષાની તપાસ પણ કરી આવે છે. ધર્મ, સાહિત્ય, શિક્ષણ, સંપાદન, સંશોધન, વિવેચન,

એકાંકીકાર, કવિ, વ્યાકરણકાર, ભાષાશાસ્ત્રી, અનુવાદક, પિંગળકાર, કોઈ ક્ષેત્ર બાકી નથી શાસ્ત્રીજી માટે. એટલે સર્વગુણ, સર્વવિદ્યા, સર્વવિષયાદિ, સંપન્ન પુરુષ માત્ર મુઠ્ઠી હાડકાંનો માળો ગુજરાતી સાહિત્ય, હિન્દી સાહિત્ય, વ્રજ સાહિત્ય, અંગ્રેજી સાહિત્ય, સંસ્કૃત સાહિત્ય ક્ષેત્રે કેટલું મોટું પ્રદાન કરી ગયો તે જ આશ્ચર્યનો વિષય રહ્યો છે. આવા છે શાસ્ત્રીજી. શ્રીવલ્લભાચાર્યજીના સર્વ સમર્પણના સિદ્ધાંતથી એમનું વ્યક્તિત્વ બંધાયેલું છે. એમણે શરણાગતિની ભાવનાને કારણે જ જીવનમાં ચિંતા કદી સેવી નથી કે ઉદ્વેગ પણ કદી ચિંતામાં ટકી શક્યો નથી. લેખન, વાંચન, મનન, સંશોધનની લગનીને કારણે તપ પર બેઠા પછી ઊભા થયા નથી. કેમ કે લેખન-વાંચન-સંશોધન પોતે જ એમની જુવાની હતી અને બીજી જુવાની એમણે જાણી, માણી કે ભોગવી નથી. તેઓ 'હિન્દુત્વ અને હિંદુ' સમાજના સંરક્ષણ માટે છે એવું એ માનતા એટલે જ ૧૯૬૪ થી વિશ્વ હિન્દુ પરિષદ સાથે જોડાયેલા.

જીવનમાં સાદગી જેમને સદાય વરેલી તેવા શાસ્ત્રીજી અત્યંત સાદાં વસ્ત્રો જ પહેરતાં. રાત્રે સૂવાનું પણ ચટાઈ, પાતળી રગ કે શેતરંજી પર જ. ખોરાક પણ ખૂબ જ સાદો. જમવામાં એક બે રોટલી અને શાક જ લે. દૂધમાં ગંઠોડા, શતાવરી તથા અશ્વગંધા ઘી સાથે લે અને ગોંડલના ભુવનેશ્વરી પીઠવાળા ઘનશ્યામજી મહારાજના જ ઔષધો નિયમિત લેતા. કોફી, ચા, સોડા અને બીજાં પીણા પીતા જ નહિં. આઈસક્રીમ ખાવો નહિ. મધરાતે જમવું નહિ, કમ ખાવું, ગમ ખાવી, કોઈએ એમના તરફ કોઈ અભાવ બતાવ્યો હોય તો મનમાં લાવવું નહિ. કોઈએ નાનો પણ ઉપકાર કર્યો હોય તો યથા પ્રસંગે એમને યાદ કરવા, પ્રભુ અપાવે એ પૂરતું ગણવું અને વૈષ્ણવ તરીકે ઓછું લાવવું નહિ, કે ચિંતા કરવી નહિ, અચિંત્ય શક્તિ પર ભરોસો રાખવો, શ્રદ્ધાશીલ રહેવું, કામ કર્યે જવાની વૃત્તિ સતેજ રાખવી, બીજાનું બૂરુ ન કરવું, ન ઇચ્છવું, જૂઠ ન બોલવું, અપ્રામાણિકતા ન કરવી, સદા પ્રભુનુ શરણ દૃઢ રાખવું, ગમે તેવું પાણી પીવું નહિ, મંદિરના સંબંધ વિના બ્રાહ્મણને ત્યાં જમવું નહિ, ૧૦૦ વર્ષની ઉંમરે પણ દસથી બાર કલાક કામ કરતા અને કહેતા 'મારું શરીર થાકતું નથી' એવા શાસ્ત્રીજીના એક ભાગને (અક્ષર દેહને) મારી વિદ્યાવાચસ્પતિની પદવી માટે જોવાનો મોકો મળ્યો એ માટે હું મારા ગુરુવર્ય શ્રી કૃષ્ણકાન્ત કડકિયા સાહેબનો ખૂબ જ આભારી છું. આવા ગુજરાત સાહિત્ય સભાના પ્રમુખ, ગુજરાત રિસર્ચ સોસાયટીના ડિરેક્ટર, વિશ્વહિંદુ પરિષદના પ્રમુખ, ભો.જે. વિદ્યાલયના માનાર્હ અધ્યાપક રહેલા શાસ્ત્રીજી હું જે કૉલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે સેવાઓ આપું છું તે જ વિષયમાં તેઓ અધ્યાપક હતા તે મારા માટે, મારી કૉલેજ માટે ગર્વ અને આનંદની વાત છે. આટલા મોટા ગજાના સર્જકના પેંગડામાં આપણી શું વિસાત કે પગ મૂકી શકીએ. અમારી કૉલેજના ૬૦ વર્ષના પ્રવેશ સમયે આવાં રત્નો પણ અમારી કૉલેજમાં હતા તે યાદ કરતાં આનંદવિભોર થઈ જવાય છે. શાસ્ત્રીજીનો આ નશ્વર દેહ ૯ સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજ બપોરે ૩:૩૧ કલાકે ગોલોકવાસી થયો ત્યારે શાસ્ત્રીજીના અવસાનથી અમદાવાદના મેયર, વિ.હિ. પરિષદના મહામંત્રીશ્રી, સાહિત્યકારો, વિદ્યાર્થીઓ, રાજ્યના મંત્રીશ્રીઓ, હજારો સંતો, મહંતોએ શાસ્ત્રીજીને શ્રદ્ધાંજલી, પુષ્પાંજલી અર્પેલી. આવા શાસ્ત્રીજીએ નશ્વર દેહે ભલે વિદાય લીધી હોય પણ અક્ષર દેહે તો તેમની હયાતી ભરી ભરી અજરામર છે.

૨૫૩ ગ્રંથો અનેક લેખો, ૧૬ પદવીઓ, ૯ એવોર્ડો, ૩૩ માનપત્રો, ૪ ચંદ્રકો મેળવનાર શાસ્ત્રીજી એક જંગમવિદ્યાપીઠ સમા દધીચિ સાક્ષર હતા. સૌપ્રથમ વિદ્યાર્થી, અધ્યાપક, સંશોધક, સંપાદક, વિવેચક એવા શાસ્ત્રીજીની અધ્યાપકીય કારકિર્દી બી.ડી. કૉલેજમાં ૧૯૫૮ થી શરૂ થયેલી તે અમારા માટે ગૌરવની બાબત છે. બહુરત્ના વસુંધરાના ન્યાયે બહુરત્ના બી.ડી. કૉલેજ એ પણ ખોટું નથી. કેવાં રત્નો, એસ.આર.ભટ્ટ, પુષ્કર ચંદરવાકર, વિનોદ અધ્વર્યુ, તેમજ કે.કા.શાસ્ત્રીજી, વડીલ વિદ્વાન, પંડિત, ઉત્તમ અધ્યાપક, અપ્રતિમ નક્ષત્ર, પરમ સારસ્વત, શબ્દોપાસક, વિદ્યાપુરુષ, પ્રકાશપુંજ, દધીચિ સાક્ષર, સંશોધક, સંપાદક, સારસ્વત શિરોમણિ, ઇતિહાસ-સંસ્કૃતિ-ધર્મ ચિંતક, પુષ્ટીમાર્ગીય હિંદુત્વના પ્રખર હિમાયતી શ્રી શાસ્ત્રીજી વિશે કેટલાક મહાનુભાવોના મંતવ્યો જોઈએ તો....

- શ્રી કે.કા. શાસ્ત્રી પરમ વૈષ્ણવ અને ભારતીય સંસ્કૃતિના હાલતા ચાલતા તીર્થ જેવા મહા પંડિત છે.

**— નવલકિશોર શર્મા (પૂર્વ રાજ્યપાલ, ગુજરાત)**

- શ્રી કે.કા.શાસ્ત્રી ગુજરાતના સાર્વજનિક જીવનમાં એક મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે, ત્યાગ, સેવા, સમર્પણની ત્રિવેણી તેમના વ્યક્તિત્વને ઉજાગર કરે છે. **— લાલકૃષ્ણ અડવાણી (સંસદ સભ્ય)**

- એક શ્રદ્ધાદીપ, એકવિદ્વત્તા, એક જ્ઞાનદષ્ટા, એક ઋષિતુલ્ય શાસ્ત્રીજીના અનેક રૂપ છે. પણ બધા રૂપોમાં એક સમાનતા રહેલી છે. તે ચાહે સાહિત્ય સર્જક કે ધર્મરક્ષક કે જ્ઞાનદાતા શિક્ષક હોય, શાસ્ત્રીજીના પરિચયમાં જે કોઈ આવ્યું હશે તેણે 'સ્વજન' જેવી મૂર્તિના દર્શન કર્યા હશે તેવું લાગશે.

**— નરેન્દ્ર મોદી (પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત)**

- ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ગાતા, વ્યાખ્યાકાર એવા શાસ્ત્રીજીના તપથી, વિદ્યાથી અનેક વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે. સંસ્કૃત તેમજ સંસ્કૃતિ બંનેમાં તેમનું ઉત્તમ પ્રદાન રહ્યું છે. એવા શાસ્ત્રીજી સુદીર્ઘકાળ સુધી સંશોધન તેમજ અધ્યયનમાં ઉત્તમ મનીષીના રૂપે વખણાયા છે.

**— મુરલી મનોહર જોશી (પૂર્વ સંસદ સભ્ય, રાજ્યસભા)**

- આપણા પૌરાણિક વારસા તેમજ સંસ્કૃતિનું જતન એમના જેવા આઝાદીના અડીખમ યોદ્ધા દ્વારા થઈ રહ્યું છે એ સર્વ ભારતીયો માટે ગૌરવ લેવા જેવી બાબત છે.

**— વજુભાઈ વાળા (પૂર્વ નાણાંમંત્રી, ગુજરાત)**

- ૨૧ મી સદીમાં શાસ્ત્રીજી ૧૦૦ શરદો જીવીને ગુજરાતમાં અને સમગ્ર રાષ્ટ્રમાં સંસ્કૃતિની વસંતને હંમેશાં ખીલતી રાખી છે. તેમના જીવનમાંથી એક આચમન આપણે કરીએ તો એ આપણા જીવનને પવિત્ર બનાવે છે. **— સ્વ. અશોક ભટ્ટ (પૂર્વ મંત્રી, ગુજરાત)**

- શિક્ષણ ક્ષેત્રમાં તેઓના જ્ઞાનનો લાભ આપણને મળેલ છે જે અવિસ્મરણીય છે.

**— આનંદીબેન પટેલ (પૂર્વ શિક્ષણમંત્રી, ગુજરાત)**

આ ઉપરાંત ભૂપેન્દ્ર ચુડાસમા, કૌશિક પટેલ, અમિત શાહ, બાવકું ઉંઘાડ, વી.એન.માયરા, અનિલ પટેલ, પી.કે. લહેરી, હરેશ ભટ્ટ, અશોક સીંઘલ, આચાર્ય ગિરિરાજ કિશોર, ડૉ. ગૌતમ પટેલ, શ્રેણીક કસ્તૂરભાઈ, ભાવનાબેન દવે, નવનીત પ્રિયશાસ્ત્રી, શ્રી રમેશ ઓઝા, પ્રમુખ સ્વામી મહારાજ, તેજેન્દ્ર પ્રસાદજી, ડાહ્યાભાઈ શાસ્ત્રી, તદ્રુપા નંદસ્વામી, અંબાશંકર નાગર, ભાગવત ઋષિ, સ્વામી વિદિત્માનંદ સરસ્વતી, ઘનશ્યામજી આચાર્યશ્રી, મુનિશ્રી હિતવિજયજી, આત્માનંદજી, સ્વામી પુરુષોત્તમ પ્રિયદાસજી, પ્રો. એ.યુ. પટેલ, ડૉ. કનુભાઈ માવાણી, ડૉ. માધાભાઈ પટેલ, ડૉ. અરુણકુમાર દવે, ડૉ. મનોહર ધોળકિયા, મંજરી દીવાન, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, પ્રો. મદનમોહન વૈષ્ણવ, ડૉ. ધીરુભાઈ ઠાકર, ભોળાભાઈ પટેલ, કુમારપાળ દેસાઈ, ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા, ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટ, બહેચરભાઈ પટેલ, શાસ્ત્રી ઈશ્વર ચરણદાસ, બચુભાઈ ઠાકર, કમલેશ ચોક્સી, રસિકરાયજી મહારાજ, હરિશ પંડિત, ડૉ. મુગટલાલ બાવીસી, રસિકભાઈ રાવલ, હસુતા સેદાણી, રિઝવાન કાદરી, મનીષ મહેતા, મુકુંદ પરીખ, અંજની મહેતા, ગોવર્ધન શર્મા, શ્રીધર વ્યાસ, ભારતી શેલત, આર.ટી.સાવલીયા, મફતલાલ ભાવસાર, જાગૃતિ દેસાઈ, ડૉ. એસ્થર સોલોમન, ડૉ. વાસુદેવ પાઠક, ડૉ. ગીતા મહેતા, ડૉ. સલોની જોશી, ડૉ. કીર્તિદા શાહ, નરેન્દ્ર પંડ્યા, પ્રો. અમૃતલાલ ભોગાયતા, ડૉ. એચ.એસ. સાવરીકર, ડૉ. એમ.એન. ગોહિલ, પ્રો. વી. કુટુંબશાસ્ત્રી, એમ.એસ. પરીખ, સુરેશ શર્મા, ડૉ. દિલાવરસિંહ જાડેજા, પ્રો. સુરેશચંદ્ર કાંટાવાલા, બાલકૃષ્ણ દોશી, નીતિન શાહ, અગ્નિહોત્રી, સનાતન વ્યાસ વગેરે જેવા મહાનુભાવોએ શાસ્ત્રીજીના જીવન-કાર્ય વિશે પોતાના મંતવ્યો, લેખો, સ્મરણાંજલિઓ, સ્મરણો, યાદો રજૂ કરી છે.

તો આવા હતા અમારી બી.ડી. કૉલેજના ગુજરાતી અને સંસ્કૃત વિષયના મહામનીષી અધ્યાપક કે.કા.શાસ્ત્રીજી. જેઓ અપ્રતિમ વિદ્યોપાસક, સારસ્વત અને બી.ડી. કૉલેજના કેળવણીના પ્રકાશપુંજ બ્રહ્મર્ષિ હતા.

**નોંધ :** આનંદ એ વાતનો છે કે મારા ગુરુના પણ એ ગુરુ હતા તેમના અક્ષર દેહ ઉપર મારે લેખ લખવાનો થયો. અને મારું પીએચ.ડી.નું સંશોધન પણ 'ભાષાશાસ્ત્રી : કે.કા.શાસ્ત્રી' ઉપર જ થયેલું છે તે માટે ખૂબ જ આનંદ થાય છે.

**સંદર્ભ ગ્રંથો :**


૧. 'ભર્યું ભર્યું અસ્તિત્વ' - ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા - પ્રકાશક-કૃષ્ણકાન્ત કડકિયા ટ્રસ્ટ, બીજી આવૃત્તિ ૨૦૦૮

૨. 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથ-૬, સંપા.-રમેશ ર. દવે, ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ-૨૦૦૬.

૩. 'બ્રહ્મર્ષિ કે.કા.શાસ્ત્રી : શતાયુરભિનદન ગ્રંથ' - સંપા.-ભારતી શેલત, કૃષ્ણકાન્ત કડકિયા, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ-૨૦૦૫.

૪. 'ભાષાશાસ્ત્રી : કે.કા.શાસ્ત્રી' - ડૉ. મોહનભાઈ ચાવડા - અક્ષર પબ્લિકેશન, અમદાવાદ-૨૦૧૫.

૫. 'અમૃત મહોત્સવ અભિનંદન' ગ્રંથ-૧ - સંપા. ચી.મા. શેઠ, પ્રકા. વિશ્વ હિન્દુ પરિષદ, ૧૯૮૨.

૬. 'અમૃત મહોત્સવ અભિનંદન' ગ્રંથ-૨ - પ્રકા. કે.કા.શાસ્ત્રી, અમૃત મહોત્સવ ટ્રસ્ટ, ૧૯૮૨.

૭. 'બ્રહ્મર્ષિ કે.કા.શાસ્ત્રી શતાબ્દિ દર્શન' - પ્રકા. દર્શન ટ્રસ્ટ, અમદાવાદ, ૨૦૦૪.




જીવનની પ્રથમ તસવીર
ઈ.સ. ૧૯૨૨



ઈ.સ. ૧૯૪૬



# સર ચિનુભાઈ માધવલાલ બૅરોનેટ

(૨૭-૫-૧૮૬૪ થી ૧૬-૦૩-૧૯૧૬)

◆

કશ્યપ મહેતા*

સર ચિનુભાઈ બૅરોનેટ એટલે ગુજરાતનું ગૌરવ અને સમગ્ર ભારતમાં એક વખત ગૂંજતું નામ.

ગુજરાતમાં મિલ ઉદ્યોગનો પાયો નાંખનાર દીર્ઘદ્દષ્ટા અને હિંમતવાન તથા ખંતીલા કર્મયોગી પુરુષ રણછોડલાલ છોટાલાલના પુત્ર માધવલાલના એકના એક પુત્ર એ સર ચીનુભાઈ. દાદાનો વારસો તેમના લોહીમાં ઊતરેલો તેથી કાપડ ઉદ્યોગ બાબતની તમામ ઝીણી સમજણ અને અમદાવાદ તથા ગુજરાતના લોકકલ્યાણના કાર્યો તેમના હૈયે વસેલાં હતાં.

તેમનો જન્મ ૨૭.૫.૧૮૬૪ના દિને અમદાવાદ મુકામે પિતાશ્રી માધવલાલ તથા માતુશ્રી રેવાબાના ઘરે થયેલો. તેમનું મોસાળ રાયપુર ભાઉની પોળમાં રા.રા.શ્રી જસભાઈ મામલતદારને ત્યાં થાય. બાળપણમાં ગર્ભશ્રીમંત કુટુંબમાં લાડેકોડે પાલન થયેલું. ભદ્રમાં આવેલ મીડલ સ્કૂલમાં શાળાનું શિક્ષણ લીધું ત્યારબાદ આર.સી. હાઈસ્કૂલમાં વધુ શિક્ષણ થયેલું અને ત્યારબાદ પ્રીવીયસ સુધીનો અભ્યાસ પ્રખ્યાત ગુજરાત કૉલેજમાં કરેલો, ત્યારબાદ અભ્યાસ છોડીને દાદાશ્રી રણછોડભાઈની સાથે મિલ ઉદ્યોગની તાલીમ લીધેલી. રૂની જાણેની પરીક્ષા કરવાની શક્તિ ઘણી સારી નવી ટેકનોલોજી અને મિલમશીનરી બાબતનું જ્ઞાન ઘણું સારું.

લગભગ અઢાર વર્ષની વયે તેમનું લગ્ન રાયપુર સાંકડીશેરીમાં આવેલી ઝુમખીની ખડકીમાં શ્રી સૂર્યરામ સારાભાઈની બીજી દીકરી સૌ. દેવલક્ષ્મીબેનની સાથે થયેલું. તે લગ્નજીવન આશરે ૧૦-૧૧ વર્ષ સુધી ટકેલું અને ત્યારબાદ સૌ. દેવલક્ષ્મીબેન અચાનક અવસાન પામતાં તેનો અંત આવેલો. તે દરમ્યાન કોઈ સંતાનપ્રાપ્તિ થયેલ ન હોવાથી તે સમયના રિવાજ મુજબ આશરે ૧૨ માસનો ગાળો પસાર કર્યા પછી આશરે ૩૦ વર્ષની ઉંમરે બીજું લગ્ન દહેગામ પાસે આવેલ પરઢોલ ગામના જમીનદાર શ્રી ખુશાલરાયના પુત્રશ્રી ચુનીલાલની પુત્રી સુલોચનાબેન સાથે થયેલું. સુલોચનાબેન (પત્ની) સર ચિનુભાઈ કરતાં આશરે ૧૫ વર્ષે ઉંમરમાં નાના હતા. તેમના લગ્નજીવન દરમ્યાન છ પુત્રીઓ અને એક પુત્ર શ્રી ગિરિજાપ્રસાદ પ્રાપ્ત થયા.

સર ચિનુભાઈના જીવનમાં શ્રી અને સરસ્વતીનો અદ્‌ભુત સુમેળ જોવા મળે છે. તેમની લાઈબ્રેરીમાં આશરે ૩૦,૦૦૦થી વધુ પુસ્તકો હોવાનું જાણવા મળે છે. તે સમયની ને સૌથી મોટી લાઈબ્રેરી હતી. તેમનું સંસ્કૃતનું જ્ઞાન ઘણું ઊંડુ અને વિશાળ હતું. સંસ્કૃત સાહિત્યમાં વ્યાકરણની દષ્ટિએ અતિશય અઘરું ગણાતું 'ભટ્ટિકાવ્ય' શીખવા ઘણા પંડિતો પણ આવતા હતા. તેઓ જ્ઞાની પુરુષો, પંડિતો, જ્યોતિષીઓનો ઘણો આદર સત્કાર કરતા અને યથાયોગ્ય પુરસ્કાર પણ આપતા. ઘણા સારા બ્રાહ્મણોનાં બાળકોને કાશી સુધી મોકલીને પંડિતો બનાવ્યા હતા. સાઠોદરા નાગર વિદ્યાર્થીમાંથી તેમણે શ્રી ભાસ્કરભાઈ બળવંતરાય યોધને ઈંગ્લેન્ડ મોકલીને એક લબ્ધપ્રતિષ્ઠ તબીબ બનાવેલા જેઓ ભારતના રાષ્ટ્રપતિશ્રી રાજેન્દ્રપ્રસાદનાં માનદ તબીબનું ઉચ્ચ પદ પામેલા. તેવી જ રીતે શ્રી શ્રીમુખરાય લક્ષ્મીલાલ મહેતાને ઈંગ્લેન્ડ મોકલીને આઈ.સી.એસ. બનાવેલા. જે આ પછીથી આસામ ગવર્મેન્ટના ચીફ સેક્રેટરીના પદ સુધી પહોંચેલા અને તે ઉપરાંત ભાઈશ્રી શશીકાન્ત વામનરાવ મહેતાને પૂના મોકલીને સિવિલ એન્જિનિયર બનાવેલા. જેઓ ત્યારબાદ ભારત સરકારના આયર્ન, સ્ટીલ ઍન્ડ સીમેન્ટ વિભાગના નાયબ નિયામકના ઉચ્ચ હોદ્દા સુધી પહોંચેલા.

સર ચિનુભાઈએ આર.સી. હાઈસ્કૂલ ઑફ કૉમર્સ, આર.સી. ટૅક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ, આર.સી.

* શ્રીરામજીની શેરી, સારંગપુર, અમદાવાદ.

ગર્લ્સ હાઈસ્કૂલ માટે ઉદાર હાથે ફાળો આપેલો. તથા પ્રસિદ્ધ ગુજરાત કૉલેજમાં સાયન્સ વિભાગ ચાલુ કરાવવા માટે રૂ. ૧૦,૦૦,૦૦૦/-નું માતબર દાન આપેલું. તેમણે તેમના દાદાજીએ સ્થાપેલ રણછોડભાઈ દવાખાનું, તથા વિક્ટોરિયા જ્યુબીલી હૉસ્પિટલનું એક્સ્ટેન્શન કરાવ્યું અને અદ્યતન સુવિધા અને સગવડોથી સુસજ્જ કર્યું. તેમનું સને ૧૯૧૦ સુધીનું જાહેર દાન તથા ગુપ્તદાન લગભગ ૯૦ લાખ ઉપરનું ગણાય છે તેથી અંગ્રેજ સરકારે ૧૯૧૦માં કાયમી બેરોનેટશીપનું બિરુદ એનાયત કર્યું. તેઓ ૧૯૧૧માં લંડનમાં ભરાયેલા કૉરોનેશન સમારંભમાં હાજર રહેવા માટે શેઠ લાલભાઈ દલપતભાઈની સાથે લંડન ગયેલા.

તેમની પાસે મદદ માટે ગયેલા કોઈપણ મદદ મેળવ્યા વગર પાછા ફર્યા હોય તેવું જાણવા મળ્યું નથી. જ્ઞાતિજનોમાંથી જરૂરતમંદ માણસોને મદદ અવશ્ય મળતી. નોકરી મેળવવા ગયેલાને તાત્કાલિક નોકરી મળી જતી. તેઓ જગદંબાના પરમભક્ત અને અંબાજીમાં વારંવાર જતા અને માતાજીને થાળ ધરાવતા અને નવચંડી શતચંડી અને સહસ્રચંડી યજ્ઞ પણ કરાવતા. અમદાવાદમાં આવેલ શ્રી ભદ્રકાળી માતાજીના મંદિરમાં ઘણી વખત નવચંડી અને શતચંડી કરાવતા તેમની નમ્રતા ધ્યાનાકર્ષ છે. તેઓ વાતચીતમાં કદાપિ "મારી મિલ" એવો શબ્દ ઉચ્ચારતા નહિ. પરંતુ હું જે મિલમાં કામ કરું છું ત્યાં આજે આ પ્રમાણે કરવાનું છે તેમ જણાવતા.

તેઓએ તેમના પિતાના મરણ પછી શહેરચોર્યાસી કરેલી અને અમદાવાદ શહેરના તમામ બ્રાહ્મણોને જમવા બોલાવેલા. તેમાંના કેટલાક પિત્તળના મોટા લોટામાં ઘી સાથે લઈ ગયેલા અને જમાદારે ટોકતાં એક જણ લોટો ભરીને ઘી પી ગયેલો. આ વાતની સર ચીનુભાઈને જાણ થતાં તેમણે તેમના જમાદારને ધમકાવેલો અને ગાડી જોડાવીને જાણે સદરહુ માણસની તબિયતની તપાસ કરવા ઘરે પહોંચેલા અને તમામ પ્રકારની તબીબી સહાય પૂરી પાડેલી. શાહપુરમાં રહેતી કોઈ વયોવૃદ્ધ બ્રાહ્મણની આર્થિક સ્થિતિ અત્યંત નબળી હોવાથી તે પોતાની દીકરીને પરણાવી શકતો નહોતો તેથી ઓળખાણ આપીને સર ચીનુભાઈને ઘેર મળવા ગયેલો. સર ચીનુભાઈ તે સમયે જમવા બેઠેલા તેથી તેમણે પોતાના જૂના મિત્રને પોતાની સાથે જમવા બેસાડેલા અને જમાડીને પોતાના સ્વહસ્તે પાન બનાવીને ખવડાવેલું. ત્યારબાદ પેલા મિત્ર બંગલાની બહાર જવા નીકળ્યા અને પોતાના પહેરણના ખિસ્સામાં હાથ નાખતાં એક કાગળ નીકળ્યો જે તપાસતાં ઈમ્પીરિયલ બૅન્ક ઑફ ઇન્ડિયાનો રૂ.૨૫૦૦૦/-નો ચેક હોવાનું જણાતાં તેમના તમામ પ્રસંગો સુખરૂપ પસાર કરી શકેલા પરન્તુ તે ચેક ક્યારે કોણે લખ્યો અને તેમાં શેઠ સાહેબે સહી ક્યારે કરી તેની જાણ સર ચીનુભાઈના કુટુંબીજનોને પણ થયેલ નહીં.

મિલ ઉદ્યોગના અગ્રણી સર ચીનુભાઈ બેરોનેટ વેપાર ઉદ્યોગમાં સફળ રીતે ધનવૃદ્ધિ કરી શક્યા. તેમણે ઈજિપ્શીયન રૂમાંથી ૧૦૦ કાઉન્ટ જેટલું બારીક સૂતર પોતાની મિલમાંથી પહેલવહેલ કાઢ્યું હતું. તેમના વર્તનમાં શુદ્ધ બ્રહ્મત્વ હતું. તેઓ સંસ્કૃત સાહિત્ય અને કલાના ઉપાસક અને પોષક હતા. એમ કહેવામાં આવે છે કે સર ચિનુભાઈ જેવો બીજો કોઈ દાનેશ્વરી અમદાવાદમાં પામ્યો નથી. તેમની સેવાઓની કદરરૂપે સરકારે સી.આઈ.આઈ. અને નાઈટહૂડનો ઈલકાબ આપ્યો હતો અને પાછળથી ૧૯૧૩માં ૨૨ કરોડ હિન્દુઓમાં પ્રથમ વખત ચિનુભાઈને વંશ પરંપરાગત બેરોનેટનો ઇલકાબ આપી સરથી નવાજવામાં આવ્યા હતા. તેમણે મિલમાલિક મંડળ અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. ચિનુભાઈ બેરોનેટનું પૂતળું ભદ્ર ફુવારાની વચ્ચે છે. જેની અનાવરણવિધિ મહાત્મા ગાંધીજીએ કરી હતી. એમની યાદ આવતો શાંતિકુંજ બંગલો શાહીબાગ ખાતે શિખર ઍપાર્ટમેન્ટ વચ્ચે જોવા મળે છે.

આમ સંપત્તિ પ્રાપ્ત કરી ભોગવી અને કીર્તિની સુવાસ મૂકીને તેઓશ્રીએ મહાશિવરાત્રિના પવિત્ર દિવસે તારીખ ૧૬.૩.૧૯૧૬ના દિને દુનિયામાંથી ચિર વિદાય લીધેલી. આજે ૧૦૦ વર્ષ બાદ પણ લોકો એમને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરે છે.



૨ ફેબ્રુઆરી ૧૯૧૫ના રોજ ગાંધીજીને સન્માનવા ચીનુભાઈના પ્રમુખપદહેઠળ થયેલી જાહેરસભા
ડાબેથી મહાત્મા ગાંધીજી, શ્રી ચીનુભાઈ વેરોનેટ અને કસ્તૂરબા ગાંધી



શ્રી ચીનુભાઈ વેરોનેટ પરિવાર સાથે





શ્રી ચીનુભાઈ વેરોનેટશ્રી ચીનુભાઈ વેરોનેટના પત્ની સુલોચનાબહેન



શ્રી ચીનુભાઈ બેરોનેટનું ભદ્ર વિસ્તારમાં મૂકવામાં આવેલું બાવલું.



મુંબઈના ગવર્નર લૉર્ડ વિલિંગ્ટન અને તેમના પત્ની સાથે ચીનુભાઈ બેરોનેટ અને તેમના પત્ની લેડી સુલોચનાબહેન (૧૯૧૩)

# Stories Enliven Sadgunas in an Encyclopaedic Book

◆

**Dr. Rasesh Jamindar***

Child-care is a global phenomenal problem, then and now, especially for women at large irrespective of their culture, society, religion, rituals, tasboos, environment, et cetera. Rather it is a hydra-headed situation. As we know, parenting is a very hard task for all, whether it is a single mother, nucleus family, or those who are more career-oriented. It seems, it is a complex situation to be a parent. In comparison with men, women are more prone from the day of conceiving to the birth of a baby, raising them after naming, to see off to kg school till graduation, to choose academic subjects, to provide extra curricular activities, to clothe them, find them company of good friends and a marriage partner. All these are to be decided by just mother or parents. To address such, a hydra-headed problem, there are many books to help us but they are written from different perspectives and angles. Hardly any of them have a soft religious base with a soft scientific approach. As we know, any religion is a pivotal point in any human life. Without scientific approach and religious norms no society across the globe can make progress. Parenting a child is not an easy task. It requires deep thought to guide us from every angle. Though it is a global phenomenal problem, here is a handy book to address parenting problems from the child-care perspective.

It is a book entitled as - *Murti Pujā and Bāl Saṁskāras* - a handbook for parents (with Ayurvedic principles of health for children) and published by BAPS' Swaminarayan Aksharpith, Sahibaug, Amdavad-4, India in March 2016. It is very aptey penned by BAPS Sadhu Mukundcharandasji, who is a versatile writer with the blessings from Pramukh Swami Mahārāj, of course, through indicative sermons of Bhagwan Swāminārāyan, whose social norms and ethical values have changed lives of many across the globe.

The book under review has nine sections and 14 appendices, plus acknowledgements, glossary, bibliography, further reading and index as well as a two-sided poster. Consisting of 180 pages, this book profusely describes 47 Sadgunas through seven sections. Section eight describes Ayurvedic principles of health for kids while the ninth section discusses Miscellaneous factors of health. The fourteen appendices provide some specific information regarding *Garbha Saṁskaras*, Ghar-Sabha, necessary information from *Vachanāmrut*, Yoga and *Prāṇāyāma*, brahmacharya, places visited by Neelkanth Varni, Homoeopathic remedies, et actera.

* પૂર્વ અધ્યક્ષ અને પ્રાધ્યાપક, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

47 Sadgunas consisting of Devotional virtues, Artistic virtues, knowledge and learning virtues, virtues pertaining to self-discipline, virtues of social and communication skills, virtues of pride and love for India and last but not the least virtues of diet and healthy living. All these *Sadgunas* guide parents how to make children's lives *sāṁskrutic* and liveable to attain peace, bliss and happiness for and with our children in modern society through precise knowledge of *Shāstras.* All these *Sadgunas* listed here are revealing and easy to understand and inspire confidence in both parent and child.

Described *Sadgunas* intent to proscribe 'bad things do happen' and precribe how to achieve *ātmic* strength combating *māyic* enticements and consolidating *bhakti* of *Paramātmā* through *Guru* who inspires *bhaktibhāva* by consolidating cultural identity with the help of application of media for attaining clarity of goal in life. These *Sadgunas* also inspire art, craft and decoration skills which include singing, music abilities, drama skills, poetic and literary ability, traditional Indian instrumental skill for developing aesthetic sense. They also cultivate creativity and right-brain function, power of observation, teach and sharpen mother tongue, inspire a sense of history and instil eco-awareness.

Self-descipline is utmost necessary for smooth living for *dharmic* behaviour and obeying *guru's āgnā.* Orderliness in daily living with awareness of personal purity developing time-consciousness, boosting emotional well-being with physical discipline of tolerance with *vairāgya,* sacrifice, respect and humility, is must.

Social and communication skills are those virtues which inspire the art of *Śevā* i.e. *paropkār,* liking for *satsang* through *ghar-sabhā,* public speaking skills, friendship, confidence, self-esteem though *Suhridbhāva.* Pride about India's tirthas by becoming *tirth-yātrik* inspires love for India, which is one of the most important ingrediants inclucating *sanskritic* values by visiting holy places and understanding our fore-father's contributions through artefacts, nice architectural places. The last section consolidates our family-tie by making ourselves living to gather by living together as very aptly professised by Pramukh Swami Maharaj is that - A family that eats and prays together, stays to gether. Virtues of diet and healthy living help kids to attain self-control by *ghar-sabha* and *kauṭumbic bhojan.* Sections 8 and 9 inspire children to understand the Ayurvedic principles for health and other factors such as brahmacharya, yoga and praṇāyāma.

Pramukh Swami Maharaj's maxim for physical and spiritual health is to understand and put into paractice 4 things in daily life especially for NRIs and NRGs : *Bhāshā, Bhushā, Bhajan* and *Bhojan* to be traditional. These traditional ingredients are to be observed for a peace and prosperity.

'After discussing a *sadguna,* true stories of BAPS children and parents and the difficulties they overcame to practice that *Sadguna,* are portrayed'. Author's lucid

presentation throughout this book is laudable and he deserves to be congratulated for giving us such an encyclopaedic work.

The author's concluding remark is worth : No man is an island. People need people to live a healthy life. This is especially important for Hindus abroad who live isolated or at some distance from other Hindus. In such cases, the only solution is to connect with other Hindus in a mandir for regular satsang. In such a religious gathering they can relate to one another better since the cultural and religious roots are common, even though the regional or social backgrounds of the individuals may differ... shortly, strong social ties offer greater immunity against disease. *Iti.* I must say that this book is an investment in preserving the best of what Hindu values offer to a global society that will one day belong to our children is aptly observed by Aarti Patel of Toronto. It is rightly observed by Bhavin Raval of Sydney that lucidity, authenticity and practicality are pivots of this handbook for experienced parents as well as newly-wed couples. Authenticity is enhanced by quoting medical researches and journals.

Every section of this book is adorned with an introduction which pins what is there in each section. This book nicely envisioned by him. It is a must read for every parent and would be parent. All Sadgunas narrated here are not only applicable for Hindus but eqnally good for all parents who understand the importance of value instilling for smooth and heartening living. Coloured photos and story-illustrations make this reading very interesting. It is not boring, rather it is an interesting reading to be adopted for united family.

Along with the book under this review-article every parent and child should read two more books authored by Sadhu Mukundcharandasji. They are : *Hindu Festivals* as well as *Hindu Rites and Rituals.* All these three books together make one's life easier plus inspire children to live culturally, fulfilling and connect them with our *dharmic* roots.

This book under review has some general facets to offer us such as *Sadgunas, Murti Puja, Sanskaras, Ghar-Sabha,* Home-made food, *Navdhā-bhakti,* satsang, et cetera. All these enrich our homes for the present and consolidate our future traditions. Though this book primarily intended to enliven with *Murtipujā* it also promotes cultural activities such as art, music, aesthestic sense in kids as they are inseparable and synergistic, as the author has plainly put forward. *Ghar-Sabhā* is also a kind of *Satsang* which. Associates our selves with *Paramātmā.* It is food for atma and hense is an important part of one's life consolidating family harmony.

From all humanitarian angles, this book is worthy reading reconnecting us with our cultural roots for contentment in life, encompassing and connecting our *ātmās* with *Paramatmā.* We are grateful to the author for this book and also publisher Swaminarayan Aksharpith, Shahibaug, Amdavad. Nirjala Ekadashi 2072. 16.6.2016 Astu.

# 'નૃત્યસવનમ્' ૨૦૧૬

◆

**ડૉ. અમૃત ઉપાધ્યાય***

છેલ્લા ત્રણ માસમાં અમદાવાદની પરંપરા એકેડેમીનો આ બીજો હૃદયંગમ કાર્યક્રમ, ૨૪મી જાન્યુઆરી, ૨૦૧૬ની રળિયામણી સાંજે, નહેરુ ફાઉન્ડેશનના સુસજ્જ નાટ્યગૃહમાં યોજાયો હતો. નવાનગરના રાજા જામ સત્તર સાલના સભાકવિ અને 'રસકૌમુદી' નામક નૃત્યશાસ્ત્રીય ગ્રંથના કર્તા શ્રીકંઠ કવિ કહે છે તેમ, વિવિધ ફલો વડે જેમ માળી પુષ્પમાળા રચે છે તેવી જ રીતે નર્તકીઓ મુખ્ય અંગો તેમજ ઉપાંગો વડે નૃત્યક્રિયા કરવી –

माल्यकारो यथा माल्यं बध्नाति कुसुमोत्करैः ।
सुधीः कुर्यात् तथा नाट्यमङ्गोपाङ्गै रसादिभिः ॥ ર.કૌ. ૫.૧૮૩

બરાબર આ જ રીતે, 'નૃત્યસવનમ્'ના અર્થપૂર્ણ નામથી પ્રસ્તુત થયેલો આ કાર્યક્રમ નૃત્યસંગીતની, એકએકથી ચઢિયાતી, સાત સુંદર પ્રસ્તુતિઓથી ગૂંથાયેલી રસાર્દ્ર કુસુમમાળા જેવો બની રહ્યો હતો.

'નૃત્યસવનમ્' ૨૦૧૬માં, 'સવનમ્'ના વૈદિક અર્થમાં, ખરેખર, છ નૃત્યની અને એક સંગીતની જુગલબંધીની, અત્યંત હૃદયાવર્જક પ્રસ્તુતિઓનું જાણે કે અનોખું 'સત્ર' જ યોજી દેવામાં આવ્યું હતું !

સમગ્ર કાર્યક્રમમાં 'ભરતનાટ્યમ્' શાસ્ત્રીય નૃત્યશૈલીમાં ૧. ગણેશસ્તુતિ, ૨. પુષ્પાંજલિ, ૩. અલ્લારિપુ અને ૪. પદમ્ની ચાર મનોરમ્ પ્રસ્તુતિઓ, પરંપરા ઍકેડેમીની ઊગતી નૃત્યાંગનાઓ દ્વારા, ઉપસ્થિત બહુસંખ્ય દર્શકો સમક્ષ, અત્યંત ઉત્સાહપૂર્વક તથા ઓજસ્વી રીતે, રજૂ કરવામાં આવી હતી; જેને રસિક દર્શકવર્ગે, તાળીઓના ગડગડાટ વડે હોંશપૂર્વક વધાવી લીધી હતી; અને એ રીતે, નૃત્યની લલિતસુંદર કળાના ઉદીયમાન કળાકારોને પ્રોત્સાહિત કર્યા હતા.

'ભરતનાટ્યમ્'ની ઉપરોક્ત ચાર પ્રસ્તુતિઓની સાથે સાથે, 'કુચીપુડી' નૃત્યશૈલીની બે ઉત્તમ પ્રસ્તુતિઓ પણ આ સોનેરી સાંજે પ્રસ્તુત થઈ હતી, જેમાંની એક, 'રંગપૂજા'ની શાસ્ત્રીય ઢબની પ્રસ્તુતિ, સંસ્થાની વિદ્યાર્થિનીઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી; જ્યારે બીજી પ્રસ્તુતિ, સંસ્થાનાં નિર્દેશિકા તેમજ નૃત્યાંગના/ નૃત્યગુરુ શ્રીમતી બીજલ હરિયા દ્વારા રજૂ થઈ હતી જેનું નામ હતું 'બાલગોપાલતરંગમ્'; જે કુચીપુડી નૃત્યની પારંપારિક, છેવટની રચના હોય છે. શ્રીમતી બીજલબેને, ઉત્કૃષ્ટ ઢબે, 'એકલ' નૃત્યરૂપે, પણ વૈવિધ્ય ખાતર, છેલ્લે, ત્રણ સહયોગી નર્તકીઓ સાથે, આ રચના, નેત્રદીપક તથા ચિત્રાકર્ષક રીતે રજૂ કરી બતાવી હતી; અને પ્રેક્ષકોની દાદ મેળવી હતી.

શ્રી પાર્થ સરકારે વાંસળી વગાડીને તથા શ્રી જાજ્વલ્ય શુક્લે તબલાં વગાડીને, આ કાર્યક્રમની, સંગીતની એકમેવ પ્રસ્તુતિ, સંગીતની અનોખી સુંદર, સુમધુર 'જુગલબંધી' રૂપે રજૂ કરી હતી. જે અત્યંત મનભાવન હતી.

આ લખનારના મતે, સાત રચનાઓની આ 'સપ્તપદી', સંગીત, અભિનય, ભાવ તથા તાલથી યુક્ત એક અત્યંત રસાળ, હૃદયંગમ તથા યાદગાર દૃશ્યશ્રાવ્ય સંધ્યામાં પરિણમી હતી. આ સમગ્ર કાર્યક્રમનો છોગારૂપ ચાક્ષુષ કાર્યક્રમ હતો, પિત્તળની થાળીની કિનારી ઉપર પગ ટેકવીને, અનોખું પાદકર્મ કરવાની પોતાની નર્તનકુશળતાનો પરિચય આપતો શ્રીમતી બીજલબેનનો કુચીપુડી શૈલીનો જાણીતો પ્રયોગ, જે છેલ્લા રજૂ થવા છતાં, સમગ્ર કાર્યક્રમનો ઉત્તમાંશ બન્યો હતો. 'અભિનયદર્પણ'ના કર્તા શ્રી નંદિકેશ્વર સાચું જ કહે છે કે –

* બી – ૧૦૧-૧૦૨, સારાંશ ગ્રીન્સ, કેસરીયાજીનગર પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭

नृत्यं गीताभिनयनं भावतालयुतं भवेत् ॥ (अ.द. ३५)

દીપપ્રાગટ્યથી શરૂ થયેલો આ કાર્યક્રમ, શ્રીમતી સ્મિતાબેન શાસ્ત્રી જેવાં વરિષ્ઠ નૃત્યગુરુનાં બે પ્રશંસાવચનોથી સફળ, સાર્થક થયો હતો એમાં શંકા નથી.



પદ્મ્ એકેડેમીની નવોદિત નૃત્યાંગનાઓ સાથે નૃત્યગુરુ
શ્રીમતી બીજલ હરિયા (વચ્ચે) દેખાય છે.
ભરતનાટ્યમ્



ભરતનાટ્યમ્ – પુષ્પાંજલી
પરંપરા એકેડેમી દ્વારા પ્રસ્તુત 'નૃત્યસવનમ્' – ૨૦૧૬
એકેડેમીની નવશિક્ષિત નૃત્યાંગનાઓ સાથે
નૃત્યગુરુ શ્રીમતી બીજલ હરિયા



કુચીપુડી નૃત્યશૈલીની લાક્ષણિક મુદ્રામાં ત્રણ સહકલાકારો
સાથે શ્રીમતી બીજલ હરિયા (કુચીપુડી–રંગપૂજા)




પરંપરા એકેડમી ઑફ પરફોર્મિંગ આર્ટ્સનું
શ્રીમતી બીજલ હરિયા (વચ્ચે) સાથે ત્રણ નૃત્યાંગનાઓનો
ચક્ષુર્ગમ્ય અભિનય (કુચીપુડી–રંગપૂજા)




કુચીપુડી નૃત્યાંગના શ્રીમતી બીજલ હરિયા
કુચીપુડી–બાલગોપાલ તરંગમ્



કુચીપુડી શૈલીનું વિશિષ્ટ નૃત્ય
પ્રસ્તુત કરતાં શ્રીમતી બીજલ હરિયા



શ્રીમતી બીજલ હરિયા
કુચીપુડી – બાલગોપાલ તરંગમ્

# Source Notes on Map of Wildlife in Bhagwan Swaminarayan's Gujarat

◆

**Swami Mukundcharandas***

1. George LeGrand Jacob. *Province of Kattywar* (1856;38, "Lions, panthers (leopard), cheetas, hogs, hyaenas, wolves, jackals the wild cat, foxes, ... abound."
2. J. MacMurdo noted the occurrence in 1818, of: tigers, Cheetas, leopard, wolf, hyaena, jackal and fox in Cutch, in his paper presented to the *Transactions of the Literary Society at Bombay.* Vol.II. p.215. However, he also cited, "the jungles are stocked with tigers in the neighbourhood of Ghir," in his account of "Kattiwar" in 1813 (Vol. I. p.262). This is clearly erroneous since only lions inhabited the Gir. Additionally his reference of "tigers in Cutch" probably meant lions. See Kinnear's list below in no. 20.
3. S.C Ghosh. *The Peninsula of Cujarat in the Early Nineteenth Century.* New Delhi: Sterling Publishers, 1977. Earlier in 1824 MacMurdo accompanied Col.Walker to Kathiawad. In his diary on 23rd September, he noted seeing a hyaena the day after camping on the river "Oond" near "Kumbalia." This area is immensely significant in the Swaminarayan Sampraday. 'Aksharbrahma Gunatitanand Swami was born in Bhadra, a village located next to the river Und near Kumbalia. On the 25th MacMurdo also cited that Mr. Elder-a member of their party shot a small, eight foot "alligator" (crocodile) between "Bhutan" and "Rungpoor" (pp.25-26). Today it is impossible to envisage that such animals inhabited this area during Bhagwan Swaminarayan's era. Later, on nearing Wadhwan, MacMurdo noted on 1st December that they spent the previous night at 'Choorvara' (near Sayla) "in great anxiety" - the occasional roaring of'tigers' having kept them awake (p.70). His observation that, "this animal abounds on the Bogawa River" (Bhogavo) again seems to be erroneous - mistaking tigers for lions.

- MacMurdo's account in 1809 also records cheetahs in Okha, p.47.

4. *Hindoostan in Miniature. Vol. VI.* London, (n.d., n.p., pp. 166-172, ed. Frederic Shoberl) cites an incidence of three lions marauding the area near Kaira (Kheda), Bombay Presidency in 1811. Of the three, the lioness was shot.
5. Gunatitanand Swami. *Swamīnī Vāto. Part II.* Mumbai BAPS, 2nd. ed., 1972, (10/192). Lions also inhabited regions beyond Gujarat in the early 19th century. In his discourses, Aksharbrahma Gunatitanand Swami once revealed that, Shriji Maharaj (in a divine form) protected Akhandanand Swami when he encountered four lions in *pardesh.* At the time *pardesh* meant any region beyond Gujarat. This is plausible.
6. Lions inhabited Rajputana which could also be considered *pardesh.* Quoting Col. Tod, the *Imperial Gazetteer of India* (1908: 78) cites that Maharao Bishan

* Courtsy, Swami Mukundcharandas Akshardham Mandir, Sahibag, Ahmedabad.

Singh of Bundi 'had slain upwards of 100 lions... besides many tigers..." prior to his death in 1824.

7. Capt. Mundy. *A Tour in India. Vol. I.* London : John Murray, 1833. In his tour of northern India in the years 1827 to 1829, Mundy noted that lions inhabited an area from Pewur to Hansi near Patiallah in Punjab, prior to 1827. pp.329-330.
8. J. W. Watson. *Statistical Account of Nawanagar* (1884 : 8). "The lion formerly frequented the entire Nawanagar state, and until 1860 they abounded in the Barda and Alech hills. They left after cannons were fired in pursuit of Waghers, and are now only found in Gir Forest and rarely in the Girnar mountain under Junagadh. The panther is still fairly numerous in the Alech, Dalasa and Barda hills. The chjtah and lynx are rarely found. Hyaenas and wolves, jackals and foxes abound. Alligators are plentiful in all large streams."
9. —— *Statistical Account of Bhavnagar* (1883:7). "The lion became extinct in Bhavnagar territory about 25 years ago (i.e. pre-1858). Panthers, hyaenas, wolves, jackals and foxes are still common."
10. —— *Statistical Account of Dhrangadhra* (1884 : 5). "The lion disappeared from the Dhrangadhra territory about 1840. Other wild animals include: panthers, an occasional chitah, wolves, hyaenas, jackals and foxes."
11. —— *Statistical Account of Porbandar* (1879 : 4). Lions fled from the Barda hills after 1859-60, when Col. Honner fired canons while pursuing Waghers in these hills. The lions never returned to Barda. Other wild animals include: panther, hyaena, wolf, jackal and fox.
12. —— *Statistical Account of Junagadh* (1880 : 5). "The Gir forest is one of the few remaining haunts of the lion in India, known by the local name of *Sawaj* - he who causes the flocks to bleat. The panther, wolf, hyaena, jackal and fox abound. The lynx*, manis (pangolin) and chitah are occasionally found."
13. —— *Kathiawad Sarvasangrah* (1886, Gujarati).

- Chotila, Than, Bamanbor hills - lions inhabited these areas pre-1883, when dense vegetation existed, p.43.
- Okha - leopard, wolf, p.304.

14. M. Dumasia, *Dharampur,* (1928 : 72) - tiger, panther (leopard).
15. H.T Dave. *Bhagwan Shri Swaminarayan.* Vol. IV (2003 : 376-377). Crocodiles in the river Sābali in Panchala. Shriji Maharaj bathed in the *Magario aro* (crocodiles' abode) area, after the divine *Maha Ras.* By His will He prevented the crocodiles from approaching Him while bathing.
16. Crocodiles existed in Gadhada then. This is inferred from the name of an old site - now filled and developed - still known as *Magario aro.*
17. Adbhutanand Swami. *ShriHarini Adbhut Vārtāo* (No. 145) Tigers outside the walls of Amdavad in 1818. Shriji Maharaj appeared in a divine form to protect Heron, the English Collector of Amdavad, when a tiger he was hunting sprang on his elephant near Badshah Wadi.
18. James Forbes. *Oriental Memoirs.* Vol.Ill, New Delhi:, Gian Publishing House,

rpt., 1988. In 1781, he noted the existence of tigers, hyaenas and jackals in the area outside the walls of Amdavad. p. 105.

19. —— *Oriental Memoirs.* Vol.1, noted in 1772, the occurrence of tigers, leopards, hyaenas and wolves in the plains of Surat. He also vividly described the use of the "cheeta" in hunting antelopes, pp.272-277.
20. B.B Kinnear. *The Past and Present Distribution of Lion in South Eastern Asia.* In *The Journal of the Bombay Natural History Society* (JBNHS), Vol.XXVII, (1920 : 33-39). Asian Lion *(Panthera leo persica).* "Common around: Ahmedabad (1836), Baroda (1832), near Bela in the Runn of Kutch ----- 1830), Deesa (1878), Anandra side of Mt.Abu (1872), Palanpur (1880), Goona, near Gwalior and Kotah, Rajputana (1867) and in the jungles known as "the Ghur" (Gir) in Kathiawad.'' See map p. 275.
21. *District Gazetteer: Bharuch District* (1961:29-30). Tiger *(Panthera tigris)* in : Chhota Udaipur, Jhagadia, Valia, Rajpipla, Gardeshwar, Nanchal and Songadh ranges until 1950s.
22. *District Gazetteer: Surat* (1877). Tiger in Mandvi sub-division.
23. J.M.Campbell. Gazetteer *of the Bombay Presidency, Vol. II, Kaira and Panch Mahals,* Bombay (1879 : 210). "In 1865, the results of the year's shooting included 22 tigers, 10 panthers and 38 bears."
24. —— Occurrence of Indian elephants *(Elephas maximus) in* the Dahod forests in Gujarat until about 1859.
25. —— Vol.V (1880 : 362). Tiger, panther *(Panthera pardas)* hyaena *(Hyaena hyaena),* wolf *(Canis lupus)* and jackal *in idar* State (Sabarkantha).
26. L.L. Fenton. *The Hunting Leopard in Kathiawar.* JBNHS 1920, Vol. XXVII. (2). Cheetahs in the Tanga area. pp. 398-99,
27. *The Times of India,* New Delhi, 5th November 2001. Tigers *roar silenced in Gujarat.*
28. However, Vechatbhai Bariya, a devotee in Panch Mahals, sighted a tiger in June 2002, on the way from Tejgadh to Bhilpur, Chhota Udepur, Gujarat. *Personal communication.*
29. Bhupatrai Vaishnav, V.Trikamji. *Sansthan Junagadhni Bhugol.* Rajkot: Shri Premsagar Printing Press., 1st ed. Samvat 1957, cheelah in Gir in 1840, p.125.
30. S.A. Chavan. *Vegetation and Wildlife in the Gir forest.* 1993.
31. Mahesh Rangrajan. *A Political History of the Lion in India.* (From princely symbol to conservation icon). New Delhi: Nehru Memorial Museum & Library, n.d.
32. H.S. Singh, *Natural Heritage of Gujarat.* Gandhinagar: Gujarat Ecological Education and Research (GEER) Foundation, 2001,

- "The last lion outside Saurashtra was shot by Col. Heyland of the Old 1st Bombay Cavalry on the Disa race-course in 1878. . Thakore Jaswantsinhji of Bhavnagar shot one near Sihor in the 1850s. p.153.
- Tiger in Mt.Abu (1943), Banaskantha (1970s), Amdavad city limit (mid 20th century), Vijaynagar- Sabarkantha(1953), p.168.
- Man-wolf encounters were common in the 19th and early 20th centuries. Of-

ficial English reports noted that wolves killed 624 people in 1878 and 285 in 1900. p.179.

- The Indian Wild Dog or Dhole *(Cuon alpinus).* In the early 19th century dholes inhabited northern areas of Kachchh and forests in south Gujarat. The *Bharuch Gazetteer* (1961) cited the occurrence of dholes in Dediapada, Gora and Sagbara ranges. They were last sighted in Vansda forests around 1970. Ferocious pack hunters, dholes successfully took on larger preys such as gaur and buffalo. Instances were even reported of dholes battling and killing a tiger. p.180.
- The sloth bear *(Melursus ursinus)* inhabited major forest areas of Gujarat, including: Dharampur, Valsad, Navsari, Dangs (JBNHS - 1891. Vol.VI), Idar, parts of Saurashtra and Kachchh. • Today they are only found in Banaskantha (Jessore, Balaram and Ambaji), in the Aravalli mountain range in Poshina and Vijaynagar (Sabarkantha) and Mt.Abu, Ratanmahal and forests of Panch Mahals and Vadodara. p.192.

33. —— *Wildlife of Gujarat.* Gandhinagar: GEER Foundation, 1998 The last cheetah *(Acinonyx jubatus)* recorded in Gujarat was in Rajkot (1894). p.80.
34. Divyabhanusinh. The *End of a Trail - The Cheetah in India.* New Delhi: Oxford University Press 1999, second ed., 2002. The last of the species in India was a pair sighted near Surguja, M.P., in 1967-68. p.222.
35. Ecologically a single habitat would be unable to support two top carnivores. However a few areas in early 19th century Gujarat seem to have flouted this principle. Correlating Forbes, Schoberl, Kinnear, Campbell and Singh's references above, both the lion and tiger seem to have either co-existed in the same region or occasionally, one wandered into the others territory in four areas, namely: Mt.Abu, Banaskantha, Amdavad and Kheda.
36. Tigers were observed as recently as the mid-1970s in riverine hillocks of the river Mahi in the Charotar area.

**Notes on Wildlife Map's Title Fonts**

All letters have been specially designed to represent wildlife, on India, including the Himalayas. The books listed below aided the visual images for a few of the animals and birds:


1 R.S, Dharmakumarsinhji. *Birds of Saurashtra.* Bhavnagar.. (approx.1952), p.488, Lesser Florican, p.474, Indian black ibis, p.476, Indian Spoonbill, p.500, Common grey Hornbill.

2 S.H. Prater. The *Book of Indian Animals.* Bombay: The Bombay Natural History Society, 1948, p.212-Urial (Wild sheep of Ladakh), p.192-Great Indian one-horned Rhinoceros, p.97-Jackal., p.189-Indian Wild Ass, p. 251-Spotted Deer., p.233-Nilgai, p.208-Yak, p.109-Sloth Bear.

3 B. D. Sharma, *High Altitude Wildlife of India.* New Delhi, Oxford & IBH Publishing Co. Pvt. Ltd., 1994, pp.119-122.

4 E.P. Gee. *The Wild Life of India.* London: Collins. 1964, Gharial (long-snouted mugger), p. 100.

## Map's *Title Alphabet & Animal Representations*

 Indian Wild Ass

 Sloth Bear

 Spotted Deer

 Indian Elephant

 Lesser Florican

 Gharial

 Common grey Hornbill

 Indian black ibis

 Jackal

 Leopard

 Monkey

 Nilgai

 Great Indian one-horned Rhinoceros

 Spoonbill

 Tiger

 Urial

 Wolf

 Yak

---

**The Past and Present Distribution of the Indian Lion**

(with probable year of extermination)






Lion hunting - decimation in Punjab

Source : B. Seshadri. The Twilight of India's Wild Life. Bombay : Oxford University Press, 1969, p. 116


WILDLIFE IN BHAGWAN SWAMINARAYAN'S GUJARAT
(1799 - 1830)
SINDH
MARWAR
MEWAR
MALWA
NIMAR
CUTCH
Great Rann Of Cutch
Little Rann Of Cutch
GULF OF CUTCH
GULF OF CAMBAY
Bhuj
Mandvi
R. Rukmavati
R. Banas
Disa
Mt. Abu
Ambaji
Vijaynagar
Himmatnagar
R. Sabarmati
Kaira
Amdavad
Nal Sarovar
Dhrangadhra
Wadhwan
Sylali
Chotila
Nawanagar
Rajkot
Gondal
Gadhada
Porbandar
Barda Hills
Gir Forest
Diu
Vadodara
Godhra
Panch Mahals
R. Mahi
R. Narmada
R. Tapi
Surat
Navsari
Dharampur
Vachanamrut Handbook
(Insights into Bhagwan Swaminarayan's Teachings)
Part I – Life and Times of the Vachanamrut
© 2007 Swaminarayan Aksharpith, Amdavad, India.
ref. Source notes pp.270 - 5 for details



हरि-हर की हृदयेश्वरी शक्तियां
(જુઓ ડૉ. ક્ષેત્રપાલ ગંગવારનો લેખ)




પરંપરા એકેડમી ઑફ પરફોર્મિંગ આર્ટ્સનું
'નૃત્યસ્તવનમ્' – ૨૦૧૬
શ્રીમતી બીજલ હરિયા (વચ્ચે) સાથે
ત્રણ નૃત્યાંગનાઓનો ચક્ષુર્ગમ્ય અભિનય
(કુચીપુડી–રંગપૂજા)
(જુઓ ડૉ. અમૃત ઉપાધ્યાયનો અહેવાલ)




'નૃત્યસ્તવનમ્' – ૨૦૧૬
કુચીપુડી નૃત્યાંગના શ્રીમતી બીજલ હરિયા
કુચીપુડી–બાલગોપાલ તરંગમ્
(જુઓ ડૉ. અમૃત ઉપાધ્યાયનો અહેવાલ)



◄ 'નૃત્યસ્તવનમ્' – ૨૦૧૬ કુચીપુડી નૃત્યશૈલીની લાક્ષણિક મુદ્રામાં
ત્રણ સહકલાકારો સાથે શ્રીમતી બીજલ હરિયા (કુચીપુડી–રંગપૂજા)
(જુઓ ડૉ. અમૃત ઉપાધ્યાયનો અહેવાલ)

# પરંપરા એકેડેમીનો નવતર કાર્યક્રમ – નૃત્યસ્તવનમ્ - ૨૦૧૬




પદ્મ્ એકેડેમીની નવોદિત નૃત્યાંગનાઓ સાથે નૃત્યગુરુ શ્રીમતી બીજલ હરિયા (વચ્ચે) દેખાય છે.
ભરતનાટ્યમ્




કુચીપુડી શૈલીનું વિશિષ્ટ નૃત્ય પ્રસ્તુત કરતાં
શ્રીમતી બીજલ હરિયા ('નૃત્યસ્તવનમ્' - ૨૦૧૬)
(જુઓ ડૉ. અમૃત ઉપાધ્યાયનો અહેવાલ)



શ્રીમતી બીજલ હરિયા
કુચીપુડી – બાલગોપાલ તરંગમ્ ('નૃત્યસ્તવનમ્' - ૨૦૧૬)
(જુઓ ડૉ. અમૃત ઉપાધ્યાયનો અહેવાલ)